કવિચરિત

(ભાગ ૧)

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફાર્બસ ગિબ્સ સ્મારક ગ્રંથમાળા, ગ્રંથાંક ૧૬ મો

કવિચરિત

[ભાગ ૧]

લેખક

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

પંડિત, સંશોધન-વિભાગ,
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશક :
રસિકલાલ છોટાલાલ પરીખ
આસિ. સેક્રેટરી
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,
ભદ્ર, અમદાવાદ

આવૃત્તિ ૧લી ઈ. સ. ૧૯૩૯
પ્રત : ૧૫૦૦ વિ. સં. ૧૯૯૫

કીમત ૧ રૂપિયો

મુદ્રક :
મણિલાલ પુ. મીસ્ત્રી, બી. એ.
આદિત્ય મુદ્રણાલય
રાયખડ : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફાર્બસ ગિબ્સ સ્મારક ગ્રંથમાળાનો

પરિચય

મહારાવ સર ખેંગારજી સવાઈ બહાદૂર એમના સગીરપણામાં નિમાયેલી રીજન્સીએ સરકારની પરવાનગી લઇને ઇ. સ. ૧૮૮૦માં ઓનરેબલ જેમ્સ ગિબ્સ સી. એસ. આઈ, જેઓ તે વખતે વાઇસરોય અને ગવર્નર-જનરલની કાઉન્સિલના મેમ્બર હતા, અને જેઓ એક વખત મુંબઇ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર હતા, તેમના કચ્છ કાઠિયાવાડ તથા ગુજરાત સાથેના સંબંધના સ્મરણાર્થે તથા ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિને ઉત્તેજન આપવાને માટે સોસાયટીને રૂા. ૨૫૦૦) ની નોટો સ્વાધીન કરી છે, તેના વ્યાજમાંથી વખતોવખત ઇનામ આપી પુસ્તકો રચાવવામાં આવે છે, અને તે પુસ્તકો સોસાયટી છપાવે છે. આજ સુધી આ ફંડમાંથી નીચેનાં પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છેઃ

(૧) ઉદ્યોગથી થતા લાભ અને આળસથી થતી હાનિ
(૨) માંદાની માવજત
(૩) જીવજંતુ અને વનસ્પતિની અજાયબીઓ
(૪) રણજિતસિંહ
(૫) માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન
(૬) લૉર્ડ લૉરેન્સ
(૭) બ્રાહ્મણોના સોળ સંસ્કાર
(૮) હિન્દની રાજ્યવ્યવસ્થા અને લોકસ્થિતિ
(૯) વનસ્પતિશાસ્ત્ર (આર્થિક દૃષ્ટિએ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧૦) અભિનયકલા

(૧૧) પુરાણવિવેચન

(૧૨) ભૂસ્તરવિજ્ઞાન, પૂર્વાર્ધ

(૧૩) ,, ઉત્તરાર્ધ

(૧૪) અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય

(૧૫) રસગંગા

(૧૬) કવિચરિત, ભાગ ૧ લો

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,
અમદાવાદ
તા. ૨૦-૧૧-૧૯૩૯

રસિકલાલ છોટાલાલ પરીખ
આસિ. સેક્રેટરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિવેદન

શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇએ "જૈન ગૂર્જર કવિઓ"ના બે ભાગ લખી આપણને ગૂજરાતી ભાષાના સળંગ સાહિત્યસર્જનની એક પ્રધાન શાખાના સાહિત્યકારોનો આવશ્યક પરિચય મેળવવાની સુવિધા કરી આપી છે. ૧૭૬૪ પાનાંના બે ગ્રંથોમાં લગભગ વિક્રમની ૯ મી શતાબ્દીથી શરૂ થતા, જેને હું પ્રાચીન ગૂજરાતી ગણું છું, સ્વ. દી. બ. કેશવલાલ ધ્રુવે પણ જેને પ્રાચીન ગૂજરાતી માનેલી, અને પં. બેચરદાસ દોશી જેને ઊગતી ગૂજરાતી કહે છે, તે અપભ્રંશ ભાષાના કવિઓથી શરૂ કરી ઉપોદ્‌ઘાતમાં અપભ્રંશ ભાષાવિષયક માહિતી આપી, પછી મુખ્ય ગ્રંથમાં વિક્રમની ૧૩મી સદીથી જેને "જૂની ગૂજરાતી" કહેવામાં તો જરાયે સંકોચ નથી, તેવી ભાષામાં કાવ્ય કરનારા કવિઓની મળતી વીગત અને સાહિત્યકૃતિઓના પ્રાપ્ય આદિ–અંત વર્ષવાર આપવાનો શ્રી. દેસાઈએ પ્રયત્ન કર્યો છે. આવો મહાન પ્રયત્ન ગૂજરાતી ભાષામાં કરવામાં જે શ્રમ લેખકને પડયો છે, તે માત્ર તે વિષયના જાણકારો જ સમજી શકે. કોઇ મોટી પુસ્તકશાળાનાં કબાટોને શોભાવતા એ ગ્રંથો નથી, પણ અનેક જ્ઞાનભંડારોમાં અત્રતત્ર વેરાયેલી હાથપ્રતોમાં એ ગ્રંથો દટાયેલા પડયા છે. ત્યાં ત્યાં જઇ તેમણે મહામુસ્કેલીએ હાથપ્રતો મેળવી તેમાંથી ઉપયોગી માહિતી એકઠી કરી તે તે કવિના વિષયમાં પણ પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. ગૂજરાતી કવિતાની એક શાખાની સળંગ કૃતિઓનો ઇતિહાસ મેળવવામાં આ પ્રમાણે સરળતા થઇ છે. બીજી શાખા તે જૈનેતર કવિઓની. જૈનેતર કવિઓના વિષયમાં જે કાંઈ પણ માહિતી મળતી હોય તો એકત્રિત કરવી, તેવો વિચાર ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીના ભૂતપૂર્વ સહાયક મંત્રી સ્વ. હીરાલાલ પારેખને આવેલો. તેમણે ગૂજ. વર્ના. સો.ના "દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહ"ની યાદી તૈયાર કરી હાથપ્રતોમાં પ્રાપ્ત થતા તે તે કૃતિના આદિ–અંત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નોંધ્યા; પણ તે કાર્ય માત્ર સોસાયટીને એમણે સોંપેલી હાથપ્રતો પૂરતું જ હતું. ગૂજરાતમાંના બધા જ સંગ્રહો જોઇ વળી બધી હાથપ્રતો જોઇ જવાની અથવા જોવડાવી લેવાની તેમની ઇચ્છા હતી. તે કાર્ય મોટા ખર્ચનું હોઇ તે તે સંગ્રહની જૈનેતેર કૃતિઓની એક સંકલિત યાદી તૈયાર કરવાનું કાર્ય સોસાયટી તરફથી મને સોંપાયું. તે યાદી ગયે વર્ષ બહાર પડી છે. તે યાદી તૈયાર થતી હતી ત્યારે સદ્દગત શ્રી. પારેખને આ સંસ્થાના સદ્દગત પ્રમુખ દી. બ. કેશવલાલ ધ્રુવની સૂચના થઈ કે જે જે કવિઓની કૃતિઓ મળે છે, તે તે કવિઓનાં યથાપ્રાપ્ય ચરિત તૈયાર થાય તો અભ્યાસકોને ગૂજરાતી ભાષાના વિકાસમાં ફાળો આપનારા જૂના સાહિત્યકારોનો પરિચય મેળવવામાં અનુકૂળતા થાય. આ પૂર્વે આવા ચાર પ્રયત્નો થયા છે; તે સ્વ. કવિ નર્મદાશંકરનું કવિચરિત્ર (નર્મગદ્યમાં), સ્વ કવિ દલપતરામનું કવિ-ચરિત્ર, (બુદ્ધિપ્રકાશનાં આરંભનાં વર્ષોમાં) અને સ્વ. પં. ડાહ્યાભાઈ ધોલાભાઇ તરફથી હિંદભરના સાહિત્યકારોનો પરિચય આપતાં ગૂજરાતી વિભાગમાં આપેલું કવિચરિત્ર. આ ત્રણ પ્રયત્નો વર્ષો પૂર્વેના હોઈ આજકાલના અભ્યાસકોને ખાસ મદદ કરે તેવા નથી. એ પછી સને ૧૯૧૪ માં દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ એક ઉપયોગી પ્રયત્ન કર્યો, જે અદ્યાપિ પર્યંત "ગૂજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો" તરીકે દરેક અભ્યાસીને ઉપયોગી છે. પરંતુ છેલ્લાં ૭૫ વર્ષોમાં હાથપ્રતોનો મોટો સંગ્રહ જુદા જુદા ગ્રંથભંડારોમાં સાંપડયો છે, એમાં કેટલાયે નવા કવિઓની કૃતિઓની પ્રથમવાર જ પ્રાપ્તિ થઇ છે. માત્ર સોસાયટી-નો જ સંગ્રહ એવો સારો થયો છે કે એમાં અનેક કવિઓની દુર્લભ એવી કૃતિઓ પ્રથમ વાર જ સંગ્રહાઇ છે. આમાંથી મળતી માહિતીને આધારે આપણા સાહિત્યકારોનો પરિચય મેળવવાનું સુલભ કરાવી શકાય તેવો ગ્રંથ તૈયાર કરવાનું કાર્ય સોસાયટી તરફથી મને સોંપવામાં આવ્યું. એક જ વર્ષમાં એ કામ તૈયાર કરવાનું હતું. ૧૯૩૮ના એપ્રિલથી ૧૯૩૯ના માર્ચની આખર સુધીમાં લગભગ ૨૫૦ જેટલા કવિઓના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષયમાં માહિતી એકત્ર કરી આ "કવિચરિત" તૈયાર કરવામાં આવ્યું છે. એમાંથી માત્ર ૪૦ કવિઓની વીગત આ ૧ લા ભાગમાં આપવામાં આવી છે. આવા બીજા ઓછામાં ઓછા હજી બે ભાગો થશે. ચોક્કસપણે ભાગસંખ્યા નથી આપતો, તેનું પ્રયોજન એ છે કે વધુ વાચનથી નવો પ્રકાશ સાંપડતો જાય છે, એટલે અવારનવાર ઉપયોગી ઉમેરા અને ફેરફાર થતા રહે છે.

ઉપર એ સ્પષ્ટ છે કે આ "કવિચરિત" માત્ર જૈનેતર કવિ-ઓની પ્રાપ્ય માહિતી આપે છે. આ જૈનેતર કવિઓ પ્રાપ્ત થાય છે, તેના કરતાંએ મોટી સંખ્યામાં જૈન કવિઓ થઇ ગયા છે. ગૂજરાતી ભાષાનો સમગ્ર અભ્યાસ આ ઉભય શાખાના પરિચય વિના અસં-ભવિત છે. ગૂજરાતી સાહિત્યનો જેને ઇતિહાસ જોઇયે છે, તેને પ્રત્યેક યુગમાં થયેલા જૈન કે જૈનેતર કવિને કવિતાવિકાસની દૃષ્ટિએ જોવાની અનિવાર્યતા છે. આવો સંકલિત પ્રયત્ન વિશદ અને અભ્યાસ-પૂર્ણ દૃષ્ટિએ હજી થવો બાકી છે. સ્વ. શ્રી નરસિંહરાવભાઇનો "ભાષા અને સાહિત્ય"નો બીજો ગ્રંથ (Language and Literature, Vol. II) અને શ્રી કનૈયાલાલ મુનશીનો "ગૂજરાત અને તેનું સાહિત્ય" (Gujarata & its Literature), એ બેઉ ગ્રંથોમાં થોડી પણ ઉપયોગી આવી સંકલિત માહિતી મળે છે, તેની અત્રે નોંધ કરવી જોઇયે. આજે જે વિપુલ સામગ્રી મળે છે, તે ઉપરથી આમ છતાં વિસ્તૃત પ્રયત્નની અનિવાર્યતા તો છે જ. આ દિશામાં એક પગલું ભરવાનો મારા તરફથી પ્રયત્ન શરૂ થયો છે. "**આપણા કવિઓ**" એ મથાળે છેક છઠ્ઠી સદીથી આરંભી આપણા દેશના સાહિત્યકારોનો ટૂંકો પણ, પ્રાપ્ય સામગ્રીનો પરિચય આપતો, ઇતિહાસ યુગવાર એમાં આપવાનો મનોભાવ છે. "કવિચરિત"માં જે વિશદતા છે, તે તેમાં વ્યક્તિગત કવિને માટે નહિ આવે. તેમાં ગૂજ. કાવ્ય કેવી રીતે વિકાસ સાધતું આવ્યું છે, તેના ઉપર દરયુગે કયાં બળોની અસર થતી આવી છે, તે બતાવવાનો અવશ્ય પ્રયત્ન થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક વસ્તુ અહીં બતાવવાનું મન થાય છે; અને તે એ કે આપણે સામાન્ય રીતે એમ જ માનતા આવ્યા છિયે કે નરસિંહ મહેતાથી જ આપણી ગૂજરાતી ભાષાનો આરંભ થયો; પણ આજે જે વિપુલ સામગ્રી આપણને મળે છે, તેનો તુલનાત્મક અભ્યાસ કરતાં, આપણી એ માન્યતા ભૂલભરેલી છે, એમ કહેવામાં હવે કોઇને જરાપણ સંકોચ નહિ થાય. જૈનેતર કવિઓમાં અસાઈત સં. ૧૪૨૭માં પ્રથમ કાવ્ય આપે છે. આર્વાચીન ગૂજરાતી ભાષા સીધી સંસ્કૃતમાંથી કદી ઊતરી આવી નથી; બેશક એટલું સત્ય સ્વીકારવું જોઇયે કે દરેક યુગમાં કેટલાંક જૂનાં શબ્દસ્વરૂપો ત્યજી દેવાયાં છે અને તેને સ્થાને સંસ્કૃત શબ્દોની મુખ્યત્વે ભરતી થયા કરી છે, જેમાં ૧૫મા શતકથી અરબી–ફારસી શબ્દોની ઉમેરણી શરૂ થવા લાગી હતી. આમ છતાં એનો વિકાસ તો અનેક ભૂમિકાઓ વટાવતો વટાવતો વૈદિક સંસ્કૃત, મહાપ્રાકૃત, અપભ્રંશ, મધ્યકાલીન ગૂજરાતી અને અર્વાચીન ગૂજરાતીની પૂર્વ ભૂમિકામાંથી થયો છે. અહીં એક સ્વાભાવિક શંકા હરકોઇને થશે કે ઉપર સૂચવાયેલા વિકાસમાં મધ્યકાલીન ગૂજરાતીનો નિર્દેશ છે, તેની પૂર્વે "પ્રાચીન ગૂજરાતી" હોવી જોઇયે, તે કેમ બતાવવામાં નથી આવી? આનો ખુલાસો વિસ્તારથી આપવાનું આ સ્થાન નથી. ટૂંકમાં એનો જવાબ એ છે કે જે વખતે અપભ્રંશ ભાષા આખા હિંદમાં પ્રભુત્વ અને વ્યાપકત્વ ધરાવતી હતી, તે વખતે જેમ આજે એક ગૂજરાતી ભાષાના કેટલાયે પ્રાંતિક ભેદો છે, તેવી રીતે અપભ્રંશના અનેક પ્રાંતિક ભેદો હતા. તેમાં એક "ગૌર્જર અપભ્રંશ" હતો, જે "પ્રાચીન ગૂજરાતી" ભાષા છે. આમ ગૂજરાતી ભાષાના ત્રણ મહાયુગ છે. એથી કરીને તેના પ્રાચીન ભેદથી માંડીને આજ પર્યંતનો ક્રમિક વિકાસ જો આપણી સમક્ષ રજૂ થાય તો જ આપણને ભાષાનો સળંગ ઇતિહાસ મળે, એવું મારું મંતવ્ય છે. તે વસ્તુ **"આપણા કવિઓ"**ના ભવિષ્યમાં પ્રસિદ્ધ થનારા ગ્રંથોમાં ભગવત્કૃપા તો પ્રાપ્ત થશે. પ્રત્યેક કવિને માટે વિસ્તારથી જેને જોઇતું હોય તેને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો આ "કવિચરિત" ઉપયોગી થશે; જેની વસ્તુસ્થિતિએ તો શ્રી. મોહનલાલ દ. દેસાઈના "જૈન ગૂર્જર કવિઓ"ના બંને ગ્રંથોની સાથોસાથ જ વાંચવાથી ઉપયોગિતા છે, તે સત્ય વસ્તુને અહીં કોઈ રીતે ઢાંકી ન શકાય.

ઉપર એ વસ્તુ બતાવી છે કે જૈનેતર કવિઓમાં જૂનામાં જૂનો કવિ અસાઈત છે. તેણે તેની "હંસાવલી" સં. ૧૪૨૭ માં રચી આપી છે. એ પહેલાંનો કોઈ પણ જૈનેતર કવિ નહિ મળતો હોવાથી "કવિચરિત"નો એ કવિથી આરંભ કરવામાં આવ્યો છે. નરસિંહ મહેતા અને અસાઇત વચ્ચે બીજા ત્રણ કવિઓ થઇ ગયા છે, જેમાં એક તો મુસ્લિમ છે. નરસિંહ પૂર્વેના એ ચારે કવિઓમાં ગુણની દષ્ટિએ અબ્દુર રહેમાન, ભીમ, શ્રીધર વ્યાસ અને અસાઈત એ ક્રમ ગણાય. શ્રીધર વ્યાસની વિશિષ્ટતા તેના ઐતિહાસિક કાવ્યને લીધે છે, જેમાં તેણે અરબી ફારસી શબ્દોનો બહોળો પ્રયોગ કર્યો છે. નરસિંહ મહેતાને આપણે આદિકવિ કહેવો હોય તો એ રીતે કહી શકિયે કે તેણે છૂટાં પદો લખવાની પદ્ધતિનો સૌથી પ્રથમ બહોળો પ્રયોગ કર્યો: અને રસની દષ્ટિએ ઉત્તમ કવિતા આપી.

આમ વિ. સં. ૧૫ મી સદીથી આપણે જૈનેતર ગૂજરાતી કવિઓને મેળવી શકિયે છિયે. નરસિંહ પૂર્વેના કવિઓ **રાસયુગના** અવશેષ છે. નરસિંહથી **નરસિંહયુગ** શરૂ થાય છે. આમાં પૌરાણિક કડવાબદ્ધ કવિતા–આખ્યાન–પદ્ધતિ જોસ કરતી જાય છે; પ્રબંધો ધીમા પડે છે; નરસિંહનો છૂટો પદપ્રકાર ભાલણથી પ્રાયઃ અટકે છે. નરસિંહ મહેતાનું મૃત્યુ સં. ૧૫૩૬ આસપાસ મનાય છે, પણ ભાલણની નરસિંહયુગમાં વિકસતી આખ્યાન–પદ્ધતિ તેના પુત્રો વગેરે વિસ્તારે છે તો જાવડ સામાન્ય પ્રબંધ–પદ્ધતિમાં જ સં. ૧૫૭૧ માં "મૃગીસંવાદ" આપે છે; પછી નાકરની સં. ૧૫૭૨થી શરૂ થતી પ્રૌઢ કડવાબદ્ધ આખ્યાન–પદ્ધતિ એકદમ વિકાસ સાધે છે; જે સમય સુધી **નરસિંહયુગ** લંબાવી શકાય તેમ છે. અને નાકરની સાહિત્ય-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રવૃત્તિ શરૂ થતાં ત્યાંથી **નાકરયુગ** ગણી શકાય તેમ છે. મધ્યકાલીન ગૂજરાતી ભાષામાં નરસિંહ–પદ્મનાભ–ભાલણ પછી નાકરનું સ્થાન છે. જેના પછી પુષ્કળ આખ્યાનો લખી વિષ્ણુદાસ, જો કે માત્ર આખ્યાનકાર પૌરાણિક છે, છતાં પ્રસિદ્ધિમાં આવે છે. **નાકરયુગના** અનુસંધાનમાં ગણવો હોય તો **વિષ્ણુદાસ–યુગ** કહી શકાય. જેનું સંધાન **પ્રેમાનંદયુગ** સાથે થાય. પ્રેમાનંદયુગથી અર્વાચીન ગૂજરાતીની આદિમ ભૂમિકા શરૂ થાય છે, જે **શામળયુગ, દયારામયુગ** સુધી ચાલી **નર્મદયુગની** અભિનવ ભૂમિકા સાથે સંધાઈ જાય છે. આ યુગોને સાહિત્યમાં આપેલા ફાળાને અંગે તે તે યુગધરથી સૂચિત કરવામાં વાંધો ન ગણાય. ગૂજરાતી કવિતા પદ્યબંધ જેવી છતાં એમાં યુગે યુગે સારા કવિઓ થયા છે. "**કવિચરિત**"માં તેવા કવિઓ વિશે જરૂર શબ્દો મળશે જ.

આ **૧ લા ભાગમાં** તો **રાસયુગ, નરસિંહયુગ** અને **નાકરયુગના** મળી ૪૦ કવિઓની વીગત આપી છે. કેટલાંકનાં નામ ન મળવાથી તેમની પ્રસિદ્ધ કૃતિથી જ સંતોષ માન્યો છે. આ ગાળામાં આટલા જ કવિ થયા હશે, તેમ ન માનવું જોઇયે; ઘણા થયા છે; પણ કૃતિઓ ન મળવાથી તેઓ થયા હોય તો યે તેમના ઋણનો સ્વીકાર કરવા અશક્ત છિયે.

"**કવિચરિત**" આપતાં જે જે ગ્રંથોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેનો તે તે કવિની હકીકત પૂરી થાય ત્યાં **ચરિતસામગ્રી** નીચે નિર્દેશ કર્યો છે. એ પ્રથમ લક્ષ્યમાં લઇ લેવાથી વાચકને દરેક પૃષ્ઠ નીચે આવતી પાદટીપો સમઝવામાં અનુકૂળતા થશે.

"**કવિચરિત**"નો વિસ્તૃત ઉપોદ્ઘાત, શબ્દસૂચી એ વગેરે મહત્ત્વનાં અંગો છેક છેલ્લા ભાગમાં આવશે, ત્યાંસુધી સુજ્ઞ વાચક વર્ગને થોભવું પડશે. એકી સાથે બે કે ત્રણ ભાગ પ્રસિદ્ધ કરવાથી એનો સાર્વદેશિક પ્રચાર કરવાનો ઉદ્દેશ સોસાયટી ભાગ્યે જ પાર પાડી શકે. એટલે પૂર્વનાં બીજાં ઉપયોગી ગ્રંથપ્રકાશનોની જેમ આ પણ ટૂકડે ટૂકડે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહાર પડશે. પાનાંના અંક પણ સળંગ જ રહેશે; એટલે બે કે ત્રણ વર્ષે આખો ગ્રંથ એક જ પુસ્તકરૂપે બંધાવનારને સળંગ ગ્રંથ મળી આવશે.

વિદ્વાન મિત્રોને મારી પ્રાર્થના છે કે આ ગ્રંથ વિલોકતાં એમાં જે ખામીઓ માલૂમ પડે તે મને જણાવવાની કૃપા કરે, જેથી હવે પછીના ગ્રંથોમાં એ સૂચના અને સલાહનો અમલ કરી શકાય, અને પૂર્વના ગ્રંથની ખામીનોયે સ્વતંત્ર રીતે નિર્દેશ શક્ય હોય ત્યાં કરી શકાય.

આ વિષયમાં તેથી એક વસ્તુ જણાવવા રજા લઉં કે કવિઓનાં ચરિત ભાગ્યે જ મળે છે. જે કાંઇ મળે છે તે તેમના ગ્રંથમાં તેમણે કાંઇ સૂચન કર્યું હોય તે જ; એટલે જે જરા કાંઇ મળે છે, તેટલું જ લેવામાં આવ્યું છે; કલ્પનાને ઓછામાં ઓછો અવકાશ આપ્યો છે; સાથે ગૂજરાતી કવિતાને વિકાસ આપવામાં તે તે કવિનો જે ફાળો છે, તેનો શક્ય પરિચય આવવાની ખાસ શરત રાખી છે; એટલે એ દૃષ્ટિને ખ્યાલમાં લઈ સુહૃદો સૂચનાઓ મોકલે તેવી પ્રાર્થના છે.

આ ગ્રંથ તૈયાર કરવામાં આ સંસ્થાના ભૂતપૂર્વ સહાયકમંત્રી સ્વ. હીરાલાલ પારેખ, ગૂજરાતી પ્રિ. પ્રેસ (મુંબઇ)ના વિદ્યમાન માલેક શ્રી. નટવરલાલ ઇ. દેસાઇ અને શ્રી ફાર્બસ ગૂ. સભા (મુંબઇ)ના સહાયક મંત્રી શ્રી. અંબાલાલ જાનીએ અવારનવાર કરી આપેલી સગવડ અને સહાનુભૂતિને હું કદી વીસરી શકું તેમ નથી. પણ આ ગ્રંથ અત્યારના સ્વરૂપમાં પ્રસિદ્ધ થાય છે, તે તો આ સંસ્થાના હાલના સહાયક મંત્રી શ્રી. રસિકલાલ પરીખ, તેમ જ શ્રી. મધુસૂદન મોદી, શ્રી. ઉમાશંકર જોશી અને શ્રી. ભોગીલાલ સાંડેસરાની સલાહ અને સૂચનાને જ આભારી છે. એ ઋણ ન સ્વીકારું તો હું નગુણો જ ગણાઉં.

ગૂ. વ. સો. સંશોધન-વિભાગ
અમદાવાદ : તા. ૨૨ : ૧૧ : ૩૯

કેશવરામ કા. શાસ્ત્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુક્રમણિકા

કવિ	પૃષ્ઠ	કવિ	પૃષ્ઠ
૧ અસાઇત	૩	૨૧ જાવડ	૧૯૯
૨ શ્રીધર વ્યાસ	૮	૨૨ નાકર	૨૦૨
૩ ભીમ	૧૪	૨૩ ગણપતિ	૨૧૫
૪ અબ્દુર રહેમાન	૧૬	૨૪ ઉદ્ધવ	૨૨૧
૫ નરસિંહ મહેતો	૧૯	૨૫ વિષ્ણુદાસ	૨૨૭
૬ વસંતવિલાસકાર	૫૫	૨૬ ચતુર્ભુજ	૨૩૧
૭ મયણ	૬૧	૨૭ જુગનાથ	૨૩૬
૮ પદ્મનાભ	૬૩	૨૮ ગંગાદાસ	,,
૯ વીરસિંહ	૭૨	૨૯ નારાયણ	૨૪૨
૧૦ કર્મણ મંત્રી	૭૭	૩૦ જ્ઞાનાચાર્ય	૨૪૫
૧૧ કેશવદાસ કાયસ્થ	૭૯	૩૧ શશિકલાકાર	૨૫૩
૧૨ માંડણ બંધારો	૯૧	૩૨ પ્રેમાવતીકાર	૨૫૭
૧૩ ભાલણ	૯૮	૩૩ ઈસર બારોટ	૨૫૯
૧૪ ભીમ	૧૨૩	૩૪ ભીમ વૈષ્ણવ	૨૬૧
૧૫ જનાર્દન ત્રવાડી	૧૪૨	૩૫ મધુસૂદન વ્યાસ	૨૬૩
૧૬ વાસુ	૧૫૩	૩૬ બ્રેહેદેવ	૨૭૫
૧૭ દેહલ	૧૫૭	૩૭ સુરદાસ	૨૮૦
૧૮ નરપતિ	૧૫૯	૩૮ રાજધરદાસ	૨૮૪
૧૯ મીરાંબાઈ	૧૬૮	૩૯ માંગુ	૨૮૮
૨૦ શ્રીધર કવિ	૧૯૨	૪૦ વસ્તો ડોડિયો	૨૯૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિચરિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસાઇત

[સં. ૧૪૨૭માં હયાત]

અસાઇત કે આસાઇત નામનો એક કવિ સં. ૧૪૨૭ આસપાસ થયાનું તેના અત્યારે એકમાત્ર મળતા [૧]હંસાઉલી કે હંસવચ્છ–ચોપાઇ નામક કાવ્યથી સમઝાય છે. તેના એ કાવ્યમાં અંતે આટલો માત્ર ઉલ્લેખ છે:

"સંવત ૧૪ ચઉદ ચક્ર મુનિ શંષ વછ–હંસવર–ચરિત અસંષ ।
બાવન–વીર–કથા–રસ લીઉ એહ પવાડુ અસાઈત કહિઉ ॥"[૨]

આ કવિ જૈન હતો, એમ માનવામાં આવે છે;[૩] પરંતુ એ જૈન હોય તેમ તેના આ કાવ્ય ઉપરથી જણાતું નથી.[૪] આરંભમાં તે નીચેની સ્તુતિ કરે છે:

---

૧. અપ્રસિદ્ધ છે. એની જૂનામાં જૂની પ્રત સાં. ૧૫૧૩ની જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧ લામાં નોંધાયેલી છે. કવિ શિવદાસે લખેલી હંસાવતીનું વસ્તુ આ જ કાવ્યનું છે, તે છે, જેમાં પૈઠણના શાલિવાહનના પુત્ર નરવાહનની હંસાઉલી પત્ની છે અને હંસ–વચ્છ બેઉ પુત્ર છે. સાં. ૧૬૧૬માં મધુસૂદન વ્યાસે રચેલી 'હંસાવતી'માં હંસાવતી રાજા વિક્રમના પુત્ર વિક્રમચરિત્રની પત્ની છે, અને તે ખંભાતના રાજાની પુત્રી છે.

૨. દ. હ. લિ. પુ. સંગ્રહ, નં. ૫૫૨; બીજી પ્રતોમાં આ કડી મળતી નથી.

૩. જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૧ લામાં જૈન કવિઓની હરોળમાં તેને સ્વીકાર્યો છે. જુઓ પૃ. ૪૬.

૪. એક જૈન વિનયભદ્રે સાં. ૧૪૧૧માં 'હંસવચ્છ–ચોપાઈ' લખી છે, તે જૈનકૃતિ છે. (જુઓ : જૈ. ગૂ. કવિઓ પૃ. ૧૫).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સકતિ સંભૂઅ, સકતિ સંભૂઅ પત્ત પરમેસુ ।
સિદ્ધબુદ્ધિ–વર વિઘન–હર કરૂ કવિત મનિ ધરૂં આ દિહિ ।
કાસમીર–મુષ–મંડણી હંસગમણી સરસતિ સામિણિ ॥
તાસ પ્રસાદિ વેદવ્યા[સ] વાલમીક રષિ ઇમ એહનુ ઉપદેસ
તાસ પ્રસાદિ અસાઈત ભણિ વીરકથા વરણંવ્યોસ ॥ ૧ ॥ "[૧]

આમ છતાં તે જૈનધર્મ તરફ સમભાવવાળો છે. તેણે पइठाण નગરના વર્ણનમાં વેદમાર્ગી અને જૈનમાર્ગીનું સમભાવે નિદર્શન કરાવ્યું છે; જેવું કે:

" બ્રાહ્મણ વેદશાસ્ત્ર અભ્યસિ ચારિ વરણ વરણાંતરિ વસિ ।
બિ સહસ જિહાં જિન થાપીઆ વીસ સહસ માહિ વ્યવહારીસા ॥"
[ખંડ ૧ લો–૬]

આ અસાઇતની આ કૃતિ જૈનોમાં પણ સારું સન્માન પામેલી જણાય છે. અને એક મતિસુંદર[૨] નામના જૈન સાધુએ તો અસાઇતના કાવ્યમાં હંસાઉલીના પૂર્વભવની કથા ન મળતી હોવાથી "હંસાઉલી–પૂર્વભવચરિત" સં. ૧૬૨૧માં રચ્યું છે, અને તે એ જ હાથપ્રતમાં અસાઇતના કાવ્યની આગમચ મૂકવામાં પણ આવેલ છે. કેટલીક બીજી પ્રતોમાં જૈનધર્મને ઉદ્દેશીને લખાયેલી કડીઓ ઉમેરાયેલી મળે છે.[૩]

[૪]આ અસાઇતનું મૂલ વતન સિદ્ધપુર હતું અને પિતાનું નામ

---

૧. દ. હ. લિ. પુ. સંગ્રહ, નં. ૫૫૨ एल, જે ૧૬૭૫માં એક વિદ્વાન જૈન સાધુને હાથે નકલ કરાયેલી છે, તે પ્રતમાં આ મંગલ મળે છે. કેટલીક પછીની પ્રતોમાં આ મંગલ લુપ્ત છે:

૨. "પાંણીગ્રહણ કથા છિ જેહ અસાઈતં કવિં ભાખઇ તેહ ॥૧૦૪॥

× × × ×

મંગલીક પ્રથમ અધિકાર કહિ મતિસુંદર હુઇ જયકાર ॥૧૪૨॥
(જુઓ એજન. નં. ૫૫૨ क़े.)

૩. જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૧ લો, પૃ. ૪૬

૪. સને ૧૯૩૭માં અમદાવાદ ખાતે મળેલી રંગભૂમિ પરિષદમાં જાણીતા અભિનેતા શ્રી. જયશંકર સુંદરીએ "ભવાઈ અને તરગાળા" એ નિબંધ વાંચેલો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજારામ ઠાકર હતું. તે યજુર્વેદી ભારદ્વાજ ગોત્રનો ઔદીચ્ય બ્રાહ્મણ હતો. તે કથાકાર હોવાથી એની ખ્યાતિ આસપાસના પ્રદેશમાં વ્યાપક હતી. એ સમયે ઊંઝા ગામમાં હેમાળા નામનો પાટીદાર વસતો હતો. તેને રાજારામના કવિ વક્તા અને ગાયક પુત્ર અસાઇત ઠાકર સાથે શિષ્ય–ગુરુનો સંબંધ હતો. આ હેમાળાને ગંગા નામની એક ખૂબસૂરત પુત્રી હતી. ગંગાના રૂપગુણની વાત તે વખતના કોઈ મુસ્લિમ [1]સરદારના સાંભળવામાં આવી, એટલે તે સરદારે ઊંઝા ગામમાં આવી છાવણી નાખી. સિપાઇઓએ સરદારની ઇચ્છા મુજબ ગંગાને હાથ કરી અને સરદાર પાસે હાજર કરી. અસાઇતના સાંભળવામાં આ વાત આવી. તે તરત જ તે સરદાર પાસે ગયો અને પોતાની સંગીતવિદ્યાથી તેને ખુશ કરી ગંગાને પોતાની પુત્રી જણાવી સરદાર પાસેથી તેને મેળવવા માગણી કરી. સરદારને ગંગા બ્રાહ્મણકન્યા હોવા વિષયમાં શંકા પડતાં અસાઇતને તે બાળા સાથે ભોજન કરવા જણાવ્યું. અસાઇતે બહુ ઉદારતાથી તે પાટીદાર કન્યા સાથે ભોજન કર્યું અને ગંગાને છોડાવી.

આ વાત જોતજોતામાં સિદ્ધપુરના જ્ઞાતિસમૂહમાં ફેલાઈ ગઈ અને નાતીલાઓએ અસાઈતને જ્ઞાતિબહિષ્કૃત કર્યો; એટલે કંટાળી અસાઇત પોતાના ત્રણ પુત્રો માંડણ, જયરાજ અને નારણ સાથે સિદ્ધપુર છોડી ઊંઝા આવી વસ્યો. હેમાળા પટેલે તેનો સત્કાર કરી ઊંઝામાં રહેવાની દરેક પ્રકારની અનુકૂળતા કરી આપી; એટલું જ નહિ પણ એક તામ્રપત્ર પર કડવા પટેલજ્ઞાતિ તરફથી વંશપરંપરાના અમુક હક્કો લખી આપ્યા. જે ઘર, જમીન અને બીજા હક્ક અસાઇતને મળ્યા તે અદ્યાપિપર્યંત કડવા પાટીદારો અવિચ્છિન્ન રીતે પાળતા આવ્યા છે.

તેમાંથી આ ચરિતનો સાર લેવામાં આવ્યો છે. (જુઓ : શારદા, ૧૯૩૮, પૃ. ૧૦૧૨–૧૦૧૪.)

૧. અલ્લાઉદ્દીનનો સરદાર જહાનરોઝ. (જુઓ એજન : પૃ. ૧૦૧૨). પણ ઐતિહાસિક કાલક્રમ જોતાં અલ્લાઉદ્દીન નહિ, પણ તે પછીનો કોઇ મુસ્લિમ શાહ હશે, જેનો એ કોઇ સરદાર હશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઊંઝામાં સ્થિર થયા બાદ તેણે ભવાઈના ત્રણસો સાઠ વેશ લખી નાખી પોતાના પુત્રોની મદદથી ભજવવા શરૂ કર્યા હતા.

ઊંઝામાં આવ્યા બાદ તલપદા બ્રાહ્મણો તરફથી પણ તેને બહિષ્કૃત કરવામાં આવ્યો. અહીં તેના પુત્રોનાં ત્રણ ઘર થયાં. તે ઉપરથી નાતીલાઓએ તેઓને "ત્રણઘરા"–પછીથી "તરગાળા" કહ્યા.

આ પૂર્વે જ કેટલાક શ્રીમાળી બ્રાહ્મણોએ જૈનધર્મ સ્વીકારી જૈનોને આશ્રય લીધેલો. આ ભોજકો પણ પોતાની બ્રાહ્મણજ્ઞાતિથી બહિષ્કૃત થયેલા હોવાથી, તેઓએ અસાઈતના પુત્રો સાથે રોટીબેટી-વ્યવહાર શરૂ કર્યો; અને થોડા સમયમાં એક નાની જ્ઞાતિ જામી ગઈ.

આમ તરગાળા નાયકો અસાઇતને પોતાનો પૂર્વજ માને છે. એની હંસાઉલીની એક હાથપ્રત પણ[1] સં. ૧૭૨૦માં એક છબીલદાસ નાયકના વાચન માટે ઉતારવામાં આવેલી મળે છે; જે એવા જ પ્રેમને કારણે ઉતરાવવામાં આવી હોય.

અત્યારે અસાઇતની ૩૬૦ એ ભવાઇઓના વેશ મળતા નથી, છતાં કેટલાક હજી મળે છે. તેમાં વિકૃતિ થયે અત્યારે કેટલાક પ્રસંગમાં બીભત્સતા પેઠેલી માલૂમ પડે છે; પણ મૂળ સ્વરૂપમાં તેવી બીભત્સતા નહોતી.[2]

અસાઇતનો સમય જોતાં તેની ભાષા મધ્યકાલીન ગૂજરાતીની પ્રથમ ભૂમિકા અથવા ડૉ. ટેસ્સિટોરી જેને જૂની પશ્ચિમ રાજસ્થાની કહે છે, તે હોવી જોઇયે. તેના કાવ્યની ૧૬૭૫ની પ્રતમાં ભાષા એક ભૂમિકા આગળ વધી આવી છે. તેની કાવ્યપદ્ધતિ તે વખતની સામાન્ય રાસની છે. મધ્યકાલીન ગૂજરાતી ભાષાના જૈનેતર કવિઓમાં એની પૂર્વે થયેલો કોઈ કવિ જાણવામાં નથી. એ રીતે એ એવા કવિઓમાં અત્યારે તો પહેલો છે.

---

૧. દ. હ. લિ. પુ. સંગ્રહ, નં. ૮૩૧ક.

૨. જુઓ : ઉપરિનિર્દિષ્ટ "શારદા"માંનો શ્રી. જયશંકર સુંદરીનો નિબંધ, પૃ. ૧૦૧૬–૧૭.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એની કાવ્યપદ્ધતિ લક્ષ્યમાં લેવા જેવી છે. મુખ્યત્વે એણે ચોપાઈ-બંધ સ્વીકાર્યો છે. વચ્ચે વચ્ચે દોહરાઓ કોઈ કોઈ આવે છે. સીધો ચોપાઇબંધ આપણને આ પૂર્વેનાં જૈન કાવ્યોમાં દેખા દે છે. નેમિનાથ-ચતુષ્પદિકા, માતૃકાચઉપઇ, સમ્યક્ત્વમાઈ ચઉપઈ[1] એ ૧૪મા સૈકાનાં કાવ્યોમાં દેખાય છે. એમાં વચ્ચે વચ્ચે દોહરા નથી આવતા, જ્યારે "હસાવલી"માં દોહરા આવે છે. આ ઉપરાંત ત્રણ જુદે જુદે સ્થળે ત્રણ વિરહગીતો અસાઇતે આપેલાં છે. "સમરારાસુ"માં આપણને જુદા જુદા ઢાળનાં ગીતો–પદો મળે છે, તેવાં જ આ નથી; આ તો દોહરા–બંધમાં ખરાં, પણ છેલ્લી લીટીમાં કવિની છાપવાળાં, નરસિંહ–ભાલણ વગેરેનાં પદોમાં દેખાય છે તે પદ્ધતિનાં, મળે છે. એનો નમૂનો જોવાથી એનો પરિચય મેળવી શકાશેઃ

રાગ રામગિરિ

" રાજકુંઅરિ હીઅડુ હણિઃ પૂરવ પ્રેમ પ્રસંગ;
આગિ દાવાનલ દહિ; વલી દુષ દાઝિ અંગ.
પોપટ પંષીઆ, નવલ નેહ નરનાથ;
જિમ વનિ ભૂલી હરણલી, તિમ હૂં સામી સાથ. પોપટ૦
કિલકિલતી વન વિચરતી, ખેલી વર વીસાસ;
સધિ સામી સાહસ કીઉ; હૂં એકલી નિરાસ. પોપટ૦
ભણિ અસાઇત : ભવઅંતરિ સમરિ સામણિ કંત;
હંસાઉલી ધરતી ઢલી, પ્રીઉ પ્રીઉ મુષિ ભણંતિ. પોપટ૦" ૩

બીજું એક પદ "રાગ ગૂડદેશાષ"માં અને ત્રીજું "રાગ વઈરાડી"માં છે.[4] આ જાતની પદરચના અત્યારે તો અસાઇતમાં જ મળે છે. બેશક જુદા જુદા ઢાળની દૃષ્ટિનાં પદોની પહેલ સં. ૧૩૭૧ના "સમરારાસુ"માં મળે છે; પણ તેમાં અસાઇતની પદ્ધતિનું વિરહગીત નથી; જોકે દોહરામાં ૧લી અને ૯મી ભાષા એ બંધની છે; પણ કડીની સંખ્યા વિશેષ છે.

---

૧. આ ત્રણે કાવ્યો પ્રા. ગૂ. કા. સં. (ગા. ઓ. માલા)માં છપાયાં છે.
૨. એજન, પૃ. ૨૭-૩૮ ૩. ખંડ ૧ લો : પૃ. ૭૯–૮૧
૪. એજન, ખંડ ૨ જો : કડી ૮૯–૯૪ અને ખંડ ૩ જો: કડી ૨૯–૩૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્તુસ્થિતિએ જૈનેતર કવિઓમાં તેની પદ્ધતિ નવી જ કહેવાય; જેમાંથી ચોપાઈ અને પૂર્વછાયાની પદ્ધતિનો વિકાસ પાછળથી આપણે મેળવી શકિયે છિયે.

અસાઇતના ચરિત માટે ઉપયોગી સાધનસામગ્રીઃ

૧. જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૧ લો, શ્રી મો. દ. દેસાઈ–સંપાદિત
૨. દ. હ. લિ. પુસ્તક સંગ્રહની હાથપ્રતો
૩. "શારદા" ફેબ્રુઆરી, સને ૧૯૩૮માંનો શ્રી. જયશંકર સુંદરીનો "ભવાઈ અને તરગાળા" નામનો લેખ
૪. મધુસૂદનકૃત–હંસાવતીવિક્રમચરિત–શ્રી. શંકરપ્રસાદ છ. રાવળ સંપાદિત
૫. Guj. & its Lit. by K. M. Munshi
૬. ગૂજરાતી સાહિત્ય. મધ્ય. ગૂજ. સાહિ. પ્ર. (ગૂજ. સા. સંસદ્)
૭. પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ (ગા. ઓ. માલા)–સં. સ્વ. સી. ડી. દલાલ

શ્રીધર વ્યાસ

[સં. ૧૪૫૪ લગભગ હયાત]

"પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય"માં છપાયેલા જૂના એક ઐતિહાસિક કાવ્ય "રણમલ્લ છંદ"ના કર્તા કવિ શ્રીધર વ્યાસે[1] એ કાવ્ય સં. ૧૪૫૪ (ઇ. સ. ૧૩૯૮)[2]ની આસપાસ તૈમૂરલંગની સવારી (હિ.સ. ૮૦૦) પછી રચેલું છે; કેમકે તેના એ કાવ્યના આરંભમાં

---

૧. ડેક્કન કોલેજની No. 1541 of 1891-95, Dec., Col., Extent foll. 54+4—વાળી પ્રતની પુષ્પિકા શ્રીધરવ્યાસકૃત 'રા રણમલ્લ છંદ । સં. ૧૬૬૨ માર્ગ. (જુઓ પં. શ. નાં પ્રા. ગુ. કા., પ્રસ્તા. પૃ. ૨)— ગૌરીચરિત્રનો અને રાવણમંદોદરીનો કર્તા જૂનાગઢનો મોઢ અડાલજો શ્રીધર જુદો છે. (જુઓ : એજન. પૃ. ૧૦–૧૧).

૨. પ્રા. ગુ. કા. પ્રસ્તા., પૃ. ૬ અને ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેણે એના નામનો નીચેની સંસ્કૃત આર્યામાં ઉલ્લેખ કર્યો છે:[1]

दिल्लीपतिपरिभूतौ तद् ददृशे दृश्यते च बाहुबलम् ।
शकशल्ये रणमल्ले यमतुल्ये तिमिरलिङ्गे यत् ॥५॥

દિલ્હીપતિનો પરાભવ રાવ રણમલ્લે પહેલાં કર્યો અને તિમિરલિંગ અત્યારે કરી રહ્યો છે, એવો કવિએ વાણીપ્રયોગ કર્યો છે.

રણમલ્લની પૂર્વે એક હમીરે "सुरताणफोजसंहरणम्" કરેલું અને અત્યારે રણમલ્લ કરી રહ્યો છે, તેવું ઉપરની આર્યાની પૂર્વની આર્યામાં કવિએ કહ્યું છે.

કવિ શ્રીધર ક્યાંનો વતની હતો, તે આપણે જાણી શકતા નથી; માત્ર ઈડરના રાવ રણમલ્લની પાટણનાં મુસલમાન લશ્કરો સાથેની લડાઈનું તેણે વર્ણન કર્યું હોવાથી અને તે ચાલુ તત્કાલીન ગૂજરાતી ભાષા કરતાં ચારણી સંસ્કારવાળી ભાષામાં લખ્યું હોવાથી રાવ રણમલ્લનો એ આશ્રિત હશે અને મુખ્યત્વે ઈડરમાં જ[2] રહેતો હશે, એમ માની શકાય. તે સંસ્કૃતજ્ઞ હતો તે "રણમલ્લ"છંદના આરંભમાં આપેલી ૧૧ આર્યાઓથી સમઝાય છે. એ સંસ્કૃત આર્યાઓમાં પણ એ અરબી ફારસી શબ્દો પ્રયોજવા ઇચ્છે છે. એનાં પ્રાપ્ત થતાં બીજાં બે કાવ્ય[3] ૧. ભાગવત દશમસ્કંધ (તૂ.) અને ૨. સપ્તશતી કે શ્રીધરછન્દ કે ઈશ્વરી છંદમાં તેના વિશે કશી માહિતી મળતી નથી. સળંગ દેશીબદ્ધ કડવાં કે સંધિઓ તેમ જ અપ્રાકૃત જેમ ચઉપઈબંધ ન પ્રયોજતાં તેણે જુદાજુદા માત્રામેળ છંદોમાં ત્રણે કાવ્યો લખ્યાં છે. એ રીતે છંદોબદ્ધ કાવ્ય એક જૈનેતર કવિ લખે તે રીતે એ લગભગ

---

૧. એજન. રણમલ્લ છંદ. પૃ. ૧

૨. એજન. પ્રસ્તા. પૃ. ૧૧

૩. આ કાવ્યો પ્રસિદ્ધ છે. તેમાંનું પ્રથમ ફા. સ. ના સંગ્રહમાં નં. ૧૭૧ગ માં છે, જેનો દી. બ. ધ્રુવે એજન. પ્રસ્તા. પૃ. ૬૬ા ઉપર સદ્‌ગત મણિલાલ બ. વ્યાસની પ્રત તરીકે ઉલ્લેખ કર્યો છે. તેનું નામ કવિત્ત–ભાગવત છે. બીજાની પ્રતિ માટે જુઓ ગૂ. હ. સં. યાદી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ છે. જૈન કવિઓમાં આપણને છંદોબદ્ધ કવિતા આ પૂર્વે ઘણી મળે છે. "ઉવએસમાલકહાણુય છપ્પય" કાવ્ય આખું છપ્પામાં છે;[1] જ્યારે જંબૂસ્વામિચરિય આખું રોળામાં છે. એ સિવાયનાં બીજાં દોહા, રોળા, ચઉપઈ, પદ્ધડી વગેરેનાં મિશ્રણવાળાં પણ કાવ્યો મળે છે.

આપણે ત્યાં ઐતિહાસિક કાવ્ય ઘણાં થોડાં લખાયાં છે. તેમાં ઐતિહાસિક વ્યક્તિને જ ઉદ્દેશી લખાયેલાં થોડાં જ છે. આવું પ્રથમ કાવ્ય આપણને "સમરારાસુ" મળે છે, જે સં. ૧૩૭૧ લગભગમાં રચાયું છે. એ પછી લગભગ પોણોસો વર્ષ પછી આ કાવ્ય રચાયું છે. જેમ "સમરારાસુ"મા અરબી–ફારસી શબ્દોનો પ્રયોગ મળે છે, તેના કરતાં ઘણા જ વિશેષ પ્રમાણમાં શ્રીધરે આ કાવ્યમાં પ્રયોગ કરેલ છે. પ્રથમના કાવ્યમાં અલ્લાઉદ્દીનના પાટણના સૂબા અલફખાનની મૈત્રીને પરિણામે સમરસિંહે શેત્રૂંજા ઉપર જૈન મંદિરો બંધાવ્યાની હકીકત અપાઇ છે, જ્યારે આ કાવ્યમાં રાવ રણમલ્લને પાટણના મુસ્લિમ સૂબા સાથે જંગ થયો અને તેમાં રાવે મુસલમાનોને હાંકી કાઢયાની ઐતિહાસિક વીગત અપાઇ છે. તત્કાલીન ઇતિહાસ ઉપર આનાથી સારો પ્રકાશ પડે છે.

આ કાવ્યના સંપાદક સ્વ. દી. બ. કેશવલાલ હ. ધ્રુવે આ કાવ્યની ઐતિહાસિક દૃષ્ટિએ આંકણી કરી છે. બેશક કાંઇ સમઝફેર થયેલ છે, જેમકે તેમણે રાવ રણમલ્લ સાથે પાટણના સૂબેદાર ઝફરખાન (પાછળથી મુઝફ્ફરશાહ) સાથે જંગ થયો આ કાવ્યમાં હોવાનું જણાવ્યું છે.[2] એ ખરું જ છે કે તેણે ઇ. સ. ૧૩૯૩, ૧૩૯૭ અને ૧૪૦૧ માં (છેલ્લે મુઝફ્ફરશાહ તરીકે) ઈડર પર સવારી કરી હતી. આ ત્રણે વખતે રાવ રણમલ્લના હાથમાં ઈડર ગયું છે. જો કે છેલ્લી વખતે તે વીસનગર તરફ હતો. પણ પાછળથી રાવે ઈડર કબજે કરી લીધેલ છે. આમાંની ઈ. સ. ૧૩૯૭ની સવારી આ કાવ્યનો વિષય

૧. પ્રા. ગૂ. કા. (ગા. ઓ. માલા), પૃ. ૧૨–૨૭

૨. પ્રા. ગુ. કાવ્ય (ગૂ. વ. સો.) પ્રસ્તા. પૃ. ૩ વગેરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય એમ સ્વ. ધ્રુવ મહોદયે માન્યું છે.[1]

પરંતુ કાવ્યમાં જ આપેલી હકીકતથી એ સવારી કોની હતી, તે પકડી શકાય છે. "લખિ ફુરમાણુ ખાન ચલ્લાવિ" એમ દિલ્હીના ફરમાનથી—

"ઈડર ભણી ભીંછ સુરતાણી ફૂફૂકાર ફિરઇ રહમાણી.
મૂંગલ મેચ્છ મુહઇ મચ્છર ભરિ હસિ હુસિયાર હુયા હલહલ કરિ.
ફૂંગરાઇ ફૂંફૂંફાર ફારક ફોજ ફરિ ફુરમાણિયા.
હુંકાર કરકડિ; કરઇ શરઝડિ કરવિ કરિ કમ્માણિયાં.
કુક્કારિ મીર મલિક્ક મુફરદ(?હ) મૂછ મરડી મચ્છરઇ
સંચરઇ શકસુરતાણ સાહણ સાહસી સવિ સંગરઇ."[2]

આ અવતરણ ઉપરથી જોઈ શકાશે કે મીર મલિક મુફરહ ઈડર ઉપર સવારી લાવ્યો હતો. પાટણના સૂબા તરીકેનો તેનો સમય ઈ. સ. ૧૩૮૦–૯૦ હતો.[3] આ મીર મલિક મુફરહના સૈન્યનું છેવટ કવિએ નીચે મુજબ શરણ થતું લખ્યું છે:

"જિ બક્કા અરક્કા શરક્કા વહન્તા, જિ સબ્બા સગબ્બા ગરબ્બા સહન્તા,
જિ ઝુજ્ઝાર ઉજ્જાર હજ્જાર ચલ્લિ રણમલ્લ દિટ્ઠિ મુહિ ઘાસ ઘલ્લિ."[4]

રાવ રણમલ્લે આ મીર મલિક મુફરહના સૈન્યને મોંમાં ઘાસ ઘલાવ્યા પૂર્વે બીજા બે સૂબાઓને પણ હાંકી કાઢયાનું કવિ જણાવે છે:

"દલ દારુણ દફ્ફરખાન જયી મિઇં ભગ્ગઉ અગ્ગઇ ખગ્ગરયિ.
હિવ પટ્ટણપદ્ધરિ ધરિસુ પયં, નઇ વિનડિસુ સત્તિરિ સહસ સયં.
મિઈં સંગરિ સમસુદ્દીન નડી પડિભગ્ગઉ અંગોઅંગિ ભિડી.
જવ મંડિસિ મુઝ રણમલ્લ સમં, તવ દેખિસિ લસકરિ સરિસુ જમં."[5]

---

૧. એજન પૃ. ૫

૨. એજન. પૃ. ૩–૪

૩. આ માહિતી આપવા માટે લેખક, મૌ. સૈયદ અબુઝફર નદવી સા. નો ઋણી છે. ૪. પ્રા. ગૂ. કા. પૃ. ૧૪ ૫. એજન. ૫–૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમાંનો દફરખાન તે દરિયાખાન દફરખાન છે, જે ઈ. સ. ૧૩૬૯ થી ૧૩૭૯નાં દસ વર્ષ પાટણનો સૂબો હતો; જ્યારે સમસુદ્દીન તે તેના પછી એટલે ઈ. સ. ૧૩૭૯માં સૂબા તરીકે આવેલો તે છે. એ બંનેને રણમલ્લે હરાવ્યા જણાય છે.

એક બીજા ઐતિહાસિક પાત્ર વિશે કવિ માહિતી આપે છે તે "મુહુડાસિયા મીર રહમાણી" છે. મીર રહેમાન તે સમયે મોડાસામાં થાણદાર હતો. તે "દામ હરામ કરઇ સુરતાણી," એમ સુલતાનનો પગાર ખાઈ કશું કરી શકતો નથી, એમ કવિ કહે છે. ઉપરનો જંગ મીર મલિક મુફરહ સાથે થયેલો તેની બીજી સાબિતી કાવ્યમાંથી મળે છે. આ મલિક બંગાલી હતો. તે પોતાની સાથે બંગાલી મુસ્લિમ સૈનિકોને લાવેલો, કવિએ બંગાલીઓ વિશે ઉલ્લેખ આમ કર્યો છે:

"મદભીંભલ સેરબચા બંગાલી મૂંગલ મહા મલિક્ક
ઈડર અદ્ધર સિક્ખરિ રણથમ્ભિરિ તલિ તરવરઇ તુરક્ક"[1]

આ ઐતિહાસિક કાવ્યમાં કવિએ થોકબંધ અરબી–ફારસી શબ્દો વાપર્યા છે. આટલા બધા શબ્દો વાપરનાર એ પહેલો જ છે. એણે મુસલમાનો માટે મૂગલ, મેચ્છ, ગોરી, તુરક્ક એ શબ્દો પ્રયોજ્યા છે.

ભાષાની દષ્ટિએ પણ આ કવિ મહત્ત્વનો છે. ભાષા મધ્યકાલીન ગૂજરાતીની બીજી ભૂમિકાની છે; પણ એમાં શબ્દોમાં નકામા જોડાક્ષરો તેણે ઠાંસી ઠાંસી ભર્યા છે. સરલ તત્કાલીન ગૂજરાતીમાં આ વસ્તુ નવીન છે. પણ જેઓએ "પ્રાકૃતપિંગલ"ની કે પંદરમા શતકના મૈથિલ કવિ વિદ્યાપતિના "કીર્તિલતા" કાવ્યની ભાષા જોઈ છે, તેમ જ ચારણી પદ્ધતિનાં કાવ્યો જોયાં છે, તેને આ ભાષા અજાણી નહિ લાગે. પ્રાકૃતસર્વસ્વકાર માર્કંડેયે વ્યંજનોના નકામા દ્વિત્વનું "નાગર અપભ્રંશ" પ્રસંગમાં લખ્યું છે,[2] અને ઉદાહરણ "પ્રાકૃતપિંગલ"માંથી આપ્યું છે. તે અસર આ છે. વિદ્યાપતિએ તે ભાષાને "અવહટ્ઠા" નામ આપ્યું છે, તે આ પ્રકાર છે.

---

૧. એજન. ૫–૯ ૨. પ્રાકૃતસર્વસ્વ પૃ. ૧૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તળગૂજરાતના કવિઓમાં 'અવહટ્ટ'[1] ભાષામાં જો કોઇનું જૂનું કાવ્ય હોય તો તે આ શ્રીધર વ્યાસનું છે. તેના સપ્તશતી (કે શ્રીધરછંદ કે ઈશ્વરી છંદ)માં પણ એ પ્રકારની ભાષા તેણે પ્રયોજી છે; જો કે તેની પ્રતો પછીની હોવાથી તેમાં મધ્યકાલીન ગૂજરાતીના સંસ્કારોની સારી રીતે છાપ પડી ગઈ છે.

તેના સપ્તશતીમાં એની કાવ્યશક્તિ ખીલેલી નથી દેખાતી, જ્યારે રણમલ્લછંદમાં એ ખીલી છે. સંસ્કૃત સાહિત્યકારોના અભિપ્રાયે કવિ કહી શકાય તેવી યોગ્યતા ગૂજરાતના ઘણા ઓછા કવિઓમાં છે. સ્વીકારવું જ જોઇએ કે તેવી યોગ્યતાને પાત્ર આ શ્રીધર વ્યાસ ખરો. એટલી એની વિશેષતા છે.

ચરિતસામગ્રીઃ—

૧. પંદરમા શતકનાં પ્રા. ગુ. કાવ્યો—દી. બ. કે. હ. ધ્રુવ સંપાદિત
૨. દ. હ. લિ. પુ. સંગ્રહ અને શ્રી. ફા. ગૂ. સ. સંગ્રહની હાથપ્રતો
૩. Guj. & its Lit., by K. M. Munshi

---

૧. ખાસ કરીને ચારણી કાવ્યોમાં વપરાતી આ 'અવહટ્ટ'નું મુખ્ય લક્ષણ વ્યંજનોને શબ્દના મધ્યમાં બેવડાવવામાં આવે છે, તે છે. આ આખી ભાષા વીરરસોચિત છે; એટલે પ્રચલિત અપભ્રંશનો પ્રશસ્તિકાર ભાટ વગેરેએ સ્વીકારેલો આ ભેદ હોય. આ પ્રકારની ભાષામાં ચરણને અંતે આવતા શબ્દોને સંસ્કૃતવત્ નાન્યતર પ્રથમા એકવચનનું અનુસ્વારવાળું રૂપ આપવામાં આવેલું ક્યાંય દેખાય છે. આ બે ભેદ ગાળી નાખતાં ખાસ ભેદ દેખાતો નથી; અને એ વ્યાપક અપભ્રંશમાં સંવલિત થાય છે. 'રણમલ્લ' છંદની ભાષા એ રીતે મધ્ય. ગૂજ. ની દ્વિતીય ભૂમિકા કે ડૉ. ટેસ્સિટોરીએ નિર્દિષ્ટ જૂ. પ. રાજસ્થાની છે. આ ભાષાસ્વરૂપ પ્રાકૃતપિંગલનાં કેટલાંક ઉદાહરણોમાં પણ દેખાય છે જ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભીમ

[સં. ૧૪૬૬માં હયાત]

ગૂજરાતી ભાષામાં લોકકથા લખનારા જૈનેતર કવિઓમાંના પ્રથમ અસાઇત પછી આવતો બીજો જૂનામાં જૂનો કવિ ભીમ જાણવામાં આવ્યો છે. આ કવિનૂં એક માત્ર કાવ્ય "સદયવત્સચરિત" અત્યારે પ્રાપ્ત થાય છે. આ કાવ્યમાંના કેટલાક ઉતારા લઇ કવિની કૃતિનો સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલે જે કાંઈ થોડોઘણો પરિચય આપેલા, તેના ઉપરથી ભીમ સં. ૧૪૬૬માં હયાત હતો–એટલે કે તે વર્ષમાં તેણે 'સદયવત્સચરિત' રચી આપ્યું હતું, તેટલું જ જાણી શકાય છે. કવિએ જુદા જુદા માત્રામેળ છંદોમાં ૬૭૨ જેટલી કડીઓ આપી છે.[1]

કવિ પ્રતિજ્ઞા કરે છે તે પ્રમાણે—

"સિંગાર હાસ કરુણા રુદ્દો વીરો ભયાન વીભત્થો ।
અદ્‌ભુત શંત નવઇ રસિ જસુ જંપિસુ સુદયવચ્છસ્સ;"[2]

એમ તેણે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે આ નાનાં કાવ્યમાં નવે રસ આપવામાં આવ્યા છે.

ભાષાની દૃષ્ટિએ (સં. ૧૪૮૮ જેટલી જૂની હાથપ્રત મળવાને કારણે) આ કાવ્ય ખૂબ મહત્ત્વ ધરાવે છે. તેમાં પ્રત્યેક પ્રસંગ કવિએ સુંદર રીતે નિરૂપ્યો છે. ચાલુ પૌરાણિક ઘાટીનાં કાવ્યો કરતાં આ જુદી પદ્ધતિએ રચાયેલું કાવ્ય છે. તેની પાસે અસાઇતની 'હંસાઉલી' ફિક્કી પડી જાય છે. વિના સંકોચે કહી શકાય તેમ છે કે ગૂજરાતી સાહિત્યમાં ઉત્તમ પ્રતિનાં થોડાં કાવ્યો–મુખ્યત્વે રણમલ્લછંદ, કાન્હડદે-પ્રબંધ, નરસિંહમહેતાનાં સુરતસંગ્રામ–ગોવિંદગમન વગેરે મળે છે, તેમાં પ્રધાન સ્થાન ભોગવી શકે, તેવી રીતે કવિએ કાવ્ય વિસ્તાર્યું છે.

---

૧. આ કાવ્યની ત્રણ પ્રતો વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરમાં નં. ૫૨૬૨, ૬૧૨૪ અને ૬૧૨૫ (ટૂ.) છે.

૨. ગૂજરાતી મધ્ય. સાહિત્ય, પૃ. ૪૪૮.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિ સારી રીતે સંસ્કારી લાગે છે; કેમકે એ કાવ્યના આરંભમાં જે ગાથાઓ આપે છે, તેમાં છંદોભંગ થવા નથી દેતો. એ સાથે તત્કાલીન જૂના સ્વરૂપની ભાષા પર પણ તેનો તેટલો જ કાબૂ છે. જૈન પદ્ધતિના મધ્ય. ગૂજ. પૂર્વેના જે રાસ મળે છે, તેમાં જે ભાષા–અપભ્રંશના અવશેષવાળી પ્રયોજાયેલી છે, તેમાં તેણે આ કાવ્ય રચ્યું છે. એ ભાષાઃ

" જિણઇ રચિય નિગમાગમપુરાણસર અક્ખરાણ વિત્થારો ।
સા–બહ્માણી–વાણી–પય પણમેવિ સુપય મગ્ગેસુ ॥ ૨ ॥ " (આરંભમાં)

વળી

"વિપ્પ જંપઇ વિપ્પ જંપઇ નિસુણિ નરનાહ
જયવંતી જ્યોતિષકલા કુલકમ્મિ અમ્હ અછઇ અગ્ગઇ ।
વત્તારઉ સંવચ્છરહ નષ્ટ જન્મ નવિ ચિત્તિ લગ્ગઇ ।
જં સુરપુરિ જં નરભુવણિ જં જં હુઇ પાઆલિ ।
નરવર નિજમંદિર થિકૂ તં જાણૂં તિણિ કાલિ ॥ ૧૫ ॥"

સં. ૧૪૨૭માં રચાયેલી અસાઇતની 'હંસાઉલી'માં ભાષા તે પછીની મધ્ય. ગૂજ.ની ૨જી ભૂમિકાની મળે છે, જ્યારે આ કાવ્યમાં તે પૂર્વેની ભૂમિકા ૧લી કરતાં પણ જૂનું રૂપ સચવાયેલું છે, તે તે વખતની બોલીમાં હશે તેના કરતાં જૂની પદ્ધતિ સાચવી રાખવાને સ્વીકારાયેલી સાહિત્યભાષામાં પ્રયોજાયું છે, તે છેક ૧૬ મી સદી સુધીનાં અપભ્રંશ કાવ્યો મળે છે, તે ઉપરથી સમઝી શકાય તેમ છે. ઉચ્ચારણમાં તો મધ્યકાલીન સ્વરૂપ સ્થપાઈ ચૂકયું હતું, જેનો નમૂનો "હંસાઉલી" આપે છે; અને સાહિત્યની ભાષામાં જૂનું સ્વરૂપ સાચવવાનો પ્રયત્ન થતો હતો, તેનું ઉદાહરણ આ "સદયવત્સચરિત" આપે છે. મુગ્ધાવબોધ ઔક્તિક એ જ કાલમાં કુલમંડનગણિએ (સં. ૧૪૫૦માં) રચેલું, તેની ભાષા આ બંને કાવ્યોના મધ્યકાલની છે; એ જોતાં ઉપર પ્રમાણે અપાયેલો અભિપ્રાય ગેરવ્યાજબી નહિ લાગે. એ સાથે આવા પ્રકારના જૂના સ્વરૂપવાળું અદ્યાપિપર્યંત

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

જૈનેતર કવિનું આ સૌથી પ્રથમ જ કાવ્ય મળ્યું છે, એ બીજાં તેવાં જૈનેતર કાવ્યો હજી નહિ મળવાને કારણે સ્વીકારવામાં કશો બાધ નથી.

સાધનાભાવે આ કવિના જીવન વિષયમાં કશું મેળવી શકાતું નથી. એ વેદધર્માનુયાયી હતો, એવું આરંભમાં ઓંકાર, સરસ્વતી અને ગણપતિને કરેલા નમસ્કારથી સમઝાય છે. એની નિરભિમાનતા તેણે આરંભની એક ગાથામાં આપી છે; જેવી કે—

"ગુરુ લહુ જિ કેવિ કવિયણ સરસસુઅત્થા સુછંદબંધયરા ।
એ કંઠઠાણિ સવ્વે કરજુઅલં જોડી પણિમામિ ॥ ૧૯ ॥"

આમ છતાં એ સરસ, સ્વર્થ, સુછંદ–બંધ કાવ્ય અર્પી પણ શકે છે જ; એ એની મહત્તા છે.

ચરિતસામગ્રીઃ—

૧. સાહિત્ય, વર્ષ ૨૪મું, સં. સ્વ. હ. ગો. કાંટાવાળા
૨. ગુજ. સાહિત્ય: મધ્ય. સા: પ્રવાહ. (ગુજ. સા. સંસદ્–મુંબઇ)
૩. આપણું લોકવાર્તા સાહિત્ય, શ્રી. ભોગીલાલ જ. સાંડેસરા કૃત, (ગુજ. સા. પરિ. ૧૧ મો રીપોર્ટ)
૪. પાટણના ભંડારો–અપભ્રંશ સાહિત્ય. સ્વ. સી. ડી. દલાલ કૃત, (ગુજ. સા. પરિ. ૫ મો રીપોર્ટ)

અબ્દુર રહેમાન

[વિ. સં. ૧૫ મા શતકનો ઉત્તરાર્ધ]

ગુજરાતી ભાષામાં જૂના કવિઓએ–જૈનોએ અને જૈનેતરોએ કાવ્ય લખ્યાં છે; પણ એક મુસ્લિમ કવિએ કાવ્ય લખ્યું હોય તે તદ્દન-નવીન વસ્તુ છે. મીર અબ્દુર રહેમાન એક એવો કવિ–શાસ્ત્રીય દષ્ટિએ ય જેને કવિ કહેવામાં જરા પણ સંશયને સ્થાન નથી તેવો–૧૫મા શતકના અંતભાગમાં થઈ ગયો છે. એણે જો પોતા વિશે એ કાવ્યમાં માહિતી ન આપી હોત તો ભાગ્યે જ જાણી શકાત કે કવિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુસ્લિમ છે. પ્રાકૃત અને અપભ્રંશના સ્વરૂપથી એ કવિ પૂરતો વાકેફ હતો. તેના "સંદેશકરાસ"ના આરંભમાં તેમ જ વચ્ચે વચ્ચે તેણે કેટલી યે ગાથાઓ પ્રાકૃત–મહારાષ્ટ્રી પ્રાકૃત–માં આપી છે. પોતા વિશેની હકીકત તેણે આરંભમાં પ્રાકૃતમાં જ આપી છે:

"पच्चाएसि पहूओ पुव्वपसिद्धो य मिच्छदेसो वि ।
तह विसए संभूओ आरद्दो मीरसेणस्स ॥ ३ ॥
तह तणओ कुलि कमलो पाईयकव्वेसु गीयविसएसु ।
अद्दहमाण–पसिद्धो संनेहयरासयं रइयं ॥ ४ ॥"[1]

પશ્ચિમદેશમાંના મ્લેચ્છદેશમાં મીરસેન=મીરહુશેનને ત્યાં અદ્દહમાણ =અબ્દુર રહેમાન નામનો પુત્ર અવતરેલો, જે પ્રાકૃત કાવ્યોમાં નિપુણ હતો.

આ કવિ મોડાસામાંનો મીર રહેમાન (પૃ. ૧૨) હતો, એમ કહેવાનું આપણી પાસે સાધન નથી. ભરૂચ પાસેના એક નષ્ટ થયેલા ચૈમૂર નામના શહેરમાં પશ્ચિમ દેશમાંથી મુસ્લિમ વસાહતીઓ આવી વસેલા. તેઓ અહીંની સ્ત્રીઓ સાથે પરણેલા. તેઓમાંના કોઈ "મીર હુશેન" નો આ કદાચ પુત્ર સંભવે. પણ એ આ પ્રદેશમાં વસેલો હતો અને તળપદી છતાં શ્રીધરે પ્રયોજી છે, તેવી પણ ભાષાથી સારી રીતે વાકેફ હતો. એણે સાદી હેમયુગીન અપભ્રંશ ભાષામાં કાવ્ય લખ્યું છે; સાથે ચારણી–વ્યંજનોની બેવડાઈ–નો પ્રયોગ મળે છે, તે નીચે આવવાનાં અવતરણોથી સમઝાશે.

"સંદેશકરાસ" એ એક દૂતકાવ્ય છે. એક વિરહિણી એક પથિકને પોતાના પ્રિયને મોકલવાનો સંદેશ આપે છે. કવિએ પથિકને દૂત તરીકે આપ્યો છે. અપભ્રંશ ભાષાના યુગમાં આવી કવિતા તદ્દન વિરલ છે. આવી સુંદર કવિતા એક મુસ્લિમ કવિને હાથે મળે છે, એ માન લેવા જેવી વસ્તુ છે. કવિએ શરૂઆતમાં પોતે પ્રયોજવા ચાહે છે, તે તે છંદનાં લક્ષણો આપ્યાં છે; એ એની પ્રાકૃતાદિ કાવ્યો –ગીતવિષયક–માં સિદ્ધહસ્તતા પૂરવાર કરે છે. એની કવિતાનો નમૂનો જોઇયે:

---

૧. શ્રી. મધુસૂદન મોદીની નકલમાંથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"तदनु किं कृतं तया तदाह ॥

गाहा तं निसुणेविणु रायमरालगइ
चरणंगुट्ठि धरत्ति स-लज्जिर उल्लिहइ ।
तं पंथिउ कणयंगि तत्थ बोलाविअउ
'कह जाइसि हिव पहिय कह व तुह आइसउ' ॥ ४२ ॥

तत्पृष्टः पथिकः प्राह ॥

णयर-णामु सामोरु सरोरुहदलनयणि
णायर-जण-संपुन्न हरिस-ससिहर-वयणि ।
धवल-तुंग-पायारिहिं ति-उरिहिं मंडियउ
ण हु दीसइ कु इ मुक्खु सयल जण पंडियउ ॥ ४३ ॥

× × × ×

के आइन्नहि वंश-वीण-काहल-मुरउ
कह पय-वन्न-णिवद्धउ सुम्मइ गीय-रउ ।
आयन्निहि सु-समत्थ-पीण-उन्नय-थणिहिं
चल्लहि चोअ करंतीअ कत्थ वि णट्टणिहिं ॥ ४६ ॥"

કવિએ આ પછી વર્ણનમાં કેટલીયે સુંદર વનસ્પતિઓનાં નામ આપ્યાં છે, જે એની બહુશ્રુતતા પૂરવાર કરે છે.

કવિ આ કાવ્ય "અવહટ્ઠ"માં રચે છે, તે "અપભ્રષ્ટ=અપભ્રંશ" ભાષા છે; પણ વ્યંજનોનું દ્વિત્વ ઉપર ચલ્લિઉ, વગેરે શબ્દોમાં પ્રયુક્ત છે, તે છાંટ ચારણી ભાષાની છે, જે આપણે શ્રીધરના 'રણમલ્લ છંદ'માં જોઈ છે.

આ કવિના વિષયમાં બીજી કશી માહિતી મળતી નથી. તેમ એની બીજી કોઈ કૃતિ પણ ઉપલબ્ધ નથી. તેણે આવા સંસ્કાર ક્યાં રહી મેળવ્યા એ વિશે આપણને જિજ્ઞાસા રહે એ સ્વાભાવિક છે. આ કાવ્યની હાથપ્રત પાટણના જૈન ભંડારમાંથી મળેલી હોવાથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ ત્યાં એ સચવાઈ રહી છે; કદાચ કોઈ કારણે કવિ પાટણમાં આવી વસેલો હોય, જ્યાં હિંદુઓ–જૈનોના સંપર્કમાં રહી તેણે સંસ્કૃત–પ્રાકૃત–અપભ્રંશ ભાષાનો અભ્યાસ કર્યો હોય!

ચરિતસામગ્રી:—

૧. ચોથી ગૂજ. સા. પરિ. નો રીપોર્ટ
૨. જૈન. ગૂર્જર કવિઓ ભાગ ૧ લો, શ્રી. મો. દ. દેસાઇ
૩. સંદેશકરાસની નકલ (શ્રી. મધુસૂદન ચિ. મોદીએ કરેલી)

નરસિંહ મહેતો

[વિ. સં. ૧૪૭૦–૧૫૩૬]

ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં સ્વતંત્ર સૌથી પ્રથમ વિશિષ્ટ વિસ્તૃત પ્રયત્ન કરનારો નરસિંહ મહેતો તેની સુંદર કાવ્યપદ્ધતિથી જે પ્રમાણે સાહિત્યજગતમાં વિખ્યાત થયેલો છે, તે પ્રમાણે તેના જીવનના તેણે જ આપેલા પરચાઓથી આસ્તિક જગતમાં પરમ ભક્ત તરીકે વિખ્યાત થયેલો છે. એના વિષયમાં નીચેના પાચ પ્રસંગો લોકમાં વિખ્યાત છે:

"હાર હૂંડી ને મોસાળું, વિવાહ ને વળી શ્રાદ્ધ,
નરસૈં મેહેતાને કૃપા કરી, કર્યા શ્રીદીનાનાથ."[૧]

આમાંના ચાર પ્રસંગો ઉપર તેની પોતાની જ કાવ્યકૃતિ મળે છે; જેમાંના "શામળદાસનો વિવાહ" એ કાવ્યના કર્તૃત્વના વિષયમાં તો કાંઈપણ શંકા અદ્યાપિપર્યંત કોઇના તરફથી ઉઠાવવામાં નથી આવી..

નરસિંહ મહેતાનું મૂળ વતન કવિએ પોતે જ તેના નીચેના પદમાં આપ્યું છે:

"ગામ તલાજામાં જન્મ મારો થયો, ભાભીએ મૂરખ કહી મેહેણું દીધું;
વચન વાગ્યું એક અપૂજ શિવલિંગનું, વન માંહે જઇ પૂજન કીધું."[૨]

---

૧. નરસિંહ મહેતા કૃત, કાવ્યસંગ્રહ પ્રસ્તા. પૃ. ૨૧
૨. એજન. પૃ. ૨૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ જ્ઞાતિએ વડનગરો નાગર બ્રાહ્મણ (ગૃહસ્થ) હતો. એના પિતાનું નામ કૃષ્ણદાસ અને દાદાનું નામ પુરુષોત્તમદાસ હતું, જ્યારે એની માતાનું નામ દયાકોર અને ભાઇનું નામ મંગળજી કે જીવણરામ કે બંસીધર હતું. એનો જન્મ સં. ૧૪૬૯-૭૦માં થયો માનવામાં આવે છે. એનો કાકો પર્વતદાસ એક સારો ભગવદ્ભક્ત થઈ ગયો છે; એ કાકાને પ્રભુરંગ નરસિંહને લઇને લાગ્યાનું "પર્વતપચીશી"ના કર્તા પર્વતવંશ્ય કવિ ત્રીકમદાસે જણાવ્યું છે.

નરસિંહનાં માતા-પિતાનું મરણ એના બચપણમાં જ થયેલું. એ પછી એ પોતાના ભાઇને ત્યાં રહેતો હતો. નરસિંહ આળસુ અને વિદ્યા તરફ પ્રેમ વિનાનો હતો અને બાવાસાધુઓમાં રખડયા કરતો હતો. એમ કહેવાય છે કે એનું સગપણ ૧૧ વર્ષે કરવામાં આવેલું, જે પણ તેના રખડુવેળાથી તોડી નાખવામાં આવેલું. પાછળથી કોઇ રઘુનાથરામની પુત્રી માણેકબાઇ નામની એક કન્યા સાથે સં. ૧૪૮૮માં તેનાં લગ્ન થયાં. લગ્ન થયા પછી પણ એ ભાઇને ત્યાં જ રહેતો. ભણવામાં કે કમાવામાં તેનું જરાપણ ચિત્ત નહોતું; એથી તેને જોકે ભાઇ ખાસ કાંઈ ન કહેતા, પણ ભાભી તરફથી મહેણાં સાંભળવાં પડતાં. "શામળદાસના વિવાહ"ના આરંભમાં ભાભી તરફનાં મહેણાંનો તેણે ઉલ્લેખ કર્યો છે; હારમાળાના આરંભમાં પણ તેનો ઉલ્લેખ મળે છે:

"મરમ વચન કહ્યાં મૂજને ભાભીએ તે મારા મનમાં રહ્યાં વહ્યી;
શિવજી આગળ જઇ એક મનોરથ, સ્તુત્ય કીધી દિવસ સાત સૂધી."[૧]

નરસિંહ રખડયા કરતો કે નહિ, એ વસ્તુ ઉપર "હારમાળા"ના આરંભના પદથી કાંઈક પ્રકાશ પડે છે:

"બાઇ મુહુનિ હરિ જોવાની ટેવ પડી,
માહારા નાથનિ ન મૂકૂં એક ઘડી.
વેઘલૂં મન અલગૂં ન રિહિ :
[એહવી] હરજીશૂં પ્રીત્ય જડી.

---

૧. ન. કા. સં. પૃ. ૭૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આખા ધાઢાનો રલી ખપી આવ્યો :
[માહરી] ભાભીઇ મૂકયૂં ન પાણી.
મિં જાણ્યૂં, ધ્રુવ તણી પિરિ કરૂં,
ભાભી નહીં, ગોરાણી;
નામાનૂં છાપરાં છાહિ આપ્યૂં;
કબીરાની અવિચલ વાણી.
તે પાંઇ તાં હૂં હએસ ભલેરો :
છબીલુજી મૂકરિ પાણી."૧

ભાભી ઉપરાંત ભાઇ તરફથી પણ ઠપકો મળવાનું એક પદમાં પ્રાપ્ત થાય છે: તે સાથે એના તપ આદરવાના દિવસનું પણ એમાંથી સૂચન મળે છે; વર્ષ કયું એ આપણે જોકે નથી મેળવી શકતા:

"ભાઇ ભોજાઇઇ રીસ જ કીધી : નરસિંહાની કેહી પિરિ ?
રીસાવ્યો ગ્યો વનમાં; ત્યહાં સેવા સાચી શિવની કરી.
ચૈત્ર સુદિ સપ્તમી સોમવાર નરસિંઇ મન્ય કીધુ વ્યચાર;
તપ માંડ્યૂં મહા ઉગ્ર મોટૂં; હૂં રહ્યો [નિરંતર] વન મોઝારિ."૨

આ આખા પ્રસંગે તેના જીવનમાં જબ્બર પલટો આણ્યો છે. તે હકીકત ઉપરના જ પદના ઉત્તર ભાગમાં નીચે મુજબ પ્રાપ્ત થાય છે:

" ગોપેશ્વરિં કહ્યૂં સ્વપ્ન માંહિ : 'માગાં તે આપૂં તૂંહનિં.'
મિં માગ્યૂં : '[જયે] સ્વામી, તમનિં વાહલૂં, તે ક્રિપા કરીનિં દીજિ મુનેં.'
ભોલા ચક્રવત્ય પ્રસન્ન હૂઆ નિ આવી મસ્તકચ દીજિ હાથ;
સોલ સહસ્ર ગોપીવૃન્દ રમતાં રાસ દેખાડ્યો વૈકુણ્ઠનાથ.
હિત જાણી પોતાના માટિ મહાદેવ બોલ્યા વચન તે વારિ :
'નરસિંઆ, તૂં લીલા ગાજે, ચે કીધી કૃષ્ણ-અવતાર."૩

બેશક "શામળદાસના વિવાહ"ના આરંભના પદમાં "હરજીએ

૧. હારમાળા (કે. કા. શાસ્ત્રી), પૃ. ૧
૨. એજન. પૃ. ૨ ૩. એજન. પૃ. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધરી, દીન જાણી કરી, પ્રગટ દરશણ દીધું શૂલપાણી,"[૧] એમ પ્રકટ દર્શન આપ્યાનો નરસિંહના વચનમાં નિર્દેશ છે. ત્યાંનાં પાંચે પદમાં નરસિંહે પ્રકટ દર્શન કર્યાં, તેવો ધ્વનિ છે, પણ ૬ઠ્ઠા પદમાં ઉપરની જ મતલબ પાછી વ્યક્ત થાય છે; જે પૂર્વે પાંચમા પદને અંતે એમ છતાં એ જ મતલબનું સમર્થન મળે જ છે; જેવું કે:

"મુહૂર્ત એકમાં ભૂતલ આવીયો, ભાભી આવ્યાં નરસહીંયો જાણી."[૨]

ભાભીનો ઉપકાર માનતાં નરસિંહે "સ્વપ્ન"ની વીગત આપી છે, તે ૬ઠ્ઠું પદ આ પ્રમાણે છે:

"ધન્ય ભાભી તમે ધન્ય માતાપિતા, કષ્ટ જાણી મને દયા રે કીધી;
તમારી કૃપા થકી હરિહર ભેટિયા, કૃષ્ણજીએ મારી સાર લીધી.
સ્તુતિ કીધી ઘણી સમરિયા શ્રીહરિ, ગૃહસ્થના ધરમ મરમ આણી;
મંદિર લીધું જહાં નાત છે નાગરી, સુખદુ:ખ કરમચા ભોગ જાણી.
લક્ષ્મીનાથની નિત્ય સેવા કરું, સાધુના સાથ જહાં આવે ધાઈ;
આણી દયા મન ભાવશું વીનવું, લેય પ્રસાદ કીરતન ગાઇ.
પુષ્પ આપ્યું હુંને નાથ લક્ષ્મી તણે, સાચું સુપન મેંહે દ્રષ્ટ દીઠું.
લક્ષ સેવા તણાં નામ કીરતન કરો, નરસહીંયાને મન લાગ્યું મીઠું."[૩]

નરસિંહના જીવનમાં અસાધારણ પલટો અને કવિત્વની સ્ફૂર્તિ આપણને તેણે આપેલાં ઉપરનાં વચનોમાં થયેલી જણાય છે. અહીં જેમ "સ્વપ્ન" શબ્દનો પ્રયોગ કર્યો છે, તેવો જ "દિવ્યચક્ષુ" શબ્દનો પ્રયોગ પણ તેણે કર્યો પ્રાપ્ત થાય છે:

"અનાથ હુંને સનાથ કીધો પાર્વતીને નાથ;
દિવ્યચક્ષુ આપ્યાં મુજને, મસ્તક મેલ્યો હાથ."[૪]

ઉપરના પદોમાં જણાવ્યા મુજબ "ગોપનાથ" મહાદેવના પ્રસંગ પછી એ ઘેર આવ્યો ત્યારપછીથી એણે સ્વતંત્ર ઘર લઈ રહેવાની

૧. ન. કા. સં. પ. ૭૫ ૨. એજન. પૃ. ૭૭
૩. એજન. પૃ. ૭૭ ૪. એજન. પૃ. ૧૪૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શરૂઆત કરી. એ પ્રભુના સેવન અને ભજનમાં જ મસ્ત રહે છે; સાધુઓનો સત્સંગ કરે છે. એને ગુજરાન ચલાવવાના ય સાંસા છે, પણ પ્રભુમાં દૃઢ શ્રદ્ધા હોવાને કારણે એ જેમતેમ કરી દહાડા પસાર કરે છેઃ

"હરિગુણ ગાય ને ન મળે ખાવા તાંહાં, હરિની ઇચ્છા તો સંતોષ લાવી,
કરમચા ભોગ દેહે ભોગવે છૂટકો, નીપજે સરવથા હોય ભાવી.
ઘેર દારા એક સુંદર સાધવી, હરિઅંશ તો એને અધિક વાહાલો;
નહીં કાંઇ વેગ વિચાર મનમાં ધરે, ન લહે પરપંચ સ્ત્રીનો ચાળો.
એક છે પુત્ર ને એક પુત્રી થઈ."[1]

નરસિંહ જૂનાગઢમાં ક્યારે આવી વસ્યો, એ વસ્તુ એના એક પણ પદમાં સ્ફુટ નથી. એક અજ્ઞાત કવિ જણાવે છે તેમ "બાર વરસનો બાળક એહ, બુદ્ધિ પ્રકાશ થઇ છે જેહ"[2] એવો નરસિંહ મહેતો "તળાજાના લોક સમસ્ત આવી વસ્યા જૂનાગઢ માંહ્ય", એ સૌની સાથે જ આવી વસ્યો. નરસિંહ મહેતો જૂનાગઢમાં રહેવા આવ્યો ત્યારે ભાઇભાભી પણ આવેલાં કે નહિ, એ વિશે આપણી પાસે કાંઈ પણ પુરાવો નથી.

હવે જૂનાગઢમાં આવ્યા પછી નરસિંહ મહેતાએ, જે પ્રમાણે નાની વયે તળાજામાં ભગવદ્ભજનમાં અને સાધુઓના સમાગમમાં દિવસો વ્યતીત કરવાનું રાખેલું તે જ પ્રમાણે અહીં પણ એ જ પ્રવૃત્તિ આદરી. એના ઇષ્ટદેવ શ્રીદામોદરજી સુવર્ણરેખાના કાંઠા ઉપર દામોદરકુંડને મથાળે એક શિખરબંધ મંદિરમાં બિરાજતા હતા. (આ મંદિર જૂનાગઢના ચૂડાસમા રા'મહીપાળે સં. ૧૪૬૯–૭૩માં બંધાવ્યાનો શિલાલેખ મળે છે.) તેમાં નિત્ય દર્શને જવાનું તેનું નીમ હતું. દામોદરકુંડમાં નિત્ય નાહવા જવાનું વર્ણન "ગિરિ તળાટી ને કુંડ દામોદર ત્યાં મહેતોજી નાહવા જાય", એ પદમાં સુપ્રસિદ્ધ છે. આ પ્રમાણે તેનું જીવન નચિંતદશામાં પ્રવર્તતું હતું. તેના આવા વૈષ્ણવી વર્તનથી નાગરજ્ઞાતિમાં તેની

---

૧. એજન. પૃ. ૭૭-૭૮

૨. ન. મ. નું આખ્યાન, પૃ. ૮ અને ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખૂબ હાંસી થતી હતી; એક પ્રસંગમાં તો એ ભજન કરવાને ઢેઢવાડામાં ગયો હતો, ત્યાંથી પાછો ફરતાં—

"ઘેર પધાર્યા હરિજશ ગાતા, વા'તા તાલ ને શંખ મૃદંગ,
હસિ હસિ નાગર તાળિયો લે છે, આ શા રે બ્રાહ્મણના ઢંગ.
મૌન ગ્રહીને મેહેતાજી ચાલ્યા, અધવધરાને શો ઉત્તર દેઉં.
જાગ્યા લોક નરનારી પૂછે, મેહેતાજી તમે એવા શું?
નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઇ વિવેક વિચાર,
કર જોડીને કહે નરસૈંયો, વૈષ્ણવ તણો મને છે આધાર."[1]

જેનો વધુ જવાબ ભકત આપે છે :

"એવા રે અમો એવા રે એવા, તમે કહો છો વળી તેવા રે,
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કેહેશો તો કરશું દામોદરની સેવા રે.

× × × ×

સઘળા સાથમાં હું એક ભુંડો, ભુંડાથી વળિ ભુંડો રે,
તમારે મન માને તે કહેજો, સ્નેહ લાગ્યો છે મને ઊંડો રે."[2]

નરસિંહની અનેક રીતની પજવણી ટીખળી નાગરો તરફથી થતી હતી. એક વાર—

"નાગરી નાતના નેષ્ટ નાગર હુતા, તીરથવાસીગે પુછ્યું તેહને,
કોઇ હુંડી લિખે દ્વારકા નગરની, ચાલો ભાઇઓ જઇ દ્વાર તેહને.
તે તો બોલિયા ઠગ કરી ભક્તવછલ હરી, કોટિધ્વજ નારસૈયો કાહાવે,
આડત ચાલે ઘણી, શેઠ સમરથ ધણી, ઓ પેલું ઘર કીરતન ગાવે.
તે તો હરખીને ચાલીઆ, ધાઇ મંદિર ગયા, વેરાગીઓ મલીને ટોલી.
તિલક છાપાં કરચાં, હરિમંદિરમાં ધરચાં, કૃષ્ણકીરતન માંહે રહ્યા ઝકોલી.
નીચાં મંદિર ને નિપટ જુનાં ઘણાં, નહીં દ્વારે રીધસિધ ઘર માંહિ.
ચોપડા નહિ, નાણાવટી કોથળી, એકલા મેહેતાજી ગુણ હરિના ગાહિ.

× × × ×

---

૧. ન. મ. કા. સંગ્રહ, પૃ. ૪૭૦–૭૧
૨. એજન. પૃ. ૪૭૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તીરથવાસી તિહાં હરખીને બોલીયા, અમારે શ્રીદ્વારકાં નગર જાવું,
નાહવું છે શ્રી ગોમતી, નીરખવા શ્રીજદુપતિ, રાય રણછોડને ચરણે ધાવું.
અમે આવીયા તમ ભણી, ગરથ લીજે ગણી, રૂપૈયા સાતસેહે એક થોકે.
હુંડિઆમણ ઘટે તે લ્યો રોકડું, દૈયે પત્ર વાંચીને રોકે,
હુંડિઆમણ તો નામ છે હરિ તણૂં, કરવું કારજ તહમો સંત જાણી."૧

નરસિંહ મહેતો તીર્થવાસીઓને દ્વારકાના શામળશાહ શેઠ જોગ રૂ. ૭૦૦)ની હૂંડી લખી આપે છે. અને--

"તીરથવાસીયો પોહોતા છે પુરીમાં, દ્વારકા નગર સુખધામ ભાળ્યું.
નાહ્યા છે ગોમતી, નિરખ્યા છે જદુપતિ, રાય રણછોડને ચરણે ધાવું.
લીધો પ્રસાદ નેં મન માંહે હરખીયા, ચાલો જઇ બેશીયે મધ્ય ચોહોટ.
શામલશાહની પેહેડીયે ભેટીયે, ધનધડી આપણું ભાગ્ય મોહોટું.
ચોકમાં જોઈ નાણાવટી કોથળી, એક વણીકનેં પુછું તેડી :
નારસૈંહે નાગરે ગઢથકી મોકલ્યા, શામલશાહની કોણ પેહેડી."૨

પણ ત્યાં નથી કોઈ શામળશાહ કે નથી તેવી કોઈ પેઢી. તીર્થવાસીઓ ગભરાય છે; ક્યાંય પત્તો ન લાગતાં નિરાશ થઈ જૂનાગઢ તરફ વળે છે. ત્યાં તો--

"વણિક થયો વિઠલો, શેઠ શોભે ભલો × × ×
× × × સનમુખ શેઠનેં રહ્યા નિહાલે.

× × × ×

કુણ ભાઈઓ તહ્મો શામલશા અહ્મો, અમ સરખૂં કાંઈ કેહેજો જાણી.
ધાઇ ચરણે નમ્યા, શેઠ સાથે મલ્યા, ધન મમ ભાગ તે ચાલી આવ્યા.
નરસૈંહે નાગરે ગઢ થકી મોકલ્યા, પત્ર હુંડીનું લિખાવી લાવ્યા.

× × × ×

શેઠ સમરથ ધણી અધિક આપ્યા ગણી, માંડીની વારતા સરવે કીધી.
નારસૈંહો ફૂલિયો, અતિ રસ ઝુલિયો, આપ્યો પરસાદ ને માલા દીધી."૩

---

૧. ગૂજરાતી : દીવાળી અંક, ૧૯૨૩, પૃ. ૧
૨. એજન. પૃ. ૨ ૩. એજન. ૫-૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નરસિંહ મહેતાની હૂંડીને લગતાં ૮+૨=૧૦ પદો મળે છે. એમાં એણે આ આખો પ્રસંગ વિસ્તારથી આપ્યો છે. મુખ્ય આઠ પદ તેના પ્રિય ઝૂલણામાં છે, જે તેનાં ઇતર કાવ્યોથી જુદાં પડે તેવાં નથી. આપણને એ પ્રસંગના સત્યાસત્ય તરફ જોવાની જરૂર નથી. એણે જ એના જીવનના એક પ્રસંગની હકીકત વર્ણાવી છે, તે આ છે. આ આખો પ્રસંગ તેના ભક્તત્વની પ્રતીતિ કરાવે તેવો છે. ખુદ પરમાત્મા ન આવ્યા હોય અને કોઈ દ્વારકાવાસી શેઠે જ ભક્ત નરસિંહની અવજ્ઞા ન થવા હૂંડીનાં નાણાં ભરી દીધાં હોય તોયે એ કોઇ આશ્ચર્યની વાત નથી. આજે પણ મોટાં તીર્થોમાં અને માલદાર અને ગરીબો તરફથી નામ વિના જ તીર્થોમાં ભેટો આવ્યા કરે છે, એ તદ્દન જાણીતી વાત છે.

નરસિંહ મહેતાની હૂંડીનો પ્રસંગ સં. ૧૪૯૯માં બન્યો કહેવાય છે. એના પિતાના એક શ્રાદ્ધ વખતે પણ એનું કાર્ય એવી જ અચિંત્ય રીતે પાર પડ્યું કહેવાય છે. નરસિંહની વાણીમાં આ પ્રસંગ આપણને મળતો નથી. પણ તેની પુત્રી કુંવરબાઇના સીમંત વખતે મામેરું અચિંત્ય રીતે પુરાયું તે હકીકત ફરી નરસિંહની જ વાણીમાં આપણને મળે છે.

આ પૂર્વે એક ઐતિહાસિક પ્રસંગ માંગરોળમાં બને છે, તેમાં નરસિંહ હાજર રહે છે. મહેતો પર્વત જે નરસિંહનો કાકો થાય તે ઉપર જોયું. એ કાકાનો જન્મ સં. ૧૪૩૩ આસપાસ થયેલો. એણે તળાજા કયારે છોડયું અને માંગરોળમાં કયારે આવી વસ્યો તે આપણે જાણતા નથી; એમ કલ્પના કરી શકાય કે તળાજામાંથી એક સમૂહ જૂનાગઢ આવી વસ્યો તે જ વખતે તેઓમાંથી કેટલાક માંગરોળ, ઊના વગેરે જઇ વસેલા. પર્વતદાસ એ માંહેનો એક સંભવી શકે. તે પ્રમાણે કુંવરબાઇનો સસરો માંગરોલ કે ઊના જઇ રહેલો જણાય છે. અથવા રાજાની નોકરીને કારણે પણ નાગરો જુદાં જુદાં ગામોમાં જઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્યા હશે. પર્વત મહેતો પણ રણછોડભક્ત હતો, પણ ચુસ્ત વર્ણાશ્રમી હતો. તેનું દરવર્ષે પ્રબોધિની ઉપર જમણા હાથમાં તુલસી વાવી, ચાલીને શ્રીદ્વારિકાનાથનું દ્વારકા જઇ દર્શન કરવાનું નીમ હતું. આ પ્રમાણે લગભગ સડસઠ વર્ષની ઉમર સુધી તેણે વ્રતપાલન ચાલુ રાખ્યું હતું. અડસઠમે વર્ષે પણ એ વ્રત મુજબ તેણે દ્વારકા તરફ જવા માંડયું. શરીર વૃદ્ધ, શક્તિઓ ક્ષીણ, એવી સ્થિતિમાં એ પાંચ ગાઉ ઉપર આજક ગામમાં પહોંચ્યો. ત્યાં રાત્રિ રહ્યો. આજક ગામમાં તે વખતે વિષ્ણુનાં બે સુંદર મંદિર અને એક સીતામાઇ નામનો કુંડ વિખ્યાત હતાં. નાઘેરમાંથી દ્વારકા તરફ જનારાઓના માર્ગમાં એ ગામ છે. જેઠવાઓના તાબામાં હોવાથી એ પ્રદેશ સુરક્ષિત હતો.[૧] ત્યાંના કુંડના પડથાર ઉપર એ સૂઇ ગયો.

સ્વપ્નમાં તેને ભગવાને કહ્યું કે "તારી વૃદ્ધાવસ્થાને કારણે હવે હું માંગરોળમાં જ આવું છું; ઘેર પાછો ફર." "ભક્ત જાગી ગયો. સવારે એ વિશ્વાસે ઘેર આવ્યો. થોડા દિવસો બાદ માગશર સુદિ ૬ને બુધવારને દિવસે તેના મકાનની નજીકની અત્યારના માંડવી ગેટ પાસે આવેલી ગોમતીવાવમાં તે સવારે નિયમ મુજબ નાહવા આવ્યો, ત્યારે તેને પાણીમાંથી એક નાની શ્રી દ્વારકાનાથની દશાંગુલ મૂર્તિ મળી આવી. એ પૂર્વે જ દીવનો એક વાસુદેવ સલાટ નિયમ મુજબ એ જ ટાંકણે દ્વારકા જતો હતો, તેનું વહાણ તોફાનને લીધે માંગરોળ આવી અટકયું. શ્રી રણછોડરાય માંગરોળમાં પ્રકટ થયાંની વાત મળતાં પર્વત ભક્તને શોધતો એ માંગરોળમાં આવ્યો અને દશાવતારવાળું કાળા પત્થરનું

---

૧. બંને મંદિરો પાછળથી તોડી નખાયાં છે. માત્ર પડથાર અત્યારે છે. કુંડ મોજૂદ છે, જેમાં વિષ્ણુની એક ચતુર્ભુજ મૂર્તિ પાણી ઊતરી જાય ત્યારે દેખાય છે. ત્યાં એક સંવત ૧૫૧૭નો શિલાલેખ છે, જેમાં બીજા ભાણ જેઠવાના પુત્રે નારાયણને નમસ્કાર કર્યા વિશેની હકીકત આપવામાં આવી છે, જે તે સમયે ત્યાં વિષ્ણુના મંદિરના અસ્તિત્વનો સારો પુરાવો આપે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિંહાસન[1] ભક્ત પર્વતને સોંપ્યું અને ત્યાં ઉત્સવમાં ભાગ લીધો. ભકત નરસિંહ આ ઉત્સવમાં હાજર હતો કે નહિ તે જાણવામાં નથી. એ એક બીજે પ્રસંગે હાજર હતો ખરો. કોઈ અજ્ઞાત કવિએ આ હકીકત નરસિંહચરિતમાં નીચે મુજબ નોંધી છે. તે કવિ પર્વત મહેતાનું સ્થાન અને ગોમતીવાવ જૂનાગઢમાં માને છે, પણ જૂનાગઢમાં એવું કોઈ સ્થળ નથી જ. મૂળ વૈષ્ણવ ફળિયું કે જ્યાં મહેતા પર્વતનું મકાન આવેલું હતું, તેના નાકા ઉપર જ જૂની પુરાણી "ગોમતીવાવ" આવેલી છે; એટલે કોઇ શંકાનો વિષય નથી.

શ્રીરણછોડરાયના એક ઉત્સવ ઉપર શ્રી નરસિંહ મહેતાએ હાજરી આપી હતી, જેમાં નરસિંહે આખી રાત્રિ કીર્તનમાં મસ્ત થઈ ગાળી હતી, જેમાં નરસિંહને તૃષા લાગતાં પાણી માગ્યું ત્યારે સખી રતનબાઇએ આવી પાણી પાયું હતું. (આ રતનબાઇ નરસિંહ મહેતાની ચાર ભક્ત સખીમાંની એક હતી.) આ પાણી ખુદ ભગવાન રતનબાઇરૂપે આપી પાઇ ગયા, તેવી પ્રતીતિ ભકત નરસિંહને થઇ હતી, જે તેણે એ પ્રસંગના ચાર પદમાં ગાઇ છે; જેમકે—

"આ જોને કોઇ ઊભી રે, આળસ મોડે,
બાંયે બાજુબંધ બેરખા પુંચી, મનડું મોહ્યું છે એને મોડે.
ઝાંઝર ઝમકે ને વિછુવા ઠમકે, હિંડે છે વાંકે અંબોડે.
સોવ્રણ ઝારી તે અતિ રે સમારી, માંહી નીર ગંગોદક તોલે.
નરસૈંયાને પાણી પાવાને કારણ, હરિજી પધારચા કોડે."[2]

---

૧. આ સ્વરૂપ અને આ સિંહાસનનાં આ લેખકે નીરખીને દર્શન કરેલાં છે. અત્યારે માંગરોળના શ્રીરણછોડરાયના મંદિરમાં એ બેઉનાં આજે દર્શન સુલભ છે. શ્રીરણછોડરાયનું સ્વરૂપ જૂનાગઢમાં પાછળથી ગયાનું એક પક્ષ કહે છે. શું સાચું છે એ પ્રભુ જાણે, પણ માંગરોળમાંના સ્વરૂપનો વિગ્રહ અને ઉપરનો ઘસારો તપાસતાં તે બહુ પ્રાચીન છે, અને તેથી અસલ છે, એમ મારો અંગત અભિપ્રાય છે.

૨. એજન. પૃ. ૪૯૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"હરિ આવ્યા છે નારીના વેશે રે, એને કોઈ જુવો રે.
શિવ બ્રહ્મા જેનું ધ્યાન ધરે છે, તેને જોઈ જોઇ દુ:ખડાં ખુવો રે.
બંધવ એનો તત્ક્ષણે ઊઠચો, આવ્યો મંદિર જાણી રે.
રતનબાઇ ઘણું વ્યાકુળ ફરે છે, તમે લ્યોને મેહેતા જળપાણી રે."[૧]

ઉપરની કડીઓ આ પ્રસંગનો ચિતાર આપે છે. ભકતનું ભકત-હૃદય કહો કે કવિની પ્રતિભા કહો, એક નવી જ સૃષ્ટિમાં આપણને ઘસડી તન્મય બનાવવામાં તે પૂરતી સફળતા મેળવી ચૂકી છે.

આ બે પ્રસંગ પછી એના જીવનનો ત્રીજો પ્રસંગ તે પુત્રી કુંવરબાઇના સીમંત પ્રસંગે મામેરાનો પ્રસંગ પણ એવી રીતે અચિંત્ય રીતે પાર પડે છે તે. નરસિંહે આ વિશે પણ લખ્યું છે, જે વિશેનાં પદો આજે હારમાળાની જૂની વાચનામાંથી આપણને મળે છે. સં. ૧૭૦૮માં વિશ્વનાથ જાનીએ "મોસાળું" લખ્યું છે, તેમાં માંગરોળ ગામ અને કુંવરબાઇનો સુંદરજી સસરો એમ લખવામાં આવેલું છે; હારમાળાની સં. ૧૭૩૩ની પ્રતમાં પૂર્વરંગના પદોમાં "મામેરાં" ના પદો છે, તેમાં નરસિંહનાં નથી તેવાં પદોમાં ઊનાનો[૨] નિર્દેશ છે. "મામેરાં"નાં નરસિંહનાં પદોમાં ગામ વિશે કાંઇ કહ્યું નથી. એ પ્રસંગ ઊનામાં બને તો જેટલી સંભાવના છે તેટલી જ માંગરોળની પણ છે. "હારમાળા"ના પૂર્વરંગના એક પદમાં તો નરસિંહને પણ ઊનાનો કહ્યો છે, જે શકય નથી. આવી કોઈ ભ્રાંતિથી કુંવરબાઈનું સાસરું પણ ઊનામાં મનાઈ ગયું હોય! વિક્રમની સત્તરમી સદીના આરંભનો વિષ્ણુદાસ તો સાસરાનું ગામ "વિજયનગર" કહે છે, જે

૧. એજન. પૃ. ૪૯૯

૨. પ્રેમાનંદે ઊના સ્વીકાર્યું છે. કુંવરબાઇના વંશના એક રામપ્રસાદ ઓઝા અત્યારે ઊનામાં છે. એ ઓઝા કુટુંબ હતું. કુંવરબાઇના સસરાનું નામ શ્રીરંગ મહેતો અને પતિનું નામ વછરાજ હતું. જુઓ ત્રીકમદાસનાં કાવ્ય, પ્રસ્તાવના, પૃ. ૧૬.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અજ્ઞાત જ વસ્તુ છે.[૧] વિશ્વનાથ જાનીનું વિધાન ખાસ અવિશ્વસનીય લાગતું નથી; સબબ કે નરસિંહનો કાકો પર્વત માંગરોળમાં જ રહેતો હતો, એટલે કુંવરબાઇને માંગરોળમાં અનુકૂળતા રહે એ ખાતર ત્યાં વોળાવી હોય. છતાં આ વિષયમાં કાંઈ પણ ચોક્કસ વિધાન જૂના પુરાવાને અભાવે કરી શકાય તેમ નથી.

શામળદાસના વિવાહમાં "મામેરા" વિશે નીચે મુજબ નિર્દેશ છેઃ

"એક છે પુત્ર ને એક પુત્રી થઈ, તેનું મામેરું પૂર્યું લક્ષ્મીનાથે."[૨]

આ પુત્રીનું નામ "કુંવર" હતું, તે "એક પુત્રી તેનું નામ તે કુંવરી"[૩] એ પ્રસંગે નરસિંહે જણાવ્યું છે. નરસિંહે એ પ્રસંગે નાગરો તરફથી અગવડ વેઠી છે, તે વાત "મામેરા"ને લગતાં તેનાં જ પદોમાં આપણને મળે છેઃ

"કોણે કહ્યો કપટી, કોણે કહ્યો કામી, કોણે કહ્યો તાલકૂટિઓ રે આવ્યો.
આપવા મૂકવા નહિં કાંઇ એહને, કોહો રે મામિરૂં શૂં રે લાવ્યો?
ગોપાલજી! તમચી ભક્ત છિ દોહલી, પણ દાસનિં સદા સોહલી–ધ્રુવ
તિણિ સમિં પુત્રીઇં વચન એહવૂં કહ્યૂં : સભા માંહિ બિઠો શૂં તાલ વાયે?
સાસરા માહરાં માંહિ મિહિણૂં દિ છે, તે વચન મિં ખમ્યાં ન જાયે.
ચંગ નિ તાલ અહમ્યો દેહ સાથિં મૂકશૂં, ધરણી આકાશ ચવારિં એક થાશિ.
લોકડાં બોલશિ તે પણ સહીશિ, કૃષ્ણજીનૂં ભજન કચમ મેહલ્યૂં જાશિ?
તિણિ સમિં વહેવાઈઇં હાસ્ય એહવૂં કરયૂં, મેહલ્યૂં ઉષ્ણોદક ત્યારિં પાણી.
રાત્ય દિવસ જ્યેહની સેવા કરાં છાં, સમણ આપશિ તે રે આણી.
ચૈત્ર સુદિ દ્વાદશી મેઘઘટા ચઢી, ગડગડીનિ કૂંડી માંહિ વૂંઠુ.
સમણ ઘાતી જ્યેહવો નરસિંહો સૂઝ્યુ, તેહવો સમસ્ત વૈષ્ણવનિં ત્રૂઠો."[૪]

૧. કવિ વિષ્ણુદાસકૃત, મામેરું : પૃ. ૯૩

૨. ન. મ. કા. સંગ્રહ, પૃ. ૭૮

૩. એજન. પૃ. ૭૯

૪. હારમાળા, પૃ. ૪૮. આ પદ વિશ્વનાથ જાનીએ પણ લીધું છે. ન. મ. આખ્યાન, પૃ. ૬૦–૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઊના પાણીમાં મેઘથી આવેલા સમોવણને જાદૂ માનનારા નાગરભાઇઓએ જ નહિ, વેવાઇએ પણ તેની પજવણી કરી, એ વિશે નરસિંહે જણાવ્યું છે કે--

"ત્યવારિં નાગરે મ્યલીનિં ઢીગ જ માંડી : કાહો તો એ કપટીનિં સાહીઇ.
કેટલાએક માંહિથી ઇણી પિરેં બોલ્યા : લ્યો તો એહનિં વાહીઇ.
દેવા તોરડા સહજ એશા, જો મન માને તો કરિ આપ જ્યિસા–ધ્રુવ
કેટલાએક મ્યલી વાત એહવી કરિ; દુષ્ટ બોલિ મુક્ષ અસત વાણી:
'કામણ મોહણ છિ કાંઇ એહ કનિ, મંત્રનિ બિલિ અણાવ્યૂં પાણી.'

× × × ×

તિણિ સમિ વેહેવાઇં વિચાર જ કીધો, ટીપ આપી આણી ત્યહારે માંડી.

× × × ×

તિણિ સમિ જમાઇઇં વાત એહ્વી કહી : તાહરી દીકચરીની સહૂઇ ઢીક માંડી.
સેહિસિ બિ સેહિસ આપૂં અછીના તૂંનિં, રાત્ય માંહિં પહરો જાનાં છાંડી."

એ સૌને નરસિંહ જવાબ આપે છે કે–

"દીકચરીનૂં લ્યે તે કુમ્ભીપાકે જાઇ; ચાલતૂં હલાહલ કૂણ ખાયે?
કૃષ્ણ સરખો છે માહરે સખાઈઓ : માહમિરૂં કીધા વિના નહિ રે જાયે."[1]

અને નરસિંહને તો દઢ શ્રદ્ધા છે કે એનું કાર્ય સરી જ જશે અને–

"ચૈત્ર સુદિ ત્રયોદશી દિવસ સીમન્ત તણો, છાબ માંહિં મહારાજ બિઠો.
નાગર સઘલા દ્વેષ કરતા હૂતા, તેણે પણ ચતુર્ભુજ-રૂપ દીઠો.
દેવા, ભક્તવચ્છલ સદા બરદ છે સાચૂં, અવરિ કો દેવનિં હૂં ન જ્યાચૂં–ધ્રુવ
સાડલાના બૂકચા સહૂ લેઇ જાએ, તેહનિં ઊલટ અંગ [કયમે] ન માયે.
એ તો એક અદ્ભુત હોયે અવતારિં; એહની વાત કોણિ ન થાઇ.
તિણિસમિં પુત્રીનિં વચન એવૂં કહ્યૂં: 'રખે બાઇ! કાંઇ મનોરથ રખાયે.
'નણંદની નાણદ્રી નામ નાહની બાઇ, કાપડૂં આપો તો વારુ થાયે.
આંપનારો હૂતો તે આપી મૂકી ચાલિઓ, હવિં ગિહિલી! કાંઇ ન થાયે.
તુલસી ચરણોદક ઝાઝાં છિ માહરિ, તે લેવા તણી ખાંત્ય થાયે.'

૧. એજન. પૃ. ૪૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કીધૂં માહમિરૂં નિ આરત્ય ભાગી, સહૂ કોણે વિશ્વરૂપ દીઠો.
નરસિંઆનિં જ્યેહવૂં કીધૂં માહમિરૂં, તેહવો સમસ્ત વૈષ્ણવને ત્રૂઠો."૧

આ જ પ્રસંગે નરસિંહે ભક્તની આર્તિના વિદારક ભગવાનની ભક્તની મનઃકામના પૂર્ણ કરવાની ધાલાવેલી વિશેનું જે પદ ગાયું છે તે સુપ્રસિદ્ધ છે: "ઊધડકી ઊઠિયો વેગિ વૈકુંઠપતિ."

આ પ્રમાણે બધાંની આંખો અંજાઈ જાય છે, તે પ્રમાણે નરસિંહની પુત્રીના મામેરાનો પ્રસંગ ઊકલે છે. "મામેરા"નું સ્વતંત્ર કાવ્ય મળતું નથી. છૂટાછવાયાં પદો ઉપરથી આ પ્રસંગ આપણે મેળવી શકિયે છિયે, જેમાં ઘણી અપૂર્ણતા રહી જાય છે. સંપૂર્ણ પ્રસંગ તો "શામળદાસના વિવાહ"નો મળે છે. ૩૪ પદમાં નરસિંહે આ પ્રસંગ વિસ્તારથી ગાયો છે. શામળદાસના જન્મ પછી હૂંડી અને મામેરાના પ્રસંગ તો વીત્યા. પુત્રની વિવાહ જેવડી ઉમર થઇ. બાર વર્ષે તો લગ્ન થઈ જવાં જ જોઇયે. ભક્તને તો ખાતરી જ હતી કે–

"સુત તણું નામ તે દાસ સામળ ધર્યું,
વિવાહમાં કૃષ્ણજી રેહેશે સાથે."૨

પણ–

"ઘેર અબળા તેનું નામ માણક વદે, પુત્રી કુંવરબાઇ કહી બોલે;
સામળદાસ છે નામ કુંવર તણું, જોડ જોતાં કોઇ ના આવે તોલે."૩

એવા ભાઇબેનમાંના સુંદર ફૂટડા કુંવરનાં લગ્નના હિંદુસંસારમાં ઊછરેલી માતાને કોડ ન થાય? પણ નિર્ધન, શું કરવું?

"દ્વાદશ વરશ વીતી ગયાં કુંવરને, કામની આવીને ઊભી પાસે;
આપણું ઘર તો આદિ મોટું ઘણું, નિરધન વિવાહ તે કેમ થાશે?"૪

પણ ભક્ત નરસિંહ તો નચિંત છે:

"દુખ મ કર કામની, વાત સુણ ભામિની, પૂરશે મનોરથ કૃષ્ણ કામી;
ધ્યાન ધર કૃષ્ણનું રાખ મન કૃષ્ણ શું સાર કરશે નરસહીંયાચો સ્વામી."૫

---

૧. એજન, પૃ. ૫૦ ૨. એજન, પૃ. ૭૮
૩. એજન, પૃ. ૮૧ ૪. એજન, પૃ. ૭૮
૫. એજન, પૃ. ૭૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નરસિંહના સમયમાં ગીરમાં આવેલા વડનગર=આનંદપુરમાં નહિ, પણ ઉત્તર ગૂજરાતમાં આવેલા સુપ્રસિદ્ધ વડનગરમાં મદન મહેતા કરી નાગરગૃહસ્થ રહેતા હતા, જે "અધિપતિ રાયનો કહાવે નામી." આ વખતે વડનગરમાં કોનું રાજ્ય હતું, તે સમઝાતું નથી; પણ નરસિંહ જ ગોરના શબ્દોમાં જણાવે છે કે–

"મદન મેહેતો વડનગરમાંહે વસે, વજીર છે રાયના સુણોરે વાત."[૧]

તેને ત્યાં આઠ વર્ષની પુત્રી થતાં વરની શોધને માટે જુદાં જુદાં શહેરોમાં પોતાના ગોર દીક્ષિતને મોકલ્યો; પ્રથમ મદન મહેતાએ "જીરણધડ તમે જાઓ ચાલી"[૨] એમ કહી વિદાય કર્યો. ગોરે જૂનાગઢ આવી અનેક નાગરનાં ઘર તપાસ્યાં, અનેક મૂરતિયા જોયા, પણ કોઇ નજરમાં આવ્યો નહિ. અને

"ધનવંત ત્યાંહાં કુલાચાર દેખે નહીં, નિરધન તે કુલવંત કહાવે.
સામુદ્રિક પણ નહીં તે પુરુષમાં, કોહોજી દીક્ષિત મન કેમ આવે.
પાછા વળી તતબર થયા ચાલવા, બેસવા વાહન સજ્જ કીધું.
નષ્ટ ત્યાંહાં નાગરી કીધી ત્યાંહાં ઠેકડી, નરસહીંયાંનું નામ પ્રસિદ્ધ લીધું".[૩]

દીક્ષિતને ગળે વાત ઊતરી ગઇ; એણે નરસિંહ મહેતાનું ઘર ખોળી કાઢયું, અને ભક્તના સ્વરૂપને જોયું. એણે "મેહેતા તણી ભગતી જાણી," સામુદ્રિક લક્ષણો જોઇ શામળદાસને ચાંદલો કર્યો અને નરસિંહે ફોફળ પાન "વેંહેચીને દીધાં." હવે ગોર વડનગર પહોંચ્યો, અને સગપણની વાત કરી. સાંભળી મદનમહેતો અને તેનાં મહેતી ઝાંખા પડી ગયાં અને—

"વાત કેહેતાં નરનારી ઘરણી ઢળ્યાં, સાંભળી ચટકો ચિત્ત લાગ્યો.
કાં રે હે દૈવ તેં દુઃખ અમને કર્યું, ગોર માબાપ થઈ કીધો ઠાગો."[૪]

પરંતુ ગોરે ખુલાસો આપી મન મનાવ્યું અને જાન જોડી લાવવાને કંકોતરી લખી ગોરને આપી વોળાવ્યો. લગ્નનો દિન—

---

૧. એજન, પૃ. ૮૦
૨. એજન, પૃ. ૭૮
૩. એજન, પૃ. ૭૯
૪. એજન, પૃ. ૮૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"વઇશાખ સુદ દિન શુભ છે પંચમી, વાર ગુરુ લગ્ન નિરધાર કીધું."[1]

ભક્ત નરસિંહને તો ખાતરી જ હતી કે પ્રભુ બધું પાર ઉતારશે. પત્ની બિચારી સગાવહાલાંનાં મોં મન કેમ રાખવાં, તેની ચિંતામાં પડી, પણ ભક્તે તેને ખુલાસો કરી આપ્યો :

"શેઠ મમ સામળો સરવથી છે ભલો, રાખ વિશ્વાસ તે દેશે આણી;
નરસહીંયો નાગર રંક છે બાપડો, કરશે સંભાળ પોતાનો જાણી."[2]

શ્રદ્ધાળુ ભક્ત દ્વારિકા ચાલી નીકળ્યો. અહીં તેણે દ્વારકાપુરીનું કવિત્વભરેલું વર્ણન અને તેનો પ્રભુએ કરેલો સત્કાર સુંદર વાણીમાં આપ્યો છે. એમાં એની કવિપ્રતિભા કહો કે દિવ્યચક્ષુ સુંદર રીતે પ્રવર્તી છે. એ પ્રતિભાબળે એ વચન લઈ આવે છે; અને પછી સગાં વહાલાંઓને તેડી જાન સાબદી કરે છે. પ્રભુ એની સાથે છેઃ

"અંત્રીક્ષ મારગે પલકમાં પરવર્યા, રથ તણી ગર્જના સર્વે જાણી.
અવર બીજું કોઇ દ્રષ્ટે દેખે નહિ, નરસહીંયો નિરખે સારંગપાણી."[3]

અને—

"બાર દિવસ થયા જાનને ચાલતાં, આવી પહોંચી વડનગર પાસે."[4]

ધામધૂમથી, રાજશાહી ઠાઠથી ભક્તપુત્રનાં લગ્ન ઊકલે છે; મદન મહેતાનો ગર્વ ઊતરી જાય છે; લગ્નની પહેરામણી આપી જાન વોળાવે છેઃ

"વાગ્યાં નિશાન ને જાન ચાલી ત્યાંહાં, સ્વજન કુટુંબને વીદાય કીધાં.
ચાર જોજન લગી રાયજી આવીયા, મદન મેહેતે તાંહાં શીખ માગી."

અને—

"તેર દિવસ થયા પછી પૂરણ જાન જૂનાગઢ બાહાર આવી."[5]

---

૧. એજન, પૃ. ૮૩ ૨. અજન, પૃ. ૮૯

૩. એજન. પૃ. ૮૮ ૪. એજન. પૃ. ૮૮

૫. એજન, પૃ. ૯૨. આ આખા પ્રસંગમાં વડનગર અને જૂનાગઢ વચ્ચે બાર તેર દિવસનું અંતર લખ્યું છે. જૂનાગઢથી ઉત્તર ગૂજરાતના વડનગરને સહેજે એટલા દિવસો લાગે; જ્યારે ગીરવિભાગના વડનગર=આનંદપુરને એક દિવસથી વધારે લાગે તેમ નથી. એથી જ ગૂજરાતનું વડનગર જ નરસિંહ જણાવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નરસિંહે પોતાના જ શબ્દોમાં આ વિવાહપ્રસંગ સુંદર રીતે ગાયો છે. આપણને અવિશ્વાસનું કાંઈ કારણ નથી કે તેના પુત્રનું લગ્ન પણ અચિંત્ય મદદે પાર ઊતર્યું. આમ—જ્યારે જ્યારે નરસિંહને ભીડ પડી, ત્યારે ત્યારે તેને પ્રભુ તરફથી સાહાય્ય મળ્યું છે. હૂંડી, મામેરું અને વિવાહનાં કાવ્યમાં આ વાત નરસિંહે આમ લખી છે. તેની શક્તિઓની આંકણીનો જબર પ્રસંગ તેના જીવન સાથે સંકળાયેલો છે, તે જૂનાગઢના રાજા માંડલિકના દરબારમાં નરસિંહના કંઠમાં દામોદર ભગવાને હાર પહેરાવ્યા વગેરેનો છે. એ સમયનાં પદો તે "હારસમેનાં પદો" તરીકે જાહેર હતાં; પાછળથી પ્રેમાનંદના ઓખાહરણમાં જેમ પુષ્કળ ધાલમેલ થઈ છે, તે પ્રમાણે "હારસમેના પદોમાં" પણ પુષ્કળ ધાલમેલ થઈ મળે છે. મૂળ પ્રસંગનાં પદોને સૌથી પ્રથમ ૫૦ પદની માળામાં ગૂંથ્યા જણાય છે, જે પછી ૬૫, ૭૬, ૮૪, ૧૦૮ પદની વગેરે અનેક માળાના રૂપમાં પાછળથી ૨૬૪ પદ જેટલે પહોંચી છે. કવિએ મૂળ હારપ્રસંગે જે પદો ગાયાં હશે, તે નરસિંહની વાણીના અભ્યાસીઓ તારવી શકે તેમ છે. આદિ અને અંતનાં પદો મળે છે;[૧] વચ્ચેનાં કયા ક્રમે હશે, તે ન કહી શકાય, છતાં કયાં ગાયાં હશે અને કયાં નરસિંહની કૃતિ છે, તે મેળવી શકાય છે.[૨]

રા'માંડલિક વૈષ્ણવધર્મમાં પ્રેમવાળો હતો. તે સં. ૧૫૦૭માં જૂનાગઢની ગાદીએ આવ્યો. તેણે પ્રથમના પંદર દિવસમાં જ એક શિલાલેખ કરી આપી તેમાં અમુક દિવસ અમારી–ઘોષણા પ્રવર્તાવી હતી. એનું રાજ્ય સં. ૧૫૨૮ સુધી ચાલ્યું છે કે જ્યારે મહમદ બેગડાએ આવી તેને હરાવી, અમદાવાદ લઈ જઈ મુસલમાન બનાવ્યો, અને

છે, એ ખુલ્લું છે. એ વખતે ત્યાં કોઈ રાજપૂતનું નાનું રાજ્ય હશે, જેનો મદન મહેતો "વજીર" હતો.

૧. જુઓ "હારમાળા" ઉપોદ્ઘાત પૃ. ૧૬

૨. બુદ્ધિપ્રકાશ વ. ૧૪ અંકમાં આ લેખક તરફથી ૨૯ પદો તેવાં શોધાયેલાં છપાયાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૂનાગઢનું રાજ્ય ખાલસા કર્યું. કોઈના ચઢાવવાથી સં. ૧૫૧૨માં રા'એ નરસિંહને પકડી મગાવ્યો અને તેના ભક્તત્વની ખાતરી માટે, 'દામોદર ભગવાન આવી હાર આપી જાય તો તું સાચો' એવું કહી રોકી રાખ્યો. નરસિંહની જ વાણીમાં એ પ્રસંગ નીચે મુજબ મળે છે:

"દુરીજન લોક કહિ, નરસિંઓ લમ્પટી; વાધતી વાત રાજાયે જાણી.
દુષ્ટને વચન મણ્ડલિક વિહ્વલ થયુ કિહિ: લ્યાવો નરસિંઆનિં આંહાં તાણી..
શીઘ્ર સેવક નરસિંઆનિંલ્યાવિઆ. કિહિ મહિપાલ: તૂંનિં દાસ કરીઇં.
તાહરિ પ્રીત્ય દામોદરશૂં બયહૂ, માગી લિ હાર જ્યમ અહ્નયો લહીઇં.
તે માટિ કરૂં વીનતી, ત્રીકમા, પાલશો બરદ તો કાજ થાશિ.
ભણિ નરસિંઓ: તૂં ભક્તવચ્છલ સદા: હઠ કરશો તો [મુઝ] પ્રાણ જાશિ."[૧]

પુષ્કળ સ્તુતિ કર્યા પછી દામોદર ભગવાને હાર પહેરાવ્યો અને નરસિંહે ગાયું કે—

"દામોદરે કીધી દયા: મુગટ સહિત મુનિ આપ્યો હાર.
બાજુબન્ધ બિહિરખા આપ્યા, ત્રિભુવન વરત્યો જેજેકાર.
રાજા, તૂં ગિહિલો થયો છાં: ખડ્ગ લેઇનિ આવ્યો સઙ્ગુચ.
જે વાહલાશૂં રઙ્ગભરિ રમતાં, તે ગોપાલજીઆં રાખ્યો રઙ્ગ".[૨]

અને આ પ્રસંગ કયે દિવસે બન્યો તેની નોંધ એક પદમાં સચવાઈ રહી છે. બધી હારમાળાઓની વાચનાઓમાં આ પદ પાઠ-ભેદથી મળી આવે છે:

"સંવત પન્નર બારોતર, સપતમી અને સોમવાર રે;
માર્ગશીર્ષ–અજુઆલિ પખે [આ] નરસિંનિં આપ્યો હાર રે."[૩]

સં. ૧૫૧૨ના માગશર સુદિ ૭ને સોમવારે આ પ્રસંગ બન્યો છે. પાછળની પ્રતોમાં માસમાં ફેરફાર મળે છે, પણ નરસિંહના એક

---

૧. હારમાળા: પૃ. ૫૧ ૨. એજન, પૃ. ૭૪
૩. એજન, પૃ. ૭૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદમાં મૃગશીર્ષ નક્ષત્ર આથમવા જાય છે, તેવો ઉલ્લેખ મળે છે, જે આગશર વિના ન સંભવી શકેઃ

"જાગ્યનાં જાદવા ! રાત્ય થોડી રહી,
મણ્ડલિક રા મુનેં બીહ્વરાવે.
અરુણ ઉદિયો અને હરણલી આથમી,
તૂંહને તોય કરુણા ન આવે."[1]

નરસિંહના જીવનમાં અનેક અવનવા પ્રસંગો બન્યા લોકપરંપરાએ ઊતરી આવ્યા છે. અત્યાર સુધીના કવિઓમાં પહેલો નરસિંહ જ એવો મળે છે કે જેના ચરિત્રને વસ્તુ તરીકે સ્વીકારી તેના જીવનના પ્રસંગોને વિષ્ણુદાસ, કૃષ્ણદાસ, વિશ્વનાથ જાની, પ્રેમાનંદ, હરિદાસ વગેરેએ કાવ્યો રચ્યાં છે, જેમાં અનેક ચમત્કારો આપવામાં આવ્યા છે. શરૂઆતમાં ગણાવ્યા તેમાંના ચાર પ્રસંગનાં નરસિંહે કાવ્ય લખ્યાં છે, તેમાં આવતી હકીકત તેની પોતાની આપેલી છે. એને આપણે સ્વીકારી શકિયે. એ પ્રસંગોનું આલેખન એની કવિપ્રતિભાનું શ્રેષ્ઠ પ્રતિબિંબ છે. એનાં ચરિત્રાત્મક કાવ્યો સિવાયનાં એનાં કાવ્યોઃ સુદામાચરિત્ર, ગોવિંદગમન, દાણલીલા, ચાતુરીઓ, સુરતસંગ્રામ, રાસસહસ્રપદી, શૃંગારમાળા, વસંત-હિંડોળાનાં પદો, કૃષ્ણજન્મસમેનાં પદો, ઉપરાંત છૂટાછવાયાં ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનાં પદો તેની પ્રતિભાનો આબાદ નમૂનો છે. કાવ્યની દૃષ્ટિએ એણે જે કાર્ય કરી બતાવ્યું છે, તેની હરોળમાં ઊભવાને હજી સુધી એક પણ ગૂજરાતી કવિ બહાર આવી શક્યો નથી; માત્ર તેની સાથે સરખામણીમાં "દયારામ"ને મૂકી શકાય. નરસિંહે શૃંગારરસ પરાકોટિએ ગાયો છે. તેના ઉપર તેમાં "જયદેવ"ની ઊંડી છાપ છે. પોતે કૃષ્ણની ક્રીડાઓમાં સાથે હોવાનું કવિપ્રતિભાથી ચીતરે છે, તેમાં તે જયદેવને પણ સામેલ રાખે છે. એને એ વિષ્ટિનો દૂત બનાવે છેઃ

---

1. બુદ્ધિપ્રકાશ, પુ. ૮૪ મું, પૃ. ૩૩૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ઊઠિને આવિયો, સર્વને ભાવિયો, વિષ્ટિએ જાવ તમે જયદેવા."[1]

ગોવિંદગમન અને સુરતસંગ્રામ ખરેખર ઉત્તમ કાવ્યના નમૂના છે.

નરસિંહનું ઐતિહાસિક જીવનચરિત્ર તે જેટલું મળે છે, તેનું સૂચન ઉપર કરવામાં આવ્યું છે, તે (૧) તળાજામાં જન્મ, (૨) માતા-પિતાનું બચપણમાં ગુજરી જવું, (૩) ભાઈ-ભાભીને ત્યાં રહેવું, (૪) ૧૮ વર્ષની ઉમરે લગ્ન, (૫) પત્ની માણેકબાઇમાં કુંવરબાઈ અને શામળદાસનો જન્મ, (૬) ઢેઢવાડાનો પ્રસંગ, (૭) કોઈની મશ્કરીનો ભોગ થતાં નરસિંહ હૂંડી લખી આપે છે, તેનો દ્વારકામાં સ્વીકાર, (૮) કુંવરબાઇનો માંગરોળમાં મામેરાનો પ્રસંગ, (૯) શામળદાસના વિવાહનો પ્રસંગ અને (૧૦) હારનો પ્રસંગ. આ તેનાં કાવ્યોમાંથી આપણે મેળવી શકિયે છિયે. સં. ૧૫૧૨ પછી આપણને તેના વિષયમાં કશી માહિતી મળતી નથી. તે સં. ૧૫૩૬ આસપાસમાં ગુજરી ગયો, તેટલાં વર્ષો એણે જૂનાગઢમાં જ ગાળ્યાં કે અન્યત્ર તે વિશે સદ્ધર કશી માહિતી નથી મળતી.

એના જીવનમાં જ્ઞાતિબંધુઓનો ત્રાસ એણે સારી રીતે સહન કર્યો છે. મામેરા-હૂંડી-હારના પ્રસંગ વગેરેમાં મૂળમાં જ્ઞાતિબંધુઓનો હાથ તેની વાણીમાં સ્પષ્ટ છે. એના જીવનમાં ઢેઢવાડામાં જવાનો પ્રસંગ ખાસ ધ્યાન ખેંચે છે, એ માટે એને જૂનાગઢના નાગરોએ જ્ઞાતિબહિષ્કૃત કર્યો કહેવાય છે. કદાચ આવાં કારણોએ તેને જૂનાગઢ છોડાવ્યું પણ હોય. એનો કાકો પર્વત મહેતો માંગરોળમાં રહેતો હતો, વળી વિશ્વનાથ જાનીના જણાવ્યા પ્રમાણે કુંવરબાઈનું સાસરું પણ માંગરોળમાં હતું, તેથી તેને ત્યાં એ જઈ રહ્યો હોય. માંગરોળનું જૂનું સ્મશાન અત્યારે પણ "નરસિંહનું સ્મશાન" કહેવાય છે. એ જોતાં એનું જીવન માંગરોળમાં વીત્યું હોય તો તે સંભવી શકે તેમ છે. "ગોવિંદગમન" તેણે "વળિયાં પળિયાં પડિયાં અંગે, ત્યારે તો મેં લખિયું રે"[2] એમ વૃદ્ધાવસ્થામાં લખ્યું છે, તે કદાચ માંગરોળમાં લખ્યું હોય. પણ આ વિષયમાં

---

૧. ન. કા. સં. પૃ. ૧૦૧ ૨. એજન, પૃ. ૭૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઐતિહાસિક કોઈ પુરાવો નથી. માત્ર જુદા જુદા કવિઓએ કરેલાં ચરિત્રો ઉપર જ તેને માટે આધાર રાખી રહેવું પડે છે, જેમાંથી પણ સંતોષકારક ખુલાસા તો નથી જ મળી શકતા.

નરસિંહ મહેતાના જીવનના વિષયમાં શ્રદ્ધેય હકીકતોને અભાવે તેના સમયનો નિશ્ચય કરવામાં પણ મતભેદો ઊભા થયા છે. નરસિંહ ભક્તિમાર્ગીય કવિ છે. એનાં કાવ્યોમાં વિશિષ્ટ પ્રકારની ભક્તિ અને વિશિષ્ટ પ્રકારનું વેદાંતજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેના ઉપર કોઈ સંપ્રદાયની છાપ હોવા કરતાં ભક્તિના વિષયમાં જયદેવના "ગીતગોવિંદ"ની સ્પષ્ટ અસર છે; વેદાંત મત એ વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈત મતને લગતો સ્વીકારે છે; જેમ કે—

"વેદ તો ઇમ વદે શ્રુતિ સ્મૃતિ સાખ દે, કનક કુંડળ વિશે ભેદ ન્હોયે.
ઘાટ ઘડિયા પછી નામરૂપ જુજુઆ, અંતે તો હેમનું હેમ હોએ."

શ્રી વલ્લભાચાર્યની સીધી અસર નરસિંહમાં ક્યાંય પણ જોવામાં નથી આવતી. ભક્તિસંપ્રદાયની એક પ્રણાલિકા ગૂજરાત–કાઠિયાવાડમાં કોઈ ચાલતી હશે, જેની સ્વતંત્ર અસર તેના પર થઈ છે. "વિષ્ણુસ્વામી"નો વૈષ્ણવ સંપ્રદાય જૂનો છે. એની અસર સૌરાષ્ટ્રમાં હતી કે નહિ તે જાણવામાં નથી, પણ તે સાથે તળ જૂનાગઢમાં જ દામોદર ભગવાનનું સુપ્રસિદ્ધ મંદિર, ઉપરાંત પુષ્કળ વિષ્ણુમંદિરો કાઠિયાવાડમાં આવેલાં હતાં; એટલે વૈષ્ણવ ધર્મ એક પ્રકારનો હતો તો ખરો જ. સં. ૧૩૭૧ આસપાસ રચાયેલા "સમરારાસુ"માં જૂનાગઢના વર્ણનમાં "દામોદરુ હરિ પંચમઉ"નો સ્પષ્ટ ઉલ્લેખ છે; એટલે એટલા જૂના સમયમાં "દામોદર"નું મંદિર અને તેથી જ વૈષ્ણવ ધર્મનો એક પ્રકાર ત્યાં હોવાની પૂરતી શક્યતા છે.

નરસિંહનો સમય વૃદ્ધમાન્ય, ઉપર જણાવ્યા પ્રમાણે, સં. ૧૪૭૦–૧૫૩૬ સુધીનો છે. નરસિંહમાં ભક્તિની જ્વાળા ક્યાંથી ફૂટી, એ વિષયમાં ચર્ચા કરતાં ડૉ. આનંદશંકર બા. ધ્રુવે, ચૈતન્યાનુયાયી રૂપ ગોસ્વામીના "વિદગ્ધમાધવ" (ર. સં. ૧૫૮૯)માં ગોપીશ્વર મહાદેવની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજ્ઞાથી નાટક-રચન થયાનો ઉલ્લેખ મળતાં અને તેમાં રાધાની સખીઓનાં નામો મળે છે, તેને મળતાં નામો નરસિંહની કૃતિઓનાં મળતાં હોવાથી નરસિંહ ગોપનાથ મહાદેવની કલ્પના અને તદનુકૂલ ભક્તિમાર્ગીય કાવ્યરચના કરી, એવી સંભાવના આપી.[1] તે ઉપરથી શ્રી કનૈયાલાલ મુનશીએ ચર્ચા ઉપાડી.

શ્રી મુનશીએ પોતાની બધી દલીલોનો સાર નીચે મુજબ કાઢ્યો છે: "[૧] હાલ મળતી સામગ્રીઓ જોતાં નરસિંહ મહેતાના જીવનનું અન્વેષણક્ષેત્ર સં. ૧૪૭૦ અને સં. ૧૬૭૫ વચ્ચે મુકી શકાય. [૨] સં. ૧૪૭૦ થી ૧૬૦૦માં હસ્તીમાં આવેલો કોઈ પણ સમકાલીન પુરાવો નથી કે જ્યાં નરસિંહના જીવન અને કવન વીશે પરોક્ષ પણ ઉલ્લેખ હોય. અને બધી જ સામગ્રી એની અસરથી અસ્પૃષ્ટ રહે છે. [૩] સં. ૧૫૬૭માં એક સબળ પણ નકારાત્મક પુરાવો એના પુરોગામીત્વની વિરુદ્ધ છે (ગોવિંદદાસના કડછાનો). [૪] સં. ૧૬૧૬, ૧૬૨૧ અને સં. ૧૬૨૪માં નરસિંહની હસ્તીનો અને 'મામેરૂં' ને 'હુંડી'ના પ્રસંગના પહેલા આધાર મળ્યા કહેવાય છે. આ આધાર પાયા વગરના છે. છતાં આ અરસાથી મોડો નરસિંહનો જીવનકાલ ન જ લંબાવાય. એટલે એનો જન્મ આશરે સં. ૧૫૮૦થી મોડો તો ન જ મૂકી શકાય. [૫] સં. ૧૬૫૦ થી ૧૬૬૦ સુધીમાં સંશયથી અગ્રસ્ત એવો એનો પહેલો ઉલ્લેખ મળે છે. [૬] સં. ૧૭૦૦ થી ૧૭૨૫ સુધીનો હારમાળાની રચનાનો સમય આજે ગણી શકાય. [૭] સં. ૧૭૦૦માં નરસિંહની કીર્તિ આખા ગુજરાતમાં અને ઉત્તર હિંદમાં પ્રસરેલી માલમ પડે છે. એ જ અરસામાં માંડલિક સાથેની સમકાલીનતાનો પ્રસંગ માન્યતામાં આવેલો દેખાય છે. [૮] આખ્યાનનું સ્વરૂપ, ઢાળ, ઉલ્લેખો વગેરે પરથી નરસિંહની કૃતિઓમાં સં. ૧૬૦૦ –૧૭૫૦ના સમયની લાગે છે. એની કૃતિઓ પર સં. ૧૫૦૦ના

---

૧. વસંત વર્ષ ૪, અંક ૭–૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાહિત્યની છાયા નથી. [૯] વૃંદાવનીય ભક્તિ જે સં. ૧૫૫૦ પછી પ્રબલ થઈ તેની અસર નરસિંહ પર સ્પષ્ટ જણાય છે. આ સાબિતી જોતાં—(અ) નરસિંહના કવનકાલની મર્યાદા સં. ૧૫૬૦–૬૫ થી પહેલાં અને સં. ૧૬૩૫–૪૦ની પછી ન હોઈ શકે; (આ) અને પરિણામે, એનો જન્મ ૧૫૩૦થી વહેલો ને ૧૫૮૦થી મોડો ન હોઈ શકે."[૧]

શ્રીયુત મુનશીએ આ પ્રશ્નને બહલાવ્યા પછી સ્વ. શ્રી નરસિંહરાવ ભાઇએ પણ સ્વતંત્ર ચર્ચા ઉપાડી હતી. તેઓશ્રીએ વસનજી માધવજી–ભાષણો ૧૯૩૦માં આપ્યાં તેમાં ત્રીજા ભાષણમાં આ ચર્ચા આપી છે. એ પૂર્વે "વસંત"માં થોડી ચર્ચા એઓ તરફથી આપવામાં આવેલી. તેમણે શ્રી મુનશીની દલીલોમાં આવતા ડૉ. આનંદશંકર ધ્રુવના મતના ઉલ્લેખને ઉલ્લિખિત કરી રાધાની સખીઓ ચંદ્રાવલી, લલિતા, વિશાખાનો નરસિંહ મહેતાએ "સુરતસંગ્રામ"માં ઉપયોગ કર્યો છે, આ સખીઓનાં નામ જયદેવના ગીતગોવિંદમાં નથી મળતાં, એટલે ડૉ. આનંદશંકર ધ્રુવ જણાવે છે તેમ નરસિંહને એ નામો "ઉજ્જવલનીલમણિ"માંથી મળ્યાં હોય એમ કહે છે, અને શ્રી મુનશીએ રજૂ કરેલા ગોવિંદદાસના કડછામાંના નકારાત્મક પુરાવાને તેમ જ હારમાળાની એક હાથપ્રતમાં શ્રી મુનશીને સં. ૧૫૭૨માં હારપ્રસંગ થયાનો પુરાવો મળ્યો છે, તેને આગળ કરે છે.[૨] શ્રી મુનશીને મળતી કેટલીક દલીલો પછી એમણે એક ઉપયોગી વિષય ચર્ચ્યો છે, તે એ કે નરસિંહની પેઢીઓનું વંશવૃક્ષ મળે છે, જેમાં "પર્વતપચીશી"ના કર્તા ત્રીકમદાસ કવિનો જન્મ સં. ૧૭૭૦માં આપવામાં આવ્યો છે; નરસિંહ મહેતાના કાકા પર્વત મહેતા (કે જેના કુળમાં દસમા પુરુષ તરીકે ત્રીકમદાસ થયેલ છે, તે)નો જન્મ સં. ૧૪૩૩ માં મૂકવામાં આવ્યો છે અને નરસિંહ મહેતાનો સં. ૧૪૬૯માં. હવે

---

૧. નરસૈંયો પ્રસ્તા., ૮૧–૮૨

૨. વસનજી માધવજી ભાષણો, પૃ. ૪૨ વગેરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો દરેક પેઢીને ૩૦ વર્ષની ગણવામાં આવે તો પર્વતતા જન્મનું વર્ષ ૧૪૯૦ આવે, જે પર્વતના જન્મવર્ષ કરતાં ૫૭ વર્ષ આ બાજૂ આવે છે.[૧] આ ગણતરીને લક્ષ્યમાં લેવામાં આવે તો નરસિંહ મહેતાને પણ ખસેડવો જોઇયે. બીજી દલીલ એ કરવામાં આવી છે કે એ કુળની અવટંક "પંડયા" લખવામાં આવી છે, એ અવટંક "નાગર ગૃહસ્થ"ની ન હોઈ શકે. ત્રીજી એક દલીલ એમણે "વિઠ્ઠલ" શબ્દના પ્રયોગ વિશે કરી છે, અને તે સાથે "ચા" પ્રત્યયનો નરસિંહે ઉપયોગ કર્યો છે. તે મૂકી છે.[૨]

આવી રીતે નરસિંહ મહેતાને સમયચ્યુત કરવાને દલીલો પેશ કરવામાં આવી છે. કોઇ પણ જાતની કલ્પનાનો આશ્રય કર્યા વિના જ તે બધી દલીલોનો ટૂંકમાં નીચે મુજબ નિવેડો લાવી શકાય તેમ છે:

[૧] હાલ મળતી સામગ્રીઓ જોતાંયે નરસિંહનો સમય સં. ૧૪૬૯–૩૬થી આ બાજૂ લાવવાનું કોઇ પણ કારણ નથી; સબબકે નીચે બતાવવામાં આવશે તે પ્રમાણે એવાં કેટલાંયે સાધનો છે કે હસ્તલિખિત સાહિત્ય નરસિંહનું તેટલું જૂનું ન મળ્યું હોય તોયે તેવા ઇતર પુરાવાઓથી નરસિંહને આ બાજૂ નહિ લાવવો પડે.

[૨] નરસિંહના જીવન અને કવનનો પરોક્ષ કે પ્રત્યક્ષ કોઇ ઉલ્લેખ જેમ નથી, તે પ્રમાણે સુપ્રસિદ્ધ ભાલણનો પણ પરોક્ષ કે પ્રત્યક્ષ કોઈ પુરાવો નથી કે તે તેના સમયમાં થયો હોય. તેની પણ "કાદંબરી"ની સૌથી જૂની હાથપ્રત સં. ૧૬૭૨ની જ મળી છે. તેનું નળાખ્યાન એક સં. ૧૫૪૫ની છાપનું છે, પણ તેના કર્તૃત્વના વિષયમાં જ વિદ્વાનો શંકા ધરાવે છે. એવી જ સાલ હારમાળા તો આપે છે જ, છતાં એને પૂર્વપક્ષી પ્રમાણ તરીકે નથી સ્વીકારતા તે જ રીતે નળાખ્યાનની સાલ પણ પ્રમાણ તરીકે ન સ્વીકારાય. એ શોધવું જરા પણ મુશ્કેલ નથી કે નરસિંહની કાવ્યપદ્ધતિનું ભાલણ અને જૂનાગઢના

---

૧. એજન, પૃ. ૪૬

૨. એજન, પૃ. ૫૫, અને બંને પરિશિષ્ટો: પૃ. ૫૯ થી ૬૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીધર વગેરેએ અનુસરણ કર્યું છે. (એ નીચે પ્રસંગે બતાવીશ). શ્રીધરનો સમય સં. ૧૫૬૫ જ નક્કી છે, એટલે નરસિંહને તેની પછી મૂકવાનું કારણ નહિ રહે.

[૩] સં. ૧૫૬૭માં શ્રી મુનશીને એક સબળ પણ નકારાત્મક પુરાવો મળ્યો છે, તે ચૈતન્યના પ્રવાસની કહેવાતી હકીકતને સાંચવતો "ગોવિંદદાસનો કડછો" નામક બંગાળી ગ્રંથ. પણ ડૉ. આર. સી. મજમૂદારે એ વસ્તુ સિદ્ધ જ કરી આપી છે કે એ કડછો તદ્દન બનાવટી વસ્તુ છે;[૧] અને ૧૯મી સદીની કૃતિ છે. એની વીગતોની નિર્મૂલતા વિશે શ્રી નટવરલાલ ઇચ્છારામ દેસાઈએ સારો પ્રકાશ પાડ્યો છે.[૨] ચૈતન્ય અહીં આવ્યા ત્યારે જૂનાગઢમાં કોઈ મીરાંજી બ્રાહ્મણને ત્યાં ઊતર્યા હતા, વગેરે તદ્દન પોકળ વાર્તાઓ પાછળના કોઇએ અજાણ્યે ચલાવી છે. આમ સબળ નકારાત્મક પુરાવો સ્વયં જ નષ્ટ છે; જે નરસિંહને ખસેડવામાં કાંઇ પણ કામ લાગે તેવો નથી.

[૪] સં. ૧૬૧૬, ૧૬૨૧, ૧૬૨૪માં નરસિંહની હસ્તીના આધાર સદ્ધર નહિ લાગવા છતાંયે શ્રી મુનશી નરસિંહને સં. ૧૫૮૦ થી મોડો તો મૂકવા ચાહતા જ નથી. નીચે બતાવવામાં આવશે તે પ્રમાણે સં. ૧૫૩૬ થી આ બાજૂ મૂકવાની જ જરૂર નહિ રહે.

[૫] સં. ૧૬૫૦ થી ૧૬૬૦ સુધીમાં સંશયથી અગ્રસ્ત એવો એનો પહેલો ઉલ્લેખ મળે છે. ઇસરદાસ બારોટનો સં. ૧૬૨૧ નો અને શ્રી વલ્લભાચાર્યજીના પ્રપૌત્ર શ્રી કલ્યાણરાયજીનો સં. ૧૬૪૯ આસપાસનો "પુષ્ટિપ્રવાહમર્યાદા"માં इदानीं प्रसिद्धेषु महेता नरसिंहाद्यादिषु એવું જે વાક્ય મળે છે, તે. પછી તો હાથપ્રતો જ મળે છે; તે પૂર્વે ખંભાતના વિષ્ણુદાસે "હૂંડી" ને "મામેરુ" રચ્યાં છે, તે સં. ૧૬૨૪ થી ૧૬૫૬ વચ્ચે પડે છે; અને સંભવતઃ એ વિષ્ણુદાસની આરંભની જ કૃતિઓ છે; તેથી વિષ્ણુદાસના આરંભના સમયમાં છેક

૧. જુઓ ફાર્બસ ત્રૈમાસિકઃ વર્ષ ૧: અંક ૪: પૃ. ૪૪૮–૫૨
૨. નરસિંહ મહેતાના કોયડાનો ઉકેલ પૃ. ૫૧–૫૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખંભાત સુધી તો નરસિંહ મહેતાના ચમત્કારિક જીવનની વાતો પહોંચી ગઈ હતી; જો નરસિંહના જીવનકાળમાં જ પ્રચલિત થાય, તેના કરતાં લગભગ ૫૦ વર્ષ ઉપર તો જરૂર જ સોરઠમાં પ્રચલિત હોવી જોઇયે; જેને માટે બીજાં ૩૦–૪૦ વર્ષ અવશ્ય તે ચમત્કારના રૂપમાં વ્યાપક થવાના સમય તરીકે સ્વીકારવાં જોઇયે.

[૬] હારમાળામાંનાં "હારસમેનાં પદો" નરસિંહનાં હોવામાં શંકા નથી. એ ધાટી એની જ છે. એની અનેક વાચનાઓ થઈ છે; તે જ મૂળપદોના નરસિંહકર્તૃત્વ માટે પર્યાપ્ત છે. સં. ૧૬૭૫ની હાથપ્રતમાં માંડલિક છે; એટલે એનાથી જૂના સમયમાં માંડલિકની વાત નાખી સંભવે. પણ તેમ કહેવા કારણ નથી; કેમકે નરસિંહ મહેતે ચમત્કારો પોતાની વાણીમાં આપ્યા છે, તે "હારસમે"માં શા માટે ન આપે?

[૭] સં. ૧૭૦૦સાં આખા હિંદુસ્તાનમાં નરસિંહની કીર્તિ વ્યાપક થઈ ગઈ હતી, એ જેમ સ્પષ્ટ છે, તેમ વિષ્ણુદાસને કારણે સં. ૧૬૦૦માં તે સારાયે ગૂજરાત કાઠિયાવાડમાં વ્યાપક થઈ ગયો હતો, જો એનાં મરણ પછી ૪૦–૫૦ વર્ષ માગી લે જ છે. માંડલિક સાથેની સમકાલીનતાનો પ્રસંગ ઉપજાવી કાઢવામાં આવ્યો હોય, તે માટે પણ એ ઉપજાવી કાઢવાના સમય અને નરસિંહના થયા વચ્ચે સારો એવો સમય વીતી ગયો હોવો જોઇયે. સં. ૧૬૭૫ની હાથપ્રતમાં[1] "હારમાળાનાં પદો"માં "માંડલિક"નો ઉલ્લેખ મળે છે; એમાં છૂટાછવાયાં સાત પદો છે, જેમાં એક પદમાં "કેશવે કંઠિથી હાર કરિગો વડો: પ્રેમિ આરોપ્યુ નરસૈંઅ–ગ્રીવા." નું પ્રાપ્ત છે. "હારસમેનાં પદો" "હારમાળા"ની ૫૦–૬૫–૭૬ વગેરે ક્રમની "માળા"માં થયા પૂર્વે દેશમાં પુષ્કળ વ્યાપક હતાં, જેનો અન્યાન્ય આખ્યાનકારોએ "હારમાળા"ની ઉત્તરોત્તર વાચનાઓ તૈયાર કરવામાં ઉપયોગ કર્યો.

[૮] આખ્યાનનું સ્વરૂપ, ઢાળ, ઉલ્લેખો વગેરે પરથી નરસિંહની કૃતિઓ ૧૬૦૦–૧૭૫૦ના સમયની માનવાનું શ્રીમુનશીને યોગ્ય લાગ્યું

૧. ગૂજ. વર્ના. સો, હ. લિ. નં. ૨૮૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે; પણ જેઓ નરસિંહયુગીન સાહિત્યથી પૂર્ણ પરિચિત છે, તેઓને તો જરા જેટલી શંકા નથી કે આખ્યાનનું સ્વરૂપ–ઢાળ નરસિંહના શરૂના છે. નરસિંહે પ્રધાનપણે ઝૂલણા અને ચોપાઇ દાવટી (હરિગીત અને સવૈયાની ચાલવાળી)માં પદો બનાવ્યાં છે. એનાં લાંબાં કાવ્યો પણ પદોના રૂપમાં જ છે; એણે સાદી આખ્યાનપદ્ધતિ સ્વીકારી છે. એની કઈ કવિતામાં પ્રૌઢ આખ્યાનપદ્ધતિ દેખાય છે? નરસિંહ ઉપર જયદેવના "ગીતગોવિંદ"ની મુખ્યત્વે છાપ છે. જયદેવે પ્રયોજેલી ચોપાઈદાવટી તેણે અપનાવી છે, તે સાથે ઝૂલણા ૩૭ માત્રાનો તેણે સ્વીકાર્યો છે. એ પદ્ધતિ ગૂજરાતી કવિઓને જરાયે અજાણી નહોતી. નીચેની કેટલીક ઉપયોગી હકીકત તે માટે અહીં આપું છું:

(૧) સં. ૧૩૭૧ લગભગમાં રચાયેલા અંબદેવસૂરિના "સમરારાસુ", કવિ જેને "ભાષા" કહે છે, તેવાં ૧૨ પદોમાં રચાયેલો છે; જેમાં જુદા જુદા ઢાળ મળે છે. એમાં એક આઠમી ભાષા આખી ઝૂલણામાં છે નવ કડીની:

"ચલઉ ચલઉ સહિયરે સેત્રુંજિ ચડિય એ ।
આદિજિણ પત્રીઠ અમ્હિ જોઇસઉં એ ।
માહસુદિ ચઉદસિ દૂર દેસંતર
સંઘ મિલિયા તહિં અતિ અબાહ ॥૨॥"[1]

(૨) "હંસાવલી"કાર અસાઇતે સં. ૧૪૨૭માં રચેલી "હંસાવલી',માં નરસિંહનાં જેવાં "દોહા"નાં ત્રણ વિરહગીતો પ્રયોજ્યાં છે.

(૩) સં. ૧૪૩૨માં મેરુનંદન નામના જૈન કવિએ ૪૪ ઝૂલણાનો એક "વીવાહલઉ" રચ્યો છે.[2]

(૪) ભાલણમાં આપણને પ્રૌઢ આખ્યાનકાળનો આરંભ મળે છે. એનો દશમસ્કંધ જોતાં પદપ્રકાર અને કડવાપ્રકાર બંનેનું સંમિશ્રણ મળે છે. આ પદપ્રકાર ભાલણે સ્વીકાર્યો છે, એ એક આશ્ચર્યકારક વાત

---

૧. પ્રા. ગૂજ. કાવ્યસંગ્રહ (ગા. ઓ. માળા). પૃ. ૩૪ છેલ્લી કડી:
"તેરઈકહત્તરઈ તીરથ–ઉદ્ધારુ ચઉ, નંદઉ જાવ રવિસસિ ગયણિ."

૨. જૈન. ગૂ, કવિઓ: ભાગ ૧લો, પૃ. ૧૮–૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી લાગતી ? આપણે મોહમાં ભાલણને તેનું પ્રચારકત્વ આપિયે, પણ કેશવદાસે પ્રભાસપાટણમાં સં. ૧૫૨૯માં ઝૂલણા પ્રયોજ્યો છે, તેને લક્ષ્યમાં લઇયે; તે સાથે સમરારાસુ, કાન્હડદે, વીરસિંહના ઉષાહરણ, કર્મણના સીતાહરણ અને જનાર્દનના ઉષાહરણમાં પદપ્રયોજના જોઇયે, તો સ્પષ્ટ થશે કે નરસિંહતી પદ્ધતિ તે સમયમાં પ્રચારમાં હતી જ. એના ઝૂલણા માટે છેક ૧૭મી સદીના ગોપાલદાસ સુધી આવવાની કાંઈ જરૂર નથી.[1] સં. ૧૫૦૦ ના સાહિત્યનો જેને વ્યાપક પરિચય છે, તેઓ નરસિંહમાં નવ્યતા જોઈ શકે તેમ નથી; કેમકે નવ્યતા સ્વીકારવા જતાં ભાલણે દશમસ્કંધમાં યોજેલી પદપદ્ધતિનો પણ બહિષ્કાર કરવાની સ્થિતિમાં આવી પડાશે. સં. ૧૫૨૦ આસપાસ વીરસિંહે "ઉષાહરણ"માં, સં. ૧૫૨૯માં કેશવદાસે કૃષ્ણક્રીડાકાવ્યમાં અને સં. ૧૫૪૮ ના ઉષાહરણના કર્તા જનાર્દને તો આકર્ષક સ્વરૂપે પદરચના પ્રયોજી છે. છેલ્લામાં જનાર્દને લીધેલી સાંકળી તેને નરસિંહની પદપદ્ધતિથી આ બાજૂ ખેંચે છે, જે નરસિંહને તે પૂર્વે મૂકવા પર્યાપ્ત છે.

નરસિંહની પદપદ્ધતિ બહુ નથી સ્વીકારાઈ તેનું કારણ તપાસિયે તો માલૂમ પડશે કે ભાલણ સિવાયના પછીના યુગના કવિઓ સામાન્ય માણભટ્ટ જેવા છે; તે ભાલણની પ્રૌઢ આખ્યાનપદ્ધતિ જ સ્વીકારી શાંત બેઠા છે. છતાં જૂનાગઢના શ્રીધર અડાળજાથી રહી શકાયું નથી, અને તેણે "ગૌરીચરિત્ર" સ્પષ્ટ રીતે નરસિંહની કે "ચાતુરી"ઓની પદ્ધતિએ જ લખ્યું છે. હજી પણ ઘણી કૃતિઓ અંધારામાં છે. અહીં ઉદાહરણ તરીકે સં. ૧૪મા શતકના યુગને મૂકી શકાય. સોમેશ્વર પછીના કાળને શ્રી. મુનશીએ Period of Chaos અંધકારયુગ કહ્યો છે, જેમાં અત્યારે ૨૦-૨૫ કૃતિઓ જ મળે છે. મુનિશ્રી જિનવિજયજીને એ જ ગાળાની ૩૦૦ જેટલી જૈન પદ્યકૃતિઓ હાલમાં મળી છે. એ પ્રસિદ્ધિમાં આવશે, ત્યારે જેમ નાકરયુગને અંધકારયુગમાંથી

૧. આ વિષયમાં વિસ્તાર "હારમાળા"ની પ્રસ્તાવનામાંથી મળી શકશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બચ્ચાની લેવાયો, પુષ્કળ કાવ્યકૃતિઓ મળવાથી, તેમ એ યુગને પ્રકાશ-યુગ કહેવો પડશે; તે જ પ્રમાણે નરસિંહયુગની વિશેષ કૃતિઓ મળતાં નરસિંહની કાવ્યપદ્ધતિનો પ્રચાર કેટલો થયો તે સમઝી શકાશે.

[૯] આ બધાં તો ગૌણ છે, પણ મોટો સવાલ ડૉ. આ. બા. ધ્રુવે રજૂ કર્યો છે, તે નરસિંહમાં ચૈતન્ય સંપ્રદાયની અસરનો છે. આમ માનવામાં "રાધાની સખીઓ" કારણભૂત બની છે, તે સાથે ગોપનાથ મહાદેવવાળો પ્રસંગ નરસિંહના જીવનમાં સંકળાયેલ છે, તેને મળતી એક હકીકત ચૈતન્યના શિષ્ય રૂપ ગોસ્વામીના વિદગ્ધમાધવ (ર. સં. ૧૫૮૯)માં મળ્યો છે. રૂપ ગોસ્વામીના "ઉજ્જ્વલનીલમણિ"માં ગોપી-યૂથોની વાત લખતાં—

तत्र शास्त्रप्रसिद्धास्तु राधा चन्द्रावली तथा ।
विशाखा ललिता श्यामा..............॥

એ પ્રમાણે "વિદગ્ધમાધવ"માં પણ કેટલીયે ગોપાંગનાઓનાં નામ મળે છે. નરસિંહ ઉપર ચૈતન્ય સંપ્રદાયની અસર માનવાને અને રૂપ ગોસ્વામીના "વિદગ્ધમાધવ"માંના મહાદેવની વાતને નરસિંહના જીવનમાં આરોપવાને આપણે સં. ૧૫૮૯ (કે જે "વિદગ્ધમાધવ"નો રચનાકાળ છે તેના)થી પછી નરસિંહને ધકેલવો પડશે. એને માટે તેનો જન્મ પણ સં. ૧૬૦૦ નજીકમાં ખેંચવો પડશે, જે શ્રી. મુનશીને તદ્દન સંમત ન થાય. સાથે ચૈતન્યની સૌરાષ્ટ્રમાં અસર વ્યાપક થવાનો એક પણ સદ્ધર પુરાવો નથી. ઊલટું રામાનંદ અને શ્રી વલ્લભાચાર્યની અસર ઐતિહાસિક રીતે સ્પષ્ટ છે, તો " રાધાની સખીઓ " અને "ગોપીશ્વર" મહાદેવ ખાતર જ નરસિંહને તેના સમયથી ચતરાવવો શામાટે જોઇયે ?

ખરું જોતાં નરસિંહ વિદગ્ધમાધવ કે ઉજ્જ્વલનીલમણિથી જરાપણ વાકેફ નથી; કેમકે વાકેફ હોય તો એ બધી સખીઓને શામાટે કાવ્યમાં ન અપનાવે ? એણે તો દેશમાં પ્રસિદ્ધ સખી–નામો લીધાં છે. અને કેટલાંક નવાં પણ મૂક્યાં છે. સુરતસંગ્રામમાં એ ગોપાંગનાઓ ગણાવે છે કે—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"મોહિની, સોહિની, ગર્વિણી, દોહિની કેમ રેહે લલિતા તેના સ્વામે વારી.
ચંદ્રિકા ચંદ્રાવળી, મોદિની મહામતી, તહી વચરયા વિશાખાદિ આવી."

અને ગોવિંદગમનમાં:

"રાઇ રાધા ચંદ્રભાગા, ત્યાંની ત્યાં બેસી રહી." (પદ ૪થું)

આ જે કોઈ ગોપાંગનાઓ તે નરસિંહના કાવ્યમાં મળે છે. રૂપ ગોસ્વામીને જોનારો, ભળતાં નામો શા માટે પ્રયોજે ?

વસ્તુસ્થિતિએ નરસિંહ ઉપર નથી ચૈતન્યની અસર કે નથી વલ્લભાચાર્યની અસર. એ પૂર્વેનો જ ભક્તિમાર્ગ તેણે જોયો છે. એનાં ચાતુરીના ૧૯ા પદમાં "બ્રહ્મવાદ" શબ્દ આવે છે, એ શ્રીવલ્લભાચાર્યનો "બ્રહ્મવાદ" નથી; અને ૧૦મા પદમાં તો "પ્રેમમારગ" એવો પાઠ મળે છે જ, જ્યાં પ્રસંગ જોતાં શ્રી વલ્લભાચાર્યનો લાક્ષણિક "પુષ્ટિમાર્ગ" બંધબેસતો નથી જ, જે શબ્દ પાછળથી ઘૂસ્યો જણાય છે. "શ્રીવલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજીની વધાઈ"ના તેના પદમાં ૨જી અને ૪થી કડી ચોખ્ખી રીતે પાછળનો ઉમેરો છે; ઐતિહાસિકતા એમાં પ્રાપ્ય નથી. તેને સ્વ. નરસિંહરાવભાઈએ આગળ ધરી નરસિંહને ખસેડવાનો પ્રયત્ન કર્યો છે, તે તેથી જ વ્યાજબી નહિ જણાય.

આમ શ્રી. મુનશીની દલીલો કાંઈક ઉતાવળને કારણે થયેલી હોવાથી તેમણે આપેલા નિર્ણયને સ્વીકારવાનું સાહસ કરી શકાય તેમ નથી.

શ્રી. નરસિંહરાવે વંશવૃક્ષનું પ્રમાણ એક પેઢીએ ૩૦ વર્ષની ગણતરીએ આપ્યું છે. તેને માત્ર ૩૩ વર્ષ ગણતાં જ ખાસા ૪૫ વર્ષનો ફેર પડી જાય તેમ છે. સં. ૧૫૦૧માં પર્વત મહેતાની હયાતી તેના એક વંશ જ ત્રીકમદાસે જ "પર્વતપચીશી"માં સ્વીકારી છે. એક નાગર કવિ વલ્લભદાસે આ વર્ષ ૧૪૮૪માં આપ્યું છે, તેને વ્યાજબી સ્વીકારતાં તો સ્વ. નરસિંહરાવની દલીલ તૂટી પડે છે. પણ તે વર્ષની વાત કરતાં વલ્લભદાસ કરતાં પર્વતના વંશ જ ત્રીકમદાસની હકીકત વધુ વ્યાજબી ગણાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ચા" પ્રત્યયનો પ્રયોગ મરાઠીની અસર નથી. એ વસ્તુ સ્વ. નરસિંહરાવ ભાઇએ ખરી બતાવી છે, પણ "હારસમેનાં પદો"માં બે ત્રણ પદ મરાઠીપ્રયોગોનાં આવે છે, તે બતાવે છે કે નરસિંહ તત્કાલીન મરાઠી સંસ્કારોથી જાણીતો ખરો. એમણે નરસિંહની કૃતિમાં "વિઠ્ઠલ" નામના પ્રયોગ વિશે શંકા ઉઠાવી છે, એ એમને નરસિંહને આ તરફ ખેંચવા ઉપયોગી થાય, તે પૂર્વે જ જણાવવું જોઇયે કે કેશવદાસે "કૃષ્ણક્રીડાકાવ્ય"માં (પૃ. ૪૪) વગેરે અને બીજે "હરિલીલાષોડશકલા"માં એ શબ્દનો પ્રયોગ કર્યો જ છે; એટલે નરસિંહના વૃદ્ધમાન્યકાળમાં ગૂજરાત–કાઠિયાવાડમાં "વિઠ્ઠલ" શબ્દ "પરમાત્મા"ના જ અર્થમાં વ્યાપક થઈ ચૂક્યો જ હતો.

નરસિંહ મહેતાની ભક્તિ અને વેદાંતસિદ્ધાંતનો શો પ્રકાર છે, એ અહીં જાણવો આવશ્યક છે; કેમકે એક સ્વતંત્ર પદ્ધતિનો મુખ્યત્વે એ ઉત્પાદક હોઇ અને પછીના પદકારો ભાલણ વગેરેને પરોક્ષ રીતે પ્રેરણા દેનારો હોઇ, તે સાથે ગૂજરાતી ભાષાનો એક સ્વતંત્ર કાવ્ય-પ્રકાર વિસ્તૃત સ્વરૂપે તો સૌથી પ્રથમ જૈનેતર એ જ કવિ પાસેથી મળતો હોવાથી એની ઉપયોગિતા અત્યંત છે.

નરસિંહ પ્રેમલક્ષણા ભક્તિમાં માને છે:

"નંદના નંદશું નેહ જેને નહીં, તે રે માનવ ખરશ્વાન તોલે."[૧]

પ્રેમલક્ષણા ભક્તિ કેવળ અનન્યાશ્રયમાં માને છે. એને એના માનેલા પરમતત્ત્વ સિવાય બીજું કાંઇ ગમતું નથી. એને માનવી દેહની સાર્થકતા કૃષ્ણાશ્રય–કૃષ્ણભજનમાં જ રહી છે:

"સાચું સાચે ભજો, ચરણ ગોવિંદનાં, માનવી દેહ તે તત્ત્વ કહિયે,
કૃષ્ણ કહો કૃષ્ણ કહો, વળિ વળિ કૃષ્ણ કહો, કૃષ્ણ કહેતાં સુખ લહિયે;
કૃષ્ણ સેવા તણી અમર ઇચ્છા કરે, મૂઢ મતિ માનવી કાંઇ ન જાણે;
કૃષ્ણનું નામ રખે હૃદયથી વીસરે, ધન્યમાં ધન્ય કૃષ્ણ જ પ્રમાણે,
જેને જોવા મહામુનિજન વન ભમે, તે વિઠ્ઠલો વનમાં ગાયું ચારે;
ભણે નરસૈંયો જે ચતુર નર તે ખરો, અહરનિશ કૃષ્ણ શ્રીકૃષ્ણ ધારે."[૨]

---

૧ ન. મ. કા. સંગ્રહ, પૃ. ૪૭૫

૨ એજન, પૃ. ૪૭૬ અને સરખાવો કેશવદાસનું "કૃષ્ણક્રીડાકાવ્ય"–સર્ગ ૪૦ માનું છેલ્લું ધન્યાશ્રીનું ઝૂલણાનું પદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રેમના જ પ્રાબલ્યની વાત નરસિંહના હૃદયમાં ઘોળાયા કરે છે. એ જાણે કે એને નથી મળ્યો; તેથી પ્રભુ પાસે યાચી રહ્યો છેઃ

"પ્રેમ રસ પાને તું મોરના પીછધર, તત્ત્વનું ટૂંપણુ તુચ્છ લાગે.
દૂબળા ઢોરનું કુશકે મન ચળે, ચતુરધા મુક્તિ તેઓ ન માગે.
પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહિ, શુકજીએ સમજી રસ સંતાડયો.
જ્ઞાન વૈરાગ્ય કરિ ગ્રંથ પૂરો કર્યો, મુક્તિનો માર્ગ સુધો દેખાડયો.
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિરે જોગી.
પ્રેમને જોગ તો વ્રજતણી ગોપિકા, અવર વિરલા કોઈ ભક્ત ભોગી."[૧]

વર્ણ ને આશ્રમના ધર્મ વગેરે કરતાંયે ભક્તિ પ્રબળ છે, એ વાત તેણે તેના એક પદમાં જણાવતાં કહ્યું છે કે—

"વર્ણના ધર્મ ને કર્મ કરવાં ટળ્યાં, મર્મ જાણ્યો ત્યારે ભર્મ ભાગ્યો.
શ્રી રાધિકા કૃષ્ણ ભજ સચ્ચિદાનંદને, તેથી નથી કાંઇ ધર્મ આઘો.
મનુષ્યને કર્મ કરવાં ઘટે જ્યાંલગી, ત્યાંલગી ભક્તિનો ભેદ અળગો.
ભાવે ગોવિંદમાં ભજન ભેદી રહો. એક ઉપાસના જઇને વળગો.

× × × ×

મારે તો આશરો એક હરિ નામનો, છેક આવ્યો હવે કયાંરે જઇએ.
ભણે નરસૈંયો એ નામને આશરે, નામ ને મૂર્તિમાં લીન રહીએ."[૨]

અને ભક્તના હૃદયને ચતુર્વિધ મોક્ષની પણ ઇચ્છા નથી; તે એક જ વસ્તુ ચાહી રહ્યો છે; અને તે એ કે—

"ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મ લોકમાં નાંહી રે,
પુણ્ય કરી અમરાપુરી પામ્યા અંતે ચોરાસી માંહી રે.
હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે,
નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છવ નિરખવા નંદકુમાર રે."[૩]

નરસિંહ પરાત્પર પરતત્ત્વ તરીકે ભગવાન શ્રીકૃષ્ણ–નંદકુમારને સ્વીકારે છે, અને વ્રજની ગોપાંગનાઓ જે રીતે અનન્ય આશ્રયથી ભગવાનમાં પ્રેમ કરતી હતી, તે પ્રકારના નિર્દોષ પ્રેમની જ ઝંખના અને ઘાલાવેલી સેવે છે. એને નથી સમાજની પરવા કે નથી કુટુંબકબીલાની. એના

---

૧ એજન, પૃ. ૪૭૮ ૨ એજન, પૃ. ૪૮૩ ૩ એજન, પૃ. ૪૬૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીવનકાળ દરમિયાન જ તેની પત્ની અને પુત્ર-પુત્રી આ લોક છોડી ચાલ્યાં જાય છે, તેનો તેને શોક નથી; માત્ર એક તમન્ના છે ભગવદ્‌ભજનની:

"કુળને તજશે ને હરિને ભજશે, સેહેશે સંસારનું મહેણું રે,
ભણે નરસૈંયો હરિ તેને મળશે, બીજી વાતે વાહશે વોહણું રે."[1]

નરસિંહ નવધાભક્તિના પ્રકાર નથી બતાવતો; એ તો સામુદાયિક સ્વરૂપમાં નવેના એકત્વમાં રાચી રહ્યો છે. એનું જીવન વૈષ્ણવતામય જ છે. એનાથી ગાઇ જવાય છે કે-

"વાસ નહિ જ્યાં વૈષ્ણવ કેરો ત્યાં નવ વસિયે વાસડિયાં.
શ્વાસોચ્છ્‌વાસ હરિસ્મરણ ન કરે તો શ્વાસ ધમણ કેરી શ્વાસડિયાં.
જીભલડી જપમાળા ન જપે તો જીભલડી નહિ ખાસડિયાં.
જનમ તેનો નહિ લેખામાં, જે ન કહેવાય હરિદાસડિયાં."[2]

પરંતુ ભક્ત નરસિંહ નર્યો ભક્ત નથી; એ જ્ઞાની ભક્ત છે; પ્રભુના માહાત્મ્યજ્ઞાનથી વાકેફ છે. આ વસ્તુ એનાં વેદાંતવિષયક પદોમાં તરી આવે છે:

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઇ ફૂલી રહ્યો આકાશે.
વિવિધ રચના કરી અનેક રસ લેવાને શિવ થકી જીવ થયો એ જ આશે.
વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ શાખ દે, કનકકુંડલ વિષે ભેદ નોહોયે.
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે."[3]

અને

"જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે.
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે: બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.
પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઉપન્યાં અણુ અણુમાંહિ રહ્યાં રે વળગી.
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડ થકી ડાળ તે નહિરે અળગી."[4]

---

૧. એજન, પૃ. ૫૯૦ ૨. એજન, પૃ. ૪૯૨
૩. એજન, પૃ. ૪૮૫ ૪. એજન, પૃ. ૪૮૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નરસિંહ કનકકુંડલનું દૃષ્ટાંત આપી અવિકૃતપરિણામવાદની રૂપરેખા આપણી સામે રજૂ કરે છે. આખો આ સમગ્ર વિલાસઃ પરબ્રહ્મનો છે. "વિવિધ રચના કરી અનેક રસ લેવાને" એ વૈદિક ઔપનિષદ સિદ્ધાંત આપણી સામે એ મૂર્ત કરે છે. જીવ, જગત અને બ્રહ્મની અનન્યતા જ તેને અભિમત છે. આદિ–મધ્ય અને અંતમાં એક અનન્ય બ્રહ્મ જ અવશિષ્ટ રહે છે, એ વસ્તુ તેણે બતાવી છેઃ

"દેવા આદ્ય તું, મધ્ય તું, અંત્ય તું ત્રીકમા, એક તું એક તું એક પોતે.
અખિલચો બ્રહ્મ બ્રહ્માદિક નવ લહે, ભૂરચા માનવી અન્ય ગોતે."[1]

એણે રાધા–કૃષ્ણની શૃંગારિક લીલા તન્મયતાપૂર્વક ગાઈ છે. એના હૃદયમાં એ તદ્દન નિર્દોષભાવે સ્ફુરી છે. એ એ જ રીતે માને છે. એમ માનવામાં તેને પુરાણો અને જયદેવના ગીતગોવિંદનો ટેકો છે. જે દોષદૃષ્ટિવાળા છે, તેને ઉદ્દેશી "ગોવિંદગમન"ને અંતે એ જ માટે ટકોર કરી છે કે–"હરિગુણમાં કો દોષ ન ભાળો."[2]

નરસિંહની કવિતા આપણને કોઈ નવા જ રાહ ઉપર લઇ જાય છે. એ કાંઠે બેસી છબછબિયાં નથી કરતો, પણ ધૂનામાં પડી પાણીની અગાધતામાં પાણી સાથે એકરૂપ થઇને એ મહાલે છે. ગોવિંદગમન, સુરતસંગ્રામ અને ચાતુરીઓ તેના આબાદ નમૂના છે. એનું સ્વપ્ન–પ્રતિભાતત્ત્વ આપણને ભૂલ ખવડાવી દે છે, એનાં દિવ્યચક્ષુ આપણને એની પ્રતિભાના ઉદાત્ત ફળનો અનુભવ કરાવવામાં એવી તો તદ્રૂપતાથી ધસડી જાય છે કે "દીવેટિયા" સાથે આપણે પણ અનન્ય થઇ એ કૃષ્ણ-ક્રીડાના આનંદના અનુભવમાં એકતાન થઈ જઇયે છિયે. એ તેની પ્રતિભા ત્યારથી માંડીને આજની ઘડી સુધી બીજા કોઈ પણ કવિમાં આપણને શોધી નથી જડતી. એનું આખું કોઇ એક કાવ્ય લો કે એક પદ લો, આપણને એક સરખી રીતે એ પરવશ કરી દે છે.

---

૧. એજન, પૃ. ૪૮૮ ૨. એજન, પૃ. ૭૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ મહાન કવિનાં તેના સમયની અસલ ભાષામાં આપણને કાવ્યો નથી મળતાં. એના સમયમાં ભાષાનું એક સ્વરૂપ જેને હું મધ્યકાલીન ગૂજરાતીની પ્રથમ ભૂમિકા કહું છે, તે હતું. જૂનાં રૂપોની સાથે નવાં રૂપો સારા પ્રમાણમાં વપરાવા લાગ્યાં હતાં. નરસિંહના જ બંધનો શાસ્ત્રીય અભ્યાસ કરવામાં આવે તો તેના ભાષાસ્વરૂપનો આછો પરિચય આપણે જરૂર મેળવી શકિયે. એવો પ્રયત્ન આ લેખક તરફથી તેની "રાસસહસ્રપદી"નાં પદો જે ૧૧૩ જેટલાં મળે છે, તેના સમુદ્ધારમાં કરવામાં આવ્યો છે, તેના સમયનું એ ભાષાસ્વરૂપ, લેખનમાં નહિ પણ ઉચ્ચારણમાં હશે, એમ સમઝીને. લેખનમાં તો મ. ગૂ. પ્રથમ ભૂમિકાનાં લાક્ષણિક રૂપો જ પ્રયોજાતાં હતાં; પણ વાણીમાં વિકૃતિ–અર્વાચીનતા તરફનું વલણ આવી ચૂકયું હતું. આ વસ્તુ મારા તરફથી તેની "હારમાળા"ની પ્રસ્તાવનામાં બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં જૂની પ્રતોના અભાવે નરસિંહની ભાષાનું અદલ સ્વરૂપ તો આપણે મેળવી નથી જ શકતા.

નરસિંહ–"નરસૈંયો ભક્ત હરિનો" સોરઠનું જ નહિ, સૌરાષ્ટ્રનું જ નહિ, પણ સારાયે ગૂજરાતનું એક અદ્વિતીય કવિરત્ન, સાથે ભક્તરત્ન થઇ ગયો છે. એની યાદમાં આજે તેનો અક્ષરદેહ અને જૂનાગઢમાંનો મજેવડી દરવાજે આવેલો તેનો ચોરો છે. અક્ષરદેહમાં પણ ઘણું ઊણું છે. સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ મહેનત ન કરી હોત તો આજે આપણી પાસે તેનાં છૂટાંછવાયાં પદો સિવાય કાંઈ જ ન હોત.

સોરઠી જીવનમાં નરસિંહે એક નવીન પ્રકાર ઉપજાવ્યો તે નિત્ય સેવા, નિત્ય કીર્તન અને નિત્ય ઓચ્છવ. એના તૂટક પદસંગ્રહમાં રાગવાર, ઉત્સવવાર એનાં પદો મળી આવે છે. શ્રીવલ્લભાચાર્યજીના વિદ્વાન પુત્ર શ્રીવિઠ્ઠલેશ્વરે ગૂજરાત–કાઠિયાવાડમાં સેવાપ્રકાર વૈષ્ણવ મંદિરોમાં ચાલુ કર્યો, તેમાં એ પદો સુરદાસ વગેરેનાં વ્રજભાષાનાં પદો સાથે સંકળાયેલાં મળે છે. એ આપણને પુષ્ટિમાર્ગની પહેલાં જ એ પદોનો પ્રચાર અને કવિહૃદયની વ્યાજબી પિછાણની જબર શાખ પૂરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એણે આ પદોમાં આપણને નવા નવા કાવ્યબંધ–દેશીબંધો આપ્યા છે. જયદેવના મુખ્ય દેશીબંધો તો તેણે અપનાવી જ લીધા છે; પણ તે સમયે ગૂજરાત–કાઠિયાવાડમાં જે બંધો વ્યાપક હતા, તે પણ સાંચવ્યા છે. જૈન કવિઓનાં કાવ્યોમાં છૂટક પદોની દેશીઓ, ભલે તેના ઉપર રાગનો નિર્દેશ ન હોય, તેવી આવે છે. જૈન કવિઓમાં જે વૈવિધ્ય આપણે મેળવિયે છિયે, તે વૈવિધ્ય આપણને નરસિંહનાં પદોમાં મળે છે.

"સમરારાસુ"ની બીજી દેશીઓ જુદી જ છે, જેનો નરસિંહમાં પ્રયોગ નથી જણાતો. એને બદલે જયદેવની પદ્ધતિ નરસિંહે મોટે ભાગે સ્વીકારી છે; જોકે દોહાના બંધવાળી દેશી આ બંનેમાં તેમ જ "અસાઇત"માં સામાન્ય છે. આમ નરસિંહ ગૂજરાતીમાં એ દેશી ઉપરાંતની બીજી દેશીઓ નવી જ આપે છે, જેનું પછીથી ભાલણ–ભીમ–કેશવદાસ–કર્મણ–જનાર્દનમાં ઠીક ઠીક અનુકરણ પ્રાપ્ત થાય છે.

ચરિતસામગ્રીઃ—

૧. ગૂજ. ભાષાના માર્ગસૂચક સ્તંભો—દી. બ. કૃ. મો. ઝવેરી

૨ Guj. & its Literature by K. M. Munshi

3. Poets of Gujarat by G. M. Tripathi

૪. Guj. Lang. & Lit. by N. B. Divetia

૫. નરસિંહ મહેતા કૃત કાવ્ય સંગ્રહ (ગૂ. પ્રિ. પ્રે., મુંબઇ)

૬. હારમાળા અને રાસસહસ્રપદી (કે. કા. શાસ્ત્રી)

૭. ત્રીકમદાસનાં કાવ્યો—શ્રી. ન. ઇ. દેસાઇ

૮. વસંત વર્ષ ૩ જું–૪ થું

૯. નરસૈયો-ભક્ત હરિનો—શ્રી. ક. મા. મુનશી

૧૦. પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ (ગા. ઓ. માળા, વડોદરા)

૧૧. પં. શા. પ્રા. ગુ. કાવ્યો—(ગૂ. વ. સો. અમદાવાદ) વગેરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસંતવિલાસકાર

[૧૫ મા શતકના ઉત્તરાર્ધમાં હયાત]

“**પંદરમા** શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય” માં છપાયેલું “વસંત-વિલાસ” નામનું સાંકળી–કાવ્ય એક નમૂનેદાર ઋતુકાવ્ય છે. એમાં કવિએ વસંતનું રમણીય ચિત્ર દોર્યું છે. એ કાવ્ય કોણે રચ્યું તે આમ છતાં નથી એ કાવ્યમાંથી સ્ફુટ થતું કે નથી બીજા કોઈ બહારના સાધનથી પત્તો લાગતો. એ કૃતિ કોઈ “નતર્ષિ” નામના જૈન કવિની હોવાની સંભાવના શ્રી. કનૈયાલાલ મુનશીએ કરી છે.[૧] આ કાવ્યની જૂનામાં જૂની હાથપ્રત સાં. ૧૫૦૮ ની મળી છે.[૨] આ કાવ્યને બહુ જ મળતું એવું એક “ફાગુ” કાવ્ય સં. ૧૪૯૫ લગભગમાં એવા કોઇ અજ્ઞાત કવિનું મળે છે. “વસંત-વિલાસ” અને “ફાગુ” ની કેટલીએક કડીઓ લગભગ એની એ અને કેટલીક શબ્દભેદથી જુદી મળે છે. કહેવાતા નતર્ષિનું, ગૂજરાત પાટણ પાસે આવેલા ધનેજ ગામમાં આ પાછલું કાવ્ય લખાયું છે. આ બીજા કાવ્યમાં પણ કવિનું નામ નથી મળતું; તેમાં આપેલા છેલ્લા બે સં. શ્લોકમાં नय કે नतर्षिः એ નામ મળતું હોવાથી એમ કલ્પના કરવામાં આવી છે કે કર્તા નયર્ષિ કે નતર્ષિ હશે.[૩] બંને કાવ્યમાં કર્તાનું નામ નથી મળતું, એ ઉપરથી શ્રી મુનશીએ એવો મત બાંધ્યો છે કેઃ—

“જૈન સાધુ આવો અમર્યાદ શૃંગાર વર્ણવે, એ અયુક્ત લાગે છે, × × × કાવ્ય રચનાર તરીકે કવિએ પોતાનું નામ આપ્યું નથી, તે પણ આવા કારણથી જ હોવું જોઇએ. આની પછીનું ‘ફાગ’ કાવ્ય જોયાથી આ વાતની ખાતરી થશે.”[૪]

---

૧. ફા. ગુ. ત્રૈ. ૧૯૯૩, પૃ. ૪૩૦–૪૩૮

૨. પં. શ. પ્રા. ગુ. કાવ્ય, પ્રસ્તા. પૃ. ૧૨

૩. ફા. ગુ. ત્રૈ. ૧૯૯૩, પૃ. ૪૩૩

૪. એજન, પૃ. ૪૩૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી. મુનશીએ એ નોંધેલી સરખામણી ઉપરથી જે મત નક્કી કર્યો છે, તે આ છે:

"આમ બંને કાવ્યોને સરખાવી જોતાં બંનેનો કર્તા એક જ હોવો જોઈએ, એવું અનુમાન સહજ થાય છે. વસંતવિલાસ ગાતાં જૈન સાધુને શરમાવું પડે એમ હતું."[૧]

"શ્રીનેમિનાથ ફાગુ" નામનું એક ફાગુ કાવ્ય મલધારી રાજશેખરસૂરિએ રચ્યું મળે છે,[૨] જેની રચના શ્રી મોહનલાલ દ. દેશાઈએ સં. ૧૪૦૫ આસપાસ સ્વીકારી છે.[૩] એ કાવ્ય ૨૭ કડીનું નાનું કાવ્ય છે; જ્યારે ઉપરનું "વસંતવિલાસ" ૮૬ કડીનું કાવ્ય છે. જ્યારે "ફાગુ" ૬૫ કડીનું કાવ્ય છે. ત્રણે કાવ્યમાં વસંતનું વર્ણન છે. શ્રીનેમિનાથ ફાગમાં નેમિનાથ અને રાજલ દેવીનો વિહાર છે; જ્યારે છેલ્લા 'ફાગુ' માં કૃષ્ણ અને તેની પટરાણીઓનો વિહાર ગવાયો છે. પણ વસંતવિલાસમાં કોઈ ખાસ નાયક–નાયિકાનો સ્વીકાર ન કરતાં સામાન્ય વસંતવિલાસ જ આપવામાં આવ્યો છે. પાછલાં બંને કાવ્ય જોતાં એના કર્તા પ્રથમ તો જૈન હોય, એમ જ કહી શકાતું નથી. બંને કાવ્યોમાં સરસ્વતીથી સાદું મંગલ આપવામાં આવ્યું છે:

વસંત વિલાસ: "પહિલૂં સરસતિ અરચીસૂં રચીસૂં વસન્તવિલાસ."[૪]
ફાગુ: "પહિલઉં પણમિસુ સરસતિ સરસ તિ કવિતવિલાસ."[૫]

ફાગુમાં તો પછી––

" વન્નિસુ ફાગિ નરાયણ, રાયણમઇ જસુ પાઇ;
તસ ગુણ અણુદિણ ખેલત, હેલ તજાંઇ અપાઇ. ૨

---

૧. એજન, પૃ. ૪૩૩

૨. પ્રા. ગૂ. કાવ્ય સંગ્રહ (ગા. ઓ. માળા), પૃ. ૮૩–૮૬

૩. આ રત્નશેખરસૂરિ તે પ્રબંધકોશ–કાર. પ્રબંધકોશ દિલ્હીમાં સં. ૧૪૦૫ માં રચ્યો છે. એ ઉપરથી આ વર્ષ માન્યું છે. જુઓ જૈ. ગૂ. ક. ભાગ ૧ લો, પૃ. ૧૩.

૪. પ્રા. ગુ. કા. પૃ. ૧૫

૫. ફા. ત્રૈ., ૧૯૯૩, પૃ. ૪૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જંબુય દીવિંઇ ભણિયે, સુણિય સોરઠ દેસ:
પવરગઆગર ગરૂઉ, વરૂઉ નહિ સન્નિવેસ. ૩"[૧]

એ પ્રમાણે નારાયણાવતાર યદુકુલદીપક કૃષ્ણનો વસંતવિલાસ આપવામાં આવ્યો છે.

વસંતવિલાસની એક કડીનો "ઉપદેશતરંગિણી"કાર રત્નમંદિરગણી થોડા પાઠભેદથી પોતાના ગ્રંથમાં હવાલો આપે છે;[૨] એ ઉપરથી એમ ન જ કહી શકાય કે ગ્રંથકાર જૈન જ હશે. ઊલટું બહારની સુંદર કૃતિઓનો સમાદર કરવામાં જૈન વિદ્વાનો તત્પર હતા, તે આમાંથી પકડી શકાય . છે. આપણે સારી રીતે જાણિયે છિયે કે સંદેશકરાસ, કાન્હડદેપ્રબંધ વગેરે જૈનેતર કવિઓનાં કાવ્યો જૈન સાધુઓના હાથની નકલમાં જ સચવાઇ રહેલાંનો જ આપણે આજે ઉપયોગ કરવા સમર્થ થયા છિયે.

"વસંતવિલાસ" અને "ફાગુ" એક જ કવિની કૃતિ હોય, એ અસંભવિત નથી. "ફાગુ" ની ૪૯ મી કડીમાં "કીરતિ મેરુ નામસમાણ" એ પદોને લીધે અને કાવ્ય કીર્તિમેરુ નામના જૈન સાધુની સં. ૧૪૯૭ ની હાથપ્રતમાં મળતું હોવાને કારણે એ જ કીર્તિમેરુના શિષ્યે આ કાવ્ય રચ્યું હશે, એ માનવું ઠીક નથી લાગતું કૃષ્ણનું વર્ણન કરતાં કવિએ બીજી કેટલીક સાથે નીચેની બે કડીઓ આપી છે.

" તારા માહિ જિમ ચંદ, ગોપિય માહિ મુકુંદ:
પણમઇ સુરનર ઇંદ, સારંગધર૦ ૪૮
કીરતિ મેરુ સમાણ, કો નવિ લંઘઇ આણ.
તઉ જગિ અતિ સુજાણ, સારંગધર૦ ૪૯"[૩]

આમાં "કીર્તિમેરુ" નું ગર્ભિત નામ ખેંચવા કોઈ પ્રસંગ

---

૧. એજન, પૃ. ૪૩૪-૩૫
૨. પ્રા. ગુ. કા., પ્રસ્તા., પૃ. ૧૪
૩. ફા. ગુ. ત્રૈ., ૧૯૬૩, પૃ. ૪૩૭ અને ૪૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપસ્થિત થતો નથી. શ્રી મુનશીએ આપેલા "ફાગુ" ના છેવટમાં આવતા શ્લોકમાં नतर्षिः કૃષ્ણનું વિશેષણ છે; જેમ કે—

पौराणैः कीर्तितो देव त्वामेव भुवनाधिपः
नतर्षिः श्रीजगद्वन्द्यो ज्ञानी ध्यानी गुणी कविः ॥

આમાં "નતર્ષિ કવિ જગત્વંદ્યને અને જ્ઞાની, ધ્યાની, મુનિ, કવિ સર્વને નમે છે," એ અર્થ કેવી રીતે હોઈ શકે, તે ગળે ઊતરતું નથી. "નયર્ષિ, નતર્ષિ, નયસાગર, નયઋષિ" એ વગેરે નામો "જૈન સાધુઓમાં પ્રચલિત" હોય, તેથી જ ઉપરના શબ્દમાં નતર્ષિને પકડી પાડવો, એ ઠીક નથી. નયર્ષિ સંભવે, પણ નતર્ષિ નામ અદ્યાપિ સાંભળવામાં નથી આવ્યું.

બંને કાવ્યો સાંકળી-કાવ્યો છે. વસંતઋતુનો વિહાર બંનેમાં યોગ્ય સ્વરૂપમાં ગાવામાં આવ્યો છે. વસંતની ઉદ્દીપક સામગ્રી સજ્જ કરતાં કવિ જણાવે છે કે:

" પહુ તીય તિહણી હિવ રતિ વરતિ; પહુતી વસન્ત.
દહ દિસિ પસરઇ પરિમલ; નિરમલ થ્યા નભ-અન્ત.
સીત ગિઉં હિમવન્તિ; વસન્તિ લિઉ અવતાર.
અલિ મકરન્દિ મુરિઆ: કહુરિઆ સહિ સહકાર.
મયણ તણા ગુણ ગહગહ્યા, મહમહ્યા મહુ મહકાર.
ત્રિભુવનિ જયજયકાર પુકારઇ પિક અપારિ.
પદ્મિની પરિમલ બહિકઇ, લહિકઇ મલયસમીર.
મયણ જિહાં પરિપન્થી, પન્થી ધાઇ અધીર.
માનિની-જનમનક્ષોભન શોભન વાઉલા વાઇ."[૧]

રાસ રમતી અંગનાનું કવિએ અર્થાલંકાર-ઉપમા અને મુખ્યત્વે ઉત્પ્રેક્ષાથી "વસંતવિલાસ" માં સુંદર વર્ણન આપ્યું છે, એ કવિની ઔચિત્યનિર્ણય શક્તિનો સારો નમૂનો આપે છે.

"ફાગુ" માં માત્ર દોહા નથી પ્રયોજ્યા; કવિએ "અઢૈયું"

---

૧. પ્રા. ગુ. કા., પૃ. ૧૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને "રાસક" છંદ પણ પ્રયોજ્યા છે; ઉપરાંત રાગ આંદોલામાં એક આખું ગીત આપ્યું છે; જેની બે કડી ઉપર "સારંગધર" એ તૂક-વાળી અપાઈ ગઈ છે. કવિના અઢૈયાનો એક નમૂનો આ છે:

" ક્રીડા કરી ગોવિંદ, વિનમત સકલ નરિંદ;
પુહતા નિજ પુરીએ, સહિત અંતેઉરીએ.
× × ×
દેવ તણઉ એ ફાગુ પઢઇ ગુણઇ અનુરાગ.
નવ નિધિ તે લહઇં એ, જે પણિ સંભલઇં એ."[1]

પણ કવિ જે રાસક આપે છે, તે તો સવૈયાની ચાલની ચોપાઈ દાવટી જ છે:

રાસ

"ગોપિય ગોપિય ઠાણ નિરોપિય, વનિવનિ ભમઇ મુકંદ રે.
અહ્મ વિચારી કિહિં સંચારી ? બોલિત કુલ નભ ચંદ રે.
વાટ ઘાટ સવિ બાંધઇ સહિયર, અહિયર તવ કુણ રંગ રે.
અહ્ય મૂકી તું કિમ હિવ ચાલઇ ? પાલઇ ગોપિયવૃંદ રે."[2]

પાછલા આ બંને બંધ પણ નરસિંહ મહેતાના કાવ્યમાં પ્રયોજાયેલા[3] છે; એટલે તે સમયે એ બંધ લોકમાં પૂરા પ્રચારમાં આવી ગયા હતા, એ સ્પષ્ટ છે.

"ફાગુ"નો કવિ વસંતખેલ દ્વારિકામાં કૃષ્ણની પટરાણીઓ સાથે આપે છે; પણ રાણીઓને માટે "ગોપી" શબ્દનો પ્રયોગ પણ કરે છે. "ગોપિય સહસ અઢાર" એમ એણે કહ્યું જ છે. આવી સ્થિતિમાં કવિ ઔચિત્યનો ભંગ કરે છે, એમ શ્રી મુનશી માને છે.[4] હું માનું છું કે એમાં ખાસ ઔચિત્યભંગ નથી; કેમકે કૃષ્ણને કદી વૃદ્ધાવસ્થા કવિ-

---

૧. ફા. ગુ. ત્રૈ. ૧૯૯૩, પૃ. ૪૩૭

૨. એજન, પૃ. ૪૩૭

૩. અઢૈયા જેવો બંધ: જુઓ ચાતુરી છત્રીશીમાં ૧૦મી ચાતુરી વગેરેમાં. ન. મ. કા. પૃ. ૧૨૩ વગેરે

૪. ફા. ગુ. ત્રૈ. ૧૯૯૩, પૃ. ૪૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓએ માની નથી. તેમાંયે "ફાગુ"નો ગૂજરાતી કવિ એવો કૃષ્ણમાં ભેદ જોવા ઇચ્છતો નથી લાગતો; કેમકે એને એ નારાયણ જ માને છે. સાથે "રાસક્રીડા" વૃંદાવનમાં ઇષ્ટ ખરી, પણ વસંતક્રીડા તો નાનાં કે મોટાં ગમે તે ઉમરનાં ખેલી શકે છે, તે આજે પણ મારવાડ વગેરેમાં પ્રાપ્ત થતું હોવાથી કૃષ્ણને દ્વારિકામાં વસંતખેલ ખેલાવે, એ અસ્વાભાવિક નથી. કવિએ વસંતખેલને બંનેમાં "રાસ" નામ આપ્યું છે, તેનો પણ સાચા ઔચિત્યની દૃષ્ટિએ "વસંત"માં પ્રયોગ ન થઈ શકે; છતાં બંને કાવ્યમાં એ "રાસ" શબ્દ, વંશીનાદ વગેરે યોજાયેલ છે.

આ બંને કાવ્યનો સમય સં. ૧૪૯૭ પૂર્વે છે. ભાષા જોતાં સં. ૧૫૦૦ આસપાસની જ બંનેમાં છે; એટલે સં. ૧૪૫૦ થી ૧૫૦૦ સુધીમાં બંને કાવ્યોનો એક કર્તા હોય તો એક અને ભિન્ન હોય તો તે બંને એ જ ગાળામાં થયા છે; જેમાં બંને ભિન્ન કર્તા હોય તો "વસંતવિલાસ"નો કર્તા પ્રથમ અને "ફાગુ"નો કર્તા પછી બહુ તો ૨૫ વર્ષને ગાળે થયા હશે.

આ બંને કાવ્યો ગૂજરાતીમાં નવી ભાત પાડે તેવાં છે, અને નરસિંહની "ચાતુરી"ઓની હરોળમાં કાંઈક ઊભી શકે તેવાં છે. આવી કૃતિઓના કર્તા વિશે કશી માહિતી નથી મળતી, એ ઓછી મૂંઝવણ ન ગણાય.

ચરિતસામગ્રીઃ

૧. પંદરમા શતકનાં પ્રા. ગુ. કા.—સ્વ. દી. બ. કે. હ. ધ્રુવ

૨. ફાર્બસ ગૂ. સ. ત્રૈમાસિક, સં. ૧૯૯૩

૩. પ્રા. ગૂ. કા. સંગ્રહ (ગા. ઓ. માળા)—સ્વ. સી. ડી. દલાલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મયણ

[સં. ૧૫૦૦ લગભગમાં હયાત]

"વસંતવિલાસ"માંની શબ્દાલંકારચાતુરીનો એક નાનો બીજો નમૂનો "મયણ છંદ" એ નામે ૩૪ કડીના નાના કાવ્યમાં આપણને મળે છે. કાવ્ય અદ્યાપિ અપ્રસિદ્ધ છે.[૧] શ્રી. કનૈયાલાલ મુનશીએ એ કાવ્યના વિષયમાં ઉપયોગી માહિતી આપી છે, તે ઉપરથી તેના વિશે થોડી માહિતી આપણને મળે છે. એ છંદનો કર્તા કોઈ "મયણ બમ્ભ" છે. એ ક્યારે રચાયું એ જાણી શકાતું નથી. નીચે નમૂનો અપાશે, તેમાં જણાતા ભાષાસ્વરૂપથી એ મધ્ય. ગૂ. ની ૧લી–૨જી ભૂમિકાની કૃતિ છે; એટલે સં. ૧૪૫૦–૧૫૦૦ લગભગમાં આ કૃતિ રચાઈ હોય. કવિએ આ કાવ્યમાં મર્યાદામાં રહી સંભોગ શૃંગારનું વર્ણન આપ્યું છે:

"એહ જિ દંત તુહ વયણિ, એહ જિ કજ્જલ તુહ નયણે,
એહ જિ હાર તુહ કાંઠિ, એહ જિ ઝંઝર તુહ ચરણે.
અજી અ પ્રેમલ એ ગંધ, સરસ છહિલ્ల મનમોહન.
અજીઅ ગલઇ કંચૂઉ, ભીડિ યૌવન તન સોહન.
કલસ કુચ વામી ન કિઉં, **મયણબંભ** તુ નત્થિ ઇમ.
હે સખી ! સયલ આભરણ માહિ, દૈવિ ન સરજિઉ તિત્થિ તિમ.
દંત ખંડિ કરવતુ, અવર નેઉર હુતાશન.
મોતી ખ્યાર સમુદ્ર ધસી પરિમલહ ઉરાસન.
કંચૂ ખંડવિખંડિ, લેઇ વલિ સોવિન વન્નાઉ.
કજ્જલ અગનિ પ્રજ્જલિઉ, તુહ મઈ નયણે દિન્નઉ.
એહ કલસકુંભ ઘણ કુટ્ટીઉ, ચક્ર પયરિ ભમાવીઉ.
એતલા તપ્પ જુ નહુ તવિઉ, તુ મુઝ પાસિ ન આવિઉ."[૨]

---

૧. વડો. પ્રા. સં. નં. ૬૦૯૦

૨. ફો. ગૂ. ત્રૈ. ૧૯૯૪, પૃ. ૩૨૫-૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિએ બંધ તરીકે છપ્પય સ્વીકાર્યો છે. આ છપ્પય આપણે છેક "ઉવએસમાલાકહાણયછપ્પય"માં[1] જોઇયે છિયે. કવિએ આમ પ્રચલિત છંદ પ્રયોજ્યો છે. પણ એણે શામળમાં મળે છે, તેવી રીતે પોતાની છાપ આપવાનો ક્રમ પણ સ્વીકાર્યો છે. છેલ્લી કડી જુઓ:

"બાલી બલિ નિઠર વયણ રવણિ રાવણશિરખંડણ;
ગજગતિ ગરુડાગામિ, કાંતિ કંસાસુર-વિહંડણ.
બાલી બલિ છેતરણ દૈવિ દૈતાંહ નિકંદન.
મધુરિ વાંણિ અહિમાંણિ, સુહવિ અસુરાં સંતાપણ.
કમલાપણિ કમલવાસ હરિ, મુઝ મનિ ભામિનિ-ભયહરણ.
માનિનિ મયણ ઇમ ઉચ્ચરઇ, હરિલંકી હિવ હરિશરણિ."[2]

કવિએ કૃષ્ણ-રાધાનો શૃંગાર ગાયો છે. આ કવિએ આ સિવાય કોઈ બીજું કાવ્ય લખ્યાનું જાણવામાં નથી. પોતાના કાવ્યને એ "છંદ" નામ આપે છે; સાથે એના ઉપર "અવહટ્ઠ"ની ચારણી અસર "તપ્પ" વગેરે શબ્દોમાં દેખાય છે; પણ એ બ્રાહ્મણ છે, એ પ્રથમની કડીમાં જ સ્પષ્ટ છે.

ચરિતસામગ્રી:

૧. ફાર્બસ ગૂ. સ. ત્રૈમાસિક, ૧૯૯૪-૫: અંક ૩જામાં આવેલા શ્રી. કનૈયાલાલ મુનશીના નરસિંહયુગના કવિઓવાળો લેખ.

---

૧. પ્રા. ગૂ. કા. (ગા. ઓ. માળા), પૃ. ૧૧-૨૭

૨. ફા. ગુ. ત્રૈ. ૧૯૯૪, પૃ. ૩૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદ્મનાભ

[સં. ૧૫૧૨માં હયાત]

મૂળે ઇતિહાસનો આશ્રય લઇને ગૂજરાતી ભાષામાં રચાયેલાં કાવ્યો બહુ જ થોડાં મળે છે. તેમાં પણ જૈનેતર કવિઓએ લખેલાં તો ગણ્યાં ગાંઠ્યાં જ છે. તેમાં શ્રીધર વ્યાસના 'રણમલ્લ' છંદ પછી ગૂજરાતી ભાષાના મધ્યકાલીન સ્વરૂપને સંપૂર્ણ રીતે સાંચવી રાખતું તેમ જ ઇતિહાસની કેટલીક વીગતોને બરોબર નોંધી રાખતું અને સાથોસાથ તત્કાલીન દેશ, કાળ, રીતરિવાજો પર સારો પ્રકાશ પાડતું જો કોઈપણ કાવ્ય હોય તો તે 'કાન્હડદે પ્રબંધ' છે.[1] આ કાવ્ય મૂળ વીસનગરના પણ પછીથી પશ્ચિમ મારવાડના જાલોરમાં જઈ વસેલા અને ત્યાંના 'કાન્હડદે પ્રબંધ'ના નાયકના વંશજ કોઈ જાગીરદાર ચોહાણ અખેરાજના આશ્રિત વીસનગરા નાગર બ્રાહ્મણ કવિ પદ્મનાભે સાં. ૧૫૧૨માં રચેલું છે:—

"સંવત પંનર બારોતરુ, તિણઇ દિનિ સોમવાર વિસ્તરુ ।
જાલહુર ગઢ ઉત્તમ ઠાઉ, રાઉલ કાહ્નન માલદે નાઉ ।
પદ્મનાભ મનિ આણઇ નવી, તેહ તણી કીરતિ વર્ણવી ॥"

[કા. પ્ર. ૪–૩૪૧, ૩૪૨]

અને

"વીસલનગરુ નાગર એક, **પદ્મનાભ** કવિ પુણ્ણ વિવેક ।
× × × ×
અખિરાજ સીખામણ સરી **પદ્મનાભ** કીરતિ વિસ્તરી ॥"

[એજન. ૪–૪૩૭, ૩૩૮]

---

૧. આ કાવ્ય પરની વિસ્તૃત આલોચના માટે જુઓ શ્રી. ડા. પી. દેરાસરીનો ત્રીજી ગૂજરાતી સાહિત્ય પરિષદના રીપોર્ટમાંનો નિબંધ; K. M. Munshiના Guj. & its Lit.નાં પૃ. 102–111; અને શ્રી. દેરાસરી સંપાદિત "કાન્હડદેપ્રબંધ"નું સ્વ. શ્રી. નરસિંહરાવ ભો. દીવેટિયાએ લખેલું "પુરોવચન."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કવિનું આ સિવાય કોઇ અન્ય કાવ્ય પ્રાપ્ત થયું નથી. આ કાવ્યના નામને છેડે આવેલા 'પ્રબંધ' શબ્દને લીધે તે જૈન ભંડારમાં સંરક્ષાઈ રહેલું. સ્વ. ડૉ. બ્યૂલર સંસ્કૃત હસ્તલિખિત ગ્રંથોની શોધમાં રાજપૂતાનામાં ફરતા હતા, ત્યાં થરાદના જૈન ભંડારમાંથી એ પુસ્તક મળી આવ્યું. તેની તેમણે કરાવેલી નકલ સ્વ. નવલરામભાઇએ "શાળાપત્ર"ના સને ૧૮૭૭-૭૮ના અંકોમાં છાપી.[૧] આવી રીતે સુરક્ષિત હોવાને કારણે એ કાવ્યની ભાષા અસલ સ્વરૂપમાં જળવાઈ રહી છે.

✓ આ કાવ્યની ભાષા મધ્યકાલીન ગૂજરાતીની બીજી ભૂમિકાની છે. તે મુગ્ધાવબોધ ઔક્તિકની ભાષામાં મધ્ય. ગૂજ.ની ત્રીજી ભૂમિકાની છાંટવાળી મિશ્ર ભાષા છે. સ્વ. નરસિંહરાવે એને "ગુર્જર અપભ્રંશ" એવું નામ આપ્યું છે.[૨] ડૉ. ટેસ્સિટોરીએ તો એ ચારે ભૂમિકાઓને "જૂની પશ્ચિમ રાજસ્થાની" કહી છે. આ ભાષા અંતિમ અપભ્રંશ પછીની ભૂમિકાઓની[૩] એટલે કે જેમાં ગૂજરાતની પ્રાંતીયતાનો આરંભ થઈ ચૂકેલો તેવી છે; જો કે પદ્મનાભે તો તેનું સામાન્ય "પ્રાકૃતબંધ"થી[૪] નામકરણ કર્યું છે. પદ્મનાભના સમકાલીન કવિ ભાલણે[૫] તેના પહેલા નળાખ્યાનના આરંભમાં "ગુજર ભાષા" કહી છે (જો કે ૧૦મી કડીમાં 'અપભ્રંશ' નામ આપ્યું છે), તે જોતાં ગૂજરાતીનું જ એક સ્વરૂપ-શિષ્ટ સ્વરૂપ એ કાવ્યની ભાષાનું ગણવું જ જોઇએ.

---

૧. કાન્હડદેપ્રબંધ, પ્રસ્તાવના, પૃ. ૫ મું અને ગૂજ. માર્ગ. સ્તંભો, પૃ. ૪૪; તેમ જ K. M. Munshi : Guj. & its Lit. p. 102

૨. એજન, 'પુરોવચન', પૃ. ૧-૨

૩. કે. કા. શાસ્ત્રી : મહાભારત ગ્રંથ, ૨ જાની પ્રસ્તાવના

૪. "પ્રાકૃતબંધ કવિત મતિ કરી." [કા. પ્ર. ૪-૩૫૦]

૫. ભાલણની 'કાદંબરી'ની ભાષા મધ્ય ગૂજ. ની ૩ જી ભૂમિકાની છે; પણ તેના સમયનો વિચાર કરતાં તે ૨ જી ભૂમિકાની એટલે 'કાન્હડદેપ્રબંધ'ની ભાષા જેવી હોવી જોઇયે તો એ પદ્મનાભની ભાષા 'ગુજર ભાષા' થાય જ. અને એ જ ખરું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ હેમચંદ્રનો અપભ્રંશ સ્વયં આપણી ભાષાનું શુદ્ધ પ્રાચીન સ્વરૂપ હોવાથી અને તે "મુગ્ધાવબોધ ઔક્તિક"ની પૂર્વ ભૂમિકા –અંતિમ અપભ્રંશ સુધી ટકી રહેલું હોવાથી એ પ્રાચીન ગૂજરાતી; "મુગ્ધાવબોધ ઔક્તિક"થી મધ્યકાલીન ગૂજરાતીની પ્રથમ ભૂમિકા, પછી "કાન્હડદે પ્રબંધ"ની ભાષા મધ્ય. ગૂજ.ની બીજી ભૂમિકા; ભાલણની "કાદંબરી" એ ત્રીજી ભૂમિકા, અને વિષ્ણુદાસના "કર્ણપર્વ"–ની ભાષા એ ચોથી ભૂમિકા, એ ચારે મધ્ય. ગૂજરાતી; પછી પ્રેમાનંદના સમયથી અર્વાચીન ગૂજરાતી; એમ નામકરણ કરવાથી કશો વાંધો નથી. એ રીતે "મુગ્ધાવબોધ ઔક્તિક", "રણમલ્લ છંદ," એ બે ગ્રંથની ભાષા પછીની આ તરફ આવતી ભાષા પદ્મનાભે "કાન્હડદે પ્રબંધ"થી આપી છે.

એણે એના કાવ્યમાં દોહા, ચોપાઈ અને પવાડુ (દેશી ચાલ), આ ત્રણ બંધ સ્વીકાર્યા છે. આ ઐતિહાસિક કથાનક હોવાથી તેણે તેનું "પ્રબંધ" નામ આપ્યું જણાય છે. એણે કડવાંઓ ન લખતાં આખા કાવ્યમાં ચાર ખંડ પાડી આપ્યા છે. આ પદ્ધતિએ લખાયેલ પૂર્વે અસાઈતની "હંસાઉલી" મળે છે; જેમાં પણ ચાર ખંડ મળે છે. માત્ર તેમાં દેશી ચાલને બદલે જૂજ દૂહા અને બાકી ચોપાઇ જ દેખાય છે. અસાઇતે તો પોતાના કાવ્યને [1]पवाड्ड સં. प्रबन्धः કહેલ છે જ. પદ્મનાભ તેનું નામ કહેતો નથી, છતાં જ્યાં દેશીચાલ આપે છે, ત્યાં ત્યાં મથાળે पवाड्ड[2] શબ્દ પ્રયોજે છે.

આ દેશી ચાલ, જયદેવમાં અને નરસિંહમાં જે સવૈયાના પ્રકારની ચોપાઈદાવટી છે, તે છે; એ ખાસ લક્ષ્યમાં લેવા જેવી વસ્તુ છેઃ

"વડુવીર વિખ્યાત વદીઇ મહમૂદ સાહ, 'મ જેહુ,
અલૂખાન બલવન્તુ બન્દઇ મહુલ માંહિ તેહુ.
અલૂખાન બલવન્તુ બાંદુ તાસ દીઊ ફુરમાણ;
ગૂજરાતિ ઊપરિ દલ ન્યુંધા, બીડઊં દીઊં સુરતાણિ."

---

૧. "એહ પવાડુ અસાઇત કહિઉ" [કં. ૪–૧૨૦]
૨. "કાન્હડદેપ્રબંધ," પૃ. ૫ વગેરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસાઈતની જેમ આ પ્રબંધ આપણને "ગીતો" આપે છે: જેવાં કે રાગ રામગિરિનું (ખંડ ૧–૧૨૨ થી ૧૨૪), રાગ ધન્યાસીનું (ખંડ ૧–૨૪૨ થી ૨૪૭), રાગ સિંધૂઉનું (ખંડ ૨–૧૫૪ થી ૧૫૯), રાગ અદોલા ધન્યાસીનું (ખંડ ૩–૧૫૪ થી ૧૫૮), રાગ શિખરી ગીત (ખંડ ૩–૨૩૪ થી ૨૩૭), રાગ ધવલ ધન્યાસીનું (ખંડ ૪–૧૬૫ થી ૧૬૮), રાગ ભૂછી દેશાખનું (ખંડ ૪–૨૪૦ થી ૨૪૩), ન લખેલા રાગનું (ખંડ ૪–૨૯૮ થી ૩૦૧), રાગ માલવસુ સામેરીનું (ખંડ ૪–૩૨૩ થી ૩૨૬), એમ ૯ ગીત આપેલાં છે. કવિ અસાઈત કે નરસિંહ જે પ્રમાણે પદની છેલ્લી કડીમાં પોતાના નામની છાપ મારે છે, તે પ્રમાણે પદ્મનાભે છાપ મારી નથી; છતાં ઢાળો જુદા જુદા સ્વીકાર્યા છે:

રાગ—રામગિરિ

"બે અબલા બોલઇ હસિઉ: અસુરિ અસંભમ કીધ.
ચૌદ લોક સ્વામી ગ્રહીઉ તે પ્રાણિ પેખતાં લીધ ! '
વિલવઇં બે સતી રે 'કીજઇ કંકણ ભંગ !
ઊછઇ નીરિ જિમ માછિલી (તિમ) વિરહ દહઇ અમ અંગ. (આંચલી)
જે કો બન્ધન છોડવઇ, પાતિગ છણ્ડિ પૂંઠિ.
વેદ વચન એમ સાંભલાં; તૂં કાહાનડદે ઊઠિ. વિ૦
છોડવિ સ્વામી આહ્મતણું; મૂંગલ મ્લેચ્છ વિહણ્ડિ.
કીરતિ લિઇ કાહાનડ ! ધણી; તુઝ નામ રહઇ નવખણ્ડિ." વિ૦[1]

આપણે અસાઈતમાં જોયું તેવું જ દોહાબંધનું આ વિરહગીત છે. એ જ બંધનું સૌભાગ્ય–ગીત પણ તેણે આપ્યું છે:

રાગ—ધન્યાસી

" ખાંડ વિ મિલઇ સુહાસણી, સખી ઊઢણિ નવરંગ ઘાટ કિ.
જાઇ સહીય વધામણી, હઇયડલઇ હર્ખ ન માઇ કિ. જીભુ સહી. (આંચલી)
હાર નિગોદર બહિરખા, સખી, નેઉર રણઝણકાર કિ. જી
ત્રાટ કરું કરિ કનકમઇ, સખી, મોતીડે પુરુ ચૂક કિ. જી.

૧. કા. પ્ર. પૃ. ૧૩–૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તિલક કરું કુંકમતણાં, સખી, તે રંગિ રાઉ વધાવુ કિ. જી.
અસુર દલી ઘરિ આવિઉ, સખી, શંકર છોડીઉ બંધ કિ. જી.
કાન્હડદે જીવે ઘણૂં, સખી, બોલિઇ માલદે વીર કિ. જી."[1]

આ પછીનું બીજા ખંડમાં ૧૫૪-૧૫૮ કડીએ આવતા "રાગ સિંધૂઉ"નો, ત્રીજા ખંડમાં ૧૫૪-૧૫૮ કડીએ આવતા "રાગ અદોલા ધન્યાસી"નો, ૨૩૪-૨૩૭ કડીએ આવતા "રાગ શિખરી ગીત"નો, અને ચોથા ખંડમાં ૩૨૩-૩૨૬ કડીએ આવતા "રાગ માલવસુ સામેરી"નો બંધ પણ દોહા છે. ત્રણ બંધ કવિએ જુદા લીધા છે. એમાંનો ૧લો સોરઠાબંધનો છેઃ

રાગ—ધવલ ધન્યાસી

"બાહાદર પુર અંબિર અતરિ ચૂક આલેખીઉ,
કાન્હડદેઉનુ વીર સૂરતાણ સ્યૂં જૂ રમઇ.
એક સોનગિરુ રાઉ, બીજુ ઢીલીનુ પાતસાહ,
ચૂપઠી પરઠયા ઘાઉ કુણ હારઇ કુણ જીપઇ ?"[2]

વીરરસને અનુકૂળ થાય, એ દૃષ્ટિએ જાણે કે કવિએ સોરઠાબંધ પસંદ કર્યો છે. બીજો બંધ "પવાડા"નો જ ચાલુ, નરસિંહે અને જયદેવે પ્રયોજેલો "સવૈયા" ચાલનો ચોપાઇ દાવટીનો બંધ છે; આ જાતનો બંધ આપણને આ પૂર્વે હીરાણંદના વિદ્યાવિલાસ પવાડામાં ચાલુ ગ્રંથમાં જ ઘણી કડીઓમાં મળે છે. પદ્મનાભનોઃ

રાગ—ભૂછી દેશાખ

"બંધવ પુત્ર કલત્ર [અનિ] ધન યૌવન જાણિ માયા જાલ,
જિણિ દિણિ હુઇ દૈવ ઊફરાટઉ, તિણિ દિણિ સહુઇ આલ.
હા હા દૈવ દોસ કિમ દીજિહો કિસિઉં દીસિ વહાણ.
ઈણિ સિહરિ અજી ન આવિહો, હૈડા થા પાષાણ."[3]

પણ એક બંધ જે પદ્મનાભે પ્રયોજયો છે, એ ખાસ ધ્યાન ખેંચે છે. એ નમૂનો જુઓઃ

---

૧. એજન. પૃ. ૨૭ ૨. એજન. પૃ. ૯૪ ૩. એજન. પૃ. ૧૦૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાગ

"રૂપિં સલૂણુડી સવિ સાહેલડી વેલડી રહી રે નિહાળતી રે.
ટાડડે આવી ય આંસૂડાં રહાવીય જાલહુર પરવત વધાવીઉ એ.
સુંદરી સોહામણી પરવત ઊપરિ ઘણી,
આણિ રે જ મારઇ મોકલામણી એ.
સર્વ ગુણ જાણ નઇ વંશ વલી ભાણ નઇ,
વીર અવતારયો ચહુયાણનિં એ.
વલી રલીઆમણૂં અરધાસન વીરમતણૂં,
અહ્મે પામસ્યૂં સોનગિરિ બઇસણૂં."[૧]

છંદોબંધન તૂટતું હોવા છતાં એમાં છૂપાયેલો ઝૂલણાબંધ પ્રતીત નથી થતો? સ્વ. ડાહ્યાભાઈ દેસાસરીએ રાગ નથી આપ્યો, પણ સ્વ. નવલરામે "શાળાપત્ર" માં છાપેલી નકલમાં રાગ "છાઉલી" લખ્યો છે.[૨] એમાં પાઠ ભ્રષ્ટ છે, છતાં છંદ પકડવામાં મુશ્કેલી નથી નડતી. આમ પદ્મનાભમાં પણ આપણને નરસિંહના પ્રિય "ઝૂલણા" નાં દર્શન થાય છે. બલ્કે પદ્મનાભના ચારે પ્રકારના બંધ નરસિંહમાં પ્રયુક્ત છે, તે તજ્જ્ઞોને હવે અજાણ્યું નહિ રહે. વસ્તુસ્થિતિએ પદ્મનાભે તત્કાલે જનસમૂહમાં તેમ જ સાહિત્યમાં પ્રયુક્ત પદબંધ જરૂર પડતા પ્રયોજી લીધા છે; એ છેક ઝાલોર સુધી વ્યાપક છે, એ કાંઇ થોડું મહત્ત્વનું નથી. જૈન કૃતિઓમાં આ બંધોની વ્યાપકતા આ પૂર્વે જ અને આ સમયમાં મળે છે. હીરાણંદનો વિદ્યાવિલાસ પવાડો, બીજાં કાવ્યોઃ સુદર્શનરાસ, ગજસિંહ કુમારપ્રબંધ આવું વૈવિધ્ય આપે છે.

પણ આ પદ્મનાભની આપણને ઉપયોગિતા તેના ઐતિહાસિક કાવ્યને લીધે વિશેષ છે. અલ્લાઉદ્દીન ખીલજીએ ગૂજરાત ઉપર સવારી કરી તેમાં કર્ણનો પ્રધાન માધવ કારણભૂત હતો તેવી જે હકીકત શ્રુતપરંપરાથી લોકમાં પ્રચલિત છે, તે પદ્મનાભના સમયમાં જ પ્રચારમાં આવી ગઈ હતી. આ હકીકત નિરાધાર છે, એવું કેટલાક વિદ્વાનોનું માનવું છે. શ્રી રામલાલ ચૂ. મોદીએ એને પ્રામાણિક

૧. એજન. પૃ. ૧૦૯ ૨. શાળાપત્ર, પુ. ૧૬–૧૭ મું, ૧૮૭૭-૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે, જે વ્યાજબી જણાય છે. ગમે તે હો, પણ પદ્મનાભ તે હકીકત નોંધે છે કે—

"તિણિ અવસરિ ગૂજરધરરાઇ સારઙ્ગદે નામિ બોલાઇ.
ભત્રીજઉ તેહ નઉ બલવન્ત, કરણદેવ યુવરાજ ભણંત.
તિણિ અવગણિઉ માધવ બમ્ભ તાંહિ લગઇ વિગ્રહ આરમ્ભ.
રીસાવીઉ મૂલગુ પ્રધાન કરી પ્રતિજ્ઞા નીમ્યૂં ધાન;
'ગૂજરાતિનૂં ભોજન કરૂં જુ તુરકાણૂં આણૂં અરૂહૂં'
× × × ×
પહિલૂં જઇ મિલીઉ દીવાણ; સાચી વાત સુણી સુરતાણિ,
અલાવદ્દીન વડુ સુરતાણ ધણિ દેસિ વરતાવી આણ.
ધરી ભેટિ ઘોડાની લાસ મીર ગિબરે કરી અરદાસ :
'વડુ મુકદ્દમ માધવ નામ પાતસાહનિ કરિ સલામ.'
× × × માધવ બમ્ભ કરઇ ફરીઆદિ :
× × × × × × ×
પહિલુ રાઇ હૂં અવગણિઉ; માહરુ બન્ધવ કેસવ હણિઉ.
તસ ઘરણી ઘરિ રાખી રાઇ, એવડુ રોસ ન સહિણુ જાઇ.
ગૂજરાતિસ્યૂં માંડિસિ કલહુ, માહારઇ સાથિ કટક મોકલઉ."[૧]

અલાઉદ્દીને અલફખાનને મોકલી ગૂજરાત ઉપર ચડાઇ કરાવી. માધવના બતાવ્યા પ્રમાણે તેણે ગૂજરાત આવતાં મોડાસાના ખતડને હરાવી માર્યો, અને ગામેગામ લૂંટ ચલાવી કાહાનમ અને ચિડોત્તરને પાયમાલ કર્યાં. પાટણ નજીક આવતાં માધવે કર્ણને નાસી જવાનું કહેતાં તે નાસી છૂટયો અને પાટણની એવી દશા કરી નાખવામાં આવી કે—

"જેણિ ઠામિ હૂતૂં દેહરાસર બાંગ દીઇ સેલાર."[૨]

આગળ ચાલતાં ગૂજરાત અને કાઠિયાવાડનાં ઘણાં શહેરો ભાંગી છેક સોમનાથ જઈ મંદિર ભાંગ્યું; જ્યાં બીજા દિવસની લડાઈમાં માધવ ખપી ગયો, અંતે સોમનાથની મૂર્તિ કબજામાં લઈ દિલ્હી લઇ જવા 'તિહાં કેરિસિઉં ચૂનઉં' નો મનોરથ કર્યો; પણ માર્ગમાં

૧. કાન્હડદેપ્રબંધ, પૃ. ૨–૩–૪ ૨. એજન. પૃ. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઝાલોરના સોનગિરા કાન્હડદેના પ્રદેશમાંથી લશ્કરને જવાનું થતાં કાન્હડદેએ અલફખાનને અટકાવ્યો અને ભારે લડાઇ પછી—

"સોમનાથ મૂકાવ્યુ રાઉલિ પછઇ પખાલિઆ લોહ."[1]

કવિ કહે છે કે એક મૂર્તિની પાંચ મૂર્તિ કરી, સોરઠ, વાગડ, આબુ, ઝાલોર અને દેલવાડામાં મોકલાવી, ન હતાં ત્યાં મંદિર કર્યાં. આ પછી પદ્મનાભે અલાઉદ્દીન અને કાન્હડદે વચ્ચે થયેલી ખૂનખાર લડાઇનું રસમય વર્ણન આપ્યું છે. ગૂજરાતી ભાષામાં "સમરારાસુ" અને "રણમલ્લ છંદ" પછી આ ત્રીજું ઐતિહાસિક કાવ્ય છે. એમાં એનાં અતિશયોક્તિ ભરેલાં કવિપ્રતિભોત્થ વર્ણનો આવે છે, છતાં સામાજિક, ધાર્મિક, રાજકીય, તેમ જ રીતરિવાજ વગેરે ઉપયોગી વસ્તુઓ મારી નથી ગઈ, એ કવિની વિશિષ્ટતા છે. કવિએ કેટલાંક વર્ણનો બહુ સુંદર આપ્યાં છે, સ્ત્રીઓનાં આભૂષણોનાં વર્ણન, નગરરચનાનાં વર્ણન, લશ્કરનાં અંગોની સજાવટ અને કૂચનાં વર્ણન રોચક છે. એણે વાણીના અલંકારોનો પણ અત્રતત્ર સરળ પ્રયોગ અજમાવ્યો છે.

પદ્મનાભે આ કાવ્યમાં એક ઉપયોગી કાર્ય કર્યું છે, તે તત્કાલીન ભૂગોળ સાંચવી છે, તે સાથે ગૂજરાતી ભાષામાં તેણે અરબી અને ફારસી શબ્દો રણમલ્લછંદકાર શ્રીધરની જેમ કુશલતાથી વણી લીધા છે, તે. પદ્મનાભના સમયમાં, સમઝાય છે કે વીરરસોચિત કાવ્યોમાં મોટે ભાગે મુસ્લિમો સાથે જ સામનો કરવાના પ્રસંગો આપવામાં આવ્યા હોવાથી અને અલ્લાઉદ્દીનના જ સમયથી મુસ્લિમોનો સંપર્ક તલપદા વિદ્વાનોમાં સારી રીતે થઈ ચૂકયો હોવાથી એ શબ્દોનો પ્રયોગ સર્વસાધારણ થઈ ગયો હશે. રણમલ્લ છંદમાં વપરાયેલા લગભગ બધા શબ્દો પદ્મનાભે પ્રયુક્ત કર્યા છે. એક ધ્યાન કવિએ રાખ્યું છે, તે એ છે કે ભાષાને તેણે રણમલ્લ છંદની ભાષા જેવી ચારણી ભાષાની છાંટવાળી ભાષામાંથી બચાવી લીધી છે. આમ મધ્યકાલીન ગૂજરાતીપણું અણીશુદ્ધ તેણે ઝાળવ્યું છે.

---

૧. એજન, ૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિએ આ ઉપરાંત બીજી કોઇ કૃતિ રચી છે કે નહિ તે જાણવામાં નથી, પણ આ જ કાવ્યમાં તેણે ગદ્યમાં પટ્ટાઉલી આપી છે, તે ધ્યાન ખેંચે છે. બેશક માણિક્યચંદ્રસૂરિના "પૃથ્વીચંદ્રચરિત" (લિ. સં. ૧૪૭૧)ની ભાષા જેવી આલંકારિક પ્રૌઢિ નથી, તેમ છતાં એ ગદ્ય ગમે નહિ તેવું નથી જ. એક જ નમૂનો જુઓ:

"શ્રીનગર જાલહુરની રચના. ગઢમઢમંદિર પોલિ પગાર. અટ્ટાલિઆં માલિઆં. ટોડલિ ત્રિકલસાં. ગગનચુંબિત કોશીસાં. સાત ખવણાં ધવલગૃહ. રમ્ય પ્રદેશ. સૂકડીયા ગવાખ. મલયાગિરિ જાલી. કૃષ્ણાગરી થાંભલી. મણિબંધ કાચબંધ ભૂમિ. ઉરાઉરી વલભી. પગથીઆ ચૂક ચૂનાલૂઆ. શતભૂમિકા સહસ્ર-ભૂમિકા સભાની રચના. સિંહાસન પરઠુ છઇ. મહારાજાધિરાજ કાન્હડદે સભા પૂરી બઇઠુ છઇ. પરિયચિ ઢલી છઇ. સોરંભના સોડ આવર્યા છઇ. સભા માંહિ સેરી મેલ્હાણિ છઇ. જાઇ, વેલ, વાલુ, કંદ, મચકંદ, દમણુ, મરુઉ, પાડલના પરિમલ. પંચવર્ણ પુષ્પજાતિના પ્રકર પાથર્યા છઇ. ગુલાલના ગંધરાગ ગહિગહ્યા છઇ. પડચાં કપૂર પગિ ચાંપિય છઇ. ઘોડા વિહાલઇ ઘાલા છઇ. હાથીયાની સારસી આગલિ કાનિં પડિઉં કાંઈ નથી સાંભલીતૂં. પીતલહરના માદલનો ધોંકાર વાજિ છઇ. નૃત્યકી નૃત્ય કરી છઇ. તત વિતત આનદ્ધ ઘન શુષિર પંચશબ્દ વાજિત્ર વાજઇ છઇ. પંચવર્ણ છત્ર ધરિયાં છઇ. ચામર વ્યજન બિહુ પાસિ હુઇ છઇ. અમાત્યમંડલ. પ્રધાન, સામન્ત, મણ્ડલિક, શ્રીગરણા, વયગરણા, મુકુટવર્દ્ધન, અઙ્ગલેહ, મસાહણી, ટાવરી, બારહીયા એવંવધિ પુરુષિ બઇઠુ છઇ."[1]

કચેરીનું વર્ણન આપતાં અપેક્ષિત સર્વ પદાર્થ એણે આપ્યા છે, જેનો ક્રમ મનોહર રીતે કવિએ આપ્યો છે. કાવ્યમાં પણ આ તત્ત્વ તેણે અણીશુદ્ધ સાચવ્યું છે. વીરરસોચિત ઔચિત્યનું તેણે યથાશક્ય પાલન કર્યું છે, જે અન્યાન્ય વર્ણનોમાંથી આપણને સ્પષ્ટ થાય છે. આમ મધ્યકાલીન ગૂજરાતી ભાષાના ખેડાતા યુગમાં એક જૈનેતર, એક ખંડકાવ્ય, કાવ્ય કહી શકાય તેવા પ્રકારનું આપી ભાષાને સમૃદ્ધ કરવામાં સફળતા મેળવે છે; એવા આ કવિના વિષયમાં તે ઝાલોરમાં રહેતો હશે, એ સિવાય બીજી માહિતી આપણે મેળવી શકતા નથી.

---

૧ એજન પૃ. ૧૧૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચરિતસામગ્રી :

૧. ત્રીજી ગૂજરાતી સાહિત્ય પરિષદનો રીપોર્ટ
૨. કાન્હડદે પ્રબંધ—શ્રી. ડા. પી. દેરાસરી સંપાદિત
૩. „ „ (શાળાપત્ર, ૧૮૭૭-૭૮)
૪. Guj. & its Lit. by K. M. Munshi.
૫. ગૂજ. ભાષા. માર્ગ. સ્તંભો દી. બા. કૃ. મો. ઝવેરી

વીરસિંહ

[વિ. સં. ૧૫૨૦ લગભગમાં હયાત]

"કાન્હડદેપ્રબંધ" ન મળ્યો હોત તો પદ્મનાભના અસ્તિત્વ વિશે આપણે કશું જાણી ન શક્યા હોત, તેવી જ રીતે "ઉષાહરણ" ન મળ્યું હોત તો વીરસિંહ થયો છે કે નહિ, તેની કલ્પના પણ આપણને આવી ન હોત. શ્રી. ભોગીલાલ જ. સાંડેસરાએ સં. ૧૫૬૯ની એક જૂની હાથપ્રત ઉપરથી સંપાદન કરી "ઉષાહરણ" પ્રસિદ્ધ કરીને એક સારા કવિની કૃતિ જનતા સમક્ષ મૂકી, એ કવિની શક્તિનો પરિચય આપ્યો છે. અત્યાર સુધીમાં રચાયેલાં "ઉષાહરણો"માં આ ઉષાહરણ અત્યારે તો સૌથી જૂનું છે. ૧૦૦૦ પંક્તિનું આ કાવ્ય "કાન્હડદેપ્રબંધ"ની અદલોઅદલ ધાટી ઉપર રચાયેલું છે. ચૂપઇ, દોહા અને ગીતોનો પ્રયોગ, તેમ જ કાવ્યાંતે ગદ્યનો પ્રયોગ સામાન્ય છે. આ ઉપરાંત કવિએ થોડા માત્રામેળ છંદો પ્રયુક્ત કર્યા છે, એટલો આગળ વધ્યો છે.

વીરસિંહ કોણ હતો ? ચારેક સ્થળે તે પોતાના નામનો ઉલ્લેખ કરે છે, જ્યાં તે "વરસંગ" નામ આપીને જ સંતોષ લે છે; પોતા વિશે બીજી કશી હકીકત નથી આપતો.

પુરાણોમાંથી વસ્તુ લઇને કાવ્યો લખનારા જૈનેતર કવિઓમાં આ પૂર્વે નરસિંહ એક જ જાણવામાં આવ્યો છે કે જેણે સુદામાચરિત્ર, રાસસહસ્રપદી, કૃષ્ણજન્મસમેનાં પદો અને ગોવિંદગમન જેવાં સુંદર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાવ્યો આપ્યાં છે. નરસિંહના વૃદ્ધમાન્ય જીવનકાળમાં જ થયેલો આ બીજો કવિ છે કે જેણે હરિવંશ અને ભાગવત પુરાણની કથાવસ્તુને લઇ "ઉષાહરણ" (વસ્તુતઃ તો અનિરુદ્ધહરણ) લખવાનો એક સફળ પ્રયત્ન કર્યો છે. આપણને પછીનાં મોટા ભાગનાં કાવ્યોમાં જેમ માત્ર પદ્યબંધ સિવાય ખાસ કરામત નથી જોવામાં આવતી તેવું વીરસિંહની કૃતિમાં નથી. એ કાવ્યને "કાવ્ય" તરીકે આપવામાં સાવચેત રહે છે, જેને પરિણામે શૃંગાર અને વીરરસનો એક સારો નમૂનો આપતું કાવ્ય રજૂ કરે છે. પાર્વતી અને દીપકની હોડ મૂકી કવિએ દીવામાં "શગ" કેમ થાય છે, તેની કાલ્પનિક વસ્તુ નીચે મુજબ બતાવી છે, તેમાં તેની પ્રતિભા સાથે નરસિંહના જેવો પદબંધ, એ બે વસ્તુ મળી આવે છે:

કેદારુ

"સર્વ શૃંગાર કરી પહિરીનઇ ચોલી ચલણભરિ થૈ ચંડી.
દીઠડી વેણિ સરિસડી વિસહર ઝલમિલી દીવડિ મંડી.
નિશિ મન્દિર માહિ સેજ સખી અવસરિ અંતરિ થૈ કવિમતિ જોઇ.
દાક્ષાયણી દેવી અનઇ દીવડા દોઇ જણાં સિઉં વાદ હોઇ-ધ્રુપદ
માથા ઊપરિ મણિ ઝલકંતી કલાવનઇ તિ કાલ,
હેમરાખડી રતન બઇઠાં એ શામા સિરિ વાલ—નિશિ૦
દીશિ વચણ રાતડી રસના, ઊપરિ પંડુર નેત્ર,
સહિથિઇ સીંદૂર ભરીનિ હંસ મોતી લગ શેત્ર—નિશિ૦
વાંસઇ અહિ દીસતુ દીરઘ સાંહાતુ પૂછ સરેહિ.
ખાંતિ કરી ગુંથુ ક્ષામોદરિ વેણિ-ગોફણુ એહ—નિશિ૦
સાહી વીણિ સકતિ ઇમ બોલઇ, જુ હુઇ વલગતિ નાગ,
તુ યોગિની જાણ જાલવી નિતિ હરકંઠિ વિલાગ—નિશિ૦
છાંડી વીણિ વાલ કિયા મુક્તા; અમચા એ પરિ કીધી.
વરસંગ ભણઇ : પ્રતીતિ ઊપની તુ દીવડિ શગ દીધી—નિશિ૦"

કવિએ ગૌરીપૂજનનો પૌરાણિક કર્મકાંડની પદ્ધતિમાં દેખાતો અને સાથે પોતાના સમયમાં પ્રચલિત એવો ક્રમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારા સ્વરૂપમાં ચીતર્યો છે; કેટલીક સામાજિક વિધિઓ પણ આપી છે. એ જ રીતે ચિત્રપદ્ધતિનો પણ ઠીકઠીક પરિચય આપ્યો છે. આપણને "કાન્હડદેપ્રબંધ"માં મળે છે તેવાં નગર, ગઢ, સેના, યુદ્ધ એ વગેરેનાં પણ આકર્ષક વર્ણનો કવિએ આપ્યાં છે. મુખ્યત્વે એ માટે તેણે દૂહા અને ચૂપઈબંધ પસંદ કરેલ છે. આમ છતાં ભુજંગપ્રયાત, વસ્તુ, ગાથા, પદ્ધડી, સારસી એ છંદો લીધા છે. ઉપરાંત "કાન્હડદેપ્રબંધ"માં આવતા પવાડાબંધ જેવી ચુપઈ-દાવટીબંધ (અહીં સવૈયાની રાહ)ની થોડા પ્રમાણમાં આપી છે. ખાસ ધ્યાન ખેંચે છે, તે જુદા જુદા ઢાળમાં આપેલી દેશીઓનાં ગીતો છે. પદ્મનાભે પદને અંતે પોતાનું નામ નથી આપ્યું, જ્યારે ક્યાંક ક્યાંક વીરસિંહે છાપ આપી છે, જે ઉપરના "કેદારુ"ના એક પદમાં આપ્યું છે, જે પદ સવૈયાની ચોપાઇ-દાવટીના બંધમાં છે. સૌથી પ્રથમ જે પદ ૮૨મી લીટી પછી આવે છે, તે દોહાબંધનું છે:

ધવલ ધન્યાસી

"સીસીઠ઼ શંકર તુહ નમિ રે, નમિઅ નહી દિનરાતિ,
લેખૂં લાગૂં નાલીયરે, પડિઅ તિ ફણાગર પત્તિ,
સાંભલિ શિવ દેવા, બાણાસર બોલિ, દેવ નહી તહ્મ તોલિ.–સાંભલિ."[1]

કવિએ ચાલુ દૂહા–બંધ ઉપર પણ કેટલેક ઠેકાણે રાગનાં નામ લખ્યાં છે, જે એ એ રાગમાં ગાવા ઉદ્દિષ્ટ હશે. આમ કવિએ જે વૈવિધ્ય સ્વીકાર્યું છે, તેમાં તેને જૈન પ્રબંધોની પણ અસર થઇ સ્પષ્ટ છે. એને "કાન્હડદેપ્રબંધ" તો જોયો દીસે છે, કેમકે કેટલાંક વર્ણનો બંનેમાં મળતાં આવે છે. "કાન્હડદેપ્રબંધ"નું પ્રાથમ્ય છે, એ સ્પષ્ટ છે; કેમકે વીરસિંહ વૈવિધ્ય વધુ આપે છે. આ વૈવિધ્ય અનુસરતાં દેશીનો એક નવો પ્રયોગ તેણે આપ્યો છે. રુકિમણી કૃષ્ણ પ્રતિ વીનતી કરે છે, તે પ્રસંગમાં:

---

૧. ઉષાહરણ, ૫, ૨૮૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધુઓ રાગ દેશાખ

"ઇમ બોલઇ રુખિમિણી જોડી એ હાથ એ
નાથ ન ચેતુ એ અહ્મતણોઇ, દૂરિ દાવાનલ દેખું એ દેવ એ.
જલ હું એ પાઇતલિ પેખું નહી એ,
પેખું નહી પર ન્યાતિ સખિ પડચા ઘર અનુધ્યાન,
સુણિ વીનતિ અમ્હ હેવ હું બ્રહ્મ મંડણ દેવ એ.
હું સૃષ્ટિ સવિ આધાર, જનન જાણ આસાર,
પહિરિયાં પીલાં ચીર, નવિ લાજ આણિ આહીર.
સખિ સમુક યાદવ, પછિ સુત સાહૂં લાવ,
વર ચાહતાં ખટમાસ વલી આજ પુહતી આસ.
વલી આજ પુહતી આસ સ્વામી પ્રી પરજાચ્યાં પ્રિથિવીણી;
સાર કરિ ન સ્વામી શ્રીરંગધરા ઇમ બોલઇ રાણી રિખિમણી."૧

આ ઢાળ આ પૂર્વે હજી જાણવામાં આવ્યો નથી. એટલી વીરસિંહ નવીનતા આપે છે, જેનું અનુસરણ આપણને જનાર્દનના ઉષાહરણમાં મળે છે.[૨] જનાર્દને કેટલાક વધુ સારા દેશીબંધ આપ્યા છે; એ જેમ દેશીનો વિકાસ આપે છે, તે પ્રમાણે વીરસિંહનું પુરોગામિત્વ પણ બતાવે છે. કાન્હડદેપ્રબંધમાં અપાયેલી "ભટાઉલી" જેવું વર્ણન ગદ્ય–કટાવ–માં વીરસિંહે નીચે મુજબ આપ્યું છે; એ વધુ સચોટ જણાય છે, કેમકે આમાં તો કવિએ થોડેથોડે શબ્દે પ્રવાહી અનુપ્રાસ પણ આપેલ છે; જેવું કે—

બોલી

"બુહારી અ છંડી અ વાટ, બાંધીઇ પરિયટ પાટ, મંડપિ ઊભી અ શણગારિઈ હાટ, અબલા શરિ ઊઠચા થાટ, હાથિદંતના ત્રાટ, વિપ્ર વેદ ભણઇ, કલ્યાણ ઉચરઇ ભાટ;

"કાન્હજી બાણ મોડી, આવયા અનિરુદ્ધ છોડી, આવય ઉચ્છાહિ ઘણઇં દ્વારકાંપુરિ, એક આવાસ છોડિ.

"પંચવાનાં નીર ડોહિ, ચિત્રામ લિખીઇ ત્રિભોવન મોહિ, દેવદીપક ઓહિ, ધીઇસું ઊબર ઢોહિ, તોરણ તણાં સહકાર સોહિ;

---

૧. એજન, પૃ. ૩૧૦

૨. પ્રા. ગુ. કા. (સ્વ. દી. બ. ધ્રુવ), પૃ. ૭૭–કડવૂં ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"એક કરિ ભરી કુંભ, માહિ વાસત અંભ, ભણી અ ભૂષણ દીઇ હરિ વાલિંભ, કેલિ આંગલિ થંભ, આગલિ ઊભી અ રંભ, ઉછંગિ કરી એ લીધઉ આપણુ ડંસ;

"આઠામઇ અવતારિ, કંસ માલાખાડિ મારી, બલિ તણુ બાણ મનાવય હારિ, યાદવવંશ વધારિ, સોલ સહસ્ર નારી, વરસિંગ ભણઇ દ્વાપર યુગ મઝારિ."[1]

આ પદ્ધતિનો વિકાસ પદ્મનાભ અને જનાર્દન વચ્ચેનો વીરસિંહનો સમય બતાવે છે, એટલે શ્રી ભોગીલાલ સાંડેસરાએ સં. ૧૫૨૦–૨૫[2] લગભગનો સમય વીરસિંહનો આપ્યો છે, તે ઠીક જણાય છે.

વીરસિંહે એક ઉપયોગી વસ્તુ કાવ્યમાં આપી છે તે છત્રીસ-કુલ ક્ષત્રિયોનાં નામ. કવિ પોતે જ કદાચિત્ ક્ષત્રિય હોવો જોઇએ, એ તો આમાં કારણ નહિ હોય? નામ ઉપરથી એ ક્ષત્રિય હોવો શકય છે. બેશક કવિપ્રતિભા પાસે કાંઇ નડતરરૂપ નથી હોતું, એટલે હરકોઇ પ્રકારનાં વર્ણન આપવા માત્રથી જ્ઞાતિ ન પકડી શકાય. એ કોઇ ચારણ કે ભાટ નથી, એ તો ચોક્કસ થઇ શકે છેઃ કેમકે એની ભાષા મધ્યકાલીન ગૂજરાતીની રજી ભૂમિકામાં સાંગોપાંગ છે, એમાં ચારણી સંસ્કારોની અસર નથી જણાતી.

આ કવિના વિષયમાં કશી માહિતી મળતી નથી, કે કોઇ બીજી કૃતિ પણ મળતી નથી; એટલે તેના ચરિતના વિષયમાં વિશેષ કશું નથી કહી શકાતું. તેના કાવ્ય ઉપરથી માત્ર તેનો સંસ્કૃત ભાષા અને તત્કાલીન પ્રૌઢ ભાષાનો પરિચય, એટલી જ વસ્તુ પકડી શકાય છે. એના કાવ્યની નકલ પાટણમાંથી મળી હોવાથી, અને તે એક જૈન સાધુએ કરેલી હોવાથી પાટણના પ્રદેશમાં જ એ કયાંક થયો હશે. અથવા પદ્મનાભનું કાવ્ય જોયું જણાતું હોવાથી મારવાડમાં નિકટમાં જ એ કયાંક થયો હશે. ધાર્મિક વિષયમાં એ સમભાવી જણાય છે; બેશક જૈનધર્મની તેના ઉપર અસર થયેલી જોવામાં આવતી નથી.

ચરિતસામગ્રીઃ—

૧. ઉષાહરણ: સં. શ્રી ભોગીલાલ જ. સાંડેસરા (શ્રી ફાર્બસ ત્રૈમાસિક–૧૯૩૮)

---

૧. ઉષાહરણ પૃ. ૩૧૮ ૨. એજન, ઉપોદ્‌ઘાત, પૃ. ૨૪૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્મણ મંત્રી

[સાં. ૧૫૨૬ માં હયાત]

" **પંદરમા** શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય "માં છપાયેલા ૪૯૫ કડીના 'સીતાહરણ' કિંવા 'રામાયણ' કે 'રામકથા'ના કર્તા કર્મણ મંત્રીના સંબંધમાં કાવ્યમાંથી વિશેષ કાંઇપણ હકીકત મળતી નથી. એ કાવ્ય તેણે સાં. ૧૫૨૬માં રચ્યાનો આરભમાં ઉલ્લેખ કર્યો છે:

"સંવત પંનર છવ્વીસઇ સીતાહરણ વિચાર,
કર જોડી કર્મણ તવઇ અહ્મહ ગિરા આધાર[૧]."

તેણે પોતાના એક માત્ર આ કાવ્યમાં પોતાને માટે મંત્રી વિશેષણ મૂક્યું છે. પણ એ મંત્રી ક્યાંનો? સાં. ૧૫૧૨માં પશ્ચિમ મારવાડમાં આવેલો ઝાલોરમાં રચાયેલા વીસનગરા નાગર કવિ પદ્મનાભના રચેલા "કાન્હડદે પ્રબંધ"માંની કેટલીક પંક્તિઓ "સીતાહરણ"ની કેટલીક પંક્તિઓ સાથે મળતાપણું ધરાવતી હોવાથી તેમ જ કેટલાક પ્રસંગો એક સરખા વર્ણિત હોવાથી એ બંને કવિઓ વચ્ચે નિકટતા હોવાનો અભિપ્રાય સ્વીકારવામાં આવે છે.[૨] અને તેથી એ કદાચ એક જ ગામના વતની હોય તો કર્મણ મંત્રી ઝાલોરના ઠાકોરનો મંત્રી હોઇ શકે. એ જ્ઞાતિએ વણિક હોવાની માન્યતા છે.[૩] એ થોડું સંસ્કૃત જાણે છે, એ કાવ્યમાં આપેલા સંસ્કૃત શ્લોકોથી અટકળી શકાય.

કવિ તરીકે કર્મણ કોઇ વિશેષતા ધરાવતો નથી. તેણે 'સીતાહરણ'માં પવાડા (ચાલુ સવૈયાની દેશી) ઉપરાંત દોહા, ચોપાઈ, છપ્પય, એ ત્રણ માત્રામેળ છંદ પ્રયોજ્યા છે, જેમાં છપ્પય માત્ર એક જ વાર આવે છે. ૪૯૫ કડીના લાંબા કાવ્યમાં તેણે ૧ 'સપન-

---

૧. આ કાવ્યની એક પ્રત દી. બ. કે. હ. ધ્રુવના સંગ્રહમાં છે.

૨. પ્રા. ગુ. કા., દી. બ. કે. હ. ધ્રુવ સંપાદિત, પ્રસ્તા. પૃ. ૧૭

3. K. M. Munshi, Guj. & its Lit., p. 123

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત' અને ૫ "ધૂલ" આપ્યાં છે. અમાંનું 'સપનગીત' સવૈયાની દેશીમાં છે. એમાં એણે નરસિંહ મહેતાની જેમ પોતાના નામની છાપ આપી છે; તે ઉપયોગી જણાય છે. નરસિંહ મહેતામાં આવાં ઘણાં પદો મળે છે જ. કર્મણનું:

રાગ—ભૂપાલી

"એહ જ અચરજ સહી ! આ ભણૂં બોલઇ ત્રિજટા બહિન,
'રામ લક્ષ્મણ બિહૂં જાણૂં લઙ્કા આવ્યા વાનર સેનિ;
મઈ લાધૂં સપનૂં, સખી !— ધ્રુવપદ
બાંધી પાજ નીરિ તિહાં નિશ્ચલઃ સાથિ હનમત્ત બીંછ.
વિકટરૂપ દીસઇ વાનરા; રૌદ્ર ઘણા માંહિ રીંછ. મઇં૦
માતા સીતા ! જાણૂં વાનર ત્રિકૂટિ ગઢિ ચડિયા.
સવા લાખ સુત, રાવણ રાણ, કુંભકર્ણ રણિ પડિયા. મઇં૦
જાણૂં લંક વિભીષણ દીધી, અમર કોડિ તિહાં મિલિયા;
મંત્રી કર્મણચુ સ્વામિ અયોધ્યા રામ સીતા લેઇ વલિયા. મઇં૦"[૧]

પછીનાં જે પાંચ "ધૂલ"=ધોળ છે, તે નરસિંહની "ચાતુરી ષોડશી" જેવાં નાનાં કડવાં છે; ઢાળ અહીં સવૈયાનો છે, જ્યારે નરસિંહમાં હરિગીતનો છે; ભાલણમાં પછી એ ઠીક ઠીક વિકાસ પામે છે.

મંત્રી કર્મણ જો ઝાલરાપાટણ તરફના પ્રદેશનો હોય તો પદ્મનાભ અને વીરસિંહ ઉપરાંત આ એક ત્રીજો કવિ મળે છે કે જે તલ ગૂજરાતનો જ માત્ર ન હોતાં રાજસ્થાનનો પણ હોય. તેની ભાષા દી. બ. કેશવલાલ ધ્રુવે પ્રા. કા.માં આપી છે, તે જોતાં તે મધ્યકાલીન ગૂજરાતીની બીજી ભૂમિકાની છે. આ ભાષા સાહિત્યની ભાષા તરીકે ગૂજરાત ઉપરાંત મારવાડમાં પણ હતી, તેને આનાથી પુષ્ટિ મળે છે. ડૉ. ટેસ્સિટોરી એ સમગ્ર ભાષાને જૂની પશ્ચિમ રાજસ્થાની એવું નામ આપે છે, એ વિધાનને આનાથી પુષ્ટિ મળે; જો કે આમાં

૧. પ્રા. ગુ. કા. પૃ. ૪૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વપરાયેલી ભાષાનો પ્રાંતીય દષ્ટિએ વિચાર કરતાં જે સ્વરૂપ છે તે ગૂજરાતીના[1] સ્વરૂપથી ભિન્ન ન જ ગણી શકાય.

ચરિતસામગ્રી :

૧. પંદરમા શતકનાં પ્રા. ગુ. કાવ્યો, દી. બ. કે. હ. ધ્રુવ સંપાદિત
૨. પાંચમી સાહિત્ય પરિષદના રીપોર્ટમાં છપાયેલો શ્રી. ડાહ્યાભાઇ પી. દેરાસરીનો 'મંત્રી કર્મણનું સીતાહરણ' એ લેખ
૩. Guj. & its Lit. by K. M. Munshi

કેશવદાસ કાયસ્થ

[સાં. ૧૫૨૯ માં હયાત]

શ્રીમદ્‌ભાગવત—દશમ સ્કંધની સંપૂર્ણ કથાને જુદા જુદા રાગ-ઢાળની દેશીઓ, માત્રામેળ છંદો અને અક્ષરમેળ વૃત્તોથી ૪૦ સર્ગમાં સુંદર સ્વરૂપે સૌથી પ્રથમ બાંધનારો કાયસ્થ વાલ્મીક કવિ કેશવદાસ પોતાના તે "શ્રીકૃષ્ણક્રીડાકાવ્ય"ના અંત ભાગમાં પોતાને વિશે જે હકીકત આપે છે, તેનાથી સમઝાય છે કે તે સોરઠમાં આવેલા પ્રભાસપાટણનો વતની હતો અને તેના પિતાનું નામ રદેરામ હતું.[2] તે જણાવે છે કે:

"સોરઠ દેશ સોહામણો, પાવન પુર પ્રભાસ:
શ્રી સોમેશ્વર શારદા, અલિ અંતર કૈલાસ. ૧૧૯
વાલમ જ્ઞાતિ તિહાં વસે કુલ કેરે કાયસ્ત.
તે માંહે રદેરામનો, સેવક સેજે સ્વસ્ત. ૧૨૦

---

૧. દી. બ. ધ્રુવ મહોદયે વાપરેલી હાયપ્રત સાં. ૧૬૦૫માં ઉતારેલી છે. કર્મણની ભાષામાં કોઈ મારવાડીની છાંટ હોય અને લહિયાએ તે ગાળી નાખી હોય તો ૮૦ વર્ષના ગાળામાં એ સંભવિત નથી. (પ્રતની ઉ. સાલ માટે જુઓ એજન, પૃ. ૭૪).

૨. તેની માતાનું નામ "તારાદે" હતું, તેવો ઉલ્લેખ તેણે ૧૫ મા સર્ગમાં "માંહે તારાદેનો સુત કહે એમ કેશવદાસ. ૨૯" એવી રીતે કર્યો છે. (પૃ. ૧૧૪)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેહનો સુત હૂં કેશવદાસ, કરૂં કીર્તન શ્રીકમલાવાસ,
વિનય વીનતી કહૂ કર જોડય, રખે કોય કવિ કાઢો ખોડય. ૧૨૧ ”

[કૃ. લી. કાવ્ય સર્ગ ૪૦ મો]

આ કવિનું આ એક માત્ર કાવ્ય અત્યારે મળે છે, એણે બીજાં કાવ્યો કર્યાં હોય, તેવું ત્યાંથી પ્રાપ્ત થતું નથી. તે ક્યારે થયો એ વિષયમાં આ એક માત્ર ગ્રંથના રચન માત્રથી જાણી શકાય છે. આ ગ્રંથનો રચન–સમય જણાવતાં તે લખે છે કે:

“ તિથિ[૧] સંવત નિધિ દસકા દોય,[૨] સંવત્સર શોભનકૃત હોય,
દક્ષિણાયન શરદ ઋતુ સાર, અશ્વિન શુક્લપક્ષ ગુરુવાર. ૧૧૭
તિથિ દ્વાદશી વલી વૃદ્ધિયોગ, શતતારક ત્રિપ્રહરનો ભોગ:
બાલવ કરણે એ બાંધી કથા, જગદીશ્વરે મતિ પ્રેરી યથા. ૧૧૮ ”

[કૃ. કી. કા. સર્ગ ૪૦ મો]

આમ આ કાવ્ય સાં. ૧૫૨૯માં રચાયું છે. “ નિધિ દસકા દોય ”માં દસકા પૂર્વ તરફ ખેંચતાં ૯૦+૨=૯૨ આવો અર્થ પણ કોઈ કોઈ કરવા લલચાય છે.[૨] પરંતુ वर्णानां वामतो गतिः લેતાં “ નિધિ ” ૯ અને “ દોય દસકા ”=બે દસકા=૨૦ મળી ૨૯ અને ૧૫ અગ્ર ભાગમાં લેતાં ૧૫૨૯ આવી રહે છે. ગણિતની દૃષ્ટિએ પણ આ આષાઢી સંવત હોવાથી[૩] તે દિવસે એટલે સાં. ૧૫૨૯ના આશ્વિન

---

૧. આ કાવ્ય જે પરથી છપાયેલું છે, તે પ્રતિ કચ્છમાં સાં. ૧૭૮૭માં ઉતરાયેલી ફા. ગૂ. સ. ની હાથપ્રતના હાંસિયામાં संवत् १५२९ वर्षे उलध ॥ આવો ઉલ્લેખ મળે છે—પાંચમી ગૂ. સા. પરિષદના અહેવાલમાં છપાયેલા “ કાયસ્થ કવિઓ ” વિશેના શ્રી લીલુભાઈ ચુ. મજમૂદારના નિબંધમાં “संवत् पंदर ओगनत्रीश होय” એવો પાઠ મળે છે. તે ક્યાંથી મેળવેલો છે, તે ત્યાં અપાયું નથી.

૨. શ્રી. રામલાલ ચૂ. મોદીએ “ ગૂજરાતી ”ના સાં. ૧૯૯૧ના અંકમાં આ વિશે વિસ્તારથી ચર્ચા કરી સાં. ૧૫૯૨ સ્થાપવા પ્રયત્ન કર્યો છે.

૩. ગૂજરાત અને કાઠિયાવાડમાં છેક ૧૯ મી સદી સુધી આષાઢથી વિક્રમ-સંવત્સર બદલાયેલો સ્વીકારાતો અને તે જ રીતે પ્રચલિત હતો. અનેક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુદિ ૧૨ ને દિવસે બરાબર ગુરુવાર આવી રહે છે. એ જોતાં શંકા કરવા ખાસ કાંઈ કારણ નથી.

કવિ કેશવદાસે માત્ર ભાગવત નહિ પણ, વિષ્ણુપુરાણ, હરિવંશ, કૃષ્ણજન્મખંડ, ગર્ગસંહિતા, બ્રહ્મવૈવર્ત, ગીતગોવિંદ વગેરે ગ્રંથોનો સારી રીતે આશ્રય લઈને "કૃષ્ણક્રીડાકાવ્ય" રચ્યું છે. ભાગવતમાં રાધા સાથેનો પ્રસંગ કે રાધાનું નામ સુદ્ધાં નથી મળતાં ત્યારે કેશવદાસે રાધા–કૃષ્ણના પ્રસંગ સ્ફુટ રીતે આપ્યા છે.

કેશવદાસ સંસ્કૃત ભાષાનો સારો જાણકાર હતો, એટલું જ નહિ પણ રચના કરી જાણતો. આ હકીકત તેના શબ્દોમાંથી મળે છે:

"સત્તાવન શ્રી ભાગવત રૂપક છે ત્રેવીસ,
સોલ સ્વયંકૃત સંસ્કૃત, જમલી કથા જગદીશ. ૧૨૮"
[સર્ગ ૪૦ મો]

સંમતિ કારણે તેણે પોતાના કાવ્યમાં ભાગવતમાંથી શ્લોકો ઉતાર્યા છે. તે ૫૭ નો આંક ઉપર નિર્દેશે છે. જો કે અત્યારે ભાગવતના ૬૩[1] જેટલા તેવા શ્લોકો મળે છે. તેના સ્વયંકૃત શ્લોકો ૧૬ હોવાનું તે લખે છે. પ્રથમ સર્ગના આરંભમાં આઠ અને ૨૧ મા સર્ગના આરંભમાં ૭ (હોવા જોઇએ ૮, કેમકે પ્રથમ સર્ગની જેમ જ આરંભમાં ૮ શ્લોક હોવાનું તેણે કહ્યું છે, તે) આપ્યા છે.[2] ઘટતો

તિથિઓનાં ગણિત કરી જોવાથી આ વિશે ખાતરી કરી શકાય છે. વિશેષ માટે જુઓ મહાભારત, ગ્રંથ ૧ લો. (પદબંધ)નો ઉપોદ્ઘાત, વિષ્ણુદાસનાં કાવ્યો વિશેનો.

૧. "પ્રથમ શ્લોક આઠે કરી કીધો કૃષ્ણ પ્રણામ." [સર્ગ ૧ લો, ૧]
અને "શુભ શ્લોક આઠચેં કરી કીધો કૃષ્ણ પ્રણામ." [સર્ગ ૨૧ મો, ૧]

૨. આમ ભાગવતના ૬ શ્લોક વધારે ઘૂસી ગયા છે. અને એવી રીતે ઘૂસી ગયેલા શ્લોકો જુદા પડી પણ આવે છે; કેમકે જ્યાં જ્યાં તે શ્લોકો ઉદ્ધૃત કરે છે, ત્યાં ત્યાં પ્રથમ તેનો અનુવાદ આપે છે, અથવા અમુક શ્લોકો આ અહીં સ્તુતિ તરીકે રજૂ થાય છે, તેવો નિર્દેશ કરે છે, આવો નિર્દેશ નથી, તેવા ૧=૫૬, ૧૦૧, ૧૧૧; ૨–૬ઠ્ઠો; ૬–૯મો, અને ૨૦ મો; આ છ તદ્દન વધારાના કાઢી નાખતાં ૫૭ બરાબર આવી રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક ઉમેરતાં તે ૧૬ થાય છે. આ બે સ્તોત્રોમાંનું પ્રથમનું સ્તોત્ર શ્રીવલ્લભાચાર્યજીની અને કેટલાકને મતે તેમના વંશજ શ્રી હરિરાયજીની કૃતિ છે; પણ તે માટે કોઇ સદ્ધર પુરાવો નથી મળતો. ઊલટું કવિ પોતે આઠ આઠ શ્લોકથી પ્રણામ કરતો હોવાથી એ તેની જ કૃતિ હોવાનો પૂરો સંભવ છે. અને એ કેશવદાસની પણ પૂર્વેનાં જૂનાં સ્તોત્રો હશે, એમ શા માટે માનવા જવું?

બીજા સ્તોત્ર માટે તો ઝઘડો નથી. પહેલા સ્તોત્રનો ઝઘડો પતાવવો સરલ એ માટે છે કે એ સ્તોત્ર શ્રીવલ્લભાચાર્યજીનું નથી. શ્રીવલ્લભાચાર્યજીના દરેક ગ્રંથ પર પછીના વિદ્વાન ગોસ્વામીઓની ટીકાઓ મળે છે, જ્યારે આ સ્તોત્ર પર નથી જ. શ્રીહરિરાયજીનું એ સ્તોત્ર નથી, એમાં પુરાવો એ કે મોટો ભાગ તેને શ્રીવલ્લભાચાર્યજીનું માને છે. શ્રીવલ્લભાચાર્યજીનું ન હોવાનું કારણ ઉપર મોજૂદ છે; અને કાવ્યમાં જ વણી લીધેલું હોવાથી ૨ જા જેમ જ ૧ લું સ્તોત્ર પણ કેશવદાસનું હોઇ શકે જ છે.

તેના કાવ્યમાં અત્યારે ૧૦૮ શ્લોકો છે, તેમાંથી ૫૭+૬=૬૩ ભાગવતના, ૧૬ આ બે સ્તોત્રના મળી ૭૯ બાદ જતાં બાકી ૨૯ રહે છે. તેમાંથી ૨૩ રૂપકના નિર્દેશે આપેલા બાદ જતાં બાકી ૬ શ્લોક વધે છે. ૧ લા સર્ગમાંનો ૧૮ મો અને ૧૯ મા સર્ગમાંનો ૨૮ મો એવા શ્લોકો છે કે જેનો ઉપર નીચે મેળ નથી. એ દૂર થતાં ૧૦૨ શ્લોકો રહે. ૬ કયા કાઢવા તે વિચારણીય છે.

આ જોતાં તે સંસ્કૃત કાવ્ય લખે તો તેમાં આશ્ચર્ય નથી. એ ઉપરાંત તેનું સંસ્કૃતનું બહોળું જ્ઞાન શિષ્ટ તત્કાલીન ગુર્જર ભાષામાં સુશ્લિષ્ટ કાવ્યબંધ આપે છે, તેનાથીએ પૂરવાર થાય છે. આ ઉપરાંત તેનું વ્રજભાષાનું જ્ઞાન પણ સારું છે, તે તેણે કાવ્યમાં અમુક પ્રસંગોના પ્રસંગો વ્રજભાષામાં આપ્યા છે, તેનાથી સમઝાય છે. તે કાળમાં કવિઓ વ્રજભાષાનું જ્ઞાન ધરાવતા, તે ભાલણના દશમ સ્કંધમાં ભાલણની જ છાપવાળાં ૫ પદોથી સમઝાય છે; ભાલણ કરતાં પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વધુ પ્રમાણમાં ભાલણની પૂર્વે કેશવદાસે વ્રજભાષામાં કેટલાંક સુંદર પદો આપ્યાં છેઃ—

"મત કહો માત રીસાની, બોલે યહ અપરાધ હમારો;
ઘરમેં રહે સદા ગુનસાગર, કોમલ કુંવર તહ્યારો.
સબ હી સખી તુહ્યારી પૂર્વે, હમ અહિરી અજાની;
બડે સે હોતી એસી બાત ન કીજે, ન રુચેં નંદકી રાની. ૬૩"

[સર્ગ ૧૪ મો]

ખુદ તેની છાપવાળો ત્રોટકઃ—

"બનિતા બીડા છાંડચ હિ બોલે, હર્ષે માત હસાવે;
મિંદર કાજ કરે નહી કેસે, મિસ કર માનની આવે.
કેશોદાસ કહે ધન્ય ગોપી, ધન્ય સુખ સહે નીડા;
ચરણ્યકી રેણુ ચતુર્મુખ બંછે, યહ બિધ અનુદિન ક્રીડા. ૬૪"

[સર્ગ ૧૪ મો]

વ્રજભાષામાં રચેલાં પદોથી તેને કેટલાક શ્રીવલ્લભાચાર્યજી પછી અને શ્રીવિઠ્ઠલનાથજીના સમયમાં મૂકવા ચાહે છે અને એમ કહેવા માગે છે કે તેના પર પુષ્ટિમાર્ગીય અષ્ટસખાઓમાં કાવ્યોની અસર છે.[1] પરંતુ એ અસર હોય તો એવા વિદ્વાન કવિની ભાગવત પરની શ્રીવલ્લભાચાર્યજીની ટીકા તરફ કેમ નજર ન ગઇ હોય ? દશમ સ્કંધ પર શ્રીવલ્લભાચાર્યજીએ અસાધારણ પ્રકાશ નાખ્યો છે. એનાથી તદ્દન સ્વતંત્ર રીતે કેશવદાસે કાવ્ય રચ્યું છે. " जातं जातमहन् पुत्रम्— જણ્યા જણ્યા તે મારે બાલ" એ ૧ લા સર્ગની ૧૧૦ મી કડીમાંનો કેશવદાસનો અર્થ જ અહીં ઉદાહરણ તરીકે લઇયે. કેશવદાસ વસુદેવ-દેવકીને પ્રથમથી પૂરી લઈ કેદમાં જ જન્મ પામેલા પ્રત્યેક બાળકને જન્મતાં જન્મતાં મારી નાખવાનું કહે છે, જ્યારે શ્રીવલ્લભાચાર્યજી ૭ પુત્રનો જન્મ થયા પછી કંસ વસુદેવ-દેવકીને કેદમાં પકડી જન્મેલા પ્રત્યેકને મારી નાખે છે, તેવું કહે છે. એવા જ શ્રીવલ્લભાચાર્યજીએ સ્વીકારેલા કેટલાયે અર્થથી કેશવદાસ જુદો પડે છે. એવા અર્થોમાં

૧. શ્રી રામલાલ ચૂ. મોદીનો આવો મત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેશવદાસનું વલણ શ્રીધર તરફ છે. એથી જ તે શ્રીવલ્લભાચાર્યજીની પૂર્વે થયો હોય, એ જ યોગ્ય છે.

બેશક કેશવદાસ વૈષ્ણવ છે અને કૃષ્ણનો અનન્ય ભક્ત છે, તે તેણે ભક્ત નરસિંહની પદ્ધતિના એક ઝૂલણામાં કાવ્યને અંતે બહુ સુંદર રીતે બતાવ્યું છે:––

"કૃષ્ણની ભક્તિ ને કૃષ્ણને ગાય,
અહર્નિશે કૃષ્ણની વાત કહેવાય,
કૃષ્ણગુણ શ્રવણે સૂણ્યા પછી સંતને,
રંગ ભરચે હૃદયને કાં ન રીઝાય.
કૃષ્ણના ભક્તશૂં સ્નેહ કરવો સદા.
સાધુ સમાગમે સુખ થાય;
અમૃત અનુદિન અનંતના રસ ઉચ્ચરે,
સેવકના મન તણા મલ જાય. ૧૨૫

ઠાકોર કૃષ્ણ ને કૃષ્ણ હિતકર સદા,
કૃષ્ણ વિણ અવર ન દેખૂં દૂજા;
કૃષ્ણ ગુરુ, ગોત્રજ, ઇષ્ટ કૃષ્ણ આપણો,
કરૂં નિરંતર કૃષ્ણ પૂજા,
કૃષ્ણ માય બાપ ને કૃષ્ણ જ માઓલો,
પરમાત્મા કૃષ્ણ પ્રાણધારી,
કૃષ્ણનો દાસ **કેશવદાસ** ઊચરે,
સાંભલે વીનતી એહ મારી. ૧૨૬"

[સર્ગ ૪૦ મો]

નરસિંહ મહેતાના સમયમાં સોરઠમાં વ્યાપેલી કૃષ્ણભક્તિની અસરમાં કેશવદાસ અને ભીમ બંને આવ્યા છે, તેવું આ બંને કવિઓના કાવ્યથી સમઝાય છે. એટલું જ નહિ પણ કેશવદાસે સર્ગબદ્ધ કાવ્ય લખ્યા છતાં વચ્ચે વચ્ચે કેટલાંયે સુંદર પદો જુદી જુદી દેશીઓનાં–કેટલાંએક તો નરસિંહની પદ્ધતિનાં જ અને ભીમે હરિલીલામાં થોડાં પણ તે જ પદ્ધતિનાં આપ્યાં છે. વસ્તુસ્થિતિએ કેશવદાસનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાવ્યબંધ અનેક રીતે મહત્ત્વનો છે. તે વિશે થોડી માહિતી ઉપયોગી થઇ પડશે. તેનો પ્રધાન બંધ પૂર્વછાયો (દોહરા) અને ચોપાઈ છે, જે પદ્ધતિ આપણને "હંસાઉલી"માં મળે છે. "કાન્હડદેપ્રબંધ"માં એ બંને ઉપરાંત સવૈયાની ચાલનો "પવાડો" મળે છે, તે અગાઉ જાણી ચૂકયા છિયે. કેશવદાસે આખા કાવ્યના ૪૦ ભાગ પાડી નાખ્યા છે. આમાં માત્ર ૧૩મો સર્ગ શાર્દૂલવિક્રીડિત વૃત્તમાં લીધો છે, જેમાં 'રાસ-લીલા' નો પ્રસંગ વર્ણવ્યો છે. આ અક્ષરમેળ વૃત્ત આટલું જૂનું ખાસ ધ્યાન ખેંચે છે. એક તો ગૂજરાતી કવિ એનો આટલો સારી રીતે ઉપયોગ કરે છે, સાથે તેવા ઉપયોગને કારણે કવિના સમયની ભાષાના સ્વરૂપબંધનનો સારો ખ્યાલ આપે છેઃ

"પેહ્લું હૂં કરુણા કરૂં ય ઇહનેં, તે પ્રીતિ મૂંશૂં ધરે.
લાધૂં ધન્ન વિછોહ એ જ વિરહેં, એકાગ્ર ચિંત્યા કરે.
છાંડયા વેદ નિ લોકલાજ સઘળી, સોહર્દ મૂંશૂં ધરયો,
તેણે મેં તમનેય હેતજ થકી, પારોક્ષ પેહલૂં કરયૂં."
એવાં કૃષ્ણ અનેક વાકય વદતાં, ગોપી ય તોષી સહુ,
ટાલ્યો તે વિરહાગ્નિ તાપ તનુનો, આનંદ ખેલે બહુ.
માંડયૂં મંડલ રાસ લાલસપણે એકેક ગોપી વિચ્યે,
આપે એક અનેક રૂપ ધરતો, તે તેહ તેહ્ને રુચે.
બાંધી બાહુ પ્રસારિ સાર રસતેં, સ્ત્રીરત્ન સાથેં રમેં.
લાગાં કંઠ કરાગ્ર ઉગ્ર તપ તે હસ્તાંજ હઇયે (=હૈયે) ગમેં.
જોએ જે સુરલોક લોક સઘલા, બેશી વિમાસે બહુ,
તેની નારી (=નારય) અનંત પ્રીત ધરતી, સાથ્યેં જ લાગ્યા સહુ."[1]

આ સર્ગમાં પણ શાર્દૂલ તેના જ છે; છેવટની ૫૯મી કડી જુઓઃ

"સ્વામી ! મેં જ અજાણતે અપઢતે, કીર્તન્ન તારૂં કરયૂં.
તે હૂં કૃષ્ણ કૃપાલ બાલક ભણી, ખાંતે જ કીજે ખરૂં.
યાચે **કેશવદાસ** આશ સબળી જો રાસ કહેં રમો,
તહેં હું અપરાધિયો જ જમલો, મૂં રાખવો તૂં ગમો."[2]

---

૧. કૃષ્ણક્રીડાકાવ્ય, પૃ. ૧૦૧
૨. એજન, પૃ. ૧૦૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અક્ષરમેળ વૃત્તમાં બીજા બે છંદ તેણે "ભુજંગપ્રયાત" અને "તોટક" પ્રયોજેલ છે. કૃષ્ણની ગૃહમાંની ભોજનલીલા આ બે છંદમાં તેણે ગાઇ છે. એ આખું વર્ણન સુંદર છેઃ

ભુજંગપ્રયાત

"ઇકા આવતી ગોપિકા પાતલીએ ઉધા આવતી આઉલી કલ્પ લઇ,
ઇશે દંતધાવા કરી દોષ ટાલે, કપૂરે કરી ક્રોગલા મ્હોં પખાલે.
લઈ હેમની કાંકરી માત મ્હોટી, પછે ઓલતી આપણે હાથ્ય ચોટી.
મહા મર્દનં મોઘરેલે કરાવે, ખલ્યે ખાંડની કૃષ્ણને નેવરાવે,
યમૂનાજળે યૂવતી હેમગોળી ભરી ઉષ્ણ પાનીયમાં તેહ ભેળી.
મળી કામિની કૃષ્ણનૂં દિલ ચોળે, અતિ આનંદે નંદનંદો અંઘોલે,
ભલાં પટ્ટકોલા પરિધાન દીધાં, મધુસૂદને કસ્તુરીબંદ કીધાં,
શરીરે વળી શણગારો ચ સારચા, ચડી પાવડી મંદિરે તે પધારચા.
તિહાં માડિયા પાટ શૂં ઘાટઘાટા, પછે હેમ સિંહાસને રત્ન જોડચાં.
તિ ઊપેર થાલા પ્રવાલા જ કેરા, વચે ચોસઠચે વાટકા ચ્યાર ફેરા.
અરોગે પછે અચ્યુતો, માત પ્રીશે, યશોદા જુએ. તેહને મન્ન હીસે,
લઇ લાડુઆ, ખીરને ખાંડ ખાજાં, ભલે ભાવતે ભોજનાં મોંહભાવ્યાં.
નવૂં ઘી લિઇ ગોપિકા ગાનૂં તાવી, તથા કાપિ ઊતાવલી ચૈઅ લાવી.
કરી પાક નાનાવિધિ શાક ઝાઝાં, પરીશાં જગન્નાથની થાલ માંહાં.
તથા કાપિ આંબારસેં પ્રેમ ઘોળી, ભરી વાટકા હેમના લેઈ આવી.
તથાન્યા કપૂરેં કરી કૂર ભેળી, વળી કસ્તુરિકા રસેં મધ્ય મેલી.

તોટક

કંઇ આયણ અંબ તરૂ(અ)ર તણાં, ફલ કોમલ સુંદર સ્વાદ ઘણાં,
બલ કેશવ બે જણમાંહિ જમે, જુઇ રોહિણી માતને મન્ન ગમે,
હરિ હસ્ત ધૂયા યમુનાનિ જલે, કરી મછ્છણ નિર્મલ નીર ઘણે,
બહુ બાવન ચંદન હાથ ચલે, ભરી ગાલ કપૂર પુંગી તંબુલે."૧

ઉપર નિર્દેશ કર્યો છે કે કેશવદાસે દેશી–બંધનો પ્રયોગ કરતાં કેટલાંક પદો આપ્યાં છે. જનાર્દનના ઉષાહરણમાં આપણને પદોમાં જે જાતની વિવિધતા મળે છે, તેવી વિવિધતા આમાં પણ મળે છેઃ

૧. એજન, પૃ. ૧૦૫–૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત : રાગ—ધનાશ્રી તથા મારુણી

"મલી માનની સઘલી ટોલે, ખાંત્યે હરજી કીધો ખોળે,
નાનડિયો લોચન ચોલે રે૰ ધ્રુવપદ
હરિ ચડયો રે આડે, માત રમાડે, ક્ષામોદરી નાથ ખીજાડે રે.
રડતો રહે દેવ મુરારી! હું તુજ પરચ જાણી વારી,
નહિ આપૂં તુને નારી રે૰ હરિ૰
ધુઘરીયે ધીર ન ધાવે, પ્રેમે બહુ પાનો આવે,
ભૂખ્યો થયો કાંઈ ન ભાવે રે૰ હરિ૰
તેણી રીસે મન વિમાસી, પય પીતાં પૂતના પ્રાશી,
કેશવદાસ ગ્રસી માસી રે૰ હરિ૰"

સં. ૧૩૭૧ ના "સમરારાસુ"માં આ જ જાતનો બંધ મળે છેઃ

" રિતુ અવતરિયુ તહિજિ વસંતો સુરહિ કુસુમ પરિમલ પૂરંતો
સમરહવાજિય વિજય ઢક્કા.
સાગુસેલુસલ્લઇસચ્છાય કેસૂયકુડયકયંબ નિકાયા
સંઘસેનુ ગિરિમાહઇ વહએ."[૧]

અનુપ્રાસની પદ્ધતિમાં ભેદ છે, પણ આ ત્રિપદી છે અને તેથી ઢાળ એક સરખો છે, એ સમજી શકાય તેમ છે.

નરસિંહની જ પદ્ધતિનું સવૈયા ચાલનું તેનું પદ જુઓઃ

ગીત : રાગ—ધન્યાશ્રી

"સોનલા કેરૂં રે સુંદર પાલણું મોતીડાં કેરાં દોર,
હીરલા કેરા તે જડયા હંસલા, માણિક કેરા મોર,
હર્ષે હીંડોલે માત યશોમતી, સુંદર શામલિયા,
પીતાંબર પાતલિયા, ગુણનિધિ ગોવાલિયા, (ધ્રુવપદ) હર્ષે૰

× × × ×

પાવન કીધો વંશ અમારડો, પાવન ગોકુલવાસ,
પાવન કીધી રે સહુએ ગોલણી, કહે એમ **કેશવદાસ.** હર્ષે૰"[૨]

દોહરા, ચોપાઈ ચાલનાં પદો પણ ઘણાં જુદા જુદા રાગનાં તેણે

૧. પ્રા. ગૂ. કા. (ગા. ઓ. માળા) પૃ. ૩૫
૨. કૃ. કી કા., પૃ. 33

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપ્યાં છે, જેમાં પણ મોટે ભાગે એ પોતાના નામની છાપ માર્યા વિના રહેતો નથી. કેશવદાસના સમયમાં એ રિવાજ જ થઇ પડયો હશે કે પદોને અંતે કવિનું નામ રાખવું. અસાઇતમાં આપણે એ જોયું છે, જેનો પ્રયોગ, નરસિંહને એક બાજૂ રાખિયે, તોય વીરસિંહ, કર્મણ, જનાર્દન, ભાલણ વગેરેમાં તો ખૂબ ખૂબ પ્રચલિત થયો પ્રાપ્ત થાય છે.

કેશવદાસે આ ઉપરાંત નરસિંહની ચાતુરી છત્રીશીમાંનાં પદોને મળતી પદ્ધતિ પણ સ્વીકારી છે; એક પ્રકાર આ પ્રમાણે છે:

કારિકા

"સુન હો યશોમતિ માય! કૃષ્ણ કરતહેં અતિ અનિઆય.

ત્રોટક

કૃષ્ણ કરત હે અન્યાય અતલીબલ, ગોપીકો કહ્યો ન માને,
દેખત લોક લાજ કછું નહી, નારચ બોલાવત હી શાને?
હમ ગુણવંતી સતી સુલખણી, યહ બિધ્ય રહ્યો ન જાય.
કોપહિ કાલ્ય સુનેગો કંસાસુર, સુન હો જશોમતિ માય."

સરખાવો નરસિંહની નીચેની ચાતુરી:

"પીઉજી પધરાવીયા ઘરમાંય, એ સુખ કહ્યું રે નવ જાય.

ઢાળ

જાય જામની રસભરી, રમણ કરતાં રંગ,
વદન નિહાળ્યું વાહાલા કેરૂં, ફુલ્યું અંગોઅંગ."[2]

આપણને નરસિંહમાં ઢાળની કડીમાં શબ્દાવૃત્તિ મળે છે, એ પદ્ધતિ કેશવદાસથી અજાણી નથી; તે આપણને એના ઉપરના ઉદાહરણથી મળે છે. કેશવદાસનાં કારિકા અને તોટક નરસિંહનાં વલણ-ઢાળ જેવાં છે. ૧૬મા સર્ગમાં કારિકાને સ્થળે "કડવા" શબ્દનો પ્રયોગ કર્યો છે. એ પદ્ધતિ આપણને નરસિંહની બંને પ્રકારની ચાતુરીમાં મળે છે. કર્મણના સીતાહરણનાં ધોળ એ જ પદ્ધતિનાં છે. આ સર્વ શું બતાવે છે? એ જ કે વિક્રમના પંદરમા અને સોળમા સૈકાના

૧ એજન, પૃ. ૧૦૯

૨ ન. મ. કા., પૃ. ૧૩૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંતરાલમાં આ પદ્ધતિ દેશમાં વ્યાપક હતી, જે ભાલણમાં પુષ્કળ વિકાસ પામેલી આપણે નિહાળિયે છિયે. વીરસિંહ, કેશવદાસ જુદા જુદા માત્રામેળ છંદો સોરઠા, અડયલ, સવૈયા (છંદ), વસ્તુ વગેરે પણ પ્રયોજે છે, જે આપણને પછીથી ઘટતા મળે છે; ભાલણમાં નથી; ૧૭ મા શતકની સંધિના નાકરમાં આમાંનો અડયલ મળે છે.

ભાલણના પ્રૌઢ આખ્યાનકાળનાં બીજોનો વિકાસ આમ જૈનેતરોમાં પ્રથમ આપણને નરસિંહ, વીરસિંહ, કર્મણમાં મળે છે. આ કવિઓ અને ભાલણ વચ્ચે ગાળો અલ્પ જ છે; એથી સમઝવા જેવું એ છે કે આખ્યાનપદ્ધતિનાં કાવ્યો લખવાનો આરંભ તો તે પૂર્વેજ સ્વતંત્ર રીતે હતો, જે નરસિંહ, વીરસિંહ, કર્મણમાં અલ્પ રીતે તો ભાલણમાં વિશેષ રીતે વિકાસ પામ્યો.

કેશવદાસે કાવ્યનો વિષય ભાગવતના દશમ સ્કંધમાંથી લીધો છે. કેટલેક સ્થળે અનુવાદમય પદો પણ દેખાય છે. કેશવદાસ અને ભીમ બંને એક સ્થળમાં રહેલા જણાય છે અને બંનેએ બોપદેવની "હરિલીલા" જોઇ છે. ભીમની "હરિલીલાષોડશકલા"ના વિષયમાં તો આજે કાંઈ પણ શંકા નથી. કેશવદાસે પણ "હરિલીલા" શબ્દ પિછાણ્યો છે:

પૂર્વછાયો

"મુંડ સહસ્ર કણ મૂઠડી, સાયર ચંચોચંચ;
ત્યમ હું **હરિલીલા** કહું, સેહેજે **પ્રાકૃત** સંચ.

ચોપાઈ

માંહ્ય થકો માધવ મુજ કહે, અંતર્યામી રૂપે રહે,
વિપ્રચરણનો વલી પસાય, અનંતરૂપ જે અવની માંહ્ય."[૧]

કેશવદાસ કૃષ્ણલીલાને જ "હરિલીલા" કહે છે; એમાં ઉપરથી કાંઈ રહસ્ય નથી જણાય તેમ; પણ ભીમના સમયમાં તો બોપદેવની "હરિલીલા" પ્રભાસપાટણમાં વ્યાપક હતી; તે કાંઇ નવી નહિ જ આવી હોય. બંને કવિના કવનકાલ વચ્ચે ૧૧–૧૨ વર્ષનો ફરક એ ફરક ન જ

૧. કૃ. ક્રી. કા., પૃ. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણાય. આમ માત્ર પાટણમાં જ નહિ; કાઠિયાવાડમાં પણ "હરિલીલા" વ્યાપક હશે, જે કૃષ્ણભક્તિના પ્રચારનો એક સૂચક પુરાવો રજૂ કરવામાં સાહાય્ય આપે તેમ છે.

કેશવદાસની આ કૃતિ ભાલણના દશમ સ્કંધથી ચઢિયાતી છે જ, પણ પ્રેમાનંદના દશમસ્કંધને પણ હઠાવે તેવી છે. પ્રેમાનંદની માફક સ્વતંત્ર રીતે કાવ્યપ્રસંગ યોજતો નથી છતાં કેશવદાસ રસને બરોબર જાળવી રાખે છે, એ એની વિશિષ્ટતા છે. અને પોતે સંસ્કૃતનો જાણકાર હોવાથી તેમ જ પોતાના કાવ્યમાં ૧૬ જેટલા પોતાના સં. સ્વતંત્ર શ્લોકો–જે સુંદર બે અષ્ટકો (૧ લા સર્ગ અને ૨૧ મા સર્ગના આરંભનાં) અને ભાગવતમાંથી કેટલાએ શ્લોકો આપતો હોવાથી એટલું જ નહિ, તેને બરોબર પચાવી ભાવને સાંગોપાંગ જાળવવાનો પ્રયત્ન કરતો હોવાથી આવી કૃતિ એ સૌથી પ્રથમ એટલે કે ભાલણથી પણ થોડી પૂર્વે આપે છે, એ એની વિશેષતા છે.

ભાષાની દષ્ટિએ તેના અક્ષરમેળ છંદનો બંધ જોતાં તેને મધ્યકાલીન ગૂજ.ની ૪થી ભૂમિકા કે જેમાં વિષ્ણુદાસનાં કાવ્યો લખાયેલાં મળે છે, તેવી લગભગ સ્પષ્ટ હોય, તેવું જણાય છે. વિષ્ણુદાસથી લગભગ ૧૦૦ વર્ષ પૂર્વે જ ઉચ્ચારણમાં વિષ્ણુદાસના સમયમાં લેખનમાં પ્રયોજાતું ભાષાસ્વરૂપ પ્રયોજાતું હોવું જોઇએ, એમ આ ઉપરથી જણાય છે:

"કેમે નીકળીઆં અજાણ જ વનેં, કારણ સાચૂં કહો,
જોતાં હીંડશે તાત માત ભરતા, રાત્યે ઇહાં મા રહો."

[સર્ગ-૧૩-૭]

આમાં હીંડશેં રૂપ હીંડશિ હોય તો જ છંદમાં ગાઈ શકાય. એ જોતાં ઉપર આપેલા વિધાનની ખાતરી થઈ શકશે.

ચરિતસામગ્રી:—

૧. કૃષ્ણક્રીડાકાવ્ય—શ્રી. અંબાલાલ બુ. સંપાદિત
૨. હરિલીલાષોડશકલા— "
૩. પ્રબોધપ્રકાશ, કે. કા. શાસ્ત્રી સંપાદિત
૪. ગૂજરાતીનો દીપોત્સવાંક, સાં. ૧૯૯૨નો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માંડણ બંધારો

[વિક્રમના ૧૬ મા શતકનો પૂર્વાર્ધ]

પ્રશ્નપદી ચોપાઇ જેવો પૂર્વે કદી ન પ્રયોજાયેલો અને પછીથી માત્ર અખા સિવાય અન્ય કોઈ પણ કવિએ ન પ્રયોજેલો કાવ્યબંધ પ્રયોજીને લોકોક્તિઓ કિંવા કહેવતોથી ભરપૂર 'પ્રબોધબત્રીશી' જેવું આધ્યાત્મિક જ્ઞાન ઉપરાંત સામાજિક વિષયો ચર્ચતું કાવ્ય અર્પનારા,[૧] શિરોહીમાં થયેલા કવિ માંડણ બંધારાના સમયના વિષયમાં નિશ્ચિત રીતે જોકે કાંઈ કહી શકાતું નથી, છતાં છપાયેલા 'પ્રબોધબત્રીશી' અને અપ્રસિદ્ધ 'રામાયણ' તથા 'રુક્માંગદકથા'ની ભાષા ઉપરથી એમ કહી શકાય કે તે વિક્રમના ૧૬ મા શતકના આરંભમાં થયો હોય. તેના 'રામાયણ' અને 'રુક્માંગદકથા'ની હાથપ્રત જૂનામાં જૂની સાં. ૧૫૭૪ માં નકલ થયેલી મળે છે,[૨] એટલે એ પછી તો એ થયેલો નથી જ.

પોતાના વિષયમાં તેણે થોડી માહિતી તેનાં કાવ્યોમાં આપી છે. "રુક્માંગદકથા"માં એ જણાવે છે કેઃ

"જોશી મદનતણૂં શિશિ, પંડિત સૂરા દેસ ।
આદરિ ગ્રંથ સુણાવિઉ તુ પામ્યુ ઉપદેસ. ૩"

કાવ્યના આરંભમાં આ પ્રમાણે પોતાને જોશી મદનનો શિષ્ય કહી, અંતે તે જણાવે છે કેઃ-

"શીરોહી સારણ સાનિધિ કરી કથા આવી મનશિધિ ।
આવ્યુ કુલે બંધારા તણઇ લીધુ જનમ કૃત આપણઇ ॥ ૧૨ ॥

---

૧. શ્રી. અંબાલાલ બુ. જાની આ ગામને "ઉના-શિહોર" ગણે છે. જુઓ હરિલીલાનો ઉપોદ્‌ઘાત, પૃ. ૯૭. અને કવિને કાઠિયાવાડના કવિઓમાં ગણાવે છે.

૨. દ. હ. લિ. પુ. સં. નં. ૫૫૨ ब-अ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માતા મેધૂ ઉદિરિ નિવાસ વૈષ્ણવ ભક્ત સઙ્હુંનુ દાસ ।
સાચઈ કૂડઇ એણુઇ મિશિ મંડણ મુખિ હરિનાંમ આવશિ ॥૧૩॥ "

આ પ્રમાણે તે શિરોહીનો વતની અને જ્ઞાતિએ બંધારો છે. તેની માતાનું નામ મેધૂ છે. તેના પિતાના નામનો આમાં ઉલ્લેખ નથી; છતાં હનુમંતાખ્યાનના અંતમાં તે "હરિ હરિદાસ તાત ઉરિ શંભ[1]=જેના હૃદયમાં શિવ વસે છે, તેવો હરિભક્ત હરિ પિતા છે," એમ કહે છે; તે ઉપરથી તેના પિતાનું નામ "હરિ" સમઝાય છે. રામાયણ, પ્રબોધબત્રીશી અને તેના અપૂર્ણ પાંડવવિષ્ટિમાં પણ આથી વિશેષ હકીકત મળતી નથી. રામાયણ જેમ તૂટક મળે છે, તે પ્રમાણે પાંડવવિષ્ટિ પણ તૂટક મળે છે. આ પાછલા કાવ્યમાં તેણે રોળા અને ઉલાલના મિશ્રણવાળો પ્રચલિત છપ્પયછંદ પ્રયોજ્યો છે.

"પ્રબોધબત્રીશી"માં તેણે જુદી જુદી ૩૨ વીશીઓ (૨૦-૨૦ ષટ્પદી ચોપાઇમાં) રચી છે. અખાનાં અંગોમાં જે પ્રમાણે જ્ઞાન-ગોષ્ઠીઓ મળે છે, તેવી જ્ઞાનગોષ્ઠીઓ આમાં મળે છે. આ પદ્ધતિનાં ગૂજરાતી કાવ્યો માંડણ અને અખા સિવાય અન્યનાં જાણીતાં નથી. નરહરિએ જુદી જુદી ગીતાઓ લખી છે, પણ તે ચાલુ દેશી બંધમાં જ છે.

"પ્રબોધબત્રીશી"માં એણે ૪૦૦ થી ૫૦૦ જેટલી કહેવતો કાવ્યમાં વણી લઇ પોતાનો લોકમાનસનો પણ અનુભવ રજૂ કર્યો છે. સારામાં સારા વિદ્વાનને જેબ આપે તેવી રીતે એણે એ કાવ્યમાં વિષય રજૂ કર્યો છે. વસ્તુસ્થિતિએ એ કાવ્યની પ્રત્યેક કડી એક સુંદર સુભાષિત તરીકે દીપે છે.

એની પ્રત્યેક વીશી ઊંડા બોધ અને તત્ત્વજ્ઞાનથી ભરેલી છે. અખાને જે જાતનો ગુરુને માટે અનુભવ બંધાયો હતો, તેનાં મૂળ માંડણમાં આપણે જોઈ શકિયે ખરા; સાથે તેણે પાખંડ ઉપર જે ટકોર કરી છે, તે જોવા જેવી છેઃ

---

૧. જુઓ એજન. આ હનુમંત આખ્યાન તેના રામાયણમાં જ પ્રથમના ૩૦ ખંડમાં સમાવિષ્ટ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પાખંડી ગુરુ માથઇ કર્યા, વાચી વેદ ઉવટિ સાંચર્યા.
ધર્મ તણી હાંણિ નવિ સર્યું, ઉપરિ આલિ ધન વાવર્યું.
મિથ્યાલાપિ હૌઆ સંયમી, '**ભઇસિ કેડિ પાડી નીગમી.**' ૮૧.
પાખંડી પૂજા આદરી, બઇઠા મૂરત પાખાલ ફિરી.
કહિ કુલયુગનુ જોઉ પાર, એહવાં ભક્ત ગુરુ તેહવાર.
'**નારિ સતી પુરુષ તિમ સવુ, ગાધિ ગૂણિ કલશીનુ પિતુ.**' ૮૨

આજ પ્રસંગે એણે કહેવતોના ખડકા કરી દીધા છેઃ

" 'ઘોડઇ ચડચા કોઇ નવિ કલઇ, ચડિ ગાધિ સહુ જોવા મિલઇ.'
'જુ બઇઠા નવિ નિરખઇ કોઇ, તુ ઉભાં દીઠઇ શૂં હોઇ?' ૮૩
'મીચઇ આંખ ન મીચઇ હૈઆ, ન ચલઇ કાછ ચાલઇ ધોતીઆં.'
'લાઇ ભૂતી વિભૂતી ન લઇ, તન સાંકલી નઇં મન સાંકલઇં.'
'દાંભી ઊંટ સકિ નવિ કોઇ, એ ગાહાદિ દામંતાં જોઈ.' ૮૪
'અંગિ રાખ મનઇ રાખડી, બાહરિ બાંગ માંહિ ખાંગડી.'
'ભાલિ ચંદન મન માંહિ ચાંદલી, માહિ વન અંતરિ વની.'
'એ ગુડીયા સંચારા દોર, અણદેખણી તે રાજા ચોર.'[1] ૮૫

"પ્રબોધબત્રીશી" કહેવતોથી કર્ણકટુ થઈ પડે છે; પણ માંડણના જમાનામાં આટલી બધી કહેવતો એકી સાથે એક ગ્રંથમાં એકત્રિત કરી આપી લોકોક્તિઓ સર્વ સુલભ બનાવવામાં તે ઉપયોગી છે. એ કાર્ય શ્રમસાધ્ય છે. એ કરી તે એવું કે પાછું કાવ્યમાં વિષય સાથે સાંકળી આપી, તેણે એક કોશકારનું કામ કરી આપ્યું છે.

પણ માંડણ નીરસ કાવ્ય જ લખે છે, તેવું નથી, તેણે રામાયણ લખી પોતાની રસપ્રિયતા પૂરવાર કરી આપી છે. એણે તેમાં ચોપાઈ અને પૂર્વછાયુ (દોહા) બંધ સ્વીકાર્યો છે. ૭૦–૭૦, ૭૫–૭૫ કડીઓના તેણે ૭૦ ખંડ લખ્યા છે, આમ એણે એક વિસ્તૃત કાવ્ય–જેને આપણે "આખ્યાન" કહી શકિયે તેવું આપ્યું છે. રામના વનવાસમાં ભરત મળવા જાય છે. એ પ્રસંગ માંડણ આપે છે, તે જોતાં એની પદ્ધતિ કેવી હતી તે આપણે જોઈ શકીશું:

---

૧. માંડણ : પ્રબોધબત્રીશી, પૃ. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"બિસારી સવિ લોક પ્રધાન, એ તૂં અહ્મ નઇં દ્યુ સવિ માંન ।
જાશૂં યિહાં રામ લક્ષમણા, વાલી લાવિસુ ભ્રાત્રિ આપણા ॥ ૯૬ ॥
સહુઇ રાજલોક સજ થાઇ, સાથઇં અંતેઉરિ સવિ જાઇ ।
સર્વ અયોધ્યાંનાં યે લોક, સાથિં ચાલ્યા ટાલણ્ શોક ॥ ૯૭ ॥
લીધૂં શેન સંઘાતઈ ઘણૂં, જાણિ રામ છતા યિહાં સુણૂં ।
લીધી કેડિ ગહન બહુ ગમ્યાં, ત્રણ્ય જણાં યિહાં વીસમ્યા ॥ ૯૮ ॥
યે યે ભૂમિ રાંમ રહ્યા જાણિ, કરઇ પ્રણાંમ શીસ નવિ કાંણિ ।
તેણી ભોમિં લોટઇ શરર નમી, તુ આઘુ ચાલઇ અવની ॥ ૯૯ ॥
ચિત્રકોટિ જાંણ્યાં ત્યાંહાં છતા, મેહેલ્યુ રથ દસ યોજન છતાં ।
પાલુ પલઇ ભક્તિ મનિ ધરી, અંતરિ રામચરણ શર ધરી ॥ ૭૦૦ ॥
લક્ષમણ્ અવની દ્રમદ્રમકાર, ચાલ્યુ આવઇ કો દલ ભાર ।
સહી એ ભરથ પાણિ વનિ ગણી, ખારી રાજ નિ કંટક મણી ॥ ૭૦૧ ॥
નષ બાંણુ સાંધી રુહુ સ્વામિ, ચાલ્યુ આવઇ શત્ર વિરાંમિ ।
વાર્યુ રામઇં બાંધવ આપણુ, એ હઇ દશરથ રાજા તણુ ॥ ૨ ॥
જાણ્યુ ભરથ આવતુ રાંમિ, બિઠા વ્રક્ષ તલઇ વિશ્રામિ ।
મેહેલી મઢી બાહરિ આવીઆ, લઘુ બાંધવ આવત પેષીઆ ॥ ૩ ॥

× × × ×

દીન વચન ભ્રથ બોલઇ ઘણૂં, દેષાડઇ અંતર આપણૂં ।
કેગઇ તણુ પુત્ર નવિ ટલૂં, શૂં મુખ દેષાડી તઝ મિલૂં ॥ ૯ ॥
સ્વામી એ તાં મઝ અપરાધ, આવુ વનઈ તહ્મે મઠ બાંધ ।
જુ અહ્મ જનમ ન ધરતી માઇ, કાં તહ્મ વનનુ રચત ઉપાઇ ॥ ૧૦ ॥
અહ્મ અપરાધ સવે પરહરી, પાછા પાધારુ મંદિરિ ।
સ્વાંમી એ આજ્ઞા તવ કરૂં, તૂં વિણ્ પ્રાણ્ ન વેલા ધરૂં ॥ ૧૧ ॥
બિસુ રાજિ અયોધ્યાં જઇ, પાલોસ વચન હું અવનિ રહી ।
કરૂં તહ્મારૂં વચન પ્રમાંણ્, વતી તહ્મારી સાષી ભાંણ્ ॥ ૧૨ ॥
લઘુ બાંધવડાનૂં વતૂં, કરઇ સહૂ વતાં એ યગતૂં ।
વેદ સમૃત્ય ઇમ કહઇ પુરાંણ્, મોટઇરુ બોલઇ ઇમ જાણિ ॥ ૧૩ ॥
હાથી કાંનિ ન સાહ્યા જાઇ, ચાલ્યુ તેહ શૂં કિશુ ઉપાઇ ।
રાજલોક સવિ તુહુરા કરઇ, ઘણૂંઇ દીન વચન ઉચ્ચરઇ ॥ ૧૪ ॥"[1]

---

૧. દલ. હ. લિ. સં. નં. ૫૫૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પદ્ધતિ જોવાથી માલૂમ પડશે કે પાછળથી ભાલણુ, નાકર વગેરેની જે આખ્યાનપદ્ધતિ છે, તે નિરાડંબર પદ્ધતિ જ આ છે. માંડણુ માત્ર કડવાં નથી આપતો, સાથે મુખ્યત્વે ચોપાઈમાં જ લખે છે, જ્યારે પછીના કવિઓ ચોપાઇ અને ચોપાઈ દાવટી પ્રયોજે છે.

રુક્માંગદકથા પણ પ્રથમ પૂર્વછાયુ અને પછી ચોપાઈ, એ રીતનું કાવ્ય છે. તે પણ કવિત્વની દષ્ટિએ રામાયણ જેમ જ સાદું પૌરાણિક આખ્યાન છે. માંડણુ અને ભાલણુ બંને સમકાલીન હોવા છતાં એકે કડવાપદ્ધતિ પાછળથી અપનાવી છે, જ્યારે બીજાએ ઉપરની પૂર્વછાયુ-ચોપાઇ પદ્ધતિ રાખી છે. ભીમ માંડણુની પદ્ધતિ સાચવે છે, જ્યારે કર્મણ પદ્મનાભની પદ્ધતિ સ્વીકારે છે.

એનાં ઉપરનાં કાવ્યો ઉપરાંત એક "સતભામાનું રૂસણું"[૧] પણ મળે છે. એ અદ્યાપિ અપ્રસિદ્ધ છે. એણે એ ઉપરાંત પદો પણ લખ્યાં છે. જે પ્રતમાં રામાયણુ ને રુક્માંગદકથા લખેલી છે, તે જ પ્રતમાં તેનાં નીચેનાં બે પદો મળે છે:

રાગ—મલ્હાર

"સાગર બોલિ સાંભલિ નાંમાં તૂં ગુણ પાર ન જાંણૂં રે ।
આણૂં કવણ ઓપમા ॥
ચે ઉપગાર તિ કીઉલા અહ્યાચિ ।
કેતા કરૂં અવખાંણૂં રે, જાણૂં ન પાર તુહ્મ,–હુઢિ ॥
જેહચા પાઉ શેવિં સુરપતિ શીતાપતિ શ્રીરાંમો ।
તે અહ્મ સાંહાંમા કીઉલા મુરારિ, ધન ધન તુઝા નામો ॥ ૧ ॥
નાઇંતિ અહ્મચિં ગુણ કીઉલા નાંમા શીપવિ ચારુ રે ।
કારણિ અવતારો ।
માઝિ મુગતાફલ ઉપનલિ રચીનલિ બહુ હારો ।
ચડાવીલિ ભૂપાલો ॥ ૨ ॥
સોઇ દ્વારકાં શશિહર સોહિ મોહિ સૈઅલ સંસારો ।
ફેરી દેઉલ અહ્મ સાનધિ કીઉલા મંડણુચે દાતારો ॥ ૩ ॥

૧. જુઓ ગૂજરાતી પ્રેસ—મુંબઇનો સંગ્રહ. ૨૪ क [ત્રુટક પ્રત]

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાગ—ધન્યાશી

"અહ્નો આર્દ્દલા રે હરિ ઉષામંડલ ભણી જુ ઘણી સાંભલી રૌરચિ (?) વાત ।
અહ્નો કીધલિ રે હરિ તીર્થ દ્વારાવતી દુર્મતિ મેલીઆં કર્મ કોટી ।
સારીલિ રે હરિ ગોમતી મજ્જન વ્રજ ન વાધતાં મેર મોટી ॥ ૧ ॥
અહ્નો આ૦

અહ્નો પેખી લઇ રે હરિ મૂરતિ તાહરી સાંભરી ઉદર માત પીડ ।
નાંમીલિ રે હરિ શીસ સાંમલ વ્રન જુ મન તાપીલિ તન ભીડ ॥ ૨ ॥
અહ્નો વિઠલા રે હરિ ધર્મ શભાસની વાસ નવં શ્રુણિ સ્વર્ગ-સ્વામી ।
લીધલિ મંડણ ચરણ શરણાધાર સંસારવેદના વિવિધ વાંમી ॥ ૩ ॥"

માંડણનાં કાવ્યોમાં **માંડણ ચા** શબ્દ અતિ સામાન્ય છે. માંડણના સમયની ભાષામાં ષષ્ઠી વિભક્તિમાં **ચા** પ્રત્યયનો પ્રયોગ સામાન્ય હતો. નરસિંહ મહેતાનાં પદોમાં તેમ જ બીજાં ઘણાં કાવ્યોમાં એ પ્રત્યય પ્રયોજાયેલો છે; પરંતુ જેમ નરસિંહ મહેતાની હારમાળામાં મરાઠી ભાષાની છાંટની એક કડી મળે છેઃ

"દેવા અમચી વાર કાં બધિર હોઇલા ?
આપૂલા ભક્ત કાં વીસરી ગૈલા ?
ધ્રૂ, પ્રહ્લાદ, અમરીષ, વિભીષણ,
નાંમિચેં હાથ તિં દૂધ પીયુલા."[1]

—તે જ પ્રમાણે સાં. ૧૫૭૪ જેટલી જૂની પ્રતમાં માંડણનાં કાવ્યની સાથોસાથ આ બે પદ મરાઠી છાયામાં મળે છે. કવિ માંડણે દ્વારકાની યાત્રા વખતે આ બંને પદો શ્રીરણછોડરાય સમક્ષ ગાયાં જણાય છે. **વિઠલા** શબ્દનો પ્રયોગ પણ તે કરે છે. આ જોતાં તે સમયમાં ગૂજરાતમાં વિઠોબા અને મરાઠી ભાષાની છાયાવાળું પદરચન થતું જણાય છે. એટલો જ નરસિંહના પ્રિય છંદ ઝૂલણાનો પ્રચાર પણ જૂનો જણાય છે. નરસિંહ અને માંડણ એક જ સમયમાં થયા હોય તેનો આ સારો પુરાવો છે. માંડણે સારી રીતે

૧. હારમાળા (કે. કા. શાસ્ત્રી), પૃ. ૫૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યાત્રાઓ કરી છે, તે તેના 'પ્રબોધબત્રીશી'માં આવતા થોડા ઉલ્લેખો કહે છે; એટલે જ નરસિંહની જેમ મરાઠીની છાયાવાળાં પદો રચવા પ્રવૃત્ત થતો જણાય છે. એ ઉલ્લેખોઃ

"બહુ તીરથ મઇ જોયાં કરી, 'બારે વરસે ગોદાવરી.'
તોરાં ચરણ શરણ ફલ શિઘ્ર, અગ્નિ ઘૃત તત્કાલિ વીઘ્ર.'

× × × ×

'શબહુ ઉદકિ રહીયા ભીંજ, ગિરૂઉ તે ગૂઝિ નવિ લીજ.'
બહુ તીરથ કહિનાં કહિતણાં ? 'ઘણા ઘરના યમ પરૂહણા.'

× × × ×

જોયુ શવિ તીરથનુ નેહ, 'એકાકી પિત્રાણે તેહ.'
કર્મ તણુ ભય આંણી અંગિ તીરથ કરૂ વિવસા પસંગિ"[૧]

કવિ માંડણના વિષયમાં વિશેષ હકીકત મળતી નથી. હજી 'પ્રબોધબત્રીશી' સિવાય તેનાં બીજાં કાવ્યો છપાયાં નથી. અને રુક્માંગદ-કથા સિવાયનાં રામાયણ (હનુમંતોપાખ્યાન સાથે), પાંડવવિષ્ટિ અને સતભામાનું રૂસણું અપ્રસિદ્ધ છે.

ભાષાની દૃષ્ટિએ અને શબ્દસમૃદ્ધિની દૃષ્ટિએ માંડણની કૃતિઓ ઉપયોગી છે; કેમકે તે જેમ મધ્ય ગૂજ. ની બીજી ભૂમિકાની ભાષા સાચવી રાખે છે, તે પ્રમાણે ઉપર જોયું તેમ કહેવતોને કારણે સાહિત્યમાં જૂજ વપરાયેલા શબ્દો પણ સાચવી રાખે છે.

ચરિતસામગ્રીઃ—

૧. 'પ્રબોધબત્રીશી' શ્રી મણિલાલ બ. વ્યાસ સંપાદિત (શ્રી ફા. ગૂજ. સભા)
૨. દ. હ. લિ. પુ. સંગ્રહ—નં. ૫૫૨ ની હાથપ્રત

---

૧. જુઓ પ્રબોધબત્રીશી : ૪૭૨–૭૪–૭૫; ૪૮૫.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાલણ

[સં. ૧૫૪૦-૪૫ લગભગમાં હયાત]

મધ્યકાલીન ગૂજરાતી ભાષાને "ગુર્જર ભાષા"[૧] એવું સૌથી પ્રથમ નામ આપનાર અને સંસ્કૃત ભાષામાંથી ક્વચિત્ શબ્દશઃ અને ક્વચિત્ આશય લઈને સૌથી પ્રથમ સ્વકીય ભાષામાં થોકબંધ પ્રૌઢ આખ્યાનો લખનાર કવિ ભાલણનો નિશ્ચિત સમય જાણી શકાતો નથી, છતાં તેના બીજા[૨] નળાખ્યાનના અંતભાગમાં મળતી નીચેની કડીથી તેની હયાતીનું વર્ષ પ્રાપ્ત કરી શકાય છે:

"પંદરસેં પીસતાલીસ માંહિ ગાયા નલગુણગ્રામજી;
પદ્ય ખટશત ને સાત કર્યાં છે હરિજનના વિશ્રામજી." ૭

[બીજું નળાખ્યાન, ૨૮]

---

૧. "ગુરુપદપંકજને પ્રણમું, બ્રહ્મસુતાને ધ્યાઊં;
ગુર્જરભાષાએ નલરાના ગુણ મનોહર ગાઊં."

(પહેલું નળાખ્યાન, ૧-૧)

"શ્રીગુરુપદપંકજને પ્રણમું, આદિપુરુષને ધાઉં;
લીલા લક્ષ્મીનારાયણની, ગુર્જરભાષાએ ગાઉં."

(દશમસ્કંધ, ૩૨૬-૧)

"શ્રીગુરુપદપંકજને પ્રણમું, પરમપુરુષને ધાઉં;
મતિમાને ગુર્જરભાષાએ, ગોવિંદના ગુણ ગાઊં."

(દશમસ્કંધ, ૩૪૭-૧)

"પ્રાકૃતને પ્રીછવા કરી, ગુર્જરભાષાએ વિસ્તરી."

(દશમસ્કંધ, ૩૩૯-૧૫)

૨. આ કાવ્ય ભાલણનું નથી, એમ શ્રી. રામલાલ ચૂ. મોદીનું મંતવ્ય છે. એને માટે એમણે કેટલાંક કારણો આપ્યાં છે. (જુઓ: બે નળાખ્યાન, પ્રસ્તાવના, પૃ. ૨૨) પરંતુ કેટલાક જૂના પ્રયોગ તેમ જ પહેલું નળાખ્યાન અને ધ્રુવાખ્યાન કોઇ નાગરે ગૂમ કરતાં ઉતાવળથી આ બીજું નળાખ્યાન રચ્યાનો જે ઉલ્લેખ છે, તે ઉપરથી "ભાલણ રઘુનાથ"ની છાપ ધરાવતા આ કાવ્યનું ભિન્નકર્તૃત્વ માનવા જરૂર નથી. આ કાવ્યની રચ્યા સાલ તેમને મળેલી क પ્રતમાં છે, ख માં નથી.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

આ કાવ્ય તેની છેલ્લી કે વચલા ગાળાની કૃતિ છે, તે જાણવાનું આપણી પાસે કશું સાધન નથી; પરંતુ તેનાં દશમસ્કંધ, કાદંબરી, જાલંધર આખ્યાન વગેરેની પ્રૌઢ અને સંસ્કારી ભાષા જોતાં આ નળાખ્યાન તેનાથી જરા પૂર્વે રચાયેલું હોય તેમ માની શકાય. આ કૃતિ તેના પ્રથમ નળાખ્યાનથી સારી રીતે ઊતરતી કોટિની છે, એમ તેણે તે કાવ્યને અંતે જણાવ્યું છે. તે કહે છે કે:

"નાગરકાજે શ્રમ દુવેળા કવિને કર્મે લાગ્યોજી;
ધ્રુવાખ્યાન ને નળાખ્યાન બે પુનરપિ કરી અનુરાગ્યોજી. ૭
ગાંધીને કહેવું મરી માટે, મૂર્ખ ન જાણે મરીની ખોટજી;
ગુરુકૃપાએ કવિતા–સાગરમાં આવે ભરતી–ઓટજી. ૮
કૂડા કરમીને કૂડું હોશે સુખીઆને હોએ સુખજી;
નળની કથા ગાઈ મનોહર; જાએ દુખીઆચા દુ:ખજી." ૯
[બીજું નળાખ્યાન, ૨૮-૭થી ૯]

આ સ્થળે કવિતા–સાગરમાં ભરતી–ઓટ થવાનું કવિ જે કહે છે, એના ઉપરથી જ આ કાવ્ય પ્રથમના નળાખ્યાન કરતાં ઊતરતી કોટિનું સ્પષ્ટ છે. તેના પ્રથમના નળાખ્યાનનો આધાર [1]મહાભારત–વનપર્વ, હર્ષનું નૈષધીય ચરિત અને ત્રિવિક્રમના નલચમ્પૂમાંથી કેટલેક સ્થળે મૂળના શ્લોકોનો સુંદર અનુવાદ તો ક્વચિત્ સંક્ષેપ આપી લીધો છે; જ્યારે બીજું નળાખ્યાન ઝડપથી કરવાને કારણે મહાભારત–વનપર્વની આખ્યાયિકાને જ[2] આધારે થયું છે. આથી પ્રથમના નળાખ્યાનની ખૂબીઓ ભાલણ લાવી શક્યો નથી.

---

૧. "નૈષધ, ચંપૂ, મહાભારતમાં કવિકીર્તિ અતિ લીધી;
કાલાંને પ્રીછવવા ભાલણે ભાષાએ એ કીધી." ૨
(પહેલું નળાખ્યાન, ૧–૨)

વળી જુઓ: Guj. & its Lit. પૃ. ૧૨૨. શ્રી. મુનશી અને દી. બ. ઝવેરી તેને ઉત્તમપ્રતિનું કાવ્ય નથી ગણતા. (જુઓ ગૂજ. માર્ગ. સ્તંભો પૃ. ૪૧)

૨. જુઓ શ્રી. રામલાલ ચૂ. મોદીના શબ્દો:

"તેણે મહાભારતનું ભાષાંતર જ કર્યું છે, જાણે કે નૈષધ કાવ્ય કદી જોયું જ ન હોય!" (બે નળાખ્યાન, પ્રસ્તાવના, પૃ. ૨૩)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમ આ કાવ્ય તેના વચલા ગાળાની કૃતિ સંભવતી હોવાથી તેની પ્રાપ્ત થતી બે પ્રતમાંની એક પ્રતમાં આપેલો રચ્યા સંવત સાચો માનતાં તેની ઉમર આ બીજા નળાખ્યાનના રચન સમયે ૨૫–૩૦ વર્ષની હોય તો તેનો જન્મ સાં. ૧૫૧૫–૨૦ આસપાસ થયો સંભવે.

તેના બીજા નળાખ્યાનમાં મધ્યકાલીન ગૂજ. ભાષાની પ્રથમ અને દ્વિતીય ભૂમિકાના જે અંશો અત્રતત્ર છૂટા છવાયા હાથ લાગે છે, તે પણ તેને આ જ સમયમાં મૂકે છે. નીચેનાં અવતરણોમાં એ છાંટ ચોખ્ખી દેખાય છેઃ

(૧) "ફરશી કરમાં ધરાં છાં; વિપુલ દેહ પાવંન;
ઉદર મોટે દીસાં છાં; સ્વરૂપે વામંન. ૩

× × × ×

કવિતા કરવા વિનવિ છિ. મન કરો દેવા ! મુદા. ૫

× × × ×

બ્રહ્મતનયા ! બ્રહ્મરૂપા ! કરિ કૃપા નિજ દાસ. ૬
અંગ માંહે અંધકાર છિ, પ્રગટો અર્ક અનુપ;
ચાર નામથી ચતુરા ! તારિ, ચાર વાણીના કૂપ." ૭

[બીજું નળાખ્યાન, ૧]

અને

(૨) ધર્મનંદન ! ઈમ નળ ત્યાં ઉચરઇ જિહ કાળ,
લોકપતિ ત્યાં ઇમ વદઇ, 'કોઇ ન દેખે ભૂપાળ !' ૨૧
ઈમ ગોષ્ટિ હુઇ ઘણી, નળરાય નમીઓ પાય;
ભાક્ષણ પ્રભુ રઘુનાથના, નળ દૂત થઇને જાય." ૨૨

[બીજું નળાખ્યાન, ૯]

આમાંના ૧લા અવતરણમાં ભાલણની કાદંબરીની સાં. ૧૬૭૨માં નકલ થયેલી પ્રતમાંની મધ્યકાલીન ગૂજરાતી ભાષાનાં સાં. ૧૬૨૫ પૂર્વેની ભાષામાં એટલે કે મધ્યકાલીન ગૂજરાતીની બીજી ભૂમિકામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિકલ્પે આવતાં અને સાં. ૧૬૨૫ પછી મધ્યકાલીન ગૂજરાતીની ત્રીજી ભૂમિકાનાં નિયત રૂપો દેખાય છે; જ્યારે ૨જા અવતરણમાં उचरइ, वदइ, हुइ એ ક્રિયાપદોનાં મુગ્ધાવબોધ ઔક્તિકની ભાષા એટલે કે મધ્યકાલીન ગૂજરાતીની પ્રથમ ભૂમિકામાં નિયત તરીકે આવતાં અને એ પછીની બીજી ભૂમિકામાં उचरि–वदि જેમ ઉદ્વૃત્ત સ્વરોના એકીકરણવાળાં વૈકલ્પિક રૂપો સાથેસાથ વિકલ્પે વપરાતાં રૂપો દેખાય છે. આ રૂપાખ્યાનો જ તેને તેના સાં. ૧૫૪૫ આસપાસના સમયમાં મૂકવા પૂરતાં છે. ભાલણની કાદંબરીમાં પ્રાપ્ત થતી મધ્યકાલીન ગૂજરાતીની ૩જી શુદ્ધ ભૂમિકા ભાલણના સમયની ભાષા–મિશ્ર ૨જી ભૂમિકા પછીની સાં. ૧૬૨૫ લગભગમાં સ્થાપિત થયેલી ભાષા છે, જે પદ્મનાભ, ભીમ, જનાર્દન, વીરસિંહ અને નાકર વગેરેનાં કાવ્યોની ભાષાના સ્વરૂપનો પરિચય ધરાવતી કોઇપણ વ્યક્તિ જોઈ શકે.[૧]

આ કારણો (સાં. ૧૫૪૫માં નળાખ્યાન રચાયું છે તે ગણતાં) તેને સાં. ૧૫૧૫–૨૦ની પૂર્વે જવા નહિ દે. આ રીતે ગૂજરાતી ભાષાના આદિ કવિ ગણાતા કવિ નરસિંહ મહેતાની (વૃદ્ધમાન્યતાનુસારી સમયે) વૃદ્ધાવસ્થામાં આ કવિ નવો ઊગતો આવતો હતો,[૨] અને પદ્મનાભ, વીરસિંહ, કર્મણ વગેરેનો અનુગામી તેમ જ માંડણ, જનાર્દન, ભીમ વગેરેનો સમકાલીન હતો.

એનું વતન સિદ્ધપુર મનાતું હતું, પરંતુ પછીથી પાટણમાં સ્વ. નારાયણ ભારતી યશવંત ભારતીએ કરેલી શોધખોળને પરિણામે ત્યાં ભાલણ ખડકી અને ભાલણના સમયનું તેનું ઘર જીર્ણ સ્થિતિમાં પણ

---

૧. મધ્યકાલીન ગૂજરાતીની ચારે ભૂમિકાનું સ્વરૂપ જાણવા ઇચ્છનારને મારા તરફથી સંપાદિત થયેલા **મહાભારત**ગ્રંથ ૨ જાની પ્રસ્તાવના જોવા વીનતી છે.

૨. શ્રી. ક. મા. મુનશી તેનો સમય ઇ. સ. ૧૪૨૬–૧૫૦૦ (સં. ૧૪૮૨–૧૫૫૬) આપે છે, પણ તેને અચોક્કસ કહે છે. (જુઓ Guj. & its Lit. p. ૧૧૯). દી. બ. કૃ. મો. ઝવેરી ઇ. સ. ૧૪૩૯–૧૫૩૯ (સં. ૧૪૯૫–૧૫૯૫) કહે છે. (જુઓ: ગૂજ. સા. માર્ગ. સ્તંભો. પૃ. ૪૧).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાટણના ધીવટા જિલ્લામાં ચોપદારી ખડકીમાં મળી આવતાં હવે તેના વતનના વિષયમાં શંકાને સ્થાન રહ્યું નથી.[૧]

ભાલણના એ ઐતિહાસિક મકાનનો વારસો કવિના ભાણેજ પદથી ઓળખાતા અમદાવાદના એક ત્રિવેદી મોઢને મળેલો છે. તે પૂર્વે તે ઘરની માલેકી ભાણા નામના પાટણના એક શ્રીમાળી બ્રાહ્મણ-ની હતી. એ ભાણાએ ભાલણનાં પુસ્તકો લોકોને આપી દીધાં અને બાકીનાં ઉપાડી ગયો એમ કહેવાય છે. સ્વ. નારાયણ ભારતી તેમની શોધખોળ દરમિયાન ભાલણને ઘેર ગયેલા. ત્યાં તેમણે એક કોટડીમાં જોયું તો ઉત્તર બાજૂએ ભાલણની ગાદી માલૂમ પડી, અને તેના ઉપર ખુદ ભાલણના પગની કહેવાતી ચાંખડીની જોડ જોવામાં આવી. ગાદી ઉપરના તકિયા પાછળ એક ભગવી ટોપી, ચાદર અને રૂમાલ હતાં, જેમાંનો રૂમાલ બહુ જીર્ણ માલૂમ પડતો હતો. પુજારીએ ભાલણના પુત્રને યજ્ઞોપવીત આપવા સમયે તેને ઔરંગાબાદ લખેલો કાગળ તેમાંના એક લૂગડામાં હોવાનું જણાવેલું, પણ તપાસતાં તે મળ્યો ન હતો. ત્યાં તાંબાના અર્ધા ફૂટના પતરા ઉપર ચાંદી મઢેલી કોતરી કાઢેલી મૂર્તિ જોવામાં આવી હતી. ભાલણની ગાદીથી દક્ષિણ બાજૂએ તેના ગુરુ પરમાનંદ સંન્યાસીની ગાદી જોવામાં આવી; જેના ઉપર તે સંન્યાસીની ચાંખડી પડેલી કહેવામાં આવી; પણ તપાસતાં તે બહુ જૂની ન લાગી. તેની બાજૂમાં એક પિત્તળનો યંત્ર જોવામાં આવ્યો હતો.[૨]

શ્રી. નારાયણ ભારતીની શોધ મુજબ તેની જ્ઞાતિ ત્રવાડી મોઢ બ્રાહ્મણની હતી. એનું ઘર શ્રીમાળી બ્રાહ્મણના કબજામાં મળેલું, તેનાથી કોઈ તેને શ્રીમાળી બ્રાહ્મણ[૩] પણ કહે છે. શરૂઆતમાં જ્યારે

---

૧. ભાલણનો દશમસ્કંધ–કવિચરિત્ર, પૃ. ૨

૨. એજન પૃ. ૩–૪

૩. દી. બ. કૃ. મો. ઝવેરી ભાલણને શ્રીમાળી બ્રાહ્મણ કહે છે. (જુઓ: ગૂજ. સા. માર્ગ. સૂ. સ્તંભો, પૃ. ૪૧)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળા પાટણ ગયેલા ત્યારે ભાલણ વડનગરો કે વીસનગરો નાગર કે ઔદીચ્ય બ્રાહ્મણ હતો, તેમ પણ સાંભળવામાં આવેલું. સ્વ. વ્રજલાલ શાસ્ત્રીએ તેને ચતુર્વેદી મોઢ માનેલો. ભાલણે બીજા નળાખ્યાનને અંતે 'નાગર કાજે શ્રમ દુવેલા કવિને કર્મે લાગ્યો જી' એમ કહ્યું છે, એટલે એ નાગર તો નથી જ. તેના દશમ સ્કંધની એક હાથપ્રતની પુષ્પિકામાં इति श्रीभागवतमहापुराणे दशमस्कंधे बाल-लीलापदवंध **पाटण** नगर **मो...ब्राह्मण** भालणकृत संपूर्ण ॥ એ સ્થળે ત્રુટિત मो શબ્દ મળે છે, એટલે તે मोढ બ્રાહ્મણ હતો, એમ હવે શંકા રહી નથી.[1]

ભાલણનાં કાવ્યોમાં અને તેના પુત્ર ઉદ્ધવના રામાયણમાં એનું નામ "ભાલણ" મળે છે, જ્યારે લોકોમાં તેનું નામ "પુરુષોત્તમ મહારાજ" તરીકે જાહેર હોવાનું કહેવાય છે. હરિલીલા અને પ્રબોધ-પ્રકાશના કર્તા ભીમે હરિલીલામાં જે અજ્ઞાત બ્રાહ્મણ ગુરુનો અને પ્રબોધપ્રકાશમાં નામ પાડીને જે વેદાંતપારગ પુરુષોત્તમ નામના વિપ્રનો ઉલ્લેખ કર્યો છે, તે અને આ પુરુષોત્તમ મહારાજ એક હોવાની સામાન્ય માન્યતા છે.[2] એના ઘરમાંથી મળેલી ભાલણની છબી તરીકે ઓળખાતી મૂર્તિમાં ઉપરના ભાગમાં पुरुषोतम महाराज पाटणना એવા ત્રણ શબ્દો છે.[3]

---

૧. શ્રીરામલાલ મોદીઃ ભાલણઃ પૃ. ૪૧–૪૨. તે મોઢ હતો, તેની સાબિતીમાં સ્વ. નારાયણ ભારતીએ ભાલણના ત્રીજા પુત્ર ચતુર્ભુજે "મોઢેરા પુરાણ" ગૂજરાતીમાં રચ્યાનું જણાવ્યું છે; પણ શ્રીમોદી માને છે કે "એનાં કહીને જે પદો સ્વ. ભારતીએ આપ્યાં છે, તેમાં એનું નામ નથી," તેથી આ પુરાવો વિશ્વસ્ત નથી. (જુઓઃ બે નળાખ્યાનઃ પ્રસ્તાવનાઃ પૃ. ૪)

૨. જુઓ આ ચરિતમાં **ભીમનું ચરિત.**

૩. જુઓઃ એ છબીનો શ્લોક; દી. બ. કે. હ. ધ્રુવ–સંપાદિત કાદંબરીના આરંભમાં તેમ જ શ્રીરામલાલ મોદીકૃત 'ભાલણ'ની પ્રસ્તાવનાને અંતે. જો કે એ નામ પાછળથી કોતરાયેલું હોય એમ શ્રી. મોદીનું માનવું છે. (જુઓઃ એજન. પૃ. ૪૩)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિનું જન્મનામ ભાલણ હતું કે પુરુષોત્તમ એ નક્કી કરવું મુશ્કેલ છે; છતાં એ કાળમાં ભાલણ નામ પાટણ તરફ ચાલુ હોવાની તો સાબિતી મળી છે;[1] એટલે ભાલણનું જન્મનામ 'ભાલણ' હોય તો તે સંભવી શકે તેમ છે. 'પુરુષોત્તમજી મહારાજ' એ નામ એ વિરક્ત થયો ત્યારથી પ્રચારમાં આવ્યું હોય તો નવાઈ નથી; પણ એને માટે કોઈ ઐતિહાસિક પુરાવો પ્રાપ્ય નથી.

તેની અવટંક "ત્રવાડી"[2] હતી એમ માનવામાં આવે છે; તેને કોઈ "દવે" પણ કહેવા ચાહે છે. એમ પણ એકમત છે કે પ્રથમ અવટંક "દવે" હતી પણ "ત્રવાડી મેવાડો" હોવાથી તે "ત્રવાડી" ગણાયો હોય; પરંતુ "દ્વિવેદી" અને "ત્રિવેદી" અવટંકો વેદધારણની દૃષ્ટિએ પરસ્પર બદલી શકાય તેવી નથી; તેથી તેના પિતાનું નામ "મંગળજી દવે" હતું તેવું સિદ્ધ કરવાનો જે પ્રયત્ન થયો છે, તે વાસ્તવિક નથી. વસ્તુસ્થિતિએ એ "ત્રવાડી જ" હતો, અને 'ભટ્ટ' એવી અવટંક હોય તો તેને માટે વાંધો નથી; કેમકે ભાલણ કાવ્યો પૌરાણિકોની જેમ ગાઈ સંભળાવતો હતો, વળી સંસ્કૃતજ્ઞ પણ હતો, એટલે ભટ્ટ કહેવાતો હોય; પણ તેને પણ કોઈ ઐતિહાસિક પુરાવાનું બળ નથી.

તેના જીવનના વિષયમાં કશી સદ્ધર માહિતી મળતી નથી. જે કાંઈ અત્યાર સુધી જાણવામાં આવ્યું છે, તે પાટણમાં ચાલતી દંતકથાઓને આધારે જ.[3] એ દંતકથાઓમાં ચાલેલી ચમત્કારિક વાતો તેના જીવન પર વધુ કાંઈ પ્રકાશ પાડતી નથી.

તેનાં કાવ્યો જોતાં સંસ્કૃત અને વ્રજભાષાનો[4] તેનો અભ્યાસ

---

૧. એજન. પૃ. ૪૪-૪૫

૨. જુઓ આ વિષયની ચર્ચા: એજન, પૃ. ૪૩.

૩. શ્રીરામલાલ મોદીકૃત "ભાલણ", પૃ. ૪૬-૫

૪. તેના દશમસ્કંધમાં ભાલણની છાપવાળાં વ્રજભાષાનાં ૭૭, ૨૫૧થી ૨૫૫ અને ૨૬૫મું એ પદો છે; પદ ૨૧, ૨૩, ૧૧૧ સુરદાસની કૃતિ છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારો જણાય છે. નળાખ્યાન, સપ્તશતી, કાદંબરી, દશમસ્કંધ, રામચરિત વગેરે ગ્રંથો તેણે સંસ્કૃત ગ્રંથોને આધારે જ ક્વચિત્ શબ્દશઃ અનુવાદ તો ક્વચિત્ સાર માત્ર લઇને રચ્યા છે. સંસ્કૃત ભાષા પરનો તેનો અસાધારણ કાબૂ બાણની સમાસબહુલ "કાદંબરી"નો અનુવાદ અને "નૈષધીયચરિત" તેમ જ "નલચંપૂ" જેવા ગ્રંથોનો આશય લઈ લખેલા પ્રથમ નળાખ્યાનથી જાણી શકાય છે. ભીમનો ગુરુ જે પુરુષોત્તમ છે, તે અને આ ભાલણ એક જ સાબિત થાય તો ભીમના શબ્દોથી તે વેદાન્તપારગ પણ ઠરે છે; જો કે વેદાંતવિષયક તેનો એક પણ ગ્રંથ ઉપલબ્ધ નથી.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે પ્રથમ તે ધર્મે શાક્ત હતો. એમ માનવાનું કારણ એ છે કે તેણે સપ્તશતીનો અનુવાદ કર્યો છે. દશમસ્કંધના આરંભમાં પણ તે 'આદ્યમાતા'ની[1] સ્તુતિ કરે છે. તે શિવનો ભક્ત હતો, એમ પણ કહેવામાં આવે છે; કેમકે તેણે મૃગીઆખ્યાનમાં શિવરાત્રિના વ્રતના ઉદ્યાપનનો વિધિ બહુ સૂક્ષ્મ રીતે આપ્યો છે. એ પ્રસંગ જોતાં તે શિવનો અનન્ય ઉપાસક હોય તેમ લાગે. તે પાછળથી વૈષ્ણવ થયો હતો અને તે પણ રામાનંદી એમ કેટલાક માને છે.[2]

વસ્તુસ્થિતિએ ભાલણ રામનો અનન્ય સેવક જણાય છે. દશમ-

૨૪મું મીરાંનું, ૪૪મું કોઈ રસાતલનાથનું અને ૧૯૩-૯૪માં કોઇ વિષ્ણુદાસનાં છે. આ વિષ્ણુદાસ તે ભાલણનો પુત્ર છે, તે નહિ પણ પુષ્ટિમાર્ગીય પદ-સંગ્રહોમાંનો વિષ્ણુદાસ છે. શ્રી. રા. ચૂ. મોદી આ ભાલણનો પુત્ર હોવાની અટકળ કરે છે. (જુઓ: ભાલણ, પૃ. ૬૨)

૧. "આદ્ય માતા તુજને નમું રે, તારી છે વિખ્યાત રે;
આ ગ્રંથ તો ચાલશે રે, જો પૂઠે રહેશો માત રે."
(દશમસ્કંધ, ૧-૩)

૨. આ વિષય પરની ચર્ચા માટે જુઓ: શ્રીરામલાલ મોદી: ભાલણ, પૃ. ૫૦-૫૨.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્કંધના ૧૧૧મા પદમાં તેણે શ્રીકૃષ્ણને રામસ્વરૂપે ભજવાનો ભાવ દર્શાવ્યો છે. જુઓઃ—

"ભાલણ જન ગુણગાન કરે તે સીતાપતિ જાણી."

અને એ શાક્ત ન જ હોય તે આ દશમસ્કંધથી જ સમઝાય છે. દશમસ્કંધના આરંભમાં પૌરાણિક પદ્ધતિને અનુસરી એ ગણપતિ અને માતાની સ્તુતિ કરે છે; પણ દરેક પદને અંતે "ભાલણ પ્રભુ રઘુનાથની" એ છાપ અચૂક મૂકયા વિના રહેતો નથી. વિશેષમાં ભાલણ મોઢ બ્રાહ્મણ હતો. મોઢ બ્રાહ્મણોના શ્રીરામચંદ્રજી ઇષ્ટદેવ ગણાય છે અને પાટણમાં[1] મોઢ બ્રાહ્મણોના મહોલ્લામાં એમના ઇષ્ટદેવ શ્રીરામચંદ્રજીનું મંદિર અદ્યાપિપર્યંત છે. એટલે પરંપરાથી ભાલણ રામભક્ત તો છે જ. બેશક એના કેટલાક ગ્રંથોમાં એ સામાન્ય પૌરાણિક ઘાટીનાં ગુરુ, ગણપતિ, શારદાને[2] લગતાં મંગલ કરે છે; જેમાં એનું ચુસ્ત રામભક્તપણું આપણને ન જણાય. આ બધા પરથી એક જ નિર્ણય બાંધી શકાય કે તે કોઈ પણ એક ધર્મમાં ચુસ્ત નહોતાં સામાન્ય વૈદિક ધર્મનો હતો અને શ્રીરામચંદ્ર જ્ઞાતિના ઇષ્ટદેવ હોવાથી તેમાં તેનો વિશેષ અનુરાગ હતો હતો. એ રામાનંદી સંપ્રદાયનો હતો, તેવો એક પણ સબળ પુરાવો એના કાવ્યમાંથી મળી શકતો નથી.[3]

ભાલણે ઉત્તરવયમાં સંન્યસ્ત લીધું હતું, તેવી એક દંતકથા છે.[4]

---

૧. એજન, પૃ. ૫૩

૨. "શ્રીગુરુ, ગુણપતિ, બ્રહ્મસુતાનિ પ્રથમિ કરૂં પ્રણામ;
વિઘન રહિત જેણિ ગૂઢ ગ્રંથનુ પૂરણ થાઇ કામ.
(કાદંબરી, ૧)

૩. શ્રી. ક. મા. મુનશી તેને પાછલી વયમાં રામાનંદી થયો કહે છે, પણ કાંઇ પુરાવો આપતા નથી. (જુઓઃ Guj. & its Lit. p. 119). શ્રી. રામલાલ મોદી પણ તેને રામાનંદી નથી સ્વીકારતા. (જુઓઃ ભાલણ, પૃ. ૫૩)

૪. સ્વ. નારાયણ ભારતીએ લોકવાયકા નોંધી છે. જુઓઃ શ્રી. રા. ચૂ. મોદીઃ ભાલણ, પૃ. ૫૫.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અત્યારે પાટણથી એક ગાઉ દૂર આવેલી હરિહર મહાદેવની જગ્યામાં એ સમાધિસ્થાન છે, એ સમાધિસ્થાન તેનાં અને તેના ગુરુનાં છે. અહીં દરસાલ આષાઢી પૂર્ણિમાએ પાટણના મજમૂદાર કુટુંબ તરફથી એ સ્થાનની પૂજા થાય છે.[૧]

ભાલણના પુત્ર ઉદ્ધવના રામાયણમાં ઉદ્ધવ પિતાને નમન કરતાં પૂર્વે એક સંન્યાસીનું સ્મરણ કરે છે:—

"મધુસૂદન આશ્રમ સંન્યાસી, સમરી તેનું નામઃ
પિતાને પ્રેમે પ્રણામ કરીને ગાવા હરિગુણ-ગ્રામ."

[રામાયણ-૨]

આ ઉપરથી એમ માનવા લાલચ થાય કે ભાલણે સંન્યસ્ત લઇ મધુસૂદન આશ્રમ નામ રાખ્યું હોય; પરંતુ કવિ એકનું સ્મરણ કરી અને સ્મરણ મૃતનું જ હોય, જીવતાનું નહિ, જીવતાને પ્રણામ હોય, તે દૃષ્ટિએ પિતાને પ્રણામ કરી રામાયણની રચના કરે છે; એટલે મધુસૂદન આશ્રમ અને ભાલણ સ્પષ્ટ રીતે ભિન્ન વ્યક્તિ જણાય છે. વળી તેની સમાધિ પણ 'પુરુષોત્તમ મહારાજની સમાધિ' તરીકે જાહેર છે; એટલે આ બંને વ્યક્તિ ભિન્ન છે, એમાં બહુ શંકા નથી રહેતી.

ભાલણનું અવસાન ક્યારે થયું, તે વિશે કશી માહિતી મળી શકતી નથી, છતાં સાં. ૧૫૭૦ના અરસામાં તે ગુજરી ગયો હોય એમ મનાય છે.[૨] એને તેના ગુરુ શ્રીપાતની નિકટમાં સમાધિ દેવામાં આવી હતી; જે સમાધિસ્થાન વિશે ઉપર કહેવામાં આવ્યું છે.

ભાલણના ગુરુના વિષયમાં અનેક અટકળો આપવામાં આવી છે, પણ તેના ધ્રુવાખ્યાનમાં આપેલી હકીકતથી એ બધી અટકળોનો નિરાશ થઈ જાય છે. તે જણાવે છે કે—

૧. એજન પૃ. ૫૫-પાદટીપ
૨. શ્રી. રા. ચૂ. મોદી-સંપાદિત બે નળાખ્યાન, પ્રસ્તાવના, પૃ. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"શ્રીપાતજીની કૃપા કરિનિ કથા કાંઇ કહેવાય,
કેહે કવિ હું ગુરુતણા અહોનિશ પૂજું પાય."

[ધ્રુવાખ્યાન, ૧૯-૨૦][૧]

એના કુટુંબના વિષયમાં કરેલી અટકળો પણ પોકળ છે અને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની નથી.[૨] તેનું કુટુંબ મોટું હોવું જોઈએ, તે દશમસ્કંધમાંના રુકિમણીવિવાહને અંતે આવેલી નીચેની પંક્તિઓ પરથી જણાય છે:—

"રુકિમણીને વિવાહે સંતોખાણો નહિ પરિવાર,
તે માટે વિવાહ વિસ્તારે સતભામાનો ભાખું.

[દશમસ્કંધ, ૩૮૭-૧૦]

આ સિવાય બીજી માહિતી પ્રાપ્ય નથી. સંતતિમાં તેને ઉદ્ધવ નામનો પુત્ર હોવા વિષયમાં તો કશી શંકા નથી. ઉદ્ધવે રામાયણમાં તેમ જ બભ્રૂવાહન આખ્યાનમાં ઠેરઠેર भालणसुत उद्धवदास શબ્દો પ્રયોજ્યા છે. બીજા પુત્રોમાં વિષ્ણુદાસ, ભીમભટ્ટ અને ચતુર્ભુજનાં નામ કહેવામાં આવે છે.[૩] આમાંના ભીમભટ્ટ અને ચતુર્ભુજનાં નામ બરોબર નથી; સબબ કે હરિલીલાકાર ભીમ અને ભ્રમરગીત-કાર ચતુર્ભુજને, એ શિષ્યો હોવાની સંભાવનામાં પાછળથી પુત્રો ગણ્યા હોય. વિષ્ણુદાસ કરી ભાલણનો પુત્ર હતો, તેવી હકીકત તો તેના ઉત્તર કાંડને અંતે મળે છે;[૪] જેવી કે—

---

૧. એજન, પૃ. ૫

૨. શ્રી. રા. ચૂ. મોદી: ભાલણ, પૃ. ૫૯

૩. ભીમ અને ચતુર્ભુજના નામની પોકળતા શ્રી. રા. ચૂ. મોદીએ આપી છે જ. (ભાલણ, પૃ. ૬૩) તેઓ વિષ્ણુદાસનું અસ્તિત્વ સ્વીકારે છે.

૪. ઉદ્ધવકૃત રામાયણ, પૃ. ૫૯૫ અને એમાંનો એ વિષ્ણુદાસનો ઉત્તરકાંડ જેના પરથી લેવામાં આવ્યો છે, તે દ. હ. લિ. પુ. સંગ્રહ નં. ૪૮૫ની હાથપ્રતનો અંતભાગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સ્વત પનર ૧૫૭૫ પંચોરે શુકલ પક્ષ કાર્તિક માસ ॥
પંચમી તીથી બુધવાસરે પુર્ણ ગ્રંથ અતીહાસ ॥૨૧॥
ઉતરકાંડ સંપુર્ણ શુણતાં ઉપજે મન ઉહુલાસ ॥
કર જોડી **ભાલણ-સુત** વીનવે નીજ શેવક **વીષ્ણુદાસ**" ॥૨૨॥

[ઉત્તરકાંડ, ૫૭][1]

જે હાથપ્રતમાં આ ઉત્તરકાંડ છે, તેમાં પ્રથમનાં ૫૫ કડવાં રામજનકુંવર[2] (સાં. ૧૭૧૬માં હયાત હતો તે)નાં છે. માત્ર છેલ્લાં બે કડવાં જ ભાલણસુત વિષ્ણુદાસનાં છે, એ એક જ પુરાવાથી ભાલણને વિષ્ણુદાસ નામનો બીજો પુત્ર હોવાનું સ્વીકારી શકાય તેમ છે.

ભાલણની પૂર્વેનાં આખ્યાનો બહુ થોડાં મળે છે. મળે તેની પણ એક એક કૃતિ જ; જેવી કે કર્મણ મંત્રીનું સીતાહરણ કે વીરસિંહનું ઉષાહરણ; કે સમકાલીન જનાર્દનનું ઉષાહરણ અને માંડણનાં રામાયણ અને રુક્માંગદચરિત. ભાલણે તો થોકબંધ આખ્યાનો લખીને ભવિષ્યના કવિઓનો માર્ગ સરળ કરી દીધો છે; એટલો સરળ કે એની પ્રેરણાએ પોષણ પામી નાકર, વિષ્ણુદાસ, શિવદાસ ને ખુદ પ્રેમાનંદેય આખ્યાનોની રેલમછેલમ કરી નાખી છે. ભાલણને આપણે આખ્યાનોનો પિતા કહિયે તો તેમાં જરાયે ખોટું નથી. પ્રૌઢ આખ્યાનપદ્ધતિ તો એની જ ધપાવેલી છે, એ સ્પષ્ટ વસ્તુ છે.

---

૧. આ હાથપ્રત સં. ૧૮૩૯માં પાટણમાં ઉતારવામાં આવેલી છે.

૨. આ રામજનકૂંવરને સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળા તેમ જ શ્રી. રામલાલ ચૂ. મોદી વિષ્ણુદાસથી અનન્ય માને છે. (જુઓ: ઉદ્ધવકૃત રામાયણની પ્રસ્તાવના, પૃ. ૮, અને શ્રી. મોદીનું 'ભાલણ'–પૃ. ૬૨) શ્રી. કાંટાવાળા તો હજી સશંક છે; પણ શ્રી. મોદી તો વિષ્ણુદાસ રામભક્ત હોવાથી તેણે 'રામજનકૂંવર'નામે કાવ્ય લખ્યાનું સાબિત માને છે. એનું નિરાકરણ હવે કરવાનું જ રહેતું નથી. કારણ ઉપર જ સ્પષ્ટ છે. વિશેષમાં ભટ્ટ બાલકૃષ્ણનો શિષ્ય રામજનકૂંઅર ખંભાતનો નાગર બ્રાહ્મણ હતો. (જુઓ: શ્રી ફા. ગૂ. સ.ના હાલિ. પુ.ની યાદી; પૃ ૧૯૯)

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

તેની નાની મોટી અત્યારે ૧૬ જેટલી કૃતિઓ જાણવામાં આવી છે. ૧૬ જેટલાં સ્વતંત્ર કાવ્ય લખનારો તેના સમયમાં ભાલણ એક જ છે, અને તે પણ પ્રાયઃ બધાં આખ્યાનપદ્ધતિએ. દશમસ્કંધ વગેરેમાં એણે પદો લખ્યાં છે; પણ પ્રાયઃ એ સાથોસાથ નાનાં મોટાં કેટલાંએ કડવાં મળે છે. દશમસ્કંધ વગેરે કાવ્યો જોતાં એણે કાવ્યમાં સ્વીકારેલા અનેકવિધ બંધો આશ્ચર્ય પમાડે તેવા છે. નીચે બતાવવામાં આવશે તે ગરબીઓનો વિવિધ રાહ સૌથી પ્રથમ ભાલણમાં જ પ્રાપ્ત થાય છે; અને દશમસ્કંધમાં એ ઢાળનાં કેટલાંય પદો પ્રાપ્ત થાય છે.

ભાલણની કૃતિઓ અત્યારે ત્રણ પ્રકારની મળે છેઃ ૧. સામાન્ય, ૨. મધ્યમ અને ૩. ઉત્તમ. જે સોળ કૃતિઓ પ્રાપ્ત થાય છે, તે નીચે મુજબ જુદા જુદા વર્ગમાં આવી જાય છેઃ

૧. સામાન્ય : ૧. ભીલડી સંવાદ, ૨, સપ્તશતી, ૩. જાલંધર આખ્યાન, ૪. બીજું નળાખ્યાન, ૫. દુર્વાસા આખ્યાન, ૬. મામકી આખ્યાન;

૨. મધ્યમ : ૧. રામવિવાહ, ૨. ધ્રુવાખ્યાન,[૧] ૩. મૃગી-આખ્યાનઃ

૩. ઉત્તમ : ૧. કૃષ્ણવિષ્ટિ, ૨. પહેલું નળાખ્યાન, ૩. કાદંબરી, ૪. દશમસ્કંધ,[૨] ૫. રામબાલચરિત, ૬. રામાયણ.

આ ઉપરાંત છૂટક ઘણાં પદો તેણે રચ્યાં છે, જે કેટલાંક

---

૧. ધ્રુવાખ્યાન બે કર્યાનો તેના બીજા નળાખ્યાનને અંતે ઉલ્લેખ છે; પણ અત્યારે એક જ પ્રાપ્ત થાય છે અને તે 'સાહિત્ય' માસિકમાં છપાયેલ છે.

૨. આ કાવ્યની એક પ્રત શ્રીરામલાલ ચૂ. મોદી પાસે છે. કૃષ્ણબાલચરિત, રુકિમણીવિવાહ અને સતભામાનું રૂસણું તેમ જ સતભામાવિવાહ એ દશમ સ્કંધમાં આવી જાય છે. દશમસ્કંધ જે સ્વ. કાંટાવાળાએ છપાવ્યો છે, તેમાં જેમ અન્ય કવિઓનાં વ્રજભાષાનાં પદો ઉમેરાયાં છે, તે પ્રમાણે ગૂજ. પદો પણ ઉમેરાયાં છે. પદ ૧૨૯મું ગદાધરનું, ૧૪૦મું ચતુરાંદાસનું, ૧૫૨મું અને ૧૭૩મું નરસિંહ મહેતાનાં, ૨૮૮મું સુરદાસનું (ગૂજ.), અને ૧૫૭-૧૬૭ એ ૧૧ પદો લક્ષ્મીદાસનાં રાસપંચાધ્યાયીનાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છપાઈ પણ ચૂકયાં છે. "સીતાહનુમાનસંવાદ" હોવાનું સંભળાયું છે; પણ હજી મળ્યું નથી.

ઉપર ગણાવેલાંમાંનાં દુર્વાસા આખ્યાન, મૃગીઆખ્યાન અને કૃષ્ણવિષ્ટિ અદ્યાપિ અપ્રસિદ્ધ છે. દુર્વાસા આખ્યાનની એક હાથપ્રત ગૂ. વર્ના. સો. ના સંગ્રહમાં છે અને તેમાં માત્ર ત્રણ કડવાં સુધીનો ભાગ છે. તેનાં છપાયેલાં કાવ્યોમાં પણ રામબાલચરિત અપૂર્ણ જ છપાયું છે. રામવિવાહ કે સીતાવિવાહ પણ હજી અપ્રસિદ્ધ છે. આ ઉપરાંત દ્રૌપદીવસ્ત્રાહરણ પ્રા. કા. સુધાના ૩જા ભાગમાં થોડું છપાયું છે. તે પણ તેનું છે.

ભાલણની ઉપર જે ઉત્તમ કૃતિઓ કહી તેમાં પણ નળાખ્યાન અને કાદંબરી સર્વોત્કૃષ્ટ કૃતિઓ છે. એની પાસે બીજી સર્વકૃતિઓ ઝાંખી પડી જાય છે. બેશક એ અનુવાદો છે, છતાં એણે પોતા તરફથી એ અનુવાદને માત્ર અનુવાદ ન થવા દેતાં કાવ્યને ઉત્કૃષ્ટ ગુણોથી યુક્ત કાવ્ય કરી બતાવ્યાં છે.

કાદંબરીમાં તેણે ચોપાઈ અને ચોપાઈ દાવટી (સવૈયા અને હરિગીતની ચાલ)નો પ્રયોગ મુખ્યત્વે કર્યો છે. વચ્ચે દોહાનું ૧૦મું કડવું છે, જેમાં એક વિવિધતા પણ આવે છે, જે નીચે પ્રસંગે આપવામાં આવશે. કાદંબરી મૂળ જેઓએ વાંચી હશે, તે નીચેના અવતરણ ઉપરથી અનુવાદકની શક્તિનો ક્યાસ કાઢી શકશે. ચાંડાલ કન્યકા વૈશંપાયન પોપટને લઈ શૂદ્રક રાજાના દરબારમાં આવે છે. પ્રતીહારી રાજા પાસે તેનું નિવેદન કરે છે; સાથોસાથ કવિ રાજાનું સ્વરૂપ પણ વર્ણવે છે:

(સવૈયાની ચોપાઇ દાવટી)

"દક્ષિણથી કોએક આવી છિ, પ્રભુ, દ્વારિ ચાંડાલી:
ઇંદ્રલોકિ આરોહણ કરતાં કુપિત શક્ર હુંકારિ
રાજલક્ષ્મી શૂં ત્રિશંકુ રાની પડી છિ મહી મુઝારિ.
કર માંહિ છિ શુકયુત પંજર; કન્યા કોમલ દેહ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંઇ વીનતી કરવા વાંછિ પ્રભુજી પરતિ તેહ.
સકલ વિશ્વના રત્ન તણૂં ઇક ઉદધિ જિમ ભાજંન
આશ્ચર્યરૂપ વિહંગ દીસિ છિ કલાપાત્ર અતિ ધંન.
અખિલ ભુવનનૂં રત્ન જ તમનિ જાણી તે શુક લ્યાવી;
મુખ જોવા ઈછિ, માહારાજા, દૂર થકી અતિ આવી."

× × × ×

"માતંગીઈ મહીપતિ દીઠુ નરપતિ સહસ્ત્રિ ગ્યલિરૂ.
જાણી મેરુ મહીધર સકલિ ગ્યલી રહુ છિ ભલિરૂ.
કનકશૃંખલાઇ દઢ બાંધી મણિદંડિકા ચ્યારિ.
શ્વેત દુકૂલ તણુ ચંદૂઉ (ગજમુક્તાફલ હાર)–
ગગનનદીનાં ફેનપટલ શૂં; હેઠલિ સિંહાસંન;
સ્ફટિક પાદુકા વામ પદ ધરી રા બીઠુ શુભ તંન.
ઇંદ્રનીલમણિ અવનીની દ્યુતિ પદનખ દીસિ શ્યામ;
જાણી રિપુનિ શ્વાસ કરીનિ મલિન પ્રભા અતિ રાજિ,
જાણી હરિ મધુ કૈટભ મારી રુધિર અરુણ ઉર ભ્રાજિ.
અમ્રતફેન ધવલ ગોરોચન ચિત્રિત વિહગ વસંન
હેમદંડ ચંમર સંયોગિ જાણી ઉડુગણિ ઈંદુ;
ઉપમા જાણી કલંકકલા ઇમ કુંકુમતિલક સુબિંદુ.
ઇંદ્રનીલ કેયૂર કરિ જાણી ચંદન લુબ્ધ ભુજંગ,
ચપળ રાજલક્ષ્મીનિ બંધન નિગડકટક શૂં અંગ.
કમલ નયન નિ કાનિ કુંડલ, મસ્તકિ માલતી માલ;
બંદીજન બહુ શુભ સ્તવિઇ; ઇમ બીઠુ છિ ભૂપાલ."[1]

વૈશંપાયન રાજાને પોતાની હકીકત જણાવતાં વિંધ્યાટવીનું વર્ણન **હરિગીત ચાલની ચોપાઈ દાવટીમાં** કરે છે, તેમાં થોકબંધ વનસ્પતિ ભાલણે વર્ણવી છે:

"કૌતુક હુઇ, તુ સાંભલુ જી થઇ અનિ સાવધાન.
એક સુંદર દેશ છિ વિંધ્યાટવી અભિધાન.

૧. કાદંબરી, પૃ. ૬–૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વ પશ્ચિમ સાગર; વલી મધ્ય દેશનુ અલંકાર;
જાણી મહીનિ મેખલા કટિ તટિ છિ શણગાર;
વનગજ મદિઇ સિક્ત તરુ જ્યંહાં; સદા પ્રકટ વસંત;
કીરિ કરડી નાંખિઆં દાડિમી–ફલ મહી માંહિ;
ગુંજાફલના પ્રકર જાણી પડયા છિ અતિ ત્યાંહ;
ચપલ કપિ ક્રીડા કરિ નિ ફરિ કોટિ કુરંગ;
પંથીઇ જિહાં સાથરા પાથર્યા પત્ર લવંગ.
શાલ, તાલ, તમાલ, તુંડી, ભંડી, માલ, પ્રિયાલ:
ગિરિમાલા દીસિ ભલા રે પ્રૌઢ તેહ રસાલ;
અગથિયા, આંબા, અશોક, અખોડ, અગર, અંજીર,
ફણસ, ફોફલ, ફાલસાં, કંકોલ, કૂઠ, કરીર,
કેસર, કરણી, કેતકી, કુંદ, કુરપક, કલ્હાર.
બકુલ બોરસલી, વલી મુચકુંદ, મદન, મંદાર,
શવનિ, શીશવિ, સરલ, સાદડ, સાલડી નિ સાગ,
પલાશ, પાડલ, પીપલા, પરપનસ નિ પુન્નાગ.

× × × ×

પત્ર મેચક શ્વેત સુમનસ વલ્લિ વૃક્ષ વિકાસ,
જાણીઇ ઉડુગણ ઉદિ થ્યા અન્ય શૂં આકાશ.
મુક્તાફલ નિ દંત લોભી હસ્તી હણઇ નિષાદ,
જાણીઇ શૂં જમપુરી છિ, પ્રાણી પામિ વિષાદ."૧

વૈશંપાયન પોપટને જાબાલિ ઋષિનો પુત્ર હારીત બચાવે છે, તે પૂર્વે પોપટે હારીતનું વર્ણન ચોપાઇમાં આપ્યું છે; જેવું કે:

"પ્રત્યક્ષ જાણી સનતકુમાર, જાણી પાવકનુ અવતાર,
તપ્ત કનક સરખુ તનુરંગ; તપનિ તેજિ વિરાજિત અંગ.
દક્ષિણ શ્રવણ સ્ફટિક મણિમાલ, ભસ્મત્રિપુંડ્ર ત્રિરેખા ભાલિ;
સ્ફાટિક મણિનૂં સુઘટિત કર્યૂં વામિ કરિ કમંડલુ ધર્યૂં;
કૃષ્ણાજિન ઊઢ્યૂં; કરિ દંડ; તેજિ અતિ ભાસિ બ્રહ્માંડ;
ઉરિ ઉપવીત, પાણિ ઉપહાર, ગોમય, માટી, તિલ, કુશ સાર;

૧. એજન, પૃ. ૧૨-૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોમલ વનકલ પિહિર્યૂં અંગિ, મૃગનાં બાલક ચાલઇ સંગિ;
વાટિ કરતુ બ્રહ્મવિચાર ચાલી આવ્યુ તેણિ ઠારિ."[૧]

દોહાનો જે બંધ સ્વીકારવામાં આવ્યો છે, તેમાં ભાલણે એક વિવિધતા અપનાવી છે. વિષમ પદને છેડે "સુણિ સુંદરિ" અને સમપદને છેડે "ગિહિલી કુણિ કરી ?" આપવામાં આવ્યાં છે, જેનું નાકરે વિરાટપર્વમાં યુધિષ્ઠિર–દ્રૌપદીના પ્રસંગે પાછો ઉપયોગ કર્યાનું પ્રાપ્ત થાય છે.[૨] ભાલણ નીચે પ્રમાણે આપે છે:

"ઉન્મત્તે ! ઊતાવલી ! સુણિ સુંદરી,
ઊઢણૂં આપ સંભાલિ. ગિહિલી કુણિ કરી ?
કચલટ મુખ પરિ લટકતી, સુણિ સુંદરી,
કરિ કરી પાછી વાલિ, ગિહિલી, કુણિ કરી ?
ચંદ્રલેખાઇ ચકિત થઇ, સુણિ સુંદરી,
કાં પડિ આખડી આજ ? ગિહિલી કુણિ કરી ?
ઉપહાર કુસુમ કરિથી ગિર્યાં, સુણિ સુંદરી,
દર્શન કરવા કાજિ ! ગિહિલી કુણિ કરી ?"[૩]

પણ ભાલણ આ પદ્ધતિનો પુરસ્કર્તા નથી, એ ખાસ લક્ષ્યમાં લેવા જેવી વસ્તુ છે. સં. ૧૩૭૧ આસપાસ રચાયેલા "સમરારાસુ"માં અદલોઅદલ આ જ પદ્ધતિ મળે છે:

"વઉણથલીચૈત્રપ્રવાડિ માલ્હંતડે પૂજિય દરિસણ પાય.
તલહટીય ગઢમાહિ (સુણિ સુંદરે પૂજિય દરિસણ પાય).
ઊજિલ ઊપરિ ચાલિયા એ માલ્હંતડે પૂજિય દરિસણ પાય.
ચઉવ્વિહ સંઘહ માહિ સુણિ સુંદરે પૂજિય દરિસણ પાય."[૪]

૧૨ કડીની આ નવમી "ભાસા," છે. "પૂજિય દરિસણ પાય" એ પદ આમાં વધારાનું છે. એ કદાચ ગાવાના ઢાળમાં કાંઈ

---

૧. એજન, પૃ. ૨૪ ૨. વિરાટપર્વ, કડવાં ૪૪
૩. કાંદંબરી, પૃ. ૫૮ ૪. પ્રા. ગૂ. કા., પૃ. ૩૪–૩૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફેર હોવાનું બતાવતું હશે. ભાલણે "રામબાલલીલા"માં જે ૧લું પદ લખ્યું છે, તેનો બંધ ચોપાઇનો છે, પણ પદ્ધતિ ઉપર જેવી છે; જેમકે–

"યચા મંગલ તેજ પ્રકાશ, એ રૂપ કુણ કળે;
અવનિ કારણ અવિનાશ, મહારૂપ કુણ કળે.
કિરીટ મુકુટ શિર સાર, એ રૂપ કુણ કળે;
શોભે દિનકરનો ઝળકાર, મહારૂપ કુણ કળે."[1]

પ્રૌઢ આખ્યાનકાર ભાલણે આમ આખ્યાનપદ્ધતિનો વિસ્તાર કર્યો છે. કડવાના આરંભમાં સાદી ત્રિપદી દોઢ, કે ચાલુ ચોપાઈ દાવટીની કડી ઢાળ પહેલાં મોટે ભાગે આપી છે. પણ કાદંબરીમાં કડવાને અંતે તો ઊથલો કે વલણ દેખાતાં નથી, એ ખાસ ધ્યાનમાં લેવા જેવી વસ્તુ છે. એ જ પદ્ધતિ તેનાં બીજાં કાવ્યો નળાખ્યાન, સપ્તશતી, જાલધર આખ્યાન, દુર્વાસા આખ્યાન વગેરેમાં જોવામાં આવે છે.

આપણે ભાલણમાં છૂટાં પદો અને કડવાબંધ સાથોસાથ મેળવી શકિયે છિયે, તેમ એ બંને પદ્ધતિ સ્વતંત્ર રીતે પ્રયોજાઈ હોય તેવી પણ કૃતિઓ મેળવિયે છિયે. દશમસ્કંધ મિશ્રતાનો નમૂનો છે, તો "રામબાલલીલા," "રામાયણ," "દ્રૌપદીવસ્ત્રહરણ" એ ત્રણે કાવ્યો છૂટાં પદો જ આપે છે, જ્યારે ઉપર જણાવેલાં નળાખ્યાનાદિમાં માત્ર કડવાં જ મળે છે.

છૂટાં પદો રચવાનો પ્રચાર તદ્દન નવો નથી. અસાઈત જૂનો છે. તેણે સં. ૧૪૨૭માં ત્રણ પદો આપ્યાં છે, તે આપણે જોયું છે. તે પૂર્વે "સમરારાસુ," "કછૂલીરાસુ"માં પદો મળે છે, તો "સુલસાખ્યાન" (૨–સં. ૧૧૬૦ લગભગ), "રેવંતગિરિરાસુ" જેવામાં નાનાં કડવાં પણ મળે છે જ. પણ નરસિંહ મહેતાએ પ્રથમ થોકબંધ પદસાહિત્ય રચી આપ્યું; તેની પાછળ ભાલણે પણ આપણને થોકબંધ પદસાહિત્ય રચી આપ્યું છે.

"રામાયણ"નાં જે ચાર કડવાં કે પદ મળે છે, તે ચોપાઈમાં છે. ચારે પદને છેડે "ભાલણના સ્વામી" એવી છાપ છે, જે પદ-

---

૧. પ્રાચીન કાવ્ય, પુ. ૧૧, પૃ. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદ્ધતિની જ છે. "દ્રૌપદીવસ્ત્રહરણ"માં પાંચ પદ અત્યારે મળે છે; જેમાં પહેલા પદમાં ચોપાઈ અને ચોપાઈ દાવટીની કડીઓ મળી ગઈ છે; ૨–૩–૪ એ દોહાબંધનાં પદ છે, જેને અંતે "કર જોડીને ભાલણ કહે" એવી છાપ છે; પાંચમું પદ ચોપાઇ દાવટીનું છે, જેની ૧લી કડી માત્ર "સુણિ સુંદરી"ની પદ્ધતિનું ચોપાઇનાં ચરણનું છે. આ પદને અંતે "કર જોડી ભાલણ વદે"ની છાપ છે,

"રામબાલલીલા"નાં પદોમાં જે વૈવિધ્ય દેખાય છે, તે ધ્યાન ખેંચે છે: ૧લા પદનો પરિચય ઉપર આપ્યો છે. ૨જા પદમાં ચોપાઈબંધ છે. ૩જા પદમાં ટેકનો બંધ નવો છે:

"રાજા દોને વધાઇ, પ્રભુ પ્રગટયા છે ઘરમાંઇ. ટેક૦
તતક્ષણ ત્રંબાળું વાગ્યાં ઘડિયાળ;
ચરણ ચાંપે ચતુરા કર મોતીની થાળ. રાજા દો૦
ધીનકિત ધીનકિત મૃદંગ બાજે, ગુણકા કરતી ગાન;
કનકપાત્રમાં ઘૃત ભરીને, આપ્યાં ભૂમિદાન. રાજા દો૦"[૧]

આમાં ત્રણ લીટી પછીની કડીઓ સવૈયાની ચાલની ચોપાઈ-દાવટીમાં છે. આ પછીનાં પદોમાં કેટલુંક વૈવિધ્ય છે, જે હજી એ પહેલાંની કવિતામાં જોવામાં નથી આવ્યું. નીચે દશમસ્કંધનાં પદોનો પરિચય આપતાં એમાંના બેક ઉપયોગી ઢાળો ઉપયોગમાં આવશે.

દશમસ્કંધમાં નાનાં મોટાં ૪૯૭ પદો છે, આમાં કેટલાંક પદો ચોખ્ખાં કડવાં જ છે. જુઓ, નમૂના તરીકે ૨જું સામેરી રાગનું પદ:

"વસુધા માથે ભાર, અતિશે થયો નિર્ધાર;
રહ્યું ન જાયે આપ, તન માંહે પામી તાપ.
તાપ પામી તેજસ્વી ભૂપ, અતિશે સુંદર રૂપ.

ઢાળ

મહા તેજસ્વી રૂપ તેજ તે જે વર્ણવ્યું જાયે નહિ:
દેવક યાદવ તણે મંદિર, દેવકી કન્યા સહિ."[૨]

---

૧. પ્રા. કા. પુ. ૧૧, પૃ. ૩
૨. દશમસ્કંધ, પૃ. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવાં નાનાં મોટાં કેટલાંએ કડવાં પદના સ્વરૂપમાં આવે છે. ઢાળની કડી ન હોય, છતાં તેના બંધથી કડવાં ગણી શકાય, તેવાં પદો પણ મળે છે; જેમકે ૪થું પદ, રાગ ગોડીનું:

"ઘેર આવ્યા વસુદેવ, મન આનંદ ઘણો;
પ્રથમે દેવકી તન, કીર્તિમાન જણ્યો."[૧]

આવાં ઉપરાંત એકલી ચોપાઇનાં પણ આવે છે. આ બધાંમાં "ભાલણ પ્રભુ" છાપ આપવામાં આવેલી જ હોય છે. આ સૌમાંથી ચોખ્ખાં પદો તરી આવે છે. દાખલા તરીકે જુઓ ૩૯ મા પદનું "હાલરૂં." તેનો બંધ "દોહા"નો છે. ભાલણે, એમ દેખાય છે કે ચાલુ કથામાં જ્યાં નવા પ્રસંગ યોજવા વિચાર કર્યો છે, તેનો અમલ પદોમાં કર્યો છે:

પદ ૩૯ રાગ પરજિયો

"અલોલો હાલરૂં રે, પોઢો પોઢો સુંદરશ્યામ;
તે કરી મને વિસર્યાં, સંસાર તણાં સર્વ કામ. અલોલો હાલરૂં રે.
ગર્ગાચાર્યે જે કહ્યું તે, સંભારો વચન રે;
પ્રાગવડને પાંદડે, પોઢ્યો તમારો તન રે. અલોલો૦
ચરણ અંગુષ્ઠ કર ધરી, મુખમાંહે તે રાખ્યો રે;
માર્કંડેયને જે દેખાડયું, તે મુજને દેખાડો રે. અલોલો૦

× × × ×

ગુણ તારા હું શું કહું, શેષથી કહ્યા નવ જાય રે;
ભાલણપ્રભુ ભલે અવતર્યા, તે પ્રેમે પ્રીતે ગાય રે. અલોલો૦"[૨]

ભાલણે ૪૫મું પદ 'રાગ નટનારાયણ''નું આપ્યું છે, એ નવીન વસ્તુ જણાય છે:

"જસોદા માત, સાંભળો વાત, કરે ઉપધાત, સુંદરવર ઘરમાંહે રે,
કહો કયમ કીજે.

૧. એજન, પૃ. ૪
૨. એજન, પૃ. ૩૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંચળ કાય, કોણ ઉપાય, માખણ ખાય, દોણી ફોડી દૂધની. કચહો૦"૧

દશમસ્કંધનું ૫૩મું–૫૪મું અને ૫૫મું, એ પદો ત્રણે "ધન્યાશ્રી"નાં છે; એ ત્રણે પદમાં આપણને બહુ પસંદ પડી ગયેલી "ગરબી"નો ઢાળ છે:

"બાઇ જાઓ મંદિર સહુકો આપણે રે,
સોડ ભલાઇ ફોકટ લેતાં આજ હો;
ઓલંભા દાહાડી એના લાવતાં રે,
સાંભળીને મુજને થાતી લાજ હો."૨

એક વસ્તુ અહીં પ્રસંગપ્રાપ્ત બતાવવાનું દિલ થાય છે, અને તે એ છે કે દયારામના સમયમાં આપણને "ગરબી" સાહિત્યનું અત્યંત બાહુલ્ય મળે છે. અત્યાર સુધી એમ જ મનાતું આવ્યું છે કે એ પૂર્વે ગરબીઓ ન હતી. આ વસ્તુ સંશોધનથી આજે ખોટી ઠરી છે. ખુદ નરસિંહ મહેતાનાં એવાં અનેક પદો છે કે જે "ગરબી"ઓ છે. હું "ગરબી–ગરબા"નો અર્થ એ સમઝું છું કે જે પદો–દેશીઓ "દાદરા" તાલમાં ગાઈ શકાય. "ત્રિતાલ"નાં જેટલાં પદો છે, એ બધાં જ "દાદરા"માં ગાઇ શકાય છે. નરસિંહ મહેતાની "રાસસહસ્રપદી"માં એવાં કેટલાંયે પદો મળે છે કે જે ચોખ્ખી ગરબીઓ છે. જુઓ નીચેનું પદ:

"વાહલા મારા! વૃન્દાવન રે ચોકચ કે વિહિલા પધારજ્યે રે લોલ. વા૦
ગોકુલ ગામ તણી વ્રજનારચ કે વેગિ બોલાવજ્યો રે લોલ. વા૦
અહ્મને રાસ રમ્યાના કોડ કે નાથસંગિ બેવડી રે લોલ. વા૦
લેવા મુખડાના મકરન્દ કે મ્યલી તેવતેવડી રે લોલ. વા૦
રૂડો બંસીવટનો ચોક કે કુંજશોભા ઘણી રે લોલ. વા૦
રૂડું જમુનાજીનૂં તીર કે તટિ રલિઆમણી રે લોલ. વા૦
મ્યલિઓ વ્રજવનિતાનો સાથ કે તાલી દિઇ હાથશ્યૂં રે લોલ. વા૦
માન્યની મન્મથ ભીડે બાથ કે કોમલ હાથશ્યૂં રે લોલ. વા૦
ફરતાં ગાન કરે વ્રજનાર કે વચમાં વાલમો રે લોલ. વા૦

૧. એજન, પૃ. ૩૭ ૨. એજન, પૃ. ૪૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂડી શરદ પૂન્યમની રાત્ય કે: સુન્દર સોહામણી રે લોલ. વા૦
જોવા મ્યલિઆ ચૌદે લોક કે: ઇન્દ્ર તિહાં આવિઓ રે લોલ. વા૦
રૂડાં પારિજાતિનાં પુષ્પિ કે પ્રભુનિં વધાવિઓ રે લોલ. વા૦
બ્રહ્મા–રુદ્ર ધરિ એનૂં ધ્યાન કે પાર પામે નહીં રે લોલ. વા૦
નાચે નરસૈંઓ સુખ જોઇ કે લીલા નાથની રે લોલ. વા૦"[1]

આ ઉપરાંત સાદી સવૈયા ચાલની ચોપાઈ દાવટીમાં સંખ્યાબંધ પદો છે, જે બધાં હીંચ–હમચીમાં ગાઇ શકાય છે. ભાલણના દશમ-સ્કંધમાં પણ આવાં અનેક પદો છે.

ભાલણને વૈવિધ્ય આપવાનો શોખ છે, એ આપણે જોયું. આ વૈવિધ્ય જાળવવા એણે જોયેલા ઘણા બંધ આપ્યા છે. આમાંનો એક વિશેષ ત્રિપદી બંધ તેણે પ્રયોજ્યો છે, તે જોવા જેવો છે. પંચ પંડવ રાસ (સં. ૧૪૧૦), વિદ્યાવિલાસ પવાડો (સં. ૧૪૮૭) અને સમરારાસુમાં (સં. ૧૩૭૧) એ જાતની ત્રિપદી મળે છે. આ ત્રિપદીનો ભાલણે તેના પંહેલા નળાખ્યાનમાં ઉપયોગ કર્યો છે; જેવો કે–

દેશી ફેર ઠવણીની

"અપૂર્વ દર્શન સુખ થયું, કામિની રે. જઇને કર્યો પ્રણામ.
અંતરશું એમ ચિંતવે રે, 'એ આવ્યો શુભ ઠામ.' (ટેક.)
મુનિજન જાહારે દીઠી નારી—સુંદર વપુ નિ દુઃખ ભારી,
અર્ધ વસ્ત્ર તે પેહેરણે. અ૦
સુંદર નખમુખ, સુલલિત વાણી, જાણી એ ભૂલી મૃગનયણી !
ચંચળ નયણ તે જળે ભરે. અ૦"[2]

આટલાં ઉદાહરણોથી ભાલણને વિશદ રીતે આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, એનો એક જ મુદ્દો છે અને તે એ કે પદબદ્ધ અને કડવાબદ્ધ કાવ્યોનો એ હિમાયતી છે. એનાં જેમ સ્વતંત્ર પદો મળે છે (અને હજી ઘણાંયે અપ્રસિદ્ધ છે–હાથપ્રતોમાં અત્રતત્ર મળે

---

૧. રાસસહસ્રપદી (કે. કા. શાસ્ત્રી), પૃ. ૨૮
૨. બે નળાખ્યાન, પૃ. ૩૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે–જેમાં કેટલાંયે સુંદર ગરબા–ગરબી રૂપે છે), તેમ સ્વતંત્ર કડવાબદ્ધ કાવ્યો મળે છે. એનાં કડવાબદ્ધ કાવ્યો "આખ્યાનો" છે. આથી એમ માનવામાં આવે છે કે આખ્યાનોનો એ પુરસ્કર્તા છે. પણ આખ્યાનોનાં બીજ સુલસાખ્યાન (ર. સં. ૧૧૬૦), રેવંતગિરિરાસુ વગેરે ૧૨–૧૩મી સદીના કાવ્યોમાં છે, તો માત્ર પદોનાં મૂળ સમરારાસુ (ર. સાં. ૧૩૭૭) જેટલાં જૂનાં મળે છે. પદોનો વિસ્તાર નરસિંહમાં અને કડવાંઓનો વિસ્તાર પછી ભાલણમાં મળે છે. આખ્યાનોના અંગમાં પદો, કડવાં અને જુદા જુદા બંધોનું સ્થાન નથી, તેમ કહી શકાય તેમ નથી. આખ્યાનોનો સમય આપણે વિક્રમની ૧૬મી સદીના આરંભથી માનિયે તો એ રીતે કે પુરાણોમાંથી (મહાભારત–રામાયણ–હરિવંશ મળી) વસ્તુ લઇને કાવ્યો જૈનેતર કવિઓમાં નરસિંહ–વીરસિંહ–કર્મણ–કેશવદાસ–ભાલણ–ભીમ વગેરેએ લખ્યાં છે. એ બધા, આખ્યાનોના પુરસ્કર્તાઓ છે. પાછળથી માત્ર ચોપાઈ–પૂર્વછાયાબંધ થોડો અને કડવાબંધ ખૂબ વેગ પામે છે. હું નરસિંહમાં આખ્યાનપદ્ધતિનાં બીજ અને ભાલણમાં આખ્યાનપદ્ધતિની પ્રૌઢિ જોઈ શકયો છું. અને કાવ્યબંધોનો કોઇપણ અભ્યાસી આ વસ્તુ જ નિહાળી શકશે, એમ મને વિશ્વાસ છે. ઘણાખરા રાગો આ જ યુગમાં દેશીઓમાં જામ્યા છે, જેનું વૈવિધ્ય નરસિંહ અને ભાલણમાં ખૂબ મળે છે.

ભાલણના વિષયમાં એક બીજી વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે, તે દશમસ્કંધમાં તેણે પોતાની જ છાપનાં વ્રજભાષાનાં પદો ૭ આપ્યાં છે તે. પદ ૭૭, ૨૫૧, ૨૫૩ થી ૨૫૫ અને ૨૬૫ મું, આ બધાંય પદો સવૈયા ચાલની ચોપાઈ દાવટીનાં છે. ભાષાનો નમૂનો આ છે; ભગવાન કૃષ્ણને મથુરામાં ગોકુલના બાલલીલાના પ્રસંગો યાદ આવે છે. ભાલણ એ પ્રસંગ રસિક રીતે ખડો કરે છે:

"व्रजको सुख समरत श्याम.
पर्नकुटी सो बीसरत नाहीं नाही न भावत सुंदर धाम. व्र०

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वदीर मात्र नवनीतके कारन, उखले बांधे ते बहु दाम;
चित्तमें वे जु चुमी रही हे, चोर चोर कहत हे नाम. व्र०
निशदिन फिरतो जु सुरभिके संगे, शर पर परत शीत घन धाम;
निश फुनी दोहन बंधनको सुख, करी बेठत नाहीं जो नाम. व्र०
मोर पिच्छ गुंजाफल लेले, बेख बनावत रुचिर ललाम;
भालनप्रभु विधाताकी गति, चरित्र तुमारे सब बाम. व्र०"[१]

આપણે કેશવદાસના "કૃષ્ણક્રીડાકાવ્ય"માં વ્રજભાષાનાં પદો જોયાં છે; એટલે ભાલણે પણ વ્રજભાષામાં પદો કર્યાં હોય એ અસંભવિત નથી. દશમસ્કંધમાં સુરદાસ અને વિષ્ણુદાસ વગેરે વ્રજભાષાના કવિઓનાં કેટલાંક પદો છે, તે પાછળથી ઉમેરાયેલાં છે. ભાલણ એઓનો પુરોગામી છે.

ભાલણ જે સમયમાં હતો, તે સમયે મધ્યકાલીન ગૂજ.ની ૨જી ભૂમિકા પ્રચારમાં હતી. એ ભૂમિકાનાં રૂપો અગાઉ બતાવ્યું તેમ માત્ર તેના બીજા નળાખ્યાનમાં ક્યાંક ક્યાંક રહેવા પામ્યાં છે. તેની કાદંબરીની ભાષા ૩જી ભૂમિકાની અને જાલંધર આખ્યાનની ભાષા ૪થી ભૂમિકાની પ્રાપ્ત થાય છે. એટલે હજી ભાલણના સમયની ભાષા ધરાવતી તેનાં કાવ્યોની મહત્ત્વની પ્રત મળી નથી. અને વસ્તુસ્થિતિએ બન્યું છે પણ એમ જ કે જે જે કવિઓ વધુ વિખ્યાતિ પામ્યા છે તેનાં કાવ્યોની અનેક નકલો થવાને કારણે ભાષા ચૂંથાઈ ગઈ છે; જ્યારે એકલી અટૂલી એક જ કૃતિવાળા કવિનાં કાવ્યો અસલ ભાષામાં સચવાઈ રહ્યાં છે. એટલાં સદ્ભાગ્ય કે કાદંબરી, ભલે પછી એક ભૂમિકા પછીની પણ ભાષા સાંચવતી રહી જવા પામી; કારણમાં તો એની કઠિનતા કે જેને કારણે એ લોકાદર નહિ પામી શકી હોય અને તેથી તેની વધુ નકલો ન થવા પામી હોય.

કદાચ મહાકવિ તરીકે તો નહિ પણ શિષ્ટ કવિ તરીકે અને ગૂજરાતી ભાષામાં એક કરતાં વધુ આખ્યાનો લખી આખ્યાનોના

---

૧. દશમસ્કંધ, પૃ. ૨૦૦–૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પિતા તરીકે એ પૂર્વેના અન્ય કોઇ પણ કવિનાં પ્રૌઢ આખ્યાનો ન મળે તો તે સૌથી પ્રથમ જ ગણાશે.[1] અને આમ છતાં આવા કવિનાં ચરિતસાધનોથી આપણે વંચિત છિયે, એ પણ થોડું આશ્ચર્ય ન ગણી શકાય.

ચરિતસામગ્રી:—

૧. દશમસ્કંધ ભાલણનો-સ્વ. હ. કાંટાવાળા સંપાદિત
૨. પ્રા. કા. માળામાં સપ્તશતીનો ઉપોદ્‌ઘાત-સ્વ. નારાયણભારતી લિખિત
૩. ઉદ્ધવકૃત રામાયણ, સ્વ. હ. ગો. કાંટાવાળા સંપાદિત
૪. પ્રા. કા. ત્રૈમાસિક અને પ્રા. કા. માળા ,,
૫. બૃહત્કાવ્યદોહન ભાગ ૧–૫–૬
૬. પ્રા. કાવ્યસુધા ૩જો ભાગ, શ્રી. છ. વિ. રાવળ સંપાદિત
૭. ગૂ. સા.ના માર્ગસૂચક સ્તંભો-દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૮. કાદંબરી પૂર્વભાગ-દી. બ. કે. હ. ધ્રુવ સંપાદિત
૯. ભાલણ-શ્રીરામલાલ ચૂ. મોદીકૃત
૧૦. બે નળાખ્યાન, ,, સંપાદિત
૧૧. શ્રી. ફા. ગૂ. સભાનાં હ. લિ. પુ. યાદી
૧૨. દ. હ. લિ. સં. યાદી
૧૩. Classical Poets of Gujarat by G. M. Triparhi
૧૪. Gujarat and its Literature by K. M, Munshi
૧૫. Guj. Lang. & Lit., by N. B. Divetia
૧૬. ગૂજરાતી સાહિત્ય-ખંડ ૫મો. (ગૂજ. સા. સંસદ)

૧. The pioneer of the new tradition. (જુઓ: Guj. & its. Lit. p. 122.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભીમ

[સં. ૧૫૪૧–૪૬માં હયાત]

બાણભટ્ટની કાદંબરીના ભાલણે કરેલા સારાત્મક ગૂજરાતી પદ્યાનુવાદ પછી એની અનુગતિએ સંસ્કૃત ગ્રંથનો પદ્યાત્મક અનુવાદ આપવામાં સફળ થયેલો કવિ ભીમ સાં. ૧૫૪૧[૧] અને ૧૫૪૬માં સિદ્ધપુર અને પ્રભાસપાટણમાં હયાત હતો, તેવું તેના 'હરિલીલા–ષોડશકલા' અને 'પ્રબોધપ્રકાશ' એ ઉપલબ્ધ થતાં માત્ર બે કાવ્યો પરથી જણાય છે. 'હરિલીલા'ને અંતે તે જણાવે છે કે–

"સિદ્ધક્ષેત્ર માધવ સરસ્વતી, રુદ્રદેવ શ્રીકર્દમ યતિ,
અલક ગણેશ, ઈશ કેદાર, ગોવ્યંદ સ્વામી ભક્ત સાધાર. ૧૦
સાંનિધ્ય સમસ્ત વૈષ્ણવ તણી, કથા અનોપમ શોભા ઘણી,
હરિલીલા સોલકલા નામ વિષ્ણુભક્ત કેરુ વિશ્રામ. ૧૧

[હરિલીલા–ફલશ્રુતિ]

[૨]સિદ્ધિક્ષેત્ર–સિદ્ધપુર પાટણમાં આ કાવ્ય રચ્યાનું તે કહે છે. એ સિદ્ધપુર જ એનું વતન હતું કે અન્ય કોઈ એનો નિર્ણય આપવાનું સરલ નથી, છતાં 'પ્રબોધપ્રકાશ'ના નીચેના ઉલ્લેખથી તે કાઠિયાવાડમાં આવેલા પ્રભાસપાટણનો વતની કદાચ હોય, એમ સમજાય છે:

---

૧. "સંવત પંદર રુદ્રની વીસ વરસ ઊપરિ એક ચ્યાલીસ. ૮
(હરિલીલા–ફલશ્રુતિ)
"સંવત પંદર રુદ્રની વીસ ષટ આગલાં વરસ ચ્યાલીસ. ૭૨
(પ્રબોધપ્રકાશ–અંક ૬ઠ્ઠો)

૨. શ્રી. અંબાલાલ બુ. જાની એ સિદ્ધિક્ષેત્રને પ્રભાસપાટણ કહે છે. (જુઓ. હરિ. ઉપો. ૧૭૧) એમ ન કરિયે તોપણ પ્રબોધપ્રકાશમાં એ જે પ્રભાસપાટણને "તીરથતિલક" વગેરે વિશેષણ આપે છે, તેથી તે પ્રભાસપાટણનો સંભવી શકે તેમ છે. અહીંના દેવોમાંનાં લગભગ બધાં મંદિરો સિદ્ધપુરમાં છે, જ્યારે તેમાંનાં બધાં પ્રભાસમાં નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભવભયભઞ્જન શ્રીભારતી, પઞ્ચ પ્રવાહ વહિ સરસ્વતી,
શ્રીસોમેશ્વર નિજ આવાસ, ભુવિ માંહિ બીજુ કૈલાસ. ૭૩
તીરથતિલક ક્ષેત્ર પ્રભાસ, ત્યાં વસઇ દ્વિજ **નરસિંહ વ્યાસ**,
તે ઘરિ સેવક વૈષ્ણવદાસ કીધુ એહ પ્રબોધપ્રકાશ." ૭૪
[પ્રબોધપ્રકાશ, અંક ૬ઠ્ઠો]

આ અવતરણમાં "શ્રી સોમેશ્વર નિજ આવાસ" એ શબ્દોમાંથી શ્રી સોમનાથજીનું મંદિર એ ભીમના આવાસરૂપે હોઈ શકે; જો કે એનો બીજો અર્થ 'શ્રી સોમેશ્વરનો પોતાનો જ્યાં આવાસ છે', તેવો થઇ શકે; પરંતુ એને ફરી એ "તીરથતિલક" કહે છે, એટલે એનું માદરવતન પ્રભાસ સ્વીકારવામાં બાધ નથી.

ભીમે પોતાની વધુ ઓળખ આપી નથી; એટલે તેની જ્ઞાતિ તેમ જ પિતાના સંબંધમાં પણ કશો નિશ્ચય કરી શકાતો નથી. તેના ઉપર અપાયેલા પ્ર.પ્ર.ના અવતરણમાં પ્રભાસપાટણના નરસિંહ નામના કોઇ વ્યાસને ત્યાં એ રહ્યો છે અને ત્યાં તેણે પ્ર.પ્ર.ની રચના કર્યાનું સ્ફુટ થાય છે. એણે પોતાના ગુરુના સંબંધમાં હરિ.લી. માં માત્ર મજ્ઞ્મ[1] ઉલ્લેખ કર્યો છે; પણ પ્ર.પ્ર.માં તે આરંભમાં તેમ જ અંતમાં સ્પષ્ટ ઉલ્લેખ કરે છેઃ

श्रीमन्नारायणं देवं व्यासं गणपतिं गिरम् ।
पुरुषोत्तममानम्य विप्रं वेदान्तपारगम् ॥१॥
प्रबोधचन्द्रोदयस्याहं यथाबुद्धि विवेचनम् ।
श्रीनृसिंहप्रसादेन करिष्ये नातिविस्तरम् ॥२॥

અહીં પુરુષોત્તમ નામક વેદાંતપારગ વિપ્રને નમસ્કાર કરી

---

૧. "કારણ એહ વિમાસી કરી ભાવભગતિ મન માંહિ ધરી,
આવી દ્વિજનઇ લાગુ પાઇ મઝનઇ કીધુ બહુત પસાઇ. ૬૬
× × × ×
વિપ્રતણૂં વચન પામીઊં, કર જોડી મસ્તક નામીઊં. ૬૭"
[હરિલીલા, ૧લી કલા]

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીનૃસિંહની કૃપાથી પ્ર.પ્ર. રચવાનું કહે છે; અને છેવટ પુરુષોત્તમની કૃપા પણ કાવ્યમાં હેતુભૂત હોવાનું કહે છે—

"અધીત સકલ શાસ્ત્ર સિદ્ધાન્ત, પ્રેમ અધિક ઊપરિ વેદાન્ત;
શ્રીપુરુષોત્તમ તણા પ્રસાદ કીધુ એહ કથા અનુવાદ. ૮૦"
[પ્રબોધપ્રકાશ-અંક ૬ઠ્ઠો]

આમ તેના જણાવ્યા પ્રમાણે એ પુરુષોત્તમ અને નરસિંહ વ્યાસ[1] એ બે જણના સમાગમમાં આવ્યો છે. એ બંનેના પ્રસાદનો એ ઉલ્લેખ કરતો હોવાથી તે બંને પાસેથી એને વિદ્યાના સંસ્કાર મળ્યા લાગે છે.

શ્રી નરસિંહ[2] વ્યાસ કોણ? આ વિશે ચર્ચા પછી કરીશ; પરંતુ સિદ્ધપુરના મનાતા પણ પાટણ (ગૂજરાત)ના પુરુષોત્તમના સંબંધમાં માહિતી મળે છે. એ પુરુષોત્તમ તે બીજો કોઈ નહિ, પણ બાણભટ્ટની કાદંબરીનો ગૂજ. પદ્યાનુવાદ કરનારો સુપ્રસિદ્ધ કવિ ભાલણ હતો[3] એમ મનાય છે. કવિ ભાલણનું બીજું નામ પુરુષોત્તમ મહારાજ હતું, એમ માનવામાં આવે છે. એ કવિની અસર ભીમ ઉપર થઈ હોય તો તેમાં નવાઈ નથી. જે 'મહારષિ'નો ભીમ હરિલીલાના આરંભમાં ઉલ્લેખ કરે છે, એ પુરુષોત્તમ હોવાની શકયતા છે; કેમકે પાંચમે વર્ષે લખેલા પ્ર.પ્ર.માં તે સ્પષ્ટ સ્વરૂપે એ વેદાંતપારંગ વિપ્રને કાવ્યારંભે નમસ્કાર કરે છે.

તેના ઉક્ત બે ગ્રંથમાંથી ભીમની જ્ઞાતિ વિશે કશી માહિતી મળતી નથી. એક માન્યતાએ એ સિદ્ધપુરનો ગણાતાં તેને કોઈ

---

૧. શ્રી. અંબાલાલ બુ. જાની નરસિંહ વ્યાસને ભીમનો પિતા કહે છે; અને તેથી તેની અવટંક વ્યાસ હોવાનું કહે છે. (જુઓ: હરિલીલા ઉપોદ્ઘાત પૃ. ૧૦૬)

૨. શ્રી. જાની પ્ર. પ્ર. ના આરંભમાં આવતા શ્રીનૃસિંહને विष्णुभक्तिचंद्रोदय નાટકના કર્તા નૃસિંહારણ્ય મુનિ કદાચ હોવાનું માને છે અને તે સાથે નૃસિંહ-લક્ષ્મીની ઉપાસના પણ પ્રભાસક્ષેત્રમાં હોવાનું કહે છે. (જુઓ. એજન, પૃ. ૧૧૨).

૩. જુઓ. કૌમુદી માસિક, માર્ચ ૧૯૨૧, પૃ. ૨૨૨–૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોઢ બ્રાહ્મણ તો કોઈ ઔદીચ્ય બ્રાહ્મણ કહે છે; કોઇ તો તેને સુપ્રસિદ્ધ ખંભાતના વિષ્ણુદાસનો પિતા કહી નડિયાદનાં અવિચળદાસનો દાદો કહે છે અને નાગર હોવાનું જણાવે છે.[૧] પણ એને માટે એક પણ પુરાવો નથી. એટલે બીજા કોઇ પણ સદ્ધર પુરાવાને અભાવે તેની જ્ઞાતિ, કુળ, અવટંક, પિતા વગેરે બધું અનિશ્ચિત છે. [૨]વિપ્ર ઉપરનો પ્રેમ અને ભાવ જોતાં તે કદાચ બ્રાહ્મણેતર પણ હોય તો તેમાં આશ્ચર્ય નહિ હોય.

ભીમનાં બંને કાવ્યો કોઈ અજ્ઞાત બ્રાહ્મણની પ્રસાદી છે, તેવો ઉલ્લેખ તેણે કર્યો છે. પં. બોપદેવે વ્યાસકૃત ભાગવતપુરાણનો અધ્યાય અને પ્રકરણવાર સાર એક હરિલીલાવિવેક નામના ૧૭૮ શ્લોકના ગ્રંથમાં આપ્યો છે. આ હરિલીલાવિવેકનો આશય લઈ ભીમે "હરિલીલા-ષોડશકલા"નો લગભગ ૨૦૦૦ કડીનો સુંદર ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથરચન માટે એણે એના અજ્ઞાત ગુરુની અનુજ્ઞા અને આશીર્વાદ લીધાં છે.[૩] આશીર્વાદને અંતે ગુરુએ જે દોહરો કહ્યો છે, તેનો

૧. શ્રી. જાનીએ આ જુદા જુદા મતોનો ઉલ્લેખ કર્યો છે. જુઓ. હરિલીલા-ઉપોદ્‌ઘાત, પૃ. ૧૦૫-૬. દી. બ. કૃ. મો. ઝવેરી તેને મોઢ બ્રાહ્મણ ગણે છે. જુઓ. ગુ. સા.ના મા. સૂ. સ્તંભો પૃ. ૪૨

૨. "પહિલૂં વિપ્રચરણ વંદીઇ, ચ્યારિ પદારથ તુ સંધીઇ.
વાડવ તણૂં વચન માગ્યોસ, તુ હૂં કૃષ્ણહ કથા રચ્યોસ. ૫૮
અહિનિસિ કરૂં વિપ્રની સેવ, ભૂમિતણા જે જંગમ દેવ.
× × × ×
પ્રણમ્યા આપઇ ઉત્તમ ઠામ, ધર્મ અર્થ નઇ પૂરઇ કામ. ૬૫
× × × ×
આવી દ્વિજ નઇ લાગુ પાઇ, મઝનઇ કીધુ બહુત પસાઇ. ૬૬"
(હરિ. લી. કળા ૧લી)

૩. એ ગુરુના જ આશીર્વાદે કાવ્યરચનશક્તિ અને કૃષ્ણભક્તિ પ્રાપ્ત થયાનું તે સ્વીકારે છે.
"તુ મઇ જાણી અક્ષરયુગતિ, પામ્યુ કેશવ તણી હૂં ભગતિ." ૭૨
(હ. લી. કળા ૧લી)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરિલીલામાં તે નીચે મુજબ નિર્દેશ કરે છેઃ

" સોલ કલા સંજીવની, બીજૂં બિંબ મયંક,
પૂરી પાતકનાશિની હુસઇ કલા નિકલંક." ૭૦
(હ. લી. કળા ૧લી)

ભીમ પણ મોટો ભાગ યાત્રામાં ગાળતો હતો. દ્વારકામાં જવાનું તો સ્વયં બતાવે છેઃ

" યથાશક્તિ હરિપૂજા કરૂં, રસનાઇ રામનામ ઊચરૂં. ૭૩
સતસંગતિ સેવૂં દ્વારિકા, જેહ ભણીજઇ ભવતારિકા,
ગાઊં ગોવ્યંદનાં નિજગીત, ચતુર્ભુજ–ચરણિ વિલગૂં ચિત્ત. ૭૪"
(હ. લી. કળા ૧લી)

તેને ભક્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ તેનો ઉપર મુજબ ઉલ્લેખ કર્યા પછી એક વાર દ્વારકામાં જઈ તેણે શ્રીદ્વારકાનાથની સ્તુતિ કર્યાનો[1] અને તેના જવાબમાં પ્રભુએ ભીમમાં દૃઢ ભક્તિ કૃપા વડે આપ્યાનો પણ તે ઉલ્લેખ કરે છે. આનો ભાવાર્થ સ્પષ્ટ છે કે એ પ્રભુનો ભક્ત હતો. એને દ્વારકાધીશ ઉપર અસામાન્ય પ્રેમ હોવાનું 'પ્રબોધપ્રકાશ'થી જણાય છે. મૂળ प्रबोधचन्द्रोदय नाटक વિક્રમની અગિયારમી સદીમાં મગધ દેશમાં રાજ્ય કરતા રાજા કીર્તિવર્માના રાજ્યકાળમાં મૂળ લેખક શ્રીકૃષ્ણ નામના કવિએ રચ્યાનો અને ત્યાં જ ભજવાયાનો ઉલ્લેખ કર્યો છે. તે આખો ભાગ બદલી આ અનુવાદમાં તેણે તે નાટક દ્વારકામાં શ્રીકૃષ્ણચંદ્ર સમક્ષ ભજવાયાનું જણાવ્યું છેઃ

---

૧. "એકવાર મિ કમલાપતિ કીધી શ્લોક સાતઇ વીનતી. ૭૪"

× × × ×

एवमुक्तो महाविष्णुः प्रत्युवाच स मां प्रति ।
मयि भक्तिर्दृढा नूनं मत्प्रसादाद्भविष्यति ॥
तदा प्रभृति गोविन्दे कृष्णे देवकिनन्दने ।
भक्तिर्मे निश्चला जाता महाभयविनाशिनी ॥
(હ. લી. પૃ. ૧૫-૧૬)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

“ અવની કેરુ ભાર ઊતારિ આવ્યા હરિ દ્વારિકા મઝારિ. ૩૦
× × × ×
સભા માંહિ બઈઠા ધરિ ધીર છપન કોટિ કુલ યાદવવીર;
સુભટ મહારથ સમરથ શૂર, નિજ સેવક ઉદ્ધવ અક્રૂર. ૩૨
રાજા ગુણસાગર ગોવ્યન્દ શ્રીપતિ પૂરણ પરમાનન્દ;
ધર્મશિલા હરિ આગલિ સાર રચિયૂં નાટક કરી વિચાર. ૩૩”

અને નાટકને અંતે પણ શ્રીકૃષ્ણના દરબારમાં નાટક પૂર્ણ થયાનું જણાવ્યું છે. આ તેનો શ્રીકૃષ્ણ-દ્વારિકાનાથ ઉપરનો જે ભાવ હતો, તેની સાબિતી રજૂ કરે છે. અહીં નરસિંહ મહેતાને ગોપનાથ મહાદેવનું પ્રસન્ન થવું અને નરસિંહે રાસલીલાનાં દર્શન કરવાં, એ વગેરે નરસિંહચરિતના અનુકરણની ગંધ ભીમમાં છે કે નહિ તે એક વિચારણીય પ્રશ્ન છે.

પ્રબોધપ્રકાશમાં મુખ્યત્વે કવિએ ચોપાઈ અને પૂર્વછાયુ (દોહા)નો પ્રયોગ કર્યો છે. વચ્ચે વચ્ચે વસ્તુ, પદ્ધડી, મડયલ, જડયલ, ભુજંગ-પ્રયાતની ચાલ અને છપ્પયનો પ્રયોગ પણ કર્યો છે, પણ તે બહુ જ થોડાં મળે છે. ઉપર બતાવ્યું તેમ નાટક મૂલ સં. નાટકનો કાંઈક સંક્ષિપ્ત અનુવાદ છે; એટલે એમાં આપણે કવિત્વનો અનુભવ કરી શકવાની સ્થિતિમાં નથી. બેશક પ્રસંગ પરત્વે ભાષામાં એ ચમક આપે છે ખરો; જેમકે પાંચમા અંકમાં ક્રોધ અને વિવેકનાં દલ વચ્ચે જે યુદ્ધ થાય છે, તેનું વર્ણન “છપ્પય”માં મૂર્ધન્ય અક્ષરોના પ્રયોગથી નીચે મુજબ તે આપે છે:

અથ કવિતા

“ ભડઇ કટક રિપુ વિકટ, સભટ ઘટિ આયુધ ફૂટઇ,
શબ્દ નિઘટ કટકટઇ, કન્ધ-સન્ધાન વછૂટઇ.
ત્રૂટઇ કટિતટ-બાંહ સકલ સન્નાહ મુગટમણિ,
રુધિર નદી, પલપંક, કંકરંકા સમરાંગણિ.
ગજરથ તુરંગ પાઇદલ બહુલા પ્રાણહીન પુહુવિં પડઇ,
રાજા વિવેક એકલમલ્લ મહામોહ સરિસુ ભડઇ.”[૨]

---

૧. પ્રબોધપ્રકાશ, પૃ. ૪ ૨. એજન, પૃ. ૫૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભીમના "પ્રબોધપ્રકાશ"માં "ચાલતી ચુપઈ" નીચે સવૈયાની ચાલ મળે છે. માત્ર ત્રીજા અંકમાં ૮ કડી જ છે.

તેની "હરિલીલાષોડશકલા" તો તેની સ્વતંત્ર કૃતિ છે. બેશક તેણે આધાર તરીકે બોપદેવની "હરિલીલા" લીધી છે, જે ઉપર જણાવ્યું તેમ માત્ર ૧૭૮ શ્લોકની, ભાગવતનાં પ્રકરણો અને અધ્યાયોની સૂચીરૂપ જ છે. એણે એનો હવાલો ન આપ્યો હોત તો ચાલી શકત; પણ ભીમને ખોટો દંભ કરવો ગમ્યો નથી, અને કાવ્યને છેડે "બોપદેવ"નો ઉપકાર માન્યો છે:

"પંડિત બોપદેવ દ્વિજ એક કીધુ **હરિલીલાવિવેક**;
તિણિ આધારિ મિ કરી કથા, સરોવર જમલુ કૂઉ યથા."[1]

વસ્તુસ્થિતિએ તો ઊલટું જ છે: બોપદેવની કૃતિ "કૂઉ" છે અને ભીમની કૃતિ "સરોવર" જેવી છે. ભાગવત સમગ્રની કથા તેણે ૧૬ કળા=વિભાગમાં વિસ્તારથી આપી છે. ભાગવતના સ્કંધ વાર અધ્યાય તેણે શ્રીધરમાં છે, તે પ્રમાણે ન સ્વીકારતાં "બોપદેવ"ના ક્રમને અનુસરી ગણ્યા છે. કાવ્યાંતે એ વિશે એ જણાવે છે કે:

૧૮ ૧૦ ૩૨ ૨૯ ૨૧
"અષ્ટાદશ, દશ, નઇ ત્રેત્રીસ, નવ આગલી વીસ, છવીસ,
૧૯ ૧૫ ૩૩ ૨૪ ૯૦ ૩૧
નવ દશ, પંચદશ, તેત્રીસ, વલી ચુવીસ, નિઉ, એકત્રીસ,
૧૩
સંક્ષા તેર અછઇ બારમઇ, જિહાં મન યોગીશ્વરનૂં રમઇ
૧૦ ૩૨ ૩૩૧
દશ લીલા, પ્રકરણ બત્રીસ, અધ્યા ત્રિણી શત એકત્રીસ.
ભીમ ભણઇ ભાગવત વિચાર, અનુક્રમણી રમણીય અપાર,
બ્રાહ્મણ તણઇ પ્રસાદે કરી, કીધી કલા, સંતોષ્યા હરિ."[2]

શ્રીધર વગેરે ટીકાકારોને મતે જ્યારે પ્રથમસ્કંધના ૧૯, ચતુર્થસ્કંધના ૩૫, અષ્ટમસ્કંધના ૨૪ અને દ્વાદશ સ્કંધના ૧૩ ગણી ૩૩૫ અધ્યાય છે. શ્રી વલ્લભાચાર્યજીએ દશમ સ્કંધમાં અઘાસુરવધ, વત્સહરણ

---

૧. હરિલીલા, પૃ. ૨૧૨ ૨. એજન, પૃ. ૨૧૪–૧૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને બ્રહ્મસ્તુતિના મળી ત્રણ અધ્યાય ક્ષેપક ગણી ૩૩૨ અધ્યાય ગણ્યા છે. એમને મતે પ્રથમ–દ્વિતીય સ્કંધની બે જુદી લીલા ગણી ૧૨ લીલા, અને પ્રકરણ ૪૩ છે.

ભીમે આ કાવ્યમાં પણ ચૂપઈ અને પૂર્વછાયુ (દોહા)નો પ્રયોગ કર્યો છે; વધારામાં ક્યાંક ક્યાંક ચાલતી ચૂપૈ=ચોપાઈ દાવટી સવૈયાની ચાલની આપી છે. વધુમાં જેને નાનાં કડવાં કહી શકાય તેવી કવિતા "પ્રબંધ" એ મથાળે આપી છે. આ ઉપરાંત અડયલ, પદ્ધડી, અઢૈયા, દોહા, સોરઠા, ગાથા, વસ્તુ, ભુજંગપ્રયાતની ચાલ, છપ્પય વગેરે દેખાય છે. પણ તેણે જે અત્રતત્ર ગીત, ધૂલ આપ્યાં છે, તે કાવ્યબંધની દૃષ્ટિએ ખાસ મહત્ત્વનાં લાગે છે.

આરંભમાં ગણેશસ્તુતિ અને સરસ્વતીસ્તવન તેણે સમપદવાળાં ચાર ચરણની ચોપાઈમાં આપ્યાં છે. પદને અંતે "**ભીમ ભણઇ**" એવી છાપ આપી છે. ૬ઠ્ઠી કલામાં "વેલાઉલિ વાણી ગીત[1]" અને ૮મી કલામાં પ્રહ્લાદનું સ્તવન 'રાગ દેશાખ ગીત" એ બન્ને સવૈયાની ચાલનાં ચાલુ પદ છે. નરસિંહનાં તેવાં ઘણાં મળે છે. તે જ ઢાળનું ૧૨ મી કલામાં રાસક્રીડાપ્રસંગમાં ૧ પદ છે; જેવું કે—

રાગ વસંત–વિરાડી ગીત

"આનંદ એક અભિનવુ રે વૃંદાવન મઝારિ,
વંશ વજાવઇ વિઠ્ઠલુ રે, તેણઇ છંદઇ નાચિ નારિ. (ધ્રુવપદ)
વૃંદાવનિ ગોપી નાચઇ રે, તેણઇ રંગિ રાચિ રામ. વૃંદા૦
નાદ મધુર સ્વરિ આલપઇ રે, ગાઇ હરિવિલાસ,
સુંદરી સવિ નવયૌવન્ન રે, રંગભરિ ખેલઇ રાસ. વૃંદા૦
પાખલિ વૃંદ વનિતા તણું રે માહિ સામલ વંન,
ભીમ ભણઇ અંતરલય લાગુ, ધિનધિન ગોપીજંન. વૃંદા૦"[2]

આ ભાવનાં સુંદરમાં સુંદર પદો "રાસસહસ્રપદી"માં અનેક છે. તેમાંનું નીચેનું અતિ સામાન્ય પદ પણ ભીમના ઉપરના પદથી ક્યાંયે સારું મળે છે:

---

૧. એજન, પૃ. ૬૮–૬૯ ૨. એજન, પૃ. ૧૫૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાગ મલ્હાર

"વૃંદાવનમાં વિઠ્ઠલો વાહે વેણુ રસાલ,
તિમતિમ તારુણી સ્વર કરે તાલી મેલવી તાલ. વૃંદા૦
રાસમંડલે માહવજી ઝલકે મુગટ અપાર;
ઇક ઇક કંઠે બાહુડી: નાચિ નેહભરચ નારચ. વૃંદા૦

× × × ×

ફરિ પ્રમદા ભમરી પ્રબલ, ઘમકિ ઘુઘરી પાઇં.
ઉર પરચ સોહે હાર ઘણ; ઊલટચ અંગિ ન માઇ. વૃંદા૦
જેહનાં મનમાં જેહ વસિ, પૂરે તેની આશ.
માનિની-મોહન રંગિ રમિ, ધનિધનિ આસો માસ. વૃંદા૦
ધનિધનિ આ અવતાર ભલુ, ધનિધનિ ગોકુલનારચ;
નરસૈંના પ્રભુ ! ધનિ તમો. ધનિધનિ એહ વિહાર. વૃંદા. "[૧]

अङ्गनामङ्गनामन्तरे माधवः એ લીલાશુકના કૃષ્ણકર્ણામૃતના પદનો ભાવ આપતું એક ગીત ભીમે રાસક્રીડાના પ્રસંગમાં આપ્યું છે. એનો ઢાળ નવીન જણાય છે:

ગીત ધન્યાશ્રી

"માધવ અંતરિ નારી, અંગના અંતરિ હરિ,
રાસક્રીડા વૃંદાવનિ રમઇ આનંદ ભરિ. (ધ્રુવપદ)
નંદાનંદનિ એક માંડિલઇ અતિ ઉછાહ,
ગોપી સરસાં કૃષ્ણ રમઇ, વૃંદાવન માહિ રિ. નંદા૦
અંગના નવયૌવના સહીઅર સમાણી સોહંતી.
ચતુરવચનિ વાણી વિઠ્ઠલા મન મોહંતી. નંદા૦
પહિરણિ પીત પટુલી, હીરચીર ચૂનડી ફાલી.
સોવર્ણ માણિક મોતી ભૂષણિ ભૂષિત બાલી. નંદા૦
વીણા મૃદંગ તાલ સુસ્વરિ વંશ વાઅંતી.
નાનાવિધ નૃત્ય કરઇ, મધુર ગીત ગાઅંતી. નંદા૦

૧. રાસસહસ્રપદી (કે. કા. શાસ્ત્રી), પૃ. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરમ ભગતિ લીણી ધન્ય તે ગોલણી નારી.
ભીમ ચઇ સ્વામી શ્રીકૃષ્ણઇ સંસારસાગર તારી. નંદા૦"૧

આ સાથે નરસિંહ મહેતાનું તે જ ભાવનું નીચેનું પદ સરખાવો; નરસિંહની પ્રતિભા અને શબ્દાવલી ઓર જ ખીલી ઊઠે છે:

રાગ સામેરી

"આજ વૃંદાવન આનંદસાગર; સામલિઓ રંગિ રાસ રમે.
નટવરવેશે વેણુ વજાડે; ગોપી-મનિ ગોવાલ ગમે. આજ૦
ઇક ઇક ગોપી સાથ્યે માધવ કર ગ્રહી મંડલ માંહ્ય ભમે,
તા થેં, તા થેં, તાન મિલાવે; રાગ રાગ્યણી માંહ્ય ધુમે. આજ૦
સોલ કલાનો શશિઅર ઉડગણુ સહિત રહ્યો બ્રહ્માંડિ ભમે.
ધીર સમીરે યમુનાતીરે ત્રિવિધા તનના તાપ શમે. આજ૦"૨

કેશવદાસના "કૃષ્ણક્રીડાકાવ્ય"માં કારિકા અને ત્રોટકનો નમૂનો મળે છે. ભીમે પણ એ નમૂના આપ્યા છે. ભીમે કારિકામાં બે ચરણને બદલે સાંકળીવાળાં ચાર ચરણ લીધાં છે; જ્યારે ત્રોટકમાં "કારિકા"માં આવતો ઢાળ (=અઢૈયા) લીધો છે:

રાગ સીંધૂઉ

"કૃષ્ણ કહઇ: "મુઝ આપુ એ માગ એ,"
નાગ ન વાલઈ તેહ, હઠિ ચડયુ એ.
ભણઇ પુંતાર: 'અબુઝ ગોપાલ એ.
"કાલ પુહુતુ હવઇ તમ તણુ એ.

ત્રોટક

"તહ્મ તણુ પુહુતુ કાલ, છૂટુ નહી થઇ બાલ."
કોપિ ચડયુ અંબુષ્ટ, મોડિઉ ગજ અતિ દુષ્ટ.
આવતુ દેખી એહ, હરિ પૂછિ સાહ્યુ તેહ,
તાણિઉ કરતુ ચીસ, પાછુ ધનુષ પંચવીસ."૩

---

૧. હરિલીલા, પૃ. ૧૫૪-૫૫
૨. રા. સ. પ., પૃ. ૨૦-૨૧
૩. હરિલીલા, પૃ. ૧૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભીમે ૧૨ મી કલામાં રુક્મિણીહરણનાં પાંચ 'ધૂલ" આપ્યાં છે. આપણે કર્મણમાં જે "ધૂલ" નરસિંહ મહેતાની "ચાતુરીષોડશી" જેવાં જોઈયે છિયે, તેવાં આ નથી; પણ નાકરથી પછીના કવિઓમાં "ધ્રુવ, ઢાળ, ઊથલો" એ ક્રમનાં મોટાં કડવાંઓ મળે છે તેવાં નાનાં છે. નરસિંહ વગેરેથી આમાં ભેદ એટલો ગણી શકાય કે ભીમ છેવટનું વલણ આપે છે, તેટલો વિશેષ છે; રુકૂમૈયાના માનખંડનના પ્રસંગમાં યોજાયેલું નીચેનું ધૂલ કાવ્યબંધનો અને ભીમની કવિતાનો એમ એકી સાથે બે જાતનો પરિચય આપશે :

ધવલ ૪ થું; રાગ–શ્રીરાગ

"રુકૂમઇઉ રાઉત ભણુ, બલ બોલઇ દિઇ ગાલિ:
"કિમ જાઇસિ રે તૂં જીવતુ, મઝ આગલિ રે વનચર ગોવાલ।
"આગઇ મારચુ માઉલુ, હવઈ ખૂટુ રે કાન્હડ! તુઝ કાલ,
"બહિન લેઈ પાછુ વલૂં દેખંતાં સવિ ભૂપાલ."

કરી પ્રતિજ્ઞા એ સાંચરચુ,

પ્રબંધ

સાંચરચુ વેગઇ ક્રોધ ભરિ અક્ષૌહિણી દલ એક
સંગ્રામ માંડચુ કૃષ્ણ શૂં, મૂકઇ બાણ અનેક.
શિર કૂંચ, મૂછિ કાપરચાં, લીલયાં શ્રીજગનાથિ.
તે પશૂની પરિ બાંધિયુ, રથિ ઘાતિ લીધુ સાથિ.
રુક્મિણી માગઇ માન: "માધવ! બંધ બાલક છોડિ,
"અપરાધ ક્ષમિ સાલા તણા, તહ્મનઇ લાગઇ ખોડિ."
બલભદ્ર આવ્યા, કૃષ્ણ વારચા, વેગઇ કાપ્યા બંધ.
કેશવ તણુ મહિમા જાણચુ, ચરણિ નામ્યુ કંધ.

વલણ

હરિચરણિ નામ્યુ કંધ, વેગિ સંધિ કીધી ઠામિ,
નિજ નૈયર દીધૂં તેહનઇ, ગણનાથ કીધુ સ્વામિ."[1]

---

૧. એજન, પૃ. ૧૭૮–૭૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભીમે "હરિલીલા"ને અંતે કલશનૂં જે ગીત આપ્યું છે, તેમાંની કલશપદ્ધતિ આ પૂર્વેનાં કાવ્યોમાં જોવામાં નથી આવી. એ પદબંધ પણ ભીમમાં નવો દેખાય છે :

ધન્યાશ્રી

"ભગતિ વિચાર નિજ વચન નાના વિચિત્ર,
સોલ કલા શશિહર કેશવ કથા પવિત્ર, ધ્રુવપદ.

× × ×

ભાવ સહિત સદા ગોવ્યંદ ગુણ ગાઅંતાં
કલિયુગિ શ્રીકૃષ્ણ ઉદ્ધરઇ નામ લિઅંતાં. ધન્ય૦

ભક્તવત્સલ વિષ્ણુ-ભીમ વીનવિ સામી,
સંસારસાગર પાર ઉતારિ અંતર્યામી. ધન્ય૦"૧

ઉપરનાં અવતરણોમાંથી આપણને ભીમની કવનશક્તિનો થોડો પરિચય મળી શકશે. એણે કેટલાએ ભાગવતસ્થ સં. શ્લોકોના ભાવ, જેમ પ્રબોધપ્રકાશમાં તે નાટકના શ્લોકોના ઉતાર્યા છે તેમ, ઉતાર્યા છે. આમ છતાં તેણે પરોપજીવિત્વ ન રાખતાં સ્વતંત્ર રીતે ભાગવતાનુકૂલ કથા ગાઈ છે. એના કવિત્વના અંશો અત્રતત્ર મળી આવે છે. નમૂના તરીકે અહીં નૃસિંહજન્મ મૂકી શકાય :

"શ્રી નરસિંહ કોપિ ધડહડઇ, મંદિર કોટ કોશીસાં પડઇ,
ગર્જિત કરિ બગાઇ બહૂ, દેવ અસુર દલ નાઠૂં સહૂ.
ગહ્વર ગુફા સરીખૂં વયણ, જ્વલિત પાવક બિહૂ નયણ.
કર નખ સટા ડસણ વિકરાલ, હિરણ્યકશિપુ જાણ્યૂં કાલ.
શંકા અસુર તણા મનમાહિ, નાઠા હરિણતણી પરિ ચાહી,
ઝડપી નઇ લીધુ જગનાથિ, ચડયુ કપોત શીચાણા હાથિ."૨

---

૧. એજન, પૃ. ૨૧૬–૧૭

૨. એજન, પૃ. ૧૦૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરનાં બંને[૧] કાવ્ય સિવાય ભીમનું બીજું કાવ્ય કોઇ મળતું નથી. પંદરમા શતકનું એક सदयवत्ससचरित નામનું કાવ્ય મળે છે, તે ભીમ જૂનો છે; જ્યારે એક વૈષ્ણવ ભીમ "રસિકગીતા"નો કર્તા મળે છે, તે વલ્લભી વૈષ્ણવ છે અને પછીથી થયેલો છે. ક્વચિત ક્વચિત ભીમની છાપનાં પદો મળે છે, તે આ જ ભીમનાં છે કે નહિ તે નક્કી કહી શકાય તેમ નથી. આમ છતાં પ્ર.પ્ર. ની ગૂજ. વર્ના. સો. ના હ. લિ. પુ. નં. ૫૫૨ની હાથપ્રતમાં ભીમની છાપવાળાં પાંચ પદો પણ છે, એ આ ભીમનાં સંભવે છે. એ પાંચે પદો આ છેઃ—

(૧) ચકાલા (?) ભાવ ધરીનિ પૂજીઇ રે । પાઇ લૂ ગણપતિ દેવો ।
આઇ નસિ (?) જેહ તણી કરિ રે । સર નર પંનગ સેવો.
સુર નર પંનગ જેહ સેવા કરિ । **ભીમ** ભણિ ઘનવિઘને વિઘન હેલાં હરિ ।
તેહ પ્રસાદિ કપમતિ બૂઝઇ । ભાવ ધરી ભાવ ધરી ગણપતિ પૂજીઇ રે ।
માહરુ નાનડીક નરહરિ ચારિ ગાવડી રે ॥

(૨) સ્વરસ્વતિ સ્વામિનિ કરુ દઆ રે ।
ઉજ્લ પુસ્તક પાણો । કીરતિ બોલુ ક્રષ્ણની રે ।
આપો અવિરલ વીણા । આપુ અવિરલ વાંણિ ।
અનોપમ કવિત કરામ (?) પૂજ્નૂ પરોપોતમ ।
ભીમ ભણિ સુણ ગજગતિગામિની ।
કરુ દાઆ કરો દાઆ સ્વરસતિ સ્વામિનિ રે રે ।

(૩) જઉ જઉ રઘુવંશી સદા રે । રાઘવ નિરમલ નામં ।
એકમનાં જન સાંભલુ । શ્રી રામતણા ગણગ્રામૌ ।
શ્રી રામતણા ગુણગ્રામ સણીનિ ।
ભીમ ભણિ ભવનીર તરિનિ ।

---

૧ શ્રી. ક. મા. મુનશી "ગૂજરાતી–સાહિત્ય–મધ્યકાલીન સાહિત્ય. (પૃ. ૩૨૦)માં ઉદ્ધવલીલા ને દાણલીલા આ ભીમે લખ્યાનું કહે છે; પણ અત્યારે આ બે કાવ્ય પ્રાપ્ત નથી. તેમણે શા આધારે કહ્યું છે, તે નોંધાયેલું પ્રાપ્ત નથી. એક "ઉદ્ધવગીતા" અને બીજી "ભીમગીતા" ભીમની છે; પણ તે ભીમ રસિકગીતાવાળો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહ્યણા પૂરતિ કેશવ અંશી ।
જઉ જઉ શ્રીરામ રઘવંશી રે·રે માહરુ ॥

(૪) यं युगेजीवनं । यदुकुलमंडनं ।
कृष्णमनघं हरं वासुदेवं ।
दुर्लभं दुर्जयं दैतमदमर्दमं ।
देवकीनंदनं देवदेवं ॥ड॥
सदानंतरूपं पुराणं परुषोत्तमं ।
पावनं पद्मनाभं परेशं ।
पापना तापहर परमपददाइकं ।
श्रद्धया नौमि ते श्रीसुरेशं ।१
केशवं कमलवदनं कृपासागरं ।
कमलनयनं कृपासिधिममलं ।
यक्षमुनिनागगांधर्वकिंनररिक्षं ।
सुरनरेशरच्चितं चरणकमलं ।ड॥
यं सकलसुखकरं भवरोगभेषजं ।
भक्तजनानांमभयशरणं ।
तं प्रणमामि सुरसारसश्रीधरं ।
भीमस्वामीमखिलदुषहरणं ॥२॥

(૫) જપિ ન રસને નાંમ વિમલ રાઘવ તણું ।
સુષકરં સંસારશોકહરણું ।
મુક્તિદં સકલ મંગલનિધાનં માહા-
પંચપાતકરાશનાશકરણું ।
સમરિ સારંગધર ચરણયુગલં મુદા ।
છાંડિ રે ચેતિ મતિ અવરિ કૂડી ।
અખિલજમયાતના પાતુ ભયટાલણી ।
કરિ ન હરિ સરસડી પ્રીતિ રૂડી ॥૧ જપિ॥
નિરષિ નયણે ગદાધરવદનપંકજ ।
પૂજન કરિ પ્રણમિ શરિ વારવાર ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવ શૂં કૃષ્ણગુણ સુણિ ન શ્રવણે સદા ।
મુખિ સાધન માહિ એહ સાર । ૬
કલયુગિ યાગ તપ દાંન દયા વ્રત્ત ।
કોઈ નાવિ રાંમ–નામ–તોલઇ ।
ભીમ કેશવદાસ કરજોડી વીનતિ ।
દેવ દેવેસ ઇમ ઈસ બોલિ ॥૪॥

ભાગવતનો[1] આશય લઇ કરેલી તેની હરિલીલામાં અને પ્રબોધ-પ્રકાશ–પદ્યાનુવાદમાં તેની જે શક્તિઓ છે, તેનો આ પદોમાં આપણને ભાસ થતો નથી. આરંભનાં ત્રણ પદમાં અનુક્રમે ગણપતિ, સરસ્વતી અને રામનું સ્તવન કરવામાં આવ્યું છે. ૪થું પદ સંસ્કૃતમિશ્ર છે, એ શ્રીકૃષ્ણનું છે; જ્યારે છેલ્લું પદ નરસિંહની હારમાળામાં આવતું તેવું પેલું "जपि न नरसैं विमल नाम राघव तणूं" ભીમનું સુપ્રસિદ્ધ પદ છે. માત્ર તફાવત रसने અને नरसैं એ શબ્દોમાં છે. અહીંનું પદ એ જિહ્વાને ઉદ્દેશી કહે છે; જ્યારે હારમાળામાં નરસૈંને સંબોધી છે. ભીમનું આ પદ હારમાળામાં સંબોધનવાચી શબ્દના રૂપાંતરથી પેઠું છે, અને સંવાદમાં વણાઇ ગયું છે. શું આ પદમાં અને હારમાળામાં આવતો ભીમ એક હશે? અથવા હારમાળાના પાછળથી થયેલા સંકલનમાં કોઇ અજ્ઞાતે ભીમને વણી લીધો હશે? આ ભીમ સંસ્કૃતજ્ઞ છે, એ જેમ હરિલીલા અને પ્ર.પ્ર. થી જણાય છે, તેટલું છેલ્લાં બે પદથી પણ જણાય છે ૪થા પદમાં તો બે ત્રણ સ્થળે જ ગૂજરાતીના અંશ છે. આ ભાષામિશ્ર પણ રમણીય પદો ભીમના ભક્તહૃદયનો તેના ઉક્ત બે ગ્રંથ જેટલો જ પરિચય આપવા પર્યાપ્ત તો છે.

ઉપર છેલ્લા વાક્યખંડમાં એ મતલબનો પ્રશ્ન કરવામાં આવ્યો

---

૧ ભીમે 'બોપદેવ'ના નામનો ઉલ્લેખ કર્યો હોવાથી સદ્‌ગત ગોવર્ધનરામે ખુદ "ભાગવત" જ બોપદેવની કૃતિ હોવાનો મત આપ્યો છે. (જુઓ: Classical Poets, p. 16); પણ કાવ્ય જોવાથી જણાશે કે બોપદેવની હરિલીલાના આધારે તે પૂર્વેના ભાગવતનો સાર તેણે આપ્યો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે કે નરસિંહની હારમાળાની વાચનાઓમાં જે સંન્યાસી ભીમ આવે છે, તેને કોઈ અજ્ઞાતે વણી લીધો હશે? આ પ્રશ્ન મને થોડો વિચારણીય લાગે છે. નરસિંહ મહેતાના શબ્દમાંથી જ આપણે એટલું તો મેળવિયે છિયે કે તેને રા'માંડલિકે બોલાવી મગાવી દામોદર ભગવાન પાસેથી હાર મળવી લેવાનું ફરમાવ્યું હતું. નરસિંહનાં હારસમેનાં જેટલાં પદો મળે છે, તેમાં ક્યાંય પણ સંવાદ થયાની વાત આપવામાં નથી આવી. હારસમેનાં પદો ઉપરથી હારમાળા સૌથી પ્રથમ ૫૦ પદની જે કોઈ અજ્ઞાત વ્યક્તિએ સંકલિત કરી સંભવે છે, તેણે માંડલિકના દરબારમાં જાણે કે સંન્યાસીઓ અને નરસિંહ વચ્ચે વાદ થયો હતો, તેવી રીતે ચોકઠું બેસાડ્યું છે. જૂની વાચનામાં શરૂઆતનાં ૩૦ પદો રાજાની કચેરી બહાર નરસિંહ અને સંન્યાસીઓ વચ્ચે તડાતડી થઈ હોય તેવી રીતે આપવામાં આવ્યો છે. આ વાદમાં તે અજ્ઞાત કવિનો ભીમ સંન્યાસી કે જે રામભક્ત જણાય છે, તે મુખ્ય ભાગ લેતો અપાયો છે. ૧૩ પદ સુધી તો નરસિંહ અને ભીમ વચ્ચે જ ટપાટપી થાય છે. આમાંનું ૧૦ મું પદ તે ઉપર ભીમનું જે ઉલ્લેખું આપ્યું છે, તે સ્વલ્પ પાઠભેદથી મળે છે. ૧૪ મા પદમાં એક નરસિંહાશ્રમ અને ૧૬ મા પદમાં એક મુકુંદાશ્રમ બોલે છે. ૧૫ અને ૧૭માં નરસિંહ જવાબ આપે છે; જેનો ઉત્તર પાછો ઠેક ૩૦મા પદમાં ભીમ વાળે છે, જ્યાં એ પ્રસંગ જાણે કે પૂર્ણ થતો લાગે છે. ૧૮થી ૨૯નાં પદ તો નરસિંહના ચમત્કારને ઉદ્દેશી મામેરાનો પ્રસંગ વગેરે આપે છે; જેમાં માત્ર મામેરાનાં ત્રણ પદો નરસિંહનાં છે, બાકી કોઈ અન્યની કૃતિ છે.

૩૦મા પદ પછી ૬૫ પદવાળી વાચનોઓમાં જાણે કે એ વાદ ચાલુ દરબારમાં જ થતો હોય એમ માની પદો અપાયે ગયાં છે, જ્યારે ૭૬ પદ વાળી વાચના કે જેમાં નરસિંહના હારસમેનાં વધુ ૧૩ જેટલાં પદો આમે જ કરવામાં આવ્યાં છે, તેમાં "દુરિજનાં લોક કિહિ" એ પદથી આરંભ થએ નરસિંહ પોતાને માંડલિક બોલાવે છે અને પોતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાય છે અને ત્યાં વાદ શરૂ થાય છે, તેવી રીતે પદો અપાયાં છે. આ વાદમાં ભીમ, મુકુન્દ સરસ્વતી, રામાનંદ એ ત્રણ સંન્યાસીઓ ભાગ લે છે. આમ બધા મળી પાંચ સંન્યાસીઓ આવે છે. ભગવાનનાં દર્શન થયાં ત્યારે તો અનેક સંન્યાસીઓનાં નામ સૂચિત થયાં છે. આ બહારના અને કચેરીના વાદમાં થઈ ભીમના મુખમાં ૧૧ પદો મૂકવામાં આવ્યાં છે. આ બધાં પદોની છેલ્લી કડીમાં "**ભીમ ભણિ**" એવી છાપ મળે છે.

એક વસ્તુ તરફ મારું ધ્યાન ખેંચાયું છે. ભાષામાં જે શાંતિ ભીમની પ્રતીત થાય છે, તે મને એમ માનવા તરફ લઈ જાય છે કે ખુદ ભીમે તો હારમાળાની સૌથી પ્રથમ વાચના નહિ કરી હોય ને? "પચાશ પદની માળા ગઇ" એ ૫૦ પદની માળાની સંકલના નરસિંહનાં પ્રચલિત "હારસમેનાં પદો"ને આમેજ કરી તેણે જો તેના શરૂઆતના યુવાનીના સમયમાં એટલે કે સં. ૧૫૩૦ થી ૧૫૪૧ સુધીમાં તૈયાર કરી હોય તો, એમાં ખાસ નવાઈ જેવું નહિ લાગે.

હારમાળામાં ૫૦ પદની માળા સિદ્ધ કરવાને મારા તરફથી જે ત્રણ સંભાવના કરવામાં આવી છે, તેમાંની બીજી સંભાવના[1] છે, તે પ્રમાણે જો ક્રમ હોય તો તે આ ભીમને અભીષ્ટ એવો ક્રમ આવી શકે છે. આ ક્રમ પૂરો કરવા પાંચ પદો ઘટે છે, તે ભીમના મુખમાં છે તે ૩૨મું, ૩૪મું, ૩૮મું, ૪૨મું, અને રામાનંદના મુખમાં ભીમની પણ નિંદા કરતું ૪૦મું પદ છે, તે દાખલ કરતાં ક્રમ પૂરો થઈ શકે, તેમ છે.

પણ આ આખી સંકલના ભીમે કરી હોય તો હરિલીલા અને પ્રબોધપ્રકાશની પહેલાંની આ રચના સંભવી શકે; કેમકે ભીમને આમાં "વૈરાગ્ય"નો સમર્થન કરનારો બતાવ્યો છેઃ

> "વૈરાગ્ય પાખિ નથી પામવો રે ભગતવછલ ભગવાન.
> મિતાક્ષરા કઢાવિયે ને વલી સમ્રત પુરાણ.

---

૧. હારમાળાનો ઉપોદ્‌ઘાત, પૃ. ૮–૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૈરાગેં સનકાદિક છૂટા, ધ્રુવ અમરીષ પ્રહ્લાદ.
અંતરિ આવી હાથ દીધો: ઉપનો ઉહલાદ.
વૈરાગ્ય હૂતો વિદુરનિં રે; પ્રસન્ન થ્યા જગદાધાર.
તાહરી પિરિં આમ ઊઘાડો, કૂણિ ન ગાયો શૃંગાર.
શૃંગાર ગાતો તૂં વગૂતો, નાગર ! તૂં નિરધાર.
વૈરાગ પાખિ જાણજ્યે તા નથી ઢાલવો હાર.

ઊથલો

નથી ઢાલવુ હાર, સ્વામી ! **ભીમ** ભણી: કૃપા કરો.
નાગર સઘલા એહવા ચ્યલ્યા છે; તમે આંથા નવયુગ્મ ગણો.”[૧]

રામાનંદના શબ્દોમાં પણ “ભીમડિ તાં વૈરાગ ગાઓ,” એવું આવે છે. અસ્તુ; પરંતુ હરિલીલા અને પ્રબોધપ્રકાશ જોયા પછી એમ નથી થતું કે એ જ ભીમ કૃષ્ણભક્ત બન્યો હોય? હારમાળામાં ભીમના મુખમાં નીચેનું પદ મુકાયું છે:

“એક અવનીધરા ! દેવ દામોદરા !
કહૂં ગુણ તોરડા કવણ વાણી? ”[૨]

આ પદમાં ભીમ ગોવિંદ, ગોપાલ, ગરુડાગામીની સાથે રામની એકતા અનુભવે છે. ભીમ મૂળ રામાનંદી વેરાગી સાધુ હશે, જે પાછળથી કૃષ્ણભક્ત થયો હશે અને સોમનાથપાટણમાં તેમ જ સિદ્ધપુરમાં બંને સ્થળે–એટલું જ નહિ પણ દ્વારકા વગેરે સ્થળે ફર્યો હશે. તીર્થોથી એ પરિચિત છે; કાઠિયાવાડનાં તીર્થોથી એ વાકેફ છે; કેમકે “હરિલીલા” માં રુક્મિણીહરણનો પ્રસંગ સોરઠના માધવપુરમાં થયો ચીતરે છે. ચૈત્ર સુદિ દ્વાદશીનો માધવપુરમાં મોટો મેળો ભરાય છે, અને ધામ-ધૂમથી શ્રીકૃષ્ણનાં લગ્ન સૈકાંઓ થયાં ઊજવાય છે. સિદ્ધપુરમાં એ રામભક્ત ભાલણનો આશ્રય સેવે છે, સોમનાથ પાટણમાં એ **નરસિંહ વ્યાસનો** આશ્રય કરે છે. આ નરસિંહ નરસિંહ મહેતો છે, એમ કહેવા આપણી પાસે કાંઈ પણ સાધન નથી; કેમકે તે પ્રભાસ–સોમનાથ

---

૧. હારમાળા, પદ ૩૦ મું, પૃ. ૫૧
૨. એજન, પૃ. ૩૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાટણમાં જઈ વસ્યાનું જાણવામાં નથી; તેમ તેની અવટંક "વ્યાસ" નહોતી. ભીમનો "**નિજ આવાસ સોમેશ્વર**" છે; એટલે કે એ ત્યાં ઊછર્યો છે. એક વસ્તુ સ્ફુટ છે કે "નરસિંહ"ને ભીમે "વ્યાસ" કહેલ છે, એટલે એ સ્પષ્ટ જ છે કે પ્રબોધપ્રકાશમાં નિર્દિષ્ટ "નૃસિંહ" એ નરસિંહ મહેતો તો નથી જ.

ભીમનાં છૂટક પદો જે ઉપર પાંચ આપ્યાં છે, તેમાં છેલ્લાં પદો કૃષ્ણભક્તિનાં દ્યોતક છે; એટલે કર્તૃત્વ માટે શંકા નથી. એ "વૈષ્ણવદાસ" "વિષ્ણુદાસ" "કેશવદાસ" છે એ આપણે જાણિયે છિયે. એ અસરમાં નરસિંહનો હાથ છે કે નહિ, તે એક વિચારણીય પ્રશ્ન રહે છે.

ભાષાની દૃષ્ટિએ ભીમ મધ્ય ગૂ. ની ૨જી ભૂમિકા સાચવી લે છે. તેની ભાષામાં માત્ર બે એક સ્થળે જૂની પશ્ચિમ રાજસ્થાનીમાં આવતા રેસિ શબ્દ (માટેના અર્થમાં છે તે) શબ્દ સિવાય સમગ્ર તત્ત્વ તલપદું ગૂજરાતી છે. એનાં કાવ્યોની નકલ પણ તે રચાયા પછી ૩૦–૩૫ વર્ષમાં જ થયેલી મળે છે, એટલે ભાષા વિકૃત થવા પામી નથી.

વિદ્વત્તાની દૃષ્ટિએ એ કવિઓમાં આગળ એ માટે આવે છે કે તેણે ભાગવત પુરાણનો સારો અભ્યાસ, સામાન્ય પુરાણીઓથી વધીને પં. બોપદેવે બતાવેલા ભાગવતપ્રકરણવિભાગને બરોબર પચાવી કર્યો છે અને એનું દોહન ભાગવતને એક શાસ્ત્રરૂપે લેખી તેની બધી ખૂબીઓ આ કાવ્યમાં ઉતારી કરી આપ્યું છે. પ્ર. પ્ર. માં પણ શબ્દશઃ અનુવાદ ન કરતાં સમગ્ર સાર ઉતાર્યો છે,

આમ ભીમ ભક્તહૃદયના એક કવિ તરીકે રજૂ થાય છે; અને નરસિંહયુગના ચમકતા તારાઓમાં પોતાનું સ્થાન મેળવી લે છે.

ચરિતસામગ્રી:

૧. ગૂજ. સાહિ.ના માર્ગ-સ્તંભો દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી કૃત
૨. Guj. & its Lit.—by K. M. Munshi
૩. હરિલીલાષોડશકલા—શ્રી. અંબાલાલ બુ. જાની સંપાદિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪. પ્રબોધપ્રકાશ, કે. કા. શાસ્ત્રી સંપાદિત
૫. કૌમુદી—માર્ચ ૧૯૩૧
૬. ભાલણ—શ્રી. રામલાલ ચૂ. મોદીકૃત
૭. શ્રી. ફા. હ. લિ. પુસ્તક નં. ૫૫૨
૮. ગૂજરાતી સાહિત્ય—મધ્યકાલીન સાહિત્ય (ગૂજ. સા. પરિષદ)
૯. Classical Poets of Gujarat—by G. M. Tripathi

જનાર્દન ત્રવાડી

[સં. ૧૫૪૮ માં હયાત]

"**પંદરમા શતકનાં** પ્રાચીન ગુર્જર કાવ્ય"માં પ્રસિદ્ધ થયેલા, નાનાં નાનાં પણ સુંદર ૩૨ પદોથી બંધાયેલા સાં. ૧૫૪૮માં રચાયેલા "ઉષાહરણ"નો કર્તા વિપ્ર જનાર્દન ત્રવાડી તેના જણાવ્યા પ્રમાણે જ્ઞાતિએ ખડાયતો (षडाग्रक)[१] બ્રાહ્મણ હતો; તેના પિતાનું નામ ત્રવાડી નિમ્બો હતું. તેનું વતન કયાં હતું, તે જો કે સ્પષ્ટ થતું નથી, છતાં 'ઉષાહરણ' કયા ગામમાં કયારે રચ્યું તેનો તેણે કાવ્યના આરંભમાં રચ્યા સંવત્સર આપતી વેળાએ નિર્દેશ કર્યો છેઃ

"**અમરાવતીઇ** ઊપનુ ગ્રન્થ રત્નની ખાણિ.
સંવત પનર અડતાલ વરસ માસ દામોદર સાર,
ભણઇ **જનાર્દન** કાર્તિગી એકાદશી ગુરુવાર."[૨]

આ અમરાવતી કયાં આવ્યું? બરાડની અમરાવતીનો તો સંબંધ નથી. કાઠિયાવાડનું અમરેલી સંભવે.[૩] એક વૈવાહિક લોકગીતમાં "નગરી

---

૧. "ખડાયતા વિપ્ર નિમ્બાસુત બોલિ" અને 'ભણઇ ત્રવાડી જનાર્દન' વગેરે ઉલ્લેખો. (જુઓઃ પ્રા. કા. પૃ. ૯૫ અને ૯૪). એક પ્રતમાં 'ષડાગ્રક' પાઠ છે, એ ખડાયતાવાચક જ જણાય છે. (જુઓ વડોદરા–મિસેલિની, પૃ. ૧૨૮)

૨. પ્રા. ગુ. કા., પૃ. ૭૫

૩. એજનઃ પ્રસ્તાવના, પૃ. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક ઉમરાવતી, તહીં રાજ્ય કરે સુલતાન," એમ ઉમરાવતીનું નામ આવે છે. કવિ જ્ઞાતિએ ખડાયતો બ્રાહ્મણ હોવાથી કાઠિયાવાડના અમરેલી સુધી શા માટે જવું જોઇયે? આજે ઉમરેઠમાં બીજા કોઈ પણ ગામ કરતાં ખડાયતા બ્રાહ્મણોની વસ્તી વિશેષ છે; એટલે ઉમરેઠનો સ્વીકાર કરતાં ગ્રંથરચનાનું સ્થાન અને વતન નિશ્ચિત થઈ શકે તેમ છે. વૈવાહિક લોકગીતમાં ઉમરાવતીમાં સુલતાન હોવાનો નિર્દેશ છે; એનું સમાધાન મેળવવું જરા મુશ્કેલ છે; પણ એવા ઊચક ઉલ્લેખો મહત્ત્વના ન ગણાય; જ્યારે ખડાયતા બ્રાહ્મણોનો સ્થાનસંબંધ જોતાં અમરાવતી એ ઉમરેઠ હોવામાં શંકાને સ્થાન ન રહે.

સમય માટે તો જનાર્દન ચોક્કસ વર્ષ આપે છે. વિ. સં. ૧૫૪૮ ના અધિક કાર્તિક માસની સુદિ કે વદિ એકાદશી, પણ સંભવતઃ શુકલપક્ષની એકાદશી–પ્રબોધિની ને ગુરુવારને દિવસે જનાર્દને આ "ઉષાહરણ"–"ઉષાઅનિરુદ્ધનુ વિવાહ" રચેલ છે, અથવા તે દિવસે રચવાની શરૂઆત કરી છે. કાર્તિક માસ અધિક માસ હતો, એટલે, "દામોદર" માસ કહ્યો છે અને પછી શંકા ન રહે માટે "કાર્તિકી એકાદશી" કહી છે.

આ કાવ્યમાં જે પદો આપવામાં આવ્યાં છે, તે બધાંને કડવાં ગણવામાં આવ્યાં છે. આ કડવાંઓ આપણને ઘડીભર ૧૨મી સદીના "રેવંતગિરિરાસુ"ની યાદ આપે છે. એ રાસમાં માત્ર ચાર કડવાં છે; પણ તે ૨૦–૧૦–૨૨–૨૦ કડીનાં અનુક્રમે છે, જેમાં દોહા, મિશ્રજાતિ, અર્ધરોળા, સોરઠા એ બંધ છે, જ્યારે આ "ઉષાહરણ"માં તેવાં લાંબાં કડવાં નહોતાં ૩થી ૯ કડીનાં "પદો" છે, જેનું સામ્ય આપણને નરસિંહ મહેતાનાં પદો સાથે વધુ લાગે છે. પણ વિશેષતા એ છે કે નરસિંહમાં માત્ર ચાર કે પાંચ જ સાદા બંધ પ્રયોજાયેલા મળે છે; જ્યારે આમાં આઠ જેટલા પણ ખૂબ વિવિધતાથી પ્રયોજાયેલા દેશીબંધ મળે છે.

સં. ૧૩૭૧ના "સમરાસુ"માં આપણને દોહાના ત્રણ ભેદ મળે છે, તે ત્રણે અહીં પણ પ્રયુક્ત છે. એમાં ૧લી ભાસા વિષમપદમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંતે એકારવાળી મળે છે; એ જ નમૂનો જનાર્દન આપણને ૭મા કડવા–રૂપે આપે છે. ત્યાં ૧૨ કડી છે, અહીં માત્ર ૪ કડી છે; એટલે કે કડવાને બદલે નરસિંહની જેમ એ પદ બની જાય છે. નરસિંહમાં તો આવાં ઘણાં મળે છે જ. ભલે તેમાં "એ' કે "રે" કદાચ લખાયો ન પણ હોય. જનાર્દને, બાણાસુરને ત્યાં ઉષાનો જન્મ થયો ત્યારે ગોર વધામણી આપે છે, તે પ્રસંગે નીચેનું પદ યોજ્યું છે:

કડવૂં ૭

"નિજ ગુરુ માગઇ વધામણી એ, રા ધરિ બેઠી પાડ-ધારિ.
રૂપિ તે ત્રિભુવનમોહની એ, લક્ષણ નઇ ગુણ સાર.
નહીં રમ્ભા, નહીં ઉરવસી એ, મેનકા નહીં એહ સમાન.
દ્વિજવર નઇ રાય રીઝિઉ એ, બૂઝિઉ વચન પ્રમાણ.
રા કહઇ, કન્યાદાન દેસું એ, સેશું જગ ફલ કોડિ.
દેવ ગન્ધર્વ નઇ નાગમાંહી એ, જોસ્યૂં એહની જોડિ.
આકાશ શબ્દ ઇમ ઉચ્ચરઇ એ, ઇચ્છાવર વરસિ કુમારિ..
જનાર્દન ભણઇ, પ્રાણિ કાંઇ નુહઇ એ, હુ નિ ન ટલઇ સંસારિ."[૧]

જેમ "એ" પ્રયોજ્યો છે, તેમ "રે" પણ એક પદમાં પ્રયોજવામાં આવ્યો છે. પ્રસંગને અનુરૂપ થાય તે પ્રમાણે બાણાસુર ઉપર યાદવો ચઢી આવે છે, તે પ્રસંગ જનાર્દને જે પદમાં આપ્યો છે, તે "રે"વાળું સૌથી મોટું નવ કડીનું "પદ" છે. કવિ યુદ્ધના લાંબા વર્ણનમાં ન ઊતરતાં માત્ર અથડામણ જ આપી સંતોષ લે છે. કવિની શક્તિ બહારનું કામ, જાણે કે આલંકારિક વર્ણનો હોય, એમ લાગે છેઃ

કડવૂં ૨૩

"ઉદ્ધવ વલિયા ઊતાવળા રે, વાઉલા યાદવ યોધ્ધિ.
વાડી વન ઊમેલિયાં રે, મેલિયાં કરી વિરોધ.
ઝાલર ભેરી વાજિયાં રે, ગાજિયાં ગહિરાં નીસાણ.
દઇ ચડયાં દલ દડવડયાં રે, કાયર પડઇ પરાણ.
બાણઇ બલિયા ચલાવીયારે; આવીયા સુભટ સંગ્રામિ.

---

૧. પ્રા. ગુ. કા. પૃ. ૭૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચૌદ કોડિ રણિ પાડીયા રે અનંગિ એકિ ઠામિ.
પોલિઆ પાડિ ભૂંબડી રે, ચડવડી ચઢાઉ બાહાર.
પ્રથમ પલા તે પાડિયા રે યાદવિ વિસમિ પ્રાહારિ.

× × × ×

કૌભણ્ડ રણિ રોહ્યુ રે, મોહ્યુ દેખી મુરારિ.
ભીતી આણી પાછુ વલ્યુ રે, પુહતુ નયર મઝારિ.
અનિરુદ્ધ એણઇ રાખિઉ, દાખિયુ પહિલુ ઉપગાર;
જનાર્દન ભણઇ, જાતુ મૂકયુ રે. યાદવ કરિ જયકાર."[૧]

કવિએ વસંતવિલાસ જેમ આમાં સાંકળી કવચિત્ પ્રયોજી છે. એવાં દોહામાં જ પદો જે છે, તેમાં ક્યાંક ક્યાંક મળી આવે છે.

કડવા ૨૭મામાં દોહાનાં અર્ધ પ્રયોજાયાં છે; જેમાં અનુપ્રાસ પ્રાપ્ય નથી; પણ "મલ્યા મન મેલજ્યો એ" એ પ્રતીક પ્રત્યેક અર્ધને અંતે આવે છે. આમાં "સાંકળી" ખાસ ધ્યાન ખેંચે છેઃ

"વનિતા વચન સુણી આકુલી વ્યાકુલી અંગ ઠલાય;
મલ્યા મન મેલજ્યો એ.
ઉષા લલીલલી પાય લાગઇ, માગઇ વર લીલવિલાસ. મલ્યા૦
સહીનઇ વારિ કુમારડી. સારડી નાહ ! કરુ રે ! મલ્યા૦
આગઇ ઊમયાઇ પરઠિઉ સોરઠિઉ કૃષ્ણકુમાર. મલ્યા૦
અનિરુદ્ધ સઇ અંગીકર્યું વર વર્યું કૃષ્ણકુમાર. મલ્યા૦
કુમારિ મલ્યા મન સાધિયાં, તિહાં બાંધિયાં કંકણ હાથિ મલ્યા૦
જનાર્દન ભણ ભલુઇ ભોલવી ચાલવિઉ ચતુર નારિ. મલ્યા૦"[૨]

"સમરારાસુ" અને ભાલણને જાણીતો "સુણિ સુંદરી" એવા પ્રતીકની પદ્ધતિનો બંધ જનાર્દને પ્રયોજ્યો છે; જેવો કેઃ

કડવૂં ૨૭

"બ્રહ્માઇ વઢતા વારીયા હરગોપાલા રે ઊતારિયા ટોપસનાહ હરગોપાલા રે
બંન્ને એકજિ જાણિયા, ,, આણિયા હરખ અથાહ. ,,

---

૧ એજન, પૃ. ૮૯–૯૦

૨ એજન, પૃ. ૮૪. ૮૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાણાસુર તિહાં આવિયુ, હરગોપાલા રે ભાવિયુ નરપતિરાય. હરગોપાલા રે
મયા કરુ અમ, માધવા ,, પીઠિ શમાવી, શંકરરાય. ,,
મહાકાલ મહેસિ થાપિયુ, ,, આપિયુ અવન્તીવાસ ,,
જનાર્દન ભણઇ, તારિયુ ,, ટાલિયુ ભવનઉ ત્રાસ. ,, "[1]

૧૦મા કડવામાં આપણને આ જ પ્રકાર પ્રાપ્ત થાય છે, જ્યાં "સાહેલડી રે" પ્રતીક પ્રત્યેક ચરણ પછી આવૃત્ત થયા કરે છે; ઉષા ગૌરીપૂજન કરી આશીર્વાદ પામે છે, એ પ્રસંગને આ બંધ વધુ દિપાવતો લાગે છે:

"આદિ ઉષાએ આલોચિઉં, સાહેલડીરે. ગવરીવર! કરિ સાર, સાહેલડીરે.
ભવ ભવાની રીઝવ્યાં, ,, વર આપુ સંસારિ ,,
પ્રીતિ પાર્વતીઇ પૂછિઉં, ,, હઇ વર જોગી, કુમારિ? ,,
હેઠૂં જોઇ ઉષા લાજિયાં, ,, ન કરિ વચન ઉચ્ચાર. ,,
ભાવિ ભવાનીઇં ભાખિયૂં ,, દાખિયૂં છઠડિ માસિ ,,
સ્વપ્નાંતરમાં વર વરીશિ, ,, આવશિ તાહરિ અવાસિ ,,
વૈશાખ માસ્સિ ઊજુવાલિઉં, ,, માલિઇ માઝિમ રાત. ,,
દ્વાદશીઈ રંગિ રમીસઇ, ,, તૂં ભરથાર નઇ સાથિ. ,,
મનહ મનોરથ પૂરિઆ. ,, ગૌરીઇ દીધલી વાણિ, ,,
જનાર્દન ભણિ, ઉષા વાલિઆં, ,, પાલિઆં વચન પ્રમાણ,[2] ,,

કડીમાં ચારે ચરણ એક માપનાં હોય તેવા જુદા જુદા ચાર બંધ કવિએ સ્વીકાર્યા છે. એમાંનો કડવા ૫ મામાં આવતો ચોપાઈબંધ પ્રત્યેક ચરણને અંતે "એ" ઉમેરેલો આપ્યો છે, કડવા ૨૯મામાં માત્ર બીજા ચરણને અંતે જ "એ"કાર આપવામાં આવ્યો છે. આ બંધ અત્યંત જાણીતો છે; પણ જે એક બંધ ખાસ ધ્યાન ખેંચે છે, તે કડવા ૯મામાં, ૧૨મામાં અને ૧૮મામાં આવે છે. એ સામાન્ય માપે ૧૪ માત્રાનું સમપદ આવૃત્તિ પામે તે પ્રકારનો બંધ છે;

૧. એજન, ૯૨
૨. એજન, પૃ. ૮૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેશક માત્રામાં અત્રતત્રં ગોટા મળે છે. ઉષાને સ્વપ્ન થયા બાદ જાગી જતાં જે ધાલાવેલી થાય છે, તેને અનુરૂપ એક કડવું એ બંધમાં નીચેનું મળે છે:

કડવૂં ૧૨

"ઉષા માઝમ રયણી જાગી રે, અંગ અનંગજ્વાલા લાગી રે.
મુહનઇ કલંગ [જ] લાગૂં રે, કન્યાવ્રત માહારૂં ભાગૂં રે.
સચર ભણિ, સુણુ બાઇ રે, કન્યાવ્રત કેમઇ નહીં જાઈ રે.
ઉષા કહઇ, મુઝ તે વરૂ રે; અવર પુરુષ પિતા ગુરુ રે.
વર વરસ્યૂં એ જોખિ રે, નહિતુ પ્રાણ તજું તન સોખિ રે.
ઉષા! પ્રતિજ્ઞા નવિ લીજઇ રે, સહીયરનૂં તે વાર્યૂં કીજઇ રે.
સહીયર કહે, મન માણુ રે. એ વર ઘરથી નથી જાણ્યુ રે.
સુહણઇ તે લાખ બંધાઇ રે, તે વિહાણઇ મિથ્યા થાઇ રે.
જનાર્દન ભણઇ, ઉષા ભોલી રે, તુહનિ રક્ષા કરઇ હિંગોલી રે.
તો મનિ નવિ આણે તાપ રે, ઉમાશંકર શિર માયબાપ રે."૧

કડવા ૯ અને ૧૮મામાં ખાસ ચમત્કૃતિ ઉભય રીતે નથી જણાતી. ૩૨મા કડવામાં ચોપાઈ જ પ્રયોજાયેલી છે; પણ પ્રત્યેક ચરણની પછી "શ્રીરંગ આવ્યા અનિરુદ્ધસ્યૂં" એ પ્રતીક આવૃત્ત થયા કરે છે: ઉપર આપવામાં આવેલ ૧૦મા કડવામાં દોહાબંધ છે, તેની પદ્ધતિ જ આને ગણી શકાય.

જનાર્દન આંતર અનુપ્રાસનો ખાસ શોખીન જણાય છે. "સાંકળી"-ના નમૂના ઉપર આવે છે, અને સોરઠાની પદ્ધતિનાં અનુપ્રાસરહિત એવાં ૮મા, ૧૯મા, ૨૮મા અને ૩૧મા કડવામાં અને સવૈયાની ચાલના કડવા ૧૧મામાં પણ તેણે "સાંકળી" પ્રયોજી છે; પણ તેની વિશેષતા તો સવૈયાબંધ જેવા બંધનું રજું, ૧૩મું કડવું મળે છે, તે છે. સવૈયા બંધનાં બીજાં કડવાંઓમાં આ પદ્ધતિ નથી સ્વીકારી. ચિત્રલેખા ચિત્રામણો કાઢી ઉષાને બતાવે છે, તે પ્રસંગે જનાર્દને એ ચિત્રપદ્ધતિ યોજી છે. એમાં અર્ધાતે અનુપ્રાસ નથી:

---

૧. એજન, પૃ. ૮૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ઉચ્ચરઇ સયરી રે, તૂં કાંય મરછ રે, મન દ્રઢ કરી રહિ ઉષા રે.
હું તુજ વર નઇ રે, બાંહી ગ્રહી નઇ રે ક્ષણ એકમાં જઇ લાવૂં રે.
એણીં બોલીઇ રે, ચિત્રસાલિઇ રે સ્વર્ગ પાતાલ તિહાં લિખ્યાં રે.
જઇ જૂઇ રે, ઘણું રુઇ રે; ન દેખે તે જેહ પરણિઉ રે.
તિહાં સકલ રે, યાદવકુલ રે અનિ અનિરુદ્ધ કુંઅર લિખ્યા રે.
નીર લુહઇ રે, મન મોહઇ રે; અનિરુદ્ધ દેખી લાજઇ રે.
ચિત્ત ભાવઇ રે, એહ તૂં લાવઇ રે, ઉષા સહીયર નઇ બોલઇ રે.
માહરુ એ વર રે, સુણ સહીઅર રે, મન એણિ હરી લીધઉ રે.
ખાઇ જાઇ રે, ન રહેવાઇ રે, ઉપાય જુગતિ કાંઇ કરુ રે.
જનાર્દન ચિરજીવુ રે યાદવકુલદિવુ રે, ચિત્રલેખા ભણઇ મિ વર દિવુ રે."[૧]

જૈનકાવ્યોમાં ઢવણી–ત્રિપદીઓનો બહોળો પ્રચાર હતો. પંચ પંડવરાસમાં એનો પુષ્કળ પ્રયોગ મળે છે. "સમરારાસુ"માંનો તેવો નમૂનો અગાઉ અપાઇ ગયો છે. સામાન્ય રીતે પછીનાં કડવાંઓના આરંભમાં જે દેઢિ મળે છે, તેનું મૂળ તે આ છે. એમાં અનુપ્રાસ અને ૨જા–૩જા ચરણમાં છેકાનુપ્રાસ પછીથી દાખલ થયો છે. તેની કડીઓની કડી જનાર્દનમાં મળે છે. ૧૪મું અને ૧૫મું કડવું એના નમૂના છે. શ્રોણિતપુરમાં લાવવામાં આવેલા અનિરુદ્ધને ચિત્રલેખા ઉષાને પરણવા સમઝાવે છે, તે પ્રસંગે કવિએ એનો પ્રયોગ નીચે મુજબ કર્યો છે:

કડવૂં ૧૫

"જાગ્યુ કૂંઅર તહીં નિમેખઇ, જાદવ કેરી જુગત ન દેખઇ,
પેખઇ પુર અસુર તણુ એ.
પૂછી તેણિ એણિ પરિ બાલી, પદ્મિની નારીનઇ નિહાલી,
વાલી મન અતિ દ્રઢ કરી એ.
કવણ નયર એહ પુહવીઇ અનિ કુંવરી તુહુ એ છઇ કવણ તણી,
કારણિ કવણ હૂં આણિઉ રે?

૧ એજન, પૃ. ૮૧–૮૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બલિ રાજા તણા કુલની કન્યા બાણાસુરની એ છઇ ધન્યા,
તનયા વરિવા તુહ્મિ આણિયા રે.
લાજઇ યાદવકુલ કામનિ ! કૂંઅરી એ છઇ અસુરની.
પરણી નઇ કિહાં હૂં રહૂં રે?
ચિત્રલેહા કહઇ વાણી, નર એ નવિ કાંઇ જાણિ,
સાનિ પરણિ ન કુંઅરી અનોપમી એ?
ભણઇ જુગતિઇ ભેવ જનાર્દન, એહ નઇ ઉમયા હૂઇ પરસન,
અનુદિન ધ્યાન ન ચૂકતી એ."[૧]

કડવા ૨૯મામાં ચોપાઈનાં ત્રણ ચરણ અને ત્રિપદીનું છેલ્લું ચરણ એમ ચાર ચરણનો બંધ મળે છે. ત્રિપદીની પદ્ધતિ પણ માપ ચોપાઇનું છે, તે નહિ લેતાં બીજો જ ટૂંકો બંધ લઇ ૨ જું કડવું અને ૪થું કડવું બાંધવામાં આવ્યાં છે:

"વૈરોચનસુત જાણુ રે બલિસુત બાણુ રે,
કારણ હૂંતુ તેહ તપ કરઇ રે.
શ્રી ગંગા નઇ તીરિ રે આસન વાલ્યૂં વીરિ રે.
શરીરિઇ ધુમરપાન અસુર કરઇ રે."[૨]

કડવું ૧૬મું ત્રિપદીની ભ્રાંતિ આપે છે, તે ત્રિપદી નથી; એ બંધ સવૈયાની ચોપાઈ દાવટીનો છે, પણ ચિત્રલેહા અને અનિરુદ્ધના સંવાદમાં છે. અંત્યાનુપ્રાસ નથી, પણ પ્રથમના બે પદ વચ્ચે "સાંકળી" છે, અને બીજા ચરણને અંતે અનિરુદ્ધના મુખમાં "ન પરણૂં રે અસુરકુંઆરી" અને ચિત્રલેહાના મુખમાં "કાંઇ ન પરણે રે અસુર-કુંઆરી?" એવાં પ્રતીક આવે છે.

પરંતુ ૬ઠ્ઠા કડવામાં આવતો પ્રકાર અનેરો છે. મૂળમાં સવૈયાની ચોપાઈ દાવટીનો પ્રકાર છતાં વચ્ચે ઉમેરાતું વધારાનું સાંકળી પદ ઓર લય આપે છે:

"બાણાસુર કૈલાસિ સંચરે પણમિઅ એ, સ્વામી ય એ,
દાયક પદતણઉ એ.

---

૧. એજન, પૃ. ૮૨, ૮૩ ૨. એજન, પૃ. ૭૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સેવક સંગ્રામ માગઇ બલ જાયું એ, કિમ કર્યું એ.
સ્વામી મુઝ બલ તોલીઇ એ."[૧]

આ જાતના બંધની શરૂઆત આપણને સં. ૧૩૭૧ના "સમરારાસુ" માં મળે છે:

"સંવચ્છરિ ઇક્કહત્તર એ થાપિઉ રિસહ જિણંદો,
ચૈત્ર વદિ સાતમિ પહુત ઘરે નંદઉ એ નંદઉ એ નંદઉ એ જા રવિચંદો."[૨]

શ્રોણિતપુર પર યાદવો ચઢી આવે છે, તે પ્રસંગ જનાર્દને એક નવા જ બંધમાં આપ્યો છે:

"પહુતાં રે પુરુષોત્તમ વાડીઇ ઊતરિઆ,
ઠરિયા રે યાદવ યોધ તરુવરિ તરવરિઆ."[૩]

જનાર્દને આમ અનેક પ્રકારના દેશીબંધ પ્રયોજ્યા છે. એનું કવિપ્રતિભાના અલ્પાંશવાળું કાવ્ય એ આ વૈવિધ્યથી એકદમ આકર્ષક બની રહ્યું છે. આ બધા બંધોના સંપર્કમાં એ સારી રીતે આવ્યો જણાય છે; કેમકે નહિ તો આટલું વૈવિધ્ય મેળવી શકાય નહિ. નરસિંહ મહેતાનાં પદોમાં આપણે આમાંની વિવિધતા નથી જોઈ શકતા, નથી દેખાતી એ ભાલણમાં કે નથી બહોળા પ્રમાણમાં દેખાતી એ જૈન રાસોમાં. ત્રિપદીઓનો પ્રયોગ ભાલણસુત ઉદ્ધવદાસે રામાયણમાં પ્રયોજ્યો છે, પણ તેમાં જનાર્દનની વિવિધતા નથી દેખાતી.

સ્વ. કે. હ. ધ્રુવે સંપાદિત કરેલી "આવૃત્તિ"માં રાગોનાં નામ નથી આપ્યાં, પણ સ્વ. ચી. ડા. દલાલે જૂની હાથપ્રત સં. ૧૬૭૨ની ઉપરથી કાવ્ય "વડોદરા મિસેલેની"માં છાપ્યું છે, તેમાં રાગ આપેલા છે:

કડવું ૧ : રાગ આશાવરી	કડવું ૨ : રાગ કેદારગુડી	કડવું ૩ : રાગ રામગ્રી
,, ૪ : ,, મેઘમલ્હાર	,, ૫ : ,, પંચમ	,, ૨૧ : ,, ધન્યાસી
,, ૨૧ : ,, મેવાડુ—બાકીનાં કડવાંને મથાળે નામ નથી.		

૧. એજન, પૃ. ૭૭

૨. પ્રા. ગૂ. કા. (ગા. ઓ. માળા) પૃ. ૩૭

૩. એજન, પૃ. ૮૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમ જુદા જુદા સાત રાગ, જે નરસિંહ, કેશવદાસ, વીરસિંહ, ભાલણ વગેરેમાં જાણીતા છે, તે જનાર્દને પ્રયોજ્યા છે. આમ રાગથી પણ કવિ અજાણ્યો નથી.

ટૂંકાં ટૂંકાં પદોમાં જુદા જુદા રાગોનાં નરસિંહ મહેતાએ કાવ્યો લખ્યાં; તો જનાર્દન તેવાં પણ વૈવિધ્યભરેલા પદોમાં "ઉષાહરણ,' રચે છે. જનાર્દનનાં આ પદો ટૂંકાં પદ અને મોટાં કડવાંઓની સાંકળ જેવાં છે. પ્રૌઢ આખ્યાનપદ્ધતિમાં કડવાં મોટાં થતાં ચાલે છે. સમકાલીન ભાલણ બંને પ્રકાર યોજે છે. એનો જ પુત્ર ઉદ્ધવદાસ ૫૦ કડીની નિયમિતતા જાળવી "રામાયણ" માત્ર કડવાંઓમાં જ આપે છે. આ પૂર્વે ભાલણ પણ સ્વતંત્ર કડવાબદ્ધ આખ્યાનો આપે જ છે. અને આમ નરસિંહ અને જનાર્દનની પદપદ્ધતિ મીરાંનાં પદો પછી સૈકાઓ સુધી અલ્પ પ્રયુક્ત રહી છેક વિક્રમ ૧૯મી સદીમાં વિકાસ સાધે છે અને રુગનાથ, રણછોડ, રામકૃષ્ણ અને દયારામ પદોની રેલમછેલમ કરી આપે છે. પ્રૌઢ આખ્યાનપદ્ધતિને જોઇતો વિસ્તાર પદો નથી સાચવી શક્યાં, એને કડવાબંધ જ ફાવ્યો; ચોપાઈ પૂર્વછાયુ–બંધ પણ ફાવી નથી શક્યો, તે તેના અલ્પ પ્રચારથી જાણીતું છે.

જનાર્દને આ "ઉષાહરણ"ના ૨૨૦ કડીના કાવ્ય સિવાય બીજી કોઇ કૃતિ રચી હોય તેવું જાણવામાં નથી. એની પ્રતિભામાં કવિતાનો ચમત્કાર ઓછો છે, જ્યારે કળાનો ઓપ, ઉપર જોયું તેમ, ખૂબ છે. આ પૂર્વે શ્રીભોગીલાલ જ સાંડેસરાએ બતાવ્યું છે કે જનાર્દન ઉપર વીરસિંહના "ઉષાહરણ"ની અસર છે. બંને વચ્ચે સમયનું અંતર ત્રીસેક વર્ષ જેટલું હોવાથી વીરસિંહની કૃતિ તેટલા ગાળામાં ઉમરેઠ સુધી પહોંચી હોય તો સંભવી શકે, તેમ છે. અથવા બંનેને પૂર્વની કોઈએક સામાન્ય કૃતિનો લાભ પણ મળ્યો હોય. બંને કવિઓ સંસ્કૃત ભાષાથી થોડા પરિચિત છે, એ ભાષાસૌષ્ઠવ ઉપરથી સમજી શકાય છે. આછા આછા અલંકારો કદાચ એનું કારણ હશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાષાની દષ્ટિએ જનાર્દનનું કાવ્ય મહત્ત્વનું છે; બેશક અક્ષર-મેળ વૃત્તોનો પ્રયોગ તેણે નથી કર્યો; એટલે વિકલ્પોને સ્થાન છે જ. સ્વ. દી. બ. કેશવલાલ હ. ધ્રુવે પંદરમા શતકનાં પ્રાચીન કાવ્યમાં સ્વીકારેલા પાઠ એમણે સારી રીતે સંસ્કારેલા છે. આમ વધુ જૂનું રૂપ આપવાનો પ્રયત્ન થયો છે. સં. ૧૬૭૩ની સાલમાં થયેલી નકલ ઉપરથી સ્વ. ચી. ડા. દલાલે "વડોદરા મિસેલેની"માં આ કાવ્યનું સંપાદન અસલ નકલ પ્રમાણે જ આપ્યું છે. એ નકલની ભાષા મધ્ય ગૂ. ની ૨જી, ૩જી અને ૪થી ભૂમિકાનાં સંકીર્ણ રૂપો સાચવી રાખે છે. ઐતિહાસિક દષ્ટિએ આ ખાસ ધ્યાન ખેંચે છે. નમૂના તરીકે અહીં સ્વ. દલાલની વાચનાનું બીજું કડવું જ લઇયે:

"વૈરોચન સુત **જાણો** રે બલિસુત કાંઇ **આણો** રે
કારણ હુંતુ તિહાં તપ કરઇ રે,
ગંગાનંઇ કાંઇ તીરિં રે આસન વાલ્યું વીરિં રે
શરીરઇં રે ધ્રુમરપાન અસુર કરઇ રે,

× × × ×

જનાર્દન ભણઇ મિં જાણિઉ રે દૈત્ય **તપ્યો સપરાણો** રે
આણો રે શંકર કહિ કૈલાસ માહ રે."[૧]

મોટા અક્ષરમાં છપાયેલાં રૂપો ચોથી મિશ્રભૂમિકામાં જે વિકલ્પે દેખાવા લાગ્યાં હતાં તે છે. "ગંગાનઇ" આ પ્રથમ ભૂમિકાનું અને "તીરિં" એ બીજી મિશ્રભૂમિકામાં પ્રચારમાં આવી ગયું તે છે. જે અર્વાચીનતા છે, તે લહિયાએ કરેલી હોય તોયે ઉચ્ચારણમાં જૂના સમયમાં આવી ગયાનું ઐતિહાસિક દષ્ટિએ પ્રાપ્ત છે જ.

ચરિતસામગ્રી:—

૧. Baroda Miscellany, Vol. II. nos. 3–4
૨. પં. શ. નાં. પ્રા. ગુ. કાવ્ય–સ્વ. દી. બ. કે. હ. ધ્રુવ–સંપાદિત

---

૧. વડોદરા–મિસેલેની, પૃ. ૧૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાસુ

[વિ. સં. ૧૫૪૦–૫૦ લગભગમાં હયાત]

માત્ર "સગાળશા આખ્યાન"થી જ જાણવામાં આવેલો વાસુ નામક કવિ વિક્રમની ૧૬મી સદીની વચ્ચેની બે પચીશીમાં થયો હોવાની સંભાવના છે. એના એ કાવ્યની એક હાથપ્રત સાં. ૧૬૪૭ની મળે છે,[૧] તેમ નાકરે રચેલા સગાળશા–આખ્યાનથી વાસુ અજ્ઞાત છે, તેથી ઊલટું નાકર વાસુના તે કાવ્યથી વાકેફ હોવાની સંભાવના છે;[૨] અને નાકરનો કાવ્યકાળ સાં. ૧૫૭૨–૧૬૨૪ નિશ્ચિત છે; એટલે સાં. ૧૫૫૦ આસપાસ એ થયો હોય, તેમ માનવામાં બાધ નથી.

કવિ વાસુ ક્યાંનો હતો, કઈ જ્ઞાતિનો હતો અને ક્યારે થયેલો હતો, એ વિશે "સગાળશા આખ્યાન"માં કશી માહિતી મળતી નથી. કાવ્યમાં આવતા स्वर्ग हुंतु[૩] જેવા "મુગ્ધાવબોધ ઔક્તિક"ના સમયના પ્રયોગો છતાં મુગ્ધાવબોધ ઔક્તિકમાંના પશ્ચિમ રાજસ્થાની વ્યાપકતાને સાંચવતા रहइ[૪] વગેરે અનુગોનો અભાવ એ વગેરે જોતાં તે સાં. ૧૫૦૦ થી ૧૫૫૦ લગભગ થયો હોવો જોઇયે, એમ અનુમાન કરી શકાય છે.

વાસુ ઉચ્ચ પ્રતિનો કવિ નથી છતાં કથાકાર સારો છે, તે લોભ. અન્ન, સ્ત્રી એ વગેરે વિષયમાં ધારાબંધ જે વેગ તેની કવિતામાં

---

૧. સગાળશા આખ્યાન, પ્રસ્તાવના પૃ. ૩ (અમદાવાદ ડેલાના અપાસરાની હાથપ્રત)

૨. એજન પૃ. ૭૪–૫, ૯૫

૩. "स्वर्ग्र हुंतु कर्ण संचरिइ" (સ. આ. પૃ. ૧)

૪. ષષ્ઠીનો ह આમ છતાં ક્વચિત દેખાય છે: "करि वारता भरतारह भणी" (પૃ. ૫), छइ–छिનો સહાયકારક ક્રિયાપદ તરીકેનો ઉપયોગ આ કાવ્યમાં જોવામાં નથી આવતો. એટલે જ મધ્યકાલીન ગૂજ. ૨૭ ભૂમિકાના આરંભકાળમાં તેનો સમય આવી રહે છે. તેના કાવ્યમાં "तस=" તેનો, એ શબ્દનો પ્રયોગ પણ તેને તે જ સમયમાં મૂકશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જણાય છે, તેનાથી અનુમાની શકાય છે. સાં. ૧૬૬૭માં એક કનકસુંદર નામના જૈન સાધુએ વાસુના કાવ્યને વિસ્તૃત રૂપ આપી પોતાના કાવ્યમાં વણી લીધું છે, એટલું આ કાવ્ય વર્ણનની દૃષ્ટિએ સુંદર છે.

વાસુ જૈનેતર હતો તે તેના કાવ્યમાંના મંગલથી જણાય છે:

"પ્રથમ ગણપતિ વીનંવૂ, સરશતિ લાગૂં પાય." (શ. આ. આ. પૃ. ૧)

સગાળશા કુંતીપુત્ર કર્ણનો અવતાર હતો તે વસ્તુ વાસુએ સ્વીકારી છે. આ પરંપરા તેને કયાંથી મળી, તે હજી જાણવામાં આવ્યું નથી. નાકર પણ એ વસ્તુ સ્વીકારે છે. નાકરે જો વાસુનું કાવ્ય ન જોયું હોય તો કોઈ જૂના પ્રવાહમાંથી બંનેએ વસ્તુ ઉઠાવ્યું સંભવે છે. લોકકથાનું સાહિત્ય આપણે ત્યાં બહુ ઓછું છે. એવી લોકકથાઓનૂં વસ્તુ લઈ રચાયેલાં કાવ્યો પણ બહુ ઓછાં મળે છે. એ દૃષ્ટિએ વાસુનું આ કાવ્ય મહત્ત્વનું છે જ.

વાસુની જ્ઞાતિ વિશે જોકે કશું જાણવામાં નથી, છતાં ધર્મે તે વૈષ્ણવ હોય, તેવું "धर्मकथा जे श्रवणे सुणि, जाइ पाप तस वैष्णव भणि" (પૃ. ૧૬)થી સમઝાય છે. વાસુ પોતાને "कर्णकथा कवि वासु किहि" (પૃ. ૧૬) એમ કવિ કહે છે. તત્કાલીન અન્ય કવિઓને જોતાં તે પોતાને કવિ કહે છે, તે ગેરવ્યાજબી જણાતું નથી, અને વિષયને બહલાવવાની તેની શક્તિ તેના સમયમાં તેને "કવિ"–પદ આપે, તે યોગ્ય છે.

વાસુની કવિતા ક્વચિત્ પ્રયોજાયેલા અર્થાંતરન્યાસથી ખાસ દીપે છે. એ સાથે કરુણરસ પ્રસંગાનુકૂલ જણાવવાનો ખાસ પ્રયત્ન કર્યો છે. આમ તો એણે આખું કાવ્ય દૂહા અને ચુપઈમાં લખ્યું છે, જ્યાં દૂહા એ પૂર્વછાયુ છે અને કથાભાગ ચુપઈમાં છે. એ ચાલુ બંધ વચ્ચે કરુણરસ જમાવવા બે પદ મૂક્યાં છે. આપણે જેવાં અસાઇતમાં કરુણવિરહગીતો જોયાં છે, અદલોઅદલ તે જ દૂહા–ઢાળનાં એ પદો વાસુએ મૂક્યાં છે:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાગ દેશાખ

"મસ્તકિ ઊખલિ ધરી પુત્ર પ્રશંસા માય
જેણિ હાથિ પુત્ર હુલાવતી, તેણિ મસ્તકિ મહેલી ઘાઊ રે!
પુત્ર ચેલઇયા! રે!
હીઊં ન ફાટિ કારિમૂં બહુ દખ બાહૂઆ બાલ. કુંયર.
બાપને બોલિ, બાલૂયડા! તે કિમ જાંણિ ઘરસૂત્ર! રે!
બોલત ભાખિઉ તિ, બાલૂડા! 'મય જાણિઉં ઘર મરણ.'
ન બીહતુ, હો, પુત્ર! કુંયર.
વાટી નઇ ખાંડિ, ગઇ ખાંડણાં–તે તઉ કરમ તણઉ વિપાય
જેણઇં મુખિ ધાંન ખવરાવતાં, તેણઇ મુખિ વાજઇ ઘાય. કુંયર.
દુખ–સુખની વેલા લહિ–તે ભોગવાવિ કર્મ
વાસુ ભણિ, સત્ય ફલીસિ, આડઉં થાસિ હો ધર્મ. કુંવર."[૧]

બીજું પદ એથી પણ વધુ કરુણતા પ્રસરાવે તેવું છેઃ

રાગ દેશાખ

"મસ્તક ઊખલા માંહિ ધરિઉં રે! પુત્ર પ્રસંસઇ માય.
જિણિ હાથિ હૂલાવતી, રે! તિણિ હાથિ મેલ્હઇ ઘાય.
નાન્હડીયા! તું વિણ અવર ન કોઇ,
ઇમ સુણુ, રે સાજણ સહુ કોઇ
બાલૂયડા હૈડું ન ફાટઇ કાંઇ?
મુઝ દુખ, બાલૂયડા! અતિ ઘણૂં રે! વેદન અંગિ ન માય. બાલૂયડા.
ઘરનૂં સૂત્ર કુણ રાખસિ? રે! પુત્ર! અમ્હ સૂનુ સંસાર.
પુત્ર વિણ ઘડી દોહિલડી રે! અહ્મે હૂયા નિરાધાર. બાલૂયડા.
બેટા નિ ખાંડઇ ખાંડણે રે! મુખિ મેલ્હઇ નીસાસ,
અતિથિ દાન સફલ હુઆ રે! મહેસર પૂરસિ આસ. બાલૂયડા.
દસ મસવાડા ઉદરિ ધરિઉ રે! બહુલ ધવારિઉં ધાન.
કર્મતણી ગતિ જોઇજ્યો રે! પુત્ર આમિષ દીધું દાન. બાલૂયડા.
સુખ દુખ હૈડઇ નાણીઇ રે! ભોગવીઇ કૃત કર્મ.
દાનફલ સફલ હુઓ રે! આડું થાસિ ધર્મ. બાલૂયડા."[૨]

---

૧. સગાળશા આખ્યાન, પૃ. ૧૩-૧૪
૨. એજન, પૃ. ૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાસુએ ચોપાઈદાવટી ક્યાંય પણ પ્રયોજી નથી. આમ માત્ર અસાઈતની પદ્ધતિ જ તેમાં દેખાય છે. એનાં લોભ, અન્ન અને દયાના વિષયની કવિતા પદ્મનાભ જેવી છે, અને સચોટ છે;

"લોભિઈ મૂલ ઊપજિ પાપ, લોભિઇ બેટઉ મરાવિ બાપ.
લોભિઇ કૌરવ ભરથ જ લડિઇ, લોભિઇ બાંધવ માંહિ ભડિ.
લોભિઇ ભૂપતિ વાધઇ ખેશ, લોભિં સગાં સણીનં રેશ.
લોભિઇં માયબાપ પરિહરિઇ, લોભિં સૂખ સાસરિ જઇ ધરિ."[૧]

વર્ણનાત્મક કાવ્ય પણ પ્રસંગોપાત્ત એ આપે છે:

"ત્રણિ ધાન, પાંચ શાલણા, સ્વાદ જ છિ પણિ તેહના ઘણા.
ઘૃત, પકવાન, સાકર, શેલડી, ફલ સઘલાની છિ સૂખડી.
ખાજાં, લાડૂ, મરકી, મશી, ખીર, વડી, સેવ, લાપસી.
માંડા, પોલી, મેદા તણા, આંબારસ રાયણ છિ ઘણા."[૨]

અસાઈત અને ભીમ પછી લોકકથાકાર તરીકે વાસુનું સ્થાન, જો એ નાકરની પૂર્વે થયો હોય તો જૈનેતર કવિઓમાં છે. વસ્તુસ્થિતિએ ૧૫મા શતકમાં અસાઇત અને ભીમે અને ૧૬મા શતકમાં લોકકથા નરપતિએ (સં. ૧૫૪૫–૬૦) અને ગણપતિએ (માધવાનલ-કામકુંડલા સં. ૧૫૮૪માં) રચી છે. વાસુ આ સદીનો છે; એટલે ૧૬મા શતકમાં જૈનેતર લોકકથાકાર ત્રણ તો ખરા જ. નાકરે સ. સા. ની રચ્યા સાલ નથી આપી; એનું પહેલું કાવ્ય સં. ૧૫૭૨માં અને કેટલાંક કાવ્યો ૧૬૦૧થી રચ્યાં છે. એણે વચ્ચેના ગાળામાં સ. આ રચ્યું હોય તો તે ચોથો લોકકથાકાર ૧૬મી સદીમાં ગણી શકાય.

ચરિતસામગ્રી:—

૧. સગાળશા આખ્યાન (ગૂજ. વ. સો. અમદાવાદ)

---

૧. સ. આ. પૃ. ૩

૨. એજન, પૃ. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેહલ

[સં. ૧૫૪૦-૫૦ લગભગમાં હયાત]

નરસિંહયુગના કવિઓમાં સૌથી પ્રથમ જાણવામાં આવેલા "અભિવન-ઉઝાણૂં" એ અભિમન્યુવિષયક એક ખંડકાવ્યનો કર્તા દેહલ કરીને કવિ સં. ૧૫૪૦-૫૦ લગભગમાં હયાત હોવાની સંભાવના છે.[1] જનતાપીએ આ આખ્યાનના વસ્તુનો પોતાના કાવ્યમાં કેટલોક ઉપયોગ કર્યો છે.

આ કાવ્યની જૂની હાથપ્રતમાં[2] જૂની ભાષા મધ્ય ગૂજ.ની ૨જી ભૂમિકા સચવાયેલી છે; એટલે તેનો સમય ૧૬મી સદીની ૨જી-૩જી પચીશી હોય, તેમાં શંકાને ખાસ કારણ રહેતું નથી. નીચે આપવામાં આવશે તે અવતરણથી સમઝાશે કે ભાષામાં ત્રીજી ભૂમિકા એકદમ જોર કરી ગઈ છે; અને ક્વચિત્ અર્વાચીન ભાષાનાં "પિહિલો" જેવાં આરંભનાં રૂપો જે ચોથી ભૂમિકામાં પ્રચારમાં આવવા લાગ્યાં હતાં, તે પણ જણાય છે, જે લહિયાને આભારી હશે; બેશક ઉચ્ચારણમાં એ વિકલ્પ ઘણો વહેલો દાખલ થઈ ગયો શકય છે.

જે કાંઈ અવતરણો પ્રાપ્ત થાય છે; તે ઉપરથી જાણી શકાય છે કે કવિએ કાવ્યને રસિક બનાવવાને ઠીક મહેનત લીધી છે. અહિ-લોચનનો પંજરનો પ્રસંગ ખાસ ધ્યાન ખેંચે છે:[3]

"વિષમ પાંજરું ઘડી આપિ સૂતાર......
સારી ધાર કુહાડિ ધરી, વાઢી મુહવિનિ મોગરી;
વાઢયાં આંબ જાંબૂ ઘણા, બાસઠિ કોડિ વાઢિયા લીંબડા—
વાઢયા સરયૂ સિંધૂ સાર, તરૂવર વાઢિયા સાર અઢાર;

---

૧. શ્રી. મ. ર. મજમૂદાર સંપાદિત અભિ. આ. પ્રસ્તા. પૃ. ૫૬

૨. વ. પ્રા. વિ. નં. ૬૭૫૧ની પ્રતમાં ૨. સાં. ૧૬૮૦, યાદીમાં મળે છે, તે લ. સાં. હશે.

૩. દ. હ. લિ. નં. ૩૫૭, ૨૬૧, ૫૪૮, ૫૪૯, ૮૯૨ પ્રતોમાં કર્તાનું નામ મળતું નથી; પણ એક જ કવિની કૃતિ જણાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેહ તણૂં તાં પંજર ઘડયૂં, સિઉ સવાભાર લોહઉ જડયુ—
બાસઠિ તાલાં તિહિતિરિ કડી, એ પ્રકારિ પેઇ ઘડી;
સૂતાર તેહ પંજર ના મૂકઇ, એહમાંહિ પિહિલો પેસિ તે નિશ્ચઇ મરઇ.
પંજર જિવારિ પૂરૂં થાય, મન હરખ્યા અહિલોચન રાઇ."૧

કવિએ આમાં ચોપાઇ–બંધ સ્વીકાર્યો છે. ચાલુ ચોપાઈમાંથી ઢૂઢિથી એ સવૈયાની ચાલની ચોપાઈ દાવટીમાં કવિતા પલટાવે છે. બેશક એમાં વલણ કે ઢાળની જેમ પદો વળતાં જણાતાં નથી. પાંજરામાં પુરાયેલો અહિલોચન પોતાની શક્તિ વિશે કૃષ્ણને પડકાર કરે છે. બીજી લીટીથી કૃષ્ણ જવાબ આપે છે. પછી પાંજરું લઈ કૃષ્ણ ઘેર આવે છે:

"જો તૂં કૃષ્ણ ! ત્રિભૂવનીક નાથ, એકવાર દિઉનિ ચુરંગ બાથ"
ગુલિ મરિ તેહનિ વિષ કિમ દિજીઇ ? જીત્યૂં ફલ્યૂં કર્યૂં કિમ હારીઇ ?
ઘણિ દિવસિ માહરાં સિધાં કાજ, તાહરા પૂન પૂરવિજ મેલૂં આજ.
માહિ થિકૂ દાણવ ઊછલિ, ત્રિભુવનપતિ ભાર ઉપરિ ધરિ.
માહિ થિકૂ જવ થિઉ હવિ મંદ, તિહારિ પાંજરૂં કીધૂં કુંધિ. (ઢઢિ)
તિહાં થિઉં પંજર ઉપાડીનિ કૃષ્ણ લેઇ ઘરિ આવ્યા;
સોલસઇ ગોપાંગના પૂછવા લાગ્યાં, "કાંઇ વસ્તિ ઘરિ લાવ્યા ?'
પહિલી તાં સીષામણ દીધી, "કોઇ મ જોસો પેઈ;"
સૂભદ્રાનિં તાં કૂંચી આપી, ગયા લઇ તાલાં દેઇ."
નણંદ પ્રતિ ભોજાઇ વીનવિ, "આપણ પેઇ જોસૂં;
કૃશ્નજી તૂ કાંઇ ન જાણિ, તિમ જ તાલાં દેસૂં."
સુભદ્રાઇ તાં પેઇ ઉઘાડી, માંહિ ન દીઠું કાંઇ;
એતલઇ વદન વિકાસ જ પામિઉં, જીવ સાંચરઉ માંહી."૨

આવી દોઢો આવ્યા કરે છે. આપણે "વાસુ"માં આ ઢાળ નથી જોતા. એથી ઊલટું આમાં દૂહો અહીં પ્રયુક્ત નથી જોતા. પદ્મનાભ જેવામાં બંને જોઇયે છિયે, એનું સમાધાન એ જ કે બંને પ્રકાર પ્રયોજાતા હતા. જેને જે રુચે તેમાં કાવ્યો થતાં હતાં, પણ પછીથી આ ઘસાતાં ચાલ્યાં છે અને કડવાબદ્ધ કાવ્યો જોર કરી ગયાં છે.

---

૧. અભિ. આ. પ્રસ્તા. પૃ. ૫૭ ૨. એજન, પૃ. ૫૮–૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેહલે આ કાવ્ય સામાન્ય પદ્ધતિનું જ રચ્યું છે. કવિત્વની દૃષ્ટિએ ખાસ ખેંચાણ કરનારી કવિતા આમાં આપણને મળતી નથી. કર્મણ વગેરેના પ્રકારમાં આ કવિને આપણે સ્વીકારી શકિયે. આમ છતાં એની મહત્તા એ છે કે પાછળથી ઘણા કવિઓએ એની વસ્તુનો આધાર લઈ પોતાનાં કાવ્યોમાં ઉપયોગ કર્યો છે. એક ૩૩ કડવાનું કોઇ "જન ભગત"નું વિસ્તૃત "અભિમન્યુ આખ્યાન" મળે છે, એમાં પણ "દેહલ"ની વસ્તુનું અનુસરણ પ્રાપ્ત થાય છે.

આ દેહલ ક્યાં અને નિશ્ચિત સ્વરૂપે ક્યારે થયો, જ્ઞાતિએ કેવો હતો, એ વગેરે વિશે કશી માહિતી મળી શકતી નથી.

ચરિતસામગ્રીઃ

૧. અભિમન્યુ આખ્યાન, શ્રી મ. ર. મજમૂદાર સંપાદિત

નરપતિ

[વિ. સં. ૧૫૪૫—૬૦ માં હયાત]

અમૃતસાર્ઈત, ભીમ પછીની સદીમાં થયેલા લોકકથાકાર જૈનેતર કવિઓમાં નરપતિ ખાસ ધ્યાન ખેંચે છે. આપણે આ સદીમાં વાસુ, નરપતિ, નાકર અને ગણપતિ એ ચાર આવા કવિઓ મેળવિયે છિયે. વાસુ વિશે લખી ચૂકયો છું. નાકર અને ગણપતિ વિશે હવે આવશે. વચ્ચે નરપતિ ખાસ ધ્યાન ખેંચે છે. આ કવિનાં નંદબત્રીશી અને પંચદંડની વાર્તા એ બે લોકકથાકાવ્યો મળે છે. ૧૩૭ ચોપાઈનું નાનું કાવ્ય "નંદબત્રીશી" શ્રી ભોગીલાલ સાંડેસરાએ[1] આપણને મેળવી આપ્યું છે, જ્યારે "પંચદંડ"ની વાર્તાનું[2] ગદ્યપદ્યાત્મક પાંચ આદેશનું મોટું કાવ્ય શ્રીશંકરપ્રસાદ રાવળે સંપાદિત કરી અભ્યાસીઓને નરપતિના

---

૧. "બુદ્ધિપ્રકાશ, વર્ષ ૭૯, પૃ. ૧૯૩–૨૦૪ પર છપાયું છે.

૨. ફાર્બસ ગૂજ. સભા (મુંબઈ)ને આશ્રયે સ્વતંત્ર ગ્રંથાકારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અક્ષરદેહનો પરિચય મેળવવામાં સુવિધા કરી આપી છે. કવિએ આ બંને કાવ્ય અનુક્રમે સં. ૧૫૪૫ અને ૧૫૬૦ માં રચેલાં છે. એ વિશે કવિએ જ માહિતી આપી છે; જેવીકે—

નંદબત્રીશી: કવિતા સારદા તણૂં પ્રણામ
નંદબતીસી કરું વખાણ.
સંવત પનરસિ પંચતાલાં,
તિથિ સાતિમ નિ મંગલવાર[1]

પંચદંડ: સંવત પન્નરસાઠા પવિત્ર
વિક્રમચરિત્ર નિપાઉં પવિત્ર;
કવિ **નરપતિ** એહવૂં કહીયંતિ:
ચઉપઇ પૂરી થાયંતી."[2]

આ બંને કાવ્ય ઉપરથી આપણે એટલું જાણવા મળે છે કે એ સં. ૧૫૪૫ અને ૧૫૬૦ માં તો ચોક્કસ હયાત હતો. બંને કૃતિઓ વચ્ચે ૧૫ વર્ષનો ગાળો છે. અને કાવ્ય જોતાંયે "નંદબત્રીશી" નું ૧૩૭ કડીનું માત્ર સાદા ચોપાઈબંધનું નાનું કાવ્ય (વચ્ચે ક્યાંક ક્યાંક દોહો કે પૂર્વછાયો છે) અને પંચદંડનું ૮૦૬ દૂહા–ચુપઇ અને ક્વચિત્ ગદ્ય સહિતનું મોટું કાવ્ય તેની બે કૃતિઓ વચ્ચેના અંતરની સાખ પૂરે તેમ છે.

કવિએ હરિલીલાકાર ભીમની કે કૃષ્ણક્રીડાકાવ્યકાર કેશવદાસની કૃતિ જોઇ છે કે નહિ તે જાણવાનું સાધન નથી; પણ "નંદબત્રીશી" જોતાં એમ જણાય છે કે એ પદ્ધતિથી નરપતિ વાકેફ છે. તેણે એ કાવ્યમાં ઠેરઠેર સંસ્કૃત શ્લોકો આપ્યા છે, જેની નીચે એણે ચાલુ ચોપાઇમાં જ આ શ્લોકના આશય આપ્યા છે. એ સંસ્કૃતજ્ઞ છે, એ પણ તેથી સમઝાય છે. નમૂના તરીકે:

---

૧. શ્રી સાંડેસરાને મળેલી પ્રત પછીની છે. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૧ લો, પૃ. ૮૮–૯ ઉપર નોંધેલી પ્રત જૂની છે. તેમાંથી આ ઉતારો લીધો છે.

૨. પંચદંડની વાર્તા, પૃ. ૧૧૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" नैव पश्यति कामान्धो जन्मान्धो नैव पश्यति ।
न पश्यति मदोन्मत्तो अर्थी दोषं न पश्यति ॥
કામાતુર નર કહીઇ અંધ, જનમ-જણ્યા કહિઇ જાત્યંધ;
મદપૂરિત ગજ કહીઇ અંધ, અરથી નર સદાઇ અંધ.
એ ચ્યાર કહિઇ આંધળા, પુણ્ય રહિત પાપે પાંધળા;
ધર્મતણુ તું કરિ વિચાર, પાપ તણો નવ કરીઇ આચાર."[1]

નાનું અને કાચું છતાં પણ આ કાવ્ય રસયુક્ત છે. કોઈ નંદબત્રીશીના સં. શ્લોકોની પણ આમાં તેના ઉપર છાપ હોય અને તેથી તેનું કાવ્ય રસયુક્ત બન્યું હોય, તો તેમાં આશ્ચર્ય ન ગણાય. પ્રધાનપત્ની પદ્મિનીમાં મુગ્ધ થયેલા નંદ રાજાને પોપટ ઉપદેશથી વારે છે, ત્યારે રાજા કોપયુક્ત થઈ પોપટને મારવા કરે છે, ત્યારે પ્રધાન-પત્ની પદ્મિની તેને તેમ કરતાં રોકે છે:

"**પદ્મિની**—राजन् कोपोपशान्त्यर्थं शरीरं च त्वयार्जितम् ।
रक्ष रक्ष मम पुत्रं राजा त्वं विहङ्गमम् (?) ॥"
રાજન્, કોપ સમૂહલા દેહો, જે કહિવો તે મુઝને કહો;
એ સૂઅડો પુત્ર માહરો, એહને વિઘન કાંઇ મત કરો.
એ પંખી વન કેરો જીવ મારંતા નવિ પાડે રીવ;
કીડી ઉપર સ્યું ઉપાય, તવ સુંદરી સમઝાવ્યો રાય.

રાજા—यस्मिन् रुष्टे भयं नास्ति तुष्टे नैव धनागमः ।
अग्रहानिग्रहो नास्ति स रुष्टो किं करिष्यति ॥
જેહને રૂઠે ભય નવિ થાય, તે તૂઠે દાલિદ્ર નવિ જાય;
તે રૂઠો સ્યૂં કરે ઉપાય ? બંધન છૂટ તો નવિ થાય.

[પૂર્વછાયો]

રાઉતને કાયર કોપે, સુન્દરને કોપે કુરૂપ;
કવિ નરપતિ ઇમ ઉચરે એહસ્યૂં બોલિઇ ભૂપ."[2]

શ્લોકોના પાઠ ભ્રષ્ટ મળે છે; પણ મૂળે શુદ્ધ પાઠો હશે. અદલોઅદલ આ જ નમૂનાની એક જૈન સાધુ સિંહકુશલની રચેલી

---

૧. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૭૯, પૃ. ૧૯૫ ૨. એજન, પૃ. ૯૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નંદબત્રીશી ૧૭૨ કડીની મળે છે. એમાં અને નરપતિની કૃતિમાં કેટલાએક એના એ શ્લોકો મળે છે, કથાનો પ્રસંગ પણ એક સરખો છે. એ કૃતિ સં. ૧૫૬૦ માં રચાયેલી છે.[૧] બંનેએ એક જ પ્રકારની વસ્તુ સ્વતંત્ર રીતે મેળવી કાવ્ય રચ્યાં હોય તેમ જણાય છે. એટલું ખરું કે સિંહકુશલના કાવ્યમાં સ્વીકારવામાં આવેલા શ્લોકાનો અનુવાદ નથી મળતો. આ શ્લોકો ત્યાંથી કાઢી નાખવામાં આવે તો ચાલે તેમ છે. નરપતિમાંથી પણ શ્લોકો કાઢી લેવાથી હાનિ નથી; માત્ર શ્લોકોનો તેણે બરોબર ઉપયોગ કર્યો છે, એ સ્પષ્ટ છે. બંને કવિઓમાં જે તફાવત જણાય છે તે એ છે કે નરપતિ વાતને ચાતુર્યયુક્ત બનાવવા સાવચેતી લે છે, જ્યારે સિંહકુશલ વર્ણનાત્મક વધારે બનાવે છે. એક જ પ્રસંગ લઇયે: નરપતિ, પદ્મિનીનાં વસ્ત્ર સૂકવ્યાં છે, તે જોઇ રાજા સીધેસીધો પરિયટને જ પ્રશ્ન પૂછે છે, જેનો પરિયટ ખૂબીથી ઉત્તર આપે છે; જેમકે—

"પહેલો પપ્પો કેવલ સોઇ. આગલ રરો કેવલ હોઇ,
ધધાનો કાનો દીજંતિ, આગલ નન્નો કેવલ હુંતિ;"[૨]

એમ પરધાનની પત્નીની ઓઢણી હોવાનું કહે છે. સિંહકુશલની કૃતિમાં રાજા વચ્ચે પંડિત પાસેથી "પદ્મિની" નાં લક્ષણ જાણે છે, અને પછી છીપાને તેડાવે છે, જે જવાબ આપતાં કહે છે:

"રાજ તુમ્હારઇ છઇ પરધાંન વૈરોચન મહિતઉ અભિધાન,
સાડી એ તસ ઘરણી તણી મુઝ આપી છઇ ધોવા ભણી."[૩]

આ ઉપરથી જ હું એમ માનું છું કે બંનેએ બંનેની કૃતિ જોઈ નથી, માત્ર બંનેને વસ્તુ એક જ સ્થળેથી મળી છે.

બીજી કૃતિ "પંચદંડ" એ ઉપર કહ્યું તેમ નરપતિનું મોટું કાવ્ય છે. એમાં એણે પાંચ ખંડ પાડ્યા છે, જેને તેણે **આદેશ** કહ્યા છે. પાંચ આદેશની આ જ વિષયની કોઇ અજ્ઞાત જૈન કવિની

૧. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૬૩ મું, પૃ. ૨૫૦
૨. એજન, વર્ષ ૭૯ મું, પૃ. ૧૯૪ ૩. એજન, વર્ષ ૬૩ મું, પૃ. ૧૩૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પંચદંડ–ચતુષ્પદી" મળે છે.[૧] એ કાવ્યમાં ૪૧૮ કડીઓ છે, અને સં. ૧૫૫૬ માં રચાઇ છે; જ્યારે નરપતિનું કાવ્ય સં. ૧૫૪૪માં શરૂ થઇ[૨] સં. ૧૫૬૦માં પૂરું થયું છે અને ૮૧૬ જેટલી કડીઓ ધરાવે છે. બંનેને કોઇ એક મૂળ વસ્તુ સ્વતંત્ર રીતે મળી છે, જેનો બંનેયે યથારુચિ ઉપયોગ કર્યો છે. બંને એ બંનેની કૃતિ જોઈ નથી તે ઉપર કહ્યું તેમ સ્પષ્ટ છે. અજ્ઞાત કવિએ દૂહા અને ચુપઇ પ્રયોજેલ છે, જ્યારે નરપતિએ તે ઉપરાંત "વારતા" એ મથાળે ગદ્ય પ્રયોજ્યું છે. જૈનેતર કવિનું આવું ગદ્ય આ, એ પૂર્વેનું બીજું કોઈ ન મળે તો પહેલું જ છે. એ ઉપરાંત એક "પદ" રાગ ગોડીનું પણ નજરમાં આવે છે.

કવિએ આ કાવ્યમાં પોતાનું હૃદય ઠીકઠીક ઠાલવ્યું છે. આપણને "હંસાઉલી"માં તેટલો પ્રવાહ મળતો નથી, એટલો સુંદર પ્રવાહ કવિ આમાં જાળવે છે. એનાં વર્ણનો પણ રોચક છે. સોપારા નગરમાં વિક્રમરાજા બીજા દંડ માટે જાય છે, સોમશર્માને ઘેર અભ્યાસ કરવા જાય છે, તે સમયે બાલક વિક્રમનું સ્વરૂપ–પોષણ વગેરે કવિ આકર્ષક સ્વરૂપે રજૂ કરે છે:

"સોપારૂં સોનાસૂં ઘડૂં, રૂપા તણઇ બંધઇ તે જડૂં.
રાજા વિક્રમ બોલઇ તામ, સોપારૂં સુરનરનૂં ઠામ.
લઘુલાઘવી વિદ્યા અણસરી, બાલકરૂપઇ કાયા કરી.
હૂંઊં વરસ તણઉ અગિઆર, રૂપ તણઉ નવિ લાભઇ પાર.
હાથિ પાટી, પોથી, લેખણ સાર, ધૂંટઊં ખડીઊં તે સુવિચાર.
જે સાથઇ આગીઉ વિતાલ, લાવિઊં વીર વેગઇ તતકાલિ.
પંડિત નઇ દૂારાંતરિ ગયા, ગુરુનિ ચરણિ નમીનઇ રહ્યા.
ગુરાણી ઊમાદે નામ, તેહ નઇ જઇ નઇ કરઇ પ્રણામ.
"કવણ નામ તૂઝ કેહૂં ઠામ?" "સાલિગ્રામ ગ્રામ મૂઝ ઠામ.

---

૧. એજન, પુ. ७९ માં પૃ. ૧–૨૮ અને ૬૨–૭૫ ઉપર શ્રી ભોગીલાલ સાંડેસરાએ સંપાદિત કરેલી મળે છે.

૨. "ભાદ્રવ વદિ આરંભીઉ, બીજ અનઇ બુધવાર,
સંવત સોકે (?–ત્સર સેં) પંનરહ, દસચિહ્ન, ચિહ્ન અધિકાર (=૧૫૪૪)"
(ફાર્બસ ત્રૈમાસિક, પુ. ૩, પૃ. ૪૫૯)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુઝનઇ છઇ ભણવાની હામ, વિદ્યાઅરથી માહારૂં નામ."
ઊમાદે લક્ષણ જોઅંતિ, હાથ–પાયતળ રક્ત દિસંતિ.
દીર્ઘનાસિકા અધર પ્રવાલ, કમલ પાંખડી નેત્ર વિસાલ.
ગૌરવર્ણ નઇ ભલા કપોલ, જિહ્વા વરતઇ અમૃતકચોલ:
કૃષ્ણવર્ણ શિરિ વેણી સોહંતિ, દાડિમકલી દંત ઝલકંતિ.
લંબકર્ણ, ભ્રૂમંડલ વંક, બોલંતુ દિસઇ નિસ્સંક.
સ્થૂલ કંધ, મુખ પૂનિમચંદ્ર, ભુજદંડ આજાન સમો ઇંદ્ર.
વક્ષસ્થલ દિસઇ સુવિસાલ, એ કોએ કહીઇ કારણ બાલ!
પગે પદમ છઇ ઉન્નત જાન, નાભિ ગંભીર કોઇ ભૂપ સમાન.
ચઉસઠિમઉ જોઇતુ મલિઉં, ઊમાદે મનિ ઊછવ વલિઉં;
મઇ લાધૂં એ માણિક પડિઉં, માહારું કાજ સરાડઇ ચડિઉં.
માદલ, ભૂંગલ વાજઇ બારિ, નારીવૃંદ મિલિઉં અપારિ.
મજ્જન દેઇ, અમૃતના આહાર, વલી કરાવિઉં અતિ સિણગાર.
ચંદન, કુંકમ, ફૂલ, તંબોલ, ઉછવ કેરૂં વરતઇ રોલ.
સવિહૂં માંહિ શિરોમણિ એહ, નેસાલઇ બઇસારિઉં લેઇ.
પહુઆ, ફૂલી ધાણી, ચિણા, સૂહાલી, કાકરીઆ ઘણા.
દાડિમ, કેલાં, કમલકાકડી, ખારેક, સીંગોડાં, સેલડી.
ખિરમા, ચારૂલી અતિ ભલી, સૂઇ સાકર આપઇ વલી:
ખાજાં, લાડૂ, ઘેવર ઘણાં, નીલાં નાલિકેર નહિ મણા.
નિતિ આપઇ એહવી સુખડી......................"૧

સોપારામાંથી સિદ્ધદંડ મેળવ્યો તેમ રાજપુત્રી પણ મેળવી એ પ્રસંગે કવિએ એક પદ પ્રયોજ્યું છે. એ જોકે ચોપાઇ જ છે; પણ અંતે 'એ'કારથી એને રાગબદ્ધ કરી છે:

રાગ ગુડી

"રાજા સોમપાલઇ આદર કરી એ, તિહાં જઇમાલા કન્યા વરી એ.
યસ જુવતી ત્રિભુવન વરિઉ એ, મહિમા અતિઘણ વિસ્તરિઉ રે.
વરવહૂ પરણી ઊતરીઆં એ, જાણિ ઇંદ્રઇંદ્રાણી અવતરીઆં એ!
અંગિ ઊલટિ રાઉ અતિ ધરઇ એ, તવ દંપતિ પરણી સંચરઇ એ.

---

૧. પંચદંડ, પૃ. ૩૧–૩૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિક્રમ–વિવાહલઉ જિ ભણઇ એ, સવિ ઊછવ હૂઇ ઘરિ તેહ તણઇ એ.
કવિ નરપતિ વાણી સુણઇ એ, પાપ નાહાસઇ અંગિ તેહ તણઇ એ."૧

કવિ નરપતિએ "પંચદંડ"માં પોતાની બધી શક્તિઓ અજમાવી છે. શ્રી. કનૈયાલાલ મુનશીના શબ્દોમાં કવિની શક્તિઓનો આંક કાઢિયે તો–"કવિની વાણી પ્રાસાદિક છે. વર્ણનો તાદૃશ ચિતાર રજુ કરે તેવાં રસભર્યાં છે. રૌદ્રરસ વર્ણવવામાં તો કવિ એક્કો છે. બીજા કાવ્યમાં ભાગ્યે જ હોય છે, તેવું રૌદ્ર રસનું વર્ણન આ કાવ્યમાં છે. કવિના કાળે જે સ્થિતિ વધતેઓછે અંશે વિદ્યમાન હતી તે અને વિશેષે કરી માળવામાં જે દુરાચારો વ્યાપક હતા તે વામમાર્ગીઓની ભ્રષ્ટ અને ક્રૂર સાધનાઓ, મલિન ઉપાસનાઓ, બલિદાનને નામે પશુઓનો અને મનુષ્યનો વધ, મનુષ્યમાંસ ખાવાની લાલસાવાળી યોગિનીઓ, આ બધું આ કાવ્યમાં સારી રીતે સંગ્રહાયું છે."૨

"પૃથ્વીચંદ્રચરિત"માં જેવું કટાઉની પદ્ધતિનું ગદ્ય મળે છે, પદ્મનાભની "ભટાઉલી" માં અને "વીરસિંહ" ના ઉષાહરણના અંતમાં જેવું ગદ્ય મળે છે, તેવું ગદ્ય નરપતિએ ન પ્રયોજતાં સાદું નિરાડંબર ઘરગથુ ગદ્ય "વારતા" એ મથાળે આપ્યું છે. એ તત્કાલીન ચાલુ ગદ્ય લખાણનો નમૂનો આપે તેવું છે. આ પ્રકારનું સાદુ ગદ્ય જૈન લેખકોનું તો પુષ્કળ મળે છે,૩ પણ જૈનેતરનું આ લગભગ પહેલું જ ગણાય. એના અહીં બે નમૂના આપું છું:

"હવઇ માહિરામાંહઇ શૃંગાર સુંદરી નઇ સંદેસઉ આવિઉ જિ પ્રત્ય લોકની ચ્યાર સખી જેહ વિહિવાઇ આવી હતી તિ અમ્રત સરોવરનિ પાલિ બીઠિ છિ. તેહની સાથઇ એક ભારવાહક હૂતુ તેનિ વસ્ત્ર, આભરણ, દંડ, ઊપહાર સવિ આપાં નિ મહેસની પૂજા કરવા ગઇ. તેહેનૂં નામ માંદૂકુ તિ ભાર લેઇ ગયઉ. તિ માટઇ અહ્મે નાગાંપૂગાડાં નગરમાહિ કિમ આવૂં ?

૧. એજન, પૃ. ૫૬ ૨. ફાર્બસ ત્રૈમાસિક, પુ. ૩, પૃ. ૪૫૯
૩. જુઓ મુનિ શ્રી. જિનવિજયજી. સંપાદિત પ્રાચીન ગૂજ.–ગદ્ય સંદર્ભ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૃંગારસુંદરી ઘણૂં ઊચાટ કરિ છિ તિ કરણિ સર્વ વર બઇઠઉ સાંભલઇ છઇ. તિણઇ તિ વસ્ત્ર-આભરણ મોકલાં છઇ."[1]

"દંડ બંનિ નિ વસ્ત્ર આભરણ આગીઆ પાહઇ અણાવી નઇ કન્યા નઇ પાછાં આપાં. તવ રાજાઇ તિ ચ્યાર કન્યા પ્રતિઇ પૂછિઉં: "તુહ્મે અહ્મે કાંઇ માંનિઉં હતૂં તિ આપઉ." તસઇ રાજા પ્રતઇ, જઇતૂ, ગોમતિ, હરીઆલી, હરણિકા કહઇતાં હૂઆં: "અહો પ્રાણનાથ! તુહ્મે સર્વ રિદ્ધિના ધણી છઉ. તુહ્મે જિ માગઉ તિ આપીઇં."

પછઇ તિ બિ દંડ તમોહર દંડ નિ વિષહર દંડ નિ સર્વમોહન હારવિદ્યા એ ત્રિણિ વસ્ત સ્ત્રીઇં રાજા નઇ હાથિસૂં કરી આપાં તિ રાજાઇં લીધાં."[2]

"છઇ" ક્રિયાપદનો સાહાય્યકારક તરીકે પ્રયોગ આમાં ખાસ ધ્યાન ખેંચે છે. વિક્રમની ૧૬ મી સદીના પૂર્વાર્ધમાં એ ગૂજરાતી તળપદો પ્રયોગ પ્રચારમાં આવ્યો છે અને આમ નરપતિમાં વ્યાપક થઈ ચૂક્યો છે.

ભાષાની દષ્ટિએ નરપતિ મહત્ત્વનો છે. મધ્યકાલીન ગૂજરાતીની બીજી ભૂમિકાનું પ્રતિનિધિત્વ "પંચદંડ"માં છે; એમાં "મુગ્ધાવબોધ ઔક્તિક" નાં વ્યાપક લક્ષણો સંકુચિત થઈ ગુજરાતી થઇ ગયેલાં મળે છે.

કવિને જૈન કથાઓનો સાથ મળ્યો છે, એ બનવા જોગ છે. આપણે જેમ અસાઇતમાં જિનગૃહની હકીકત મેળવિયે છિયે, તે પ્રમાણે નરપતિમાં પંચદંડના બીજા આદેશમાં સોપારા નગરમાં આદીશ્વરના જિનમંદિરનો ઉલ્લેખ આવે છે. આ કાવ્યની આ તરફની પ્રતોમાં જિનસ્તુતિ કાવ્યારંભે પણ મળે છે;[3] જ્યારે જૂની હાથપ્રતોનાં મંગલ જૈનેતર વધુ છે, જેમાં ગણેશ અને સરસ્વતીનું જૈનેતર પદ્ધતિનું વિસ્તૃત મંગળ તેને જૈનેતર સૂચવે છે. પં. લાલચંદ ભગવાનદાસ ગાંધીનો પણ એ જ અભિપ્રાય છે.[4] જુઓ પંચદંડનું મંગલ:

---

૧. એજન. પૃ. ૧૦૯ ૨. એજન, પૃ. ૧૧૪

૩. જૈ. ગૂ. કવિઓ, ભાગ ૧ લો, પૃ. ૨૯૧

૪. પંચદંડ, પ્રસ્તાવના, પૃ. ૮ અને જૈ. ગૂ. કવિઓ, ભાગ ૧ લો, પૃ. ૨૯૧-૯૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વછાયુ

"લંબોદર! તુઝ વીનવૂં, સૂંઢાલા સમરથ;
સિદ્ધિબુદ્ધિવર! ચરણિ નમૂં, સીઝવિ સવિ અરથ.
સીંદૂરઇ કરિ અરિચીંઇ, શિરિ સેવત્રાં હાર;
મૂસાવાહન વીનવૂં, જેહ નઇ મોદિક આહાર.
એકદંતુ! દારિદ્ર હરઇ, સેવકજન–આધાર!
લાડૂ પંચ પ્રાસીઇ, આપઇ અખઇ ભંડાર
દૂંદાલા દયાકરા! ધુધર ઘમકઇ પાઇ;
સૂંઢલિ! સારથ હોઇ જે ગાઊં અવયંતીરાય.
ગૌરી માતા જેહની, શંકર જેહનુ તાત
મનહ મનોરથ પૂરજ્યઇ કારતગ કેરુ ભ્રાત!
બ્રહ્માપુત્રી! વીનવૂં, શારદ! કરઉ પસાઇ
હંસવાહન! હરષઇ થકી, ચિહ્વા વસિજે માઇ!"[૧]

સામાન્ય રીતે જૈન કવિઓ તીર્થંકરોનું સ્તવન આરંભમાં અચૂક કરે છે. એ પંચદંડમાં નથી; એટલે આ કવિને જૈનેતર સ્વીકારવામાં બાધ ન હોવો જોઇયે. એક વસ્તુ અહીં સ્પષ્ટ સ્વીકારવી જોઇયે કે તે કાળમાં પ્રચલિત લોકભોગ્ય કાવ્યોના વિષયમાં આવો ધાર્મિક ભેદ પ્રધાન નહોતો. એ પાછળથી જ ઊભો થયો છે. અસાઇત, ભીમ, નરપતિ, ગણપતિ, શિવદાસ, શામળ વગેરે લોકકથાકારોની કવિતામાં જૈન કવિઓનું અનુસરણ પુષ્કળ છે, એ તાત્કાલીન સમભાવનું દ્યોતક છે.

ત્યારે નરપતિ જ્ઞાતિએ બ્રાહ્મણ હશે, એમ સ્વીકારવામાં બાધ ન હોવો જોઇયે. પણ આવા નિર્ણયમાં જેમ આપણી પાસે કશું સાધન નથી, તેમ તેનું વતન નક્કી કરવામાં પણ કશું સાધન નથી. એ સંસ્કૃતજ્ઞ અને વ્યવહારકુશળ છે, એમાં તો શંકાને સ્થાન નથી. એની બંને કૃતિઓ એની સાખ પૂરે તેમ છે.

ચરિતસામગ્રીઃ—

૧. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૬૩ અને ૭૯
૨. પંચદંડ—શ્રી શંકરપ્રસાદ છ. રાવળ-સંપાદિત
૩. મધ્ય. ગૂજ. સા. પ્રવાહ (સાહિત્ય સંસદ, મુંબઈ)
૪. ફાર્બસ ત્રૈમાસિક, પુ. ૩ જું, "નરસિંહયુગના કવિઓ"

---

૧. પંચદંડ, પૃ. ૧–૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મીરાંબાઈ

[સં. ૧૫૫૫–૧૬૦૩]

નરસિંહ મહેતાના સમયથી સ્પષ્ટપણે જે ભક્તિમાર્ગનો વિસ્તાર આપણને ગૂજરાતના કેશવદાસ, ભાલણ, ભીમ વગેરેની કૃતિઓમાં મળે છે, તેવો જ વિસ્તાર અત્યારના ગૂજરાતની ઉત્તર સરહદ ઉપર આવેલા મારવાડમાં જન્મેલી મીરાંનાં છૂટક પ્રાપ્ત થતાં પદોમાં મળે છે. ગૂજરાત સહિત આખા પશ્ચિમ રાજસ્થાનની એક ભાષા મધ્યકાલીન ગૂજરાતીની પ્રથમ ભૂમિકા સુધીમાં હોવા વિશે અત્યારે શંકા નથી. ડૉ. ટેસ્સિટરીએ આપણી સામે એ આખા પ્રદેશમાં એક ભાષા હોવાનું અનેક ગ્રંથસ્થ પુરાવાથી સિદ્ધ કરી આપ્યું છે;[1] એટલે જે વખતે હજી ભાષા વધુ પ્રાંતીય રૂપ લેવાની તૈયારીમાં હતી, તે જ સંધિના સમયમાં મારવાડમાં થયેલી મીરાંબાઈની વાણીમાં ભાષાનું ઐક્ય હોય એ ખાસ આશ્ચર્યનો વિષય નથી. થોડા જ દશકા પૂર્વે થયેલા પદ્મનાભે સં. ૧૫૧૨માં ઝાલોરમાં[2] રહી "કાન્હડદેપ્રબંધ', નામનું ઐતિહાસિક કાવ્ય આપણને આપ્યું જ છે અને જૈન સાધુઓ-એ તો એ પછી બે સૈકા સુધી એ પ્રદેશોમાં રહી આપણને ગૂજરાતી કવિતા આપી છે; એ કોઈ ન જાણવામાં આવેલી હકીકત નથી.[3]

આ સમગ્ર પ્રદેશમાં ભક્તિમાર્ગ પ્રચારમાં હતો કે નહિ તે વિષયમાં શ્રી. મુનશીએ સારો પ્રકાશ પાડ્યો છે, તે અહીં ઉક્ત મતને સારુ સમર્થન કરનાર થઈ પડશે. એમણે રામાનંદની ગૂજરાતના પ્રદેશમાં અસર હોવાનું આનંદપૂર્વક સ્વીકાર્યું છેઃ

---

૧. Indian Antiquary, Notes on the grammar of Western Rajasthani; year 1914–15–16

૨. કાન્હડદે પ્રબંધ, પૃ. ૧૧૩

૩. આનંદકાવ્યમહોદધિના આઠ ભાગમાંનાં તેવાં કાવ્યો જુઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"Ramanandas' influence in Gujarat was widespread in the latter half of the fourteenth, and the fifteenth, century. It taught the learned not to spurn the lowly and the illiterate, but to work with and for them through the medium of their own language."[૧]

પૌરાણિક કૃષ્ણભક્તિના ફેલાવાના વિષયમાં આપણને ઘણાં સાધનો મળે છે, જે વિચાર શ્રી. મુનશીએ એમના નીચેના વાક્યમાં વ્યક્ત કર્યો છે જ:

"In the beginning of the forteenth century, we first come across definite literary landmarks of the Puranic movement in Gujarat."[૨]

એકલાં પુરાણો કાંઈ નહિ કરી શકેલાં, તે વિષયમાં શ્રી. મુનશીએ જણાવ્યું છે કે:

"In the fourteenth century, the classics and the philoshophies receded into the background. Even the Puranas by themselves did not meet the requirements of the people. And the cult of bhakti became the most potent factor in the Puranic movement, stimulating an instensely devotional attitude towards the gods."[૩]

નરસિંહ મહેતાના વિષયમાં લખતાં આ વિશે ઉપયોગી માહિતી આપી હોવાથી અહીં વિસ્તાર કરવામાં નથી આવતો. અહીં જે સૂચવવાનું છે, તે એ જ છે કે ગૂજરાત અને મારવાડમાં ઈસુની ૧૪

૧. Guj. and its lit. પૃ. ૧૧૬

૨. એજન, પૃ. ૧૧૬. આ વિષયમાં વિશેષ માટે જુઓ "નરસિંહ મહેતો:" આપણા આ ગ્રંથનાં પૃ. ૩૯–૫૨

૩. એજન, પૃ. ૧૨૫. આ વિચાર સાથે સરખાવો મીરાંનું હૃદય:

"ગોવિંદો પ્રાણ અમારો રે, મુને જગ લાગ્યો ખારો રે;
મુને મારો રામજી ભાવે રે, બીજું કાંઈ નજરે નાવે રે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મી સદીમાં જ કૃષ્ણભક્તિ વ્યાપક હતી જ. અને એનાં જ સુપરિણામ આપણે ૧૫મી અને ૧૬મી સદીના ગૂજરાતી નરસિંહ, કેશવદાસ, ભાલણ, જનાર્દન, વીરસિંહ, ભીમ, મીરાં વગેરે વૈષ્ણવ કવિઓની કૃતિઓમાં નિહાળિયે છિયે.

મીરાંના જીવનચરિતને જોઇયે તે પૂર્વે એના નામના વિષયમાં જે એક વિસંવાદ છે, તેના સંબંધમાં કાંઈ નિર્ણય થઈ શકે તેમ હોય તો કરિયે. "મીરાં" એ નામ જન્મનું છે કે કોઈ વિશિષ્ટ ગુણને કારણે ઉપનામ તરીકે મળેલું છે, એ વિષયમાં ક્વચિત્ મતદ્વૈવિધ્ય છે.

ડૉ. પીતાંબરદત્ત બડથ્વાલે આ વિષયમાં શંકા ઉઠાવી છે.[૧] એમનો કહેવાનો આશય એ છે કે "મીરાં" ઉપનામ છે, તે સાથે એ શબ્દ જ વિદેશી છે, અને કોઈ વિશિષ્ટ કારણે દેશમાં પ્રચલિત થયો છે. કબીરના ત્રણ દોહરામાં "મીરાં" ઈશ્વરના અર્થમાં પ્રયોજાયેલ છે. "મીર" શબ્દ સંસ્કૃત ભાષામાં "સાગર"ના અર્થમાં છે. તે ઉપરથી આપણો "મીરાં" શબ્દ આવવાની સંભાવના નથી. ફારસી ભાષામાં પણ એ અર્થમાં એ શબ્દ છે. આ બંને ભાષામાં એ શબ્દનો પ્રયોગ બહુ જ વિરલ છે; પણ અરબી[૨] ભાષાના "અમીર" શબ્દના સંકુચિત રૂપ "મીર"નો પ્રયોગ મળે છે; શુદ્ધ વંશના સૈયદોના નામોની પૂર્વે લગાડાય છે. એક સ્થળે તો "शाह मीरांजी शम्सुल उश्शाक" એવો પ્રયોગ જોવામાં આવ્યો છે. "મીર"નું ફારસી બહુવચન "મીરાં" થયે આ પ્રયોગ છે: કબીરે "મીરાં" પ્રભુવાચક પ્રયોજ્યો છે, એ સાથે આ વિચાર એકરૂપ બની શકે, તો આપણે ત્યાં "મીરાં" સીધું બહુવચન તરીકે ઉપયોગમાં આવ્યું છે અને પછી "મીરાંબાઇ"ની વ્યક્તિગત વિશેષતાના દ્યોતક શબ્દ તરીકે એ પ્રયુક્ત થયું સંભવે છે. છેલ્લે ઉક્ત ડૉક્ટર લખે છે:

---

૧. "સરસ્વતી" માસિક, ૧૯૩૯; પૃ. ૨૧૧–૧૩

૨. ડૉક્ટર સાહેબે "ફારસી" ભાષાના શબ્દ તરીકેનો ઉલ્લેખ કર્યો છે, જે વ્યાજબી નથી. એથી મેં સુધારી "અરબી" ભાષા લખ્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"यह प्रसिद्ध है कि रैदास[१] मीराबाई के गुरु थे। मीरा के नाम से मिलनेवाली 'बानी' में तीन स्थलों पर इस बात का उल्लेख है।[२] यह भी प्रसिद्ध है कि रैदास रामानन्द के शिष्य और कबीर के गुरुभाई थे। नाभाजी ने स्वामी रामानन्द के शिष्यों को प्रेमलक्षणा भक्ति का जिसको उन्होंने 'दशधा' कहा है, आगर (दशधा के आगर) बताया है, यही मीरा की भी विशेषता है।"[३]

ડૉક્ટર બડથ્વાલનો આશય આમ મીરાંબાઇને કદાચ ગુરુ તરફથી ઉપનામ મળ્યું હોય એવો છે, અને કબીરનો અરબી–ફારસી ભાષાનો સ્વાભાવિક સંપર્ક તેમને આમાં ઉપયોગમાં આવ્યો છે. આ જ દૃષ્ટિએ જો વિચાર કરવામાં આવે તો દેશભાષામાં એવો શબ્દ કોઈ વ્યુત્પન્ન થઈ શકે છે કે નહિ, તે તપાસવું આવશ્યક નથી ?

હું અહીં તેવા ત્રણ શબ્દ રજૂ કરું છું: (૧) मिहिर સં. સૂર્ય, (૨) मिरिया[૪] દે. ઝૂંપડી અને (૩) मइहर[૫] દે. ગામનો મુખી.

દેવવાચક શબ્દો નર–નારી બંનેમાં પ્રયોજાય છે, એ અત્યંત જાણીતી વાત છે. સૂર્યવાચક मिहिर શબ્દ ઉપરથી मिहिरा–मिइरा–मीरानी જેટલી સંભાવના છે, તેટલી જ મુખી–વાચક દેશ્ય શબ્દ मइहर–मइअर–मीअर–मीर થઈ નારીજાતિના સર્વસ્વાભાવિક आं પ્રત્યયથી मीरां વ્યુત્પન્ન થઈ શકે તેમ છે. નારી જાતિમાં आंનાં નીચેનાં ઉદાહરણો

---

૧. આ વસ્તુ પણ પુષ્કળ ચર્ચાસ્પદ છે. એની અસંભવિતતા સ્વ. તનસુખરામભાઇએ આપી છે. બ. કા. દો. ભાગ ૭મો, મીરાંચરિત્ર, પૃ. ૧૯. સામાન્ય ભક્તિમાર્ગ પ્રવૃત્ત જ હતો, તેમાં રામાનંદના આગમનથી વૃદ્ધિ થયેલી એટલું જ. નરસિંહ અને મીરાં બંને કૃષ્ણભક્ત છે, એ લક્ષ્યમાં રાખવા જેવું છે.

૨. કબીરે ત્રણ સ્થળે આ શબ્દ ઈશ્વરવાચક પ્રયોજ્યો છે. "મીરાં મુઝ સૂં યૂં કહ્યા," વગેરે. એજન પૃ. ૨૧૧

૩. એજન પૃ. ૨૧૩

૪. દેશી નામમાળા ૬–૧૩૨

૫. એજન, ૬–૧૩૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તર ગૂજરાતમાં મળે છે જઃ રૂપાં, દેવાં, ધનાં, તેજાં, શોભાં, લીલાં વગેરે.[૧] આવી સ્થિતિમાં વચ્ચેના ઝૂંપડીવાચક मिरिया શબ્દ સિવાયના બંને શબ્દો ઉપરથી મીરાં નામ વગર મૂંઝવણે આપણે મેળવી શકિયે છિયે, જેમાં કોઈ દૂર દૂરની કલ્પના પણ કરવા જવું પડતું નથી. આમ થવાથી એ ઉપનામ છે કે સાચું નામ એ ઝઘડામાંથી પણ આપણે ઊગરી જઇયે છિયે, આમ આપણી સામે અસલ નામ તરીકે "મીરાંબાઈ" આવી રહે છે.[૨]

ગૂજરાતી ભાષાની સ્ત્રી કવિઓમાં અસાધારણ અને અપ્રતિમ સ્થાન ધરાવતી આ મીરાંબાઈનો જન્મ જોધપુરથી પૂર્વ દિશામાં આશરે ૩૫ ગાઉ ઉપર અજમેરના માર્ગમાં આવેલા, જોધપુર રિયાસતના મેડતા પરગણાના કુડકી ગામમાં મેડતાના રાઠોડ રાવ દૂદાજીના પુત્ર રાવ રત્નસિંહજીને ત્યાં સંવત્ ૧૫૫૫ ના અરસામાં થયો હતો.[૩]

મેડતા ગામ પ્રાચીન છે અને એનો જોધપુરના એક સં. ૮૯૪ ના લેખમાં मेडन्तक તરીકે ઉલ્લેખ છે. આ મેડતાનો વચ્ચે નાશ

---

૧. મારી પુત્રીનું નામ "લલિતા" છે, તેને વહાલમાં અમે "લલાં" કહી બોલાવિયે છિયે. મારી પ્રપિતામહીનું નામ "જીવાં બાઈ" હતું, તે આ સ્થળે આપવું ઉપયોગી થઇ પડશે. અને કલાપીની "વ્હાલી બાબાં" આ મતનું સમર્થન જરૂર આપશે.

૨. પછી તો નામ ખૂબ વ્યાપક થઈ પડયું છે. અને એનો ઉપયોગ ધાર્મિક ભાવનાવાળી સ્ત્રીઓને માટે પણ સામાન્ય થઈ ગયો છે. શ્રી છગનલાલ વિ. રાવળના જણાવ્યા પ્રમાણે બીજી એક મીરાંબાઈ સ્ત્રીકવિ થઈ ગઇ છે. તે આજન્મ કુમારિકા રહી હતી, અને વાંસવાડા નજીકના એક ગામમાં રહેતી હતી, જેનાં કાવ્યનો ચોપડો વાંસવાડાના પ્રણામી પંથના મંદિરમાં છે. વાસવાડા સરહદ ઉપર આવેલું હોવાથી આ મીરાંની ભાષા પણ મારવાડી મિશ્ર ગૂજરાતી છે. આનાથી એક નવો કોયડો ઊભો થાય છે, તે એ કે કઈ મીરાંએ કયાં પદો બનાવ્યાં છે. જો કે સતત અભ્યાસ એ કોયડામાથી બચાવી શકે ખરો.

૩. બૃ. કા. દો. ભાગ ૭માની પ્રસ્તાવના, પૃ. ૧૫, અને ઉદેપુર રાજ્ય ઇતિહાસ, પૃ. ૩૫૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઈ ગયેલો, તેનો મીરાંના દાદા રાઠોડ રાવ દૂદાજીએ સં. ૧૫૧૮ માં ઉદ્ધાર કર્યો હતો. આ રાઠોડ કુળ વૈષ્ણવ ધર્મનું હતું, તે મેડતામાં રાવ દૂદાજીએ સ્થાપેલા શ્રીચતુર્ભુજ વિષ્ણુના મંદિરથી સમજાય છે: આજે પણ એ શ્રીચતુર્ભુજ રાવ દૂદાના સર્વ વંશજ મેડતિયા રાઠોડોના ઈષ્ટ દેવ છે.[1]

'મહિયર મારું મેડતું રે, ને સાસરિયું ચિત્તોડ'[2] એ મીરાંના એક પદમાં મીરાંના પીયર તરીકે મેડતાનો ઉલ્લેખ છે. અત્યારે પણ મેડતાથી અજમેર સુધીના ૨૦ ગાઉના પ્રદેશને 'મીરાબાઈ કા પ્રદેશ.' કહેવામાં આવે છે.[3]

મીરાંબાઈનું પિતૃકુલ મારવાડમાં સુપ્રસિદ્ધ હતું. તેના એક પૂર્વજ રાઠોડ [4]રાવ ચૂંડાજીએ સં. ૧૪૫૨ માં મારવાડની જૂની

---

૧. એજન, પૃ. ૧૫

૨. ભા. નિ. મહેતા: મીરાંબાઈ, પૃ. ૭

૩. બૃ. કા. દો. ભાગ ૭ માની પ્રસ્તાવના, પૃ. ૧૫—અને ભા. નિ. મહેતા: મીરાંબાઈ પૃ. ૧૯

૪. રાઠોડોનું વંશવૃક્ષ:

૧ રાવ ચૂંડાજી
|
૨ રાવ રિડમલજી
|
૩ રાવ જોધાજી
|
├── રાવ સૂજાજી
│   └── કુંવર વાઘાજી
│   └── રાવ ગાંગાજી
│   └── રાવ માલદેવ
├── વીકાજી
└── દૂદાજી
    ├── વીરમજી
    │   └── જયમલ
    └── રત્નસિંહ
        └── મીરાંબાઈ

જુઓ: બૃ. કા. દો. ૭ મા ભાગની પ્રસ્તાવના, પૃ. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજધાની મંડોર, મુસલમાનોનો પરાજય કરી જીતી લીધી હતી, અને ત્યાં રાઠોડોનું નવું રાજ્ય સ્થાપ્યું હતું. આ રાવ ચૂંડાજીની પુત્રી હંસાકુમારી ચિત્તોડના સુપ્રસિદ્ધ [1]લાખારાણાને પરણી હતી, જેને મોકલસિંહ નામે પુત્ર થયો હતો. રાવ ચૂંડાજીના મૃત્યુ બાદ તેનો કુંવર કાનાજી અને પછી સતાજી મંડોરની ગાદીએ આવેલા. રાવ ચૂંડાજીનો એક પુત્ર રાવ રિડમલ બહેનને ત્યાં ચિત્તોડમાં રહેતો હતો, તેણે ભાણેજ રાણા મોકલ તરફની મદદથી સતાજીને હરાવી મંડોરનું રાજ્ય કબજે કર્યું હતું. રાવ રિડમલ મંડોરમાં હતો તે દરમિયાન રાણા મોકલના કોઈ ખવાસે રાણાનું ખૂન કરી ચિત્તોડ કબજે કર્યું હતું; પરંતુ રાવ રિડમલે આવી તેને હરાવી ચિત્તોડ કબજે કરી મેવાડની ગાદીએ રાણા મોકલના સગીર કુમાર રાણા કુંભાને બેસાડયો હતો. રાવ રિડમલ રાણા કુંભાને ખોળામાં લઇ સિંહાસન પર બેસતો, તે વસ્તુ મેવાડી પટાવતોને ખૂંચતી હતી, એટલે તેમણે એક રાતે

---

૧. મેવાડના રાણાઓનું વંશવૃક્ષ:



જુઓ: બૃ. કા. દો. ભાગ ૭ માની પ્રસ્તાવના, પૃ. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂતેલા રાવ રિડમલને કાપી નાખ્યો. તેનો પુત્ર રાવ જોધો નાસી ગયો. મેવાડી પટાવતોએ તેની પૂંઠ પકડી અને છેક મંડોર સુધી પહોંચી એ શહેરને મેવાડની સત્તા નીચે લાવી મૂક્યું. રાવ જોધો હિંમત ન હાર્યો અને તેણે મેવાડ સામે ૧૨ વર્ષ પર્યંત યુદ્ધ કર્યું. અંતે સં. ૧૫૧૧ માં મારવાડમાંથી મેવાડના શાસનની જડ ઉખેડી કાઢી અને પિતાના ખૂનનો બદલો લેવા તેણે આખા મેવાડને પજવણી કરી. રાણા કુંભાએ છેવટે તેને મનાવી રાજકુટુંબની એક કુંવરી પરણાવી; અને તેને પ્રસન્ન રાખવા થોડો પ્રદેશ પણ અર્પણ કર્યો. આ જ રાવ જોધાએ સં. ૧૫૧૫ માં મારવાડની અત્યારની રાજધાની જોધપુર વસાવ્યું.

રાણા કુંભાને સં. ૧૫૨૪ માં તેના પુત્ર ઉદાએ મારી નાખ્યો. રાણા ઉદાને રાવ જોધાનો ભય હતો કે તે જરૂર પોતાના પિતૃ-હત્યારૂપી દુષ્ટ કાર્યનો બદલો લેશે. આ ભયે તેણે અજમેર અને સંભરનાં પરગણાં આપી રાવ જોધાને શાંત કર્યો. સં. ૧૫૨૮ માં મેવાડી પટાવતોએ પિતૃઘાતક ઉદા-હત્યારાને પદભ્રષ્ટ કરી નાના ભાઇ રાયમલ્લજીને ગાદી આપી. રાવ જોધાજીએ સં. ૧૫૪૧ માં રાણા રાયમલ્લજીના કુમાર સંગ્રામસિંહ ઉર્ફે સાંગાને પોતાની બે પ્રપૌત્રીઓ પરણાવી; જેમાંની એક પુત્ર વાઘાજીની પુત્રી ધનબાઈ ભોજરાજ, કર્ણ અને રત્નસિંહની મા થાય. રાવ જોધાજી લગભગ ૭૨ વર્ષની વયે સં. ૧૫૪૫ માં મૃત્યુ પામ્યો.

રાવ જોધાજીને રાવ સૂજાજી, વીકાજી અને દૂદાજી કરી ત્રણ કુંવરો હતા. રાવ સૂજાજી જોધપુરની ગાદીએ આવ્યા, ત્યારે નાના દૂદાજીને મેડતાની જાગીર જીવાઈમાં મળી. આ રાવ દૂદાજીને વીરમજી અને રત્નસિંહ એમ બે પુત્રો હતા. વીરમજીને રાણા રાયમલ્લે પોતાની પુત્રી આપી, અને તે બાઈમાં વીરમજીથી પુત્ર જન્મ્યો, તે સુપ્રસિદ્ધ રાવ જયમલ્લ રાઠોડ.[૧] રાવ વીકાજીને બીકાનેર મળ્યું અને ત્યાં સ્થાપાયેલું

---

૧. સમગ્ર હકીકત માટે જુઓ: બૃ. કા. દો. ભાગ ૭ માની પ્રસ્તાવના,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજ્ય અત્યાર સુધી તેમના વંશજોના હાથમાં પરંપરાગત ઊતરી આવ્યું છે,

[1]આમ છ સાત પેઢી થયાં રાઠોડો અને ગુહિલોત સીસોદિયાઓ વચ્ચે કૌટુંબિક સંબંધ ચાલ્યો આવતો હતો. એ સંબંધ ઉત્તરોત્તર જળવાઇ રહે, એ માટે રાવ દૂદાજીના (સં ૧૫૭૨માં) મૃત્યુ પછી વીરમદેવે પોતાની ભત્રીજી મીરાંનું સગપણ રાણા સંગ્રામસિંહ ઉર્ફે સાંગાના પાટવી કુમાર ભોજરાજ સાથે કર્યું.[2]

મીરાંની માતા તેના બચપણમાં જ ગુજરી ગયેલી. એને રાવ દૂદાજીએ ઉછેરી. મીરાંનું આખું બચપણ પિતરાઇ ભાઈ [3] જયમલ્લની સાથે વીત્યું. આ બંન્ને બાલકોમાં કોઈ અચિંત્ય બળે ભક્તિના અંકુરો ફૂટયા; અને બંને પરમ ભક્ત તરીકે ખ્યાત થયાં. રાવ જયમલ્લને હિતહરિવંશીઓ એક ઉચ્ચ કોટિના ભક્ત ગણે છે; અને તેમને થયેલા અનેક પરચાઓની કથાઓ અત્યારે પણ ભાવપૂર્વક એ સંપ્રદાયના અનુયાયીઓમાં વંચાય છે.[4]

મીરાં સુપ્રસિદ્ધ રાણા કુંભાને વરેલી, એવી જાતની એક દંતકથા પ્રવર્તમાન છે; પણ ઐતિહાસિક સાતત્ય જોતાં એ વાત અસંભાવ્ય છે. મીરાંનો બાપ રત્નસિંહ [5]ખનાઉમાં કુંભાના મરણ પછી ૫૯ વર્ષે મરણ પામેલો હતો, એ જોતાં એ દંતકથા સત્ય ઠરી શકતી નથી.

પૃ. ૧૬–૧૭: ભા. નિ. મહેતાના મીરાંબાઈ અને S. S. Mehta: Mirabaiમાં પ્રાય: આ જ હકીકતોનો અનુવાદ છે.

૧. "રાઠોડની દીકરી ને સીસોદાનો સાથ" એ વાત મીરાંના એક પદમાં પણ મળે છે. જુઓ: બૃ. કા. દો. ભાગ ૭ મો, પૃ. ૭૦૨.

૨. ઉદે. રા. ઇતિ. પૃ. ૩૫૮

૩. "જેમલ રાઠોડની દીકરી રે" એવું વિધાન દયારામ કવિએ "મીરાં ચરિત્ર"માં કર્યું છે, પણ ઐતિહાસિક દૃષ્ટિએ અને ખુદ મીરાંના શબ્દે એ અસંગત છે. (જુઓ: ભા. નિ. મહેતા, મીરાંબાઈ, પૃ. ૩.)

૪. નાભાજીએ ભક્તમાળમાં તેનું વિસ્તૃત ચરિત્ર આપ્યું છે.

૫. S. S. Mehta: Mirabai, P. 65

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"રાણાજી રે, દૂદાજીની બાઈ મીરાં બોલિયાં રે "[૧] એ સુપ્રસિદ્ધ ઉક્તિમાં મીરાંબાઈ દૂદાજીની કુલપુત્રી હોવાનો ઉલ્લેખ કરે છે, અને ઇતિહાસ તેને દૂદાજીના પુત્ર રત્નસિંહની પુત્રી કહે છે, એટલે કુંભા કરતાં એના કોઇ વંશજને મીરાં પરણી હોય એ વધુ સંભાવ્ય છે.

ઉપર જોયું કે મીરાંનું લગ્ન રાણા સાંગાના પાટવી ભોજરાજ સાથે [૨]સં. ૧૫૭૩માં થયું હતું. થોડાં જ વર્ષમાં ભોજરાજ મરણ પામ્યો અને મીરાં વિધવા બની (સં ૧૫૭૫–૮૦ના અરસામાં). મીરાંને થયેલા આ વૈધવ્યથી ચિત્તોડમાં અને સારા મેવાડમાં આફત ઊતરી આવ્યાનું કહેવાય છે. સં. ૧૫૮૩ માં મોગલ શાહ બાબરે રાણા સાંગાને હરાવ્યો, તે જ વર્ષમાં મીરાંનો પિતા અને કાકો રાયમલ્લ લડાઇમાં પડયા; અને ૧૫૮૪ માં રાણો સાંગો પણ મૃત્યુ પામ્યો.[૩]

સં. ૧૫૮૪ માં ભોજરાજથી નાનો કુમાર રત્નસિંહ મેવાડની ગાદીએ આવ્યો, પણ તે મૃત્યુ પામતાં સં. ૧૫૮૮ માં રાણો વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો.[૪]

રાવ દૂદાજી પરમ વિષ્ણુભક્ત હતો. ઉપર કર્યું તેમ મીરાંની માતા બચપણમાં મરી ગઈ હતી. બચપણના જ ઘરના સંસ્કારોને અંગે મીરાંને પ્રભુભક્તિમાં લગની લાગેલી, જે તેના દાદાની ભક્તિથી વધુ જાગ્રત થયેલી હતી. તેમાં ભક્તિના અંકુરો કેવી રીતે ફૂટયા તે જાણવાનું કોઈ ઐતિહાસિક સાધન નથી; છતાં મીરાંનાં કાવ્યોમાં સ્ફુટ થતો અસાધારણ ભગવદ્‌ભાવ એ તેના બચપણના સંસ્કારોનું પરિણામ સંભવે છે. લગ્ન પછી એનો સંસાર લાંબો વખત ચાલ્યો નથી. ઘરના ધાર્મિક સંસ્કારોએ રંગાયેલી મીરાં સાસરવાસમાં પણ

૧. ભા. નિ. મહેતાઃ મીરાંબાઈ, પૃ. ૬

૨. એજન, પૃ. ૩૧ અને ઉદે. રા. ઇતિ. પૃ. ૩૫૮–૯

૩. બૃ. કા. દો. ૭મા ભાગની પ્રસ્તાવના, પૃ. ૧૯–૨૦

૪. ઉદે. રા. ઇતિ. પૃ. ૩૫૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગવદ્દભક્તિમાં મચેલી રહેતી, તે વસ્તુ સાસરિયાંને ન ગમતી[1] તેવી અનેક દંતકથાઓ અત્યારે પ્રચલિત છે.

મીરાંના પ્રત્યેક પદમાં "મીરાં કે પ્રભુ ગિરધર નાગર"ની છાપ છે, જે ઉપરથી માનવા સબળ કારણ છે કે તે શ્રીકૃષ્ણચંદ્રના ગિરિધારી સ્વરૂપની ભક્ત હતી. એક તેવું સ્વરૂપ તેની પાસે તેના દાદાના દરબારમાં આવેલા એક સંન્યાસી પાસેથી આવેલું, એવી એક દંતકથા ચાલુ છે.[2] એમ કહેવાય છે કે તેણે બચપણમાં પોતાની માતાને પૂછેલું કે 'મારો પતિ કોણ?' ત્યારે માતાએ 'તારો પતિ આ ગિરધરલાલ' એમ જણાવેલું; ત્યારથી જ મીરાં એ મૂર્તિને જ પોતાના પતિ તરીકે માનતી.

સાસરિયાંમાં જતાં જ થોડા વખતમાં તેને વૈધવ્ય પ્રાપ્ત થયું, તે વખતે તેની આ ધાર્મિક વૃત્તિ કેટલી સહાયક થઈ પડી હશે? વસ્તુસ્થિતિએ તેને તેનામાં અંકુરિત થયેલી ભગવદ્દભક્તિએ તેનું વૈધવ્ય ભુલાવી દીધું હતું. એ સાસરિયાંમાં પણ પ્રભુભજનમાં મસ્ત રહેતી અને સાધુ–સંતોનો સત્સંગ કરતી. રાણા વિક્રમાદિત્યને પોતાની વિધવા ભાભી આ પ્રમાણે સાધુ–સંતોનો સત્સંગ કરે એ કુલને કલંક જેવું લાગ્યું હોય, એમ સંભવે છે.

મીરાંબાઈનાં, રાણા વિક્રમાદિત્ય તરફથી થયેલી અડચણોની, રાજા તરફથી ભજનાદિ છોડી દેવાની વગેરે અનેક હકીકત સાંચવતાં પદો મળી આવે છે. અનેક પ્રકારે વાર્યા છતાં જેને રામરૂપી રમકડું મળ્યું છે, તે પરમ ભક્ત મીરાં ભક્તિનો ત્યાગ કેવી રીતે કરે? તે તો ગાય છે કે:

"રામ રમકડું જડિયું રે, રાણાજી, મને રામ રમકડું જડિયું. ટેક.
રૂમઝુમ કરતું મારે મંદિરે પધાર્યું, નહિ કોઇને હાથે ઘડિયું રે. રાણા૦

---

૧. આ વિશેની વિસ્તૃત હકીકત માટે જુઓ એજન, પૃ. ૨૫–૩૨ અને ભા. નિ. મહેતા; મીરાંબાઇ, પૃ. ૩૧–૪૦.

૨. બૃ. કા. દો. ભાગ ૭ માની પ્રસ્તાવના, પૃ. ૩૫–૩૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોટા મોટા મુનિજન મથીમથી થાક્યા કોઇએક વિરલાને હાથે ચડિયું રે, રાણા૦
સુન રે શિખરના રે ઘાટ ઉપરથી અગમ અગોચર નામ પડિયું રે, રાણા૦
બાઇ મીરાં કે પ્રભુ ગિરધર નાગર, મારું મન શામળિયાશું જડિયું રે. રાણા૦"[૧]

અને તેથી જ રામ અને શ્યામમાં એકત્વ નિહાળતી મીરાં રાણાને જવાબ આપે છે કે:

"શ્યામ-રે રંગે રાચૂં, રાણાજી કહાન સંગે રાચૂં, રાણાજી.
તાલ પખાજ વેણા જ વાજે, ઘુઘરા બાંધીને હું નાચૂં; રાણા૦
કોઇ કહે મીરાં ભઇ રે બાવરી, કોઈ કહે જોગણ મદમાતી. રાણા૦
વિખના પ્યાલા રાણાજીએ ભેજ્યા, પીતાં આવે મુને હાંસી. રાણા૦
અપની રે કુલ કી શાખા મટ ગઇ, મટ ગઇ જમરે કી ફાંસી. રાણા૦
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, જન્મોજન્મ કી તેરી દાસી. રાણા૦"[૨]

ઘરનાં કામમાં મીરાંનું ચિત્ત નથી ચોંટતું; નથી ભોજન ભાવતું. નથી નિદ્રા આવતી; એનું હૃદય તો યમુનાવિહારી કૃષ્ણમાં જ છે. એ ગાઈ ઊઠે છે કે:

"શું કરું રાણાજી, મારું ચિતડું ચોરાયે,
મારું મનડું વેંધાયે, શું કરું૦
કરવાં ન સુઝે અમને ઘરનાં કામ,
ભોજન ના ભાવે નયણે નિદ્રા હરામ. શું કરું૦
જળ જમનાને કાંઠે ઉભા બળીભદ્રવીર,
બંસરી બજાવે વહાલો જમનાને તીર. શું કરું૦
ઉભી બજારે ગજ રથ ચાલ્યો રે જાય,
શ્વાન ભસે તો તેની સંખ્યા ના થાય, શું કરું૦
ઝખ રે મારે રે પેલા દુર્જન લોક,
ચિતડું ચોટયું તો તેની શીખામણ ફોક. શું કરું૦
જ્યાં શામળીયો ગિરધારી ત્યાં મારી આશ,
હરખી નિરખી ગાય મીરાંદાસ. શું કરું૦"[૩]

---

૧. બૃ. કા. દો. ભાગ ૭મો, પૃ. ૭૦૫
૨. એજન પૃ. ૭૧૧ ૩. એજન, પૃ. ૭૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મીરાંને મન રાણાની હવે કાંઈ બિસાત નથી. આમાં એ કર્મની ન્યારી ગતને નિહાળે છેઃ

"કર્મ કી ગત ન્યારી, સંતો કર્મ કી ગત ન્યારી.
બડે બડે નેન દીયે મરઘના કુ, બન બન ફરત ઉઘારી રે. સંતો૦
ઉજ્જ્વળ બરન દીન બગલન કુ, કોયલ કર દીની કપરી રે. સંતો૦
ઓર નદીયન જળ નિર્મળ કીનો, સમુદર કર દીની ખારી રે. સંતો૦
મુરખ કુ ઉત્તમ રાજ દીયત હો, પંડિત ફરત ભીખારી રે. સંતો૦
મીરાં કે પ્રભુ ગીરધરના ગુણ(? નાગર), રાણોજી તો કોન બિચારી રે. સંતો૦"[૧]

નીચેનાં સુપ્રસિદ્ધ પદ તેના મેવાડત્યાગની સ્પષ્ટ હકીકત આપે છેઃ

"ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે;
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે નાવે રે.
મીરાંબાઇના મહેલમાં રે હરિ સંતનનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મારા સંતન કેરી પાસ.
રાણોજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દ્યો, તમો વસો અમારે સાથ.
મીરાંબાઇ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ.
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સ્હાય શ્રીવિશ્વનો નાથ.
સાંઢવાળા સાંઢ શણગારજે રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં રે મારે, જળ રે પીધાનો દોષ.
ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઇ પશ્ચિમ માંય;
સરવ છોડી મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન કાંય.

× × ×

મીરાં હરિની લાડણી રે, રહેતી સંત હજૂર;
સાધુ સંગાતે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર."[૨]

---

૧. એજન, પૃ. ૭૨૯

૨. K. M. Munshi: Gujarata and its Literature, P. 133

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષપ્રયોગ જેવા તો બીજા કેટલાય પ્રસંગો બન્યાનું કહેવાય છે. અને તેથી જ કંટાળી મીરાંએ ચિત્તોડનું પાણી હરામ કરી તેનો ત્યાગ કરી દીધો હતો. ઉપરના પદમાં તે પશ્ચિમમાં ચાલી ગઈ તેવો ઉલ્લેખ છે.

મીરાંના ચિત્તોડત્યાગની સાથે જ ચિત્તોડ પર ભયાનક આક્રમણ ગૂજરાતના સુલતાન બહાદૂરશાહે સં. ૧૫૮૮ માં[1] કરેલું. રાણા વિક્રમાદિત્યે સંધિ કરી, પણ તે લાંબો સમય ટકી નહિ. વિક્રમાદિત્યની માતા હાડી રાણી કરમતીએ સુલતાન તરફના નવા આક્રમણનો સામનો કર્યો. વિક્રમાદિત્ય અને ઉદેસિંહને દિલ્હી તરફ રવાના કર્યા અને પોતે લડાઈમાં ખપી ગઈ. બહાદૂરશાહે ચિત્તોડનો કબજો લીધો. બને ભાઇઓ દિલ્હી જઈ હુમાયુને લઈ આવ્યા અને તેની મદદથી બહાદૂરશાહને મંદસોરમાં હરાવ્યો. હુમાયુએ વિક્રમાદિત્યને ચિત્તોડનો કબજો ફરી આપ્યો. વિક્રમાદિત્ય ઉપર આટઆટલું વીત્યા છતાં તે સુધર્યો જ નહિ. સં. ૧૫૯૨ માં તેના વનવીર નામના એક ખવાસે તેનું ખૂન કર્યું, અને મેવાડની ગાદી હાથ કરી. આ વખતે ઉદેસિંહ કુંભલગઢના કિલ્લામાં હતો, ત્યાંથી આવી તેણે વનવીરને હરાવી રાજ્ય હસ્તગત કર્યું.[2]

ચિત્તોડમાંથી નીકળી મીરાં પ્રથમ ભાઈ જયમલ્લ પાસે મેડતામાં આવી. ત્યાં કાકા વીરમે અને ભાઇ જયમલ્લે આશરો આપ્યો અને તેનું યોગ્ય સન્માન કર્યું. આમ છતાં તે ભક્તજનોમાં વધુ ભેળાય, એ તેઓને યોગ્ય ન લાગતાં તેના પર દેખરેખ રખાવાનું ચાલુ થયું. મીરાંથી આ સહન ન થયું અને કાયમને માટે તેણે માતૃભૂમિનો ત્યાગ કર્યો.[3]

---

૧. બૃ. કા. દો. ભાગ ૭ માની પ્રસ્તાવના, પૃ. ૨૨; અને S. S. Mehta, Mirabai પૃ. ૭૧–૭૨

૨. ભા. નિ. મહેતા: મીરાંબાઈ, પૃ. ૫૩–૫૪

૩. બૃ. કા. દો. ભાગ ૭માની પ્રસ્તાવના, પૃ. ૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રસંગને અનુલક્ષીને મીરાંએ નીચેનું પદ ગાયું જણાય છેઃ

"અબ તો મેરે રામ નામ દુસરા ન કોઈ ટેક.
માત છોડી પિતા છોડે, છોડે સગા ભાઇ,
સાધુ સંગ બેઠ બેઠ લોકલાજ ખોઇ, અબ તો૦
સંત દેખ દોડ આઈ જગત દેખ રોઈ,
પ્રેમ આંસુ ડાર ડાર અમરબેલ બોઇ, અબ તો૦
મારગમાં તારણ મીલે સંત રામ દોઇ
સંત સદા શીશ રખું, રામ હૃદય હોઇ, અબ તો૦
અંતમેં સે તંત કાઢ્યો પીછે રહી સોઇ,
રાણે ભેજ્યા વીખ કા પ્યાલા, પીબત મસ્ત હોઇ, અબ તો૦
અબ તો બાત ફેલ ગઇ, જાણે સબ કોઇ,
દાસ મીરાં લાલ ગીરધર, હોની સો હોઇ. અબ તો૦"[૧]

મીરાંના મેડતાત્યાગથી મેડતાની સ્થિતિ પણ બૂરી થયાનું કહેવાય છે. રાવ વીરમદેને જોધપુરના રાજા અને પિતરાઇ ભત્રીજા માલદેવ સાથે બનતું ન હતું. પ્રથમ તેને સં. ૧૫૮૮ માં ઝઘડો થયેલો અને તેમાં રાવ વીરમ હારલો. તે ત્યાંથી અજમેર આવી વસ્યો, પણ આશ્રય ન પામ્યો, એટલે હુમાયુ પાસે ગયો. તેની મદદથી તેણે મેડતા પાછું હાથ કર્યું; પણ તે સં. ૧૬૦૦ માં મરણ પામ્યો. પછી જયમલ્લ ગાદીએ આવ્યો; પણ તેને પણ તકલીફ નડી અને અંતે મેડતા જોધપુરના રાવે ઉજાજડ કર્યું. આખરે જયમલ્લ ચિત્તોડમાં આવી આશ્રય પામ્યો, જ્યાં સં. ૧૬૨૪ માં તે ચિત્તોડ ઉપરના હલ્લા વખતે ચૈત્ર સુદિ ૧૧ ની રાત્રિએ અકબરના હાથે મરણ પામ્યો.[૨] એમ કહેવાય છે કે મરાંએ રાવ જયમલ્લને આશીર્વાદ આપેલો કે

---

૧. બૃ. કા. દો. ભાગ ૭મો, પૃ. ૭૦૮

૨. આ ઠેકાણે ફત્તો સીસોદિયો પણ મરેલો; જયમલ્લ અને ફત્તા સીસોદિયાના પરાક્રમથી ખુશ થઇ બંનેની પ્રતિમા અકબરે આગ્રાના મુખ્ય દ્વાર પર મૂકી હતી. જુએ:-બૃ. કા. દો. ભાગ ૭ માની પ્રસ્તાવના, પૃ. ૨૩.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તારી પ્રજા વધશે અને સુખી થશે.' એ ઉક્તિ અત્યારે પણ સત્ય ગણાય છે અને જયમલ્લના વંશજો સુખી કહેવાય છે.[૧] રાવ જયમલ્લ-ની પ્રશંસા બાદશાહ જહાંગીરે 'જહાંગીરનામા'માં પણ કરી છે.

મીરાંબાઈ સં. ૧૫૮૮ પછી મેવાડમાં કે મારવાડમાં રહી હોય તેવું જણાતું નથી. ઉપર સૂચવેલા પદમાં તે પશ્ચિમ તરફ આવી જણાય છે. આમ છતાં વૃંદાવનમાં ગયાનો પણ કેટલીક દંતકથા-ઓમાં ઉલ્લેખ છે.

મીરાંના સમયમાં વૃંદાવનમાં ભગવદ્ભક્તિનો જબર જુવાળ આવેલો. વૃંદાવનમાં શ્રી ચૈતન્ય ગૌરાંગ મહાપ્રભુ (સં. ૧૫૪૧–૮૯)ના અનુયાયીઓ રૂપ, સનાતન અને જીવ[૨] ગોસ્વામીનો નિવાસ અને ગોકુલ તેમ જ જતીપુરામાં શ્રીવલ્લભાચાર્યજી (સં. ૧૫૨૯–૧૫૮૭)ના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી (સં. ૧૫૭૨–૧૬૪૨)નો નિવાસ હતો. ભક્તિમાર્ગની આ ઉભય શાખાઓ તે સમયે જોરશોરમાં હતી. મીરાં આમાંથી કયા[૩] માર્ગની અસરમાં હતી, તેનો નિશ્ચય કરી શકાતો નથી; કેમકે તેના એક પણ પદમાં કશે પણ કાંઈ સૂચન પ્રાપ્ત થતું નથી. તેના નીચેના પદમાં "ભક્તિમાર્ગમાં ફરી" એવો માત્ર ઉલ્લેખ છે.[૪] અને ઉપરના એક પદમાં "મારગ મેં તારણ મીલે સંત રામ દોઈ, સંત સદા શીશ રખું, રામ હૃદય સોઈ,"[૫] એવો અસ્પષ્ટ ઉલ્લેખ છે; પણ તેનાથી કાંઈ

૧. ભા. નિ. મહેતા: મીરાંબાઈ, પૃ. ૫૪–૫૫, અને બૃ. કા. દો. ભાગ ૭માની પ્રસ્તાવના, પૃ. ૨૪

૨. જીવ ગોસ્વામીને તે મળી કહેવાય છે. જીવ ગોસ્વામી સં. ૧૫૮૯માં મૃત્યુ પામેલા એટલે મેવાડમાંથી છૂટી થઈ તરત એકવાર યાત્રા કરવાને ગઈ હોય, તો જ તે મેળાપની સંભાવના છે.

૩. શ્રી. ક. મા. મુનશી એક ઠેકાણે મીરાં પર રામાનંદના શિષ્ય રઈદાસની અસર માને છે, તો બીજે સ્થળે ચૈતન્યાનુયાયીઓની અસર માને છે. (જુઓ ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન પ્રવાહ, પૃ. ૩૪૬–૪૭.) તેની સાબિતી અપ્રાપ્ય છે.

૪. શ્રી. ભા. નિ. મહેતા: મીરાંબાઈ, પૃ. ૩૩

૫. બૃ. કા. દો. ભાગ ૭મો, પૃ. ૭૦૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્ફોટ થતો નથી. એટલે માત્ર સામાન્ય [1]ભક્તિમાર્ગની એ અનુયાયી હોવી સંભવે છે:

"અમારે મન રાધા શ્યામ બસી,
કોઇ કહે મીરાં ભઈ બાવરી, કોઇ કહે કુલ નસી.
× × × ×
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, ભક્તિમાર્ગમાં ફસી."[2]

મીરાંના ભક્તિમાર્ગમાં પરમતત્ત્વ તરીકે કૃષ્ણનો સ્વીકાર આપણે જોઇ શકિયે છિયે. ભક્તહૃદયને જે જાતનો તલસાટ અત્યંત સ્વાભાવિક છે, એક પ્રોષિતભર્તૃકા નાયિકા જે પ્રમાણે પતિને માટે તલસાટ ભોગવે છે, તેવી ઝાંખી આપણને મીરાંના નીચેના પદમાં થાય છે:

"બંસીવાલા આજો મોરા દેશ;
આજો મોરા દેશ, હો બંસીવાલા. આજો મોરા દેશ.
તોરી સામળી સુરત હદ વેશ, બંસીવાલા આજો મોરા દેશ. ટેક.
આવન આવન કેહ ગયે, કર ગયે કોલ અનેક;
ગણતાં ગણતાં ઘસ ગઇ જીભા, હારી આંગળીઓની રેખ. બંસી૦
એક બન ઢુંઢી સકલ બન ઢુંઢી, ઢુંઢો સારો દેશ;
તોરે કારણ જોગણ હોઉંગી, કરુંગી ભગવો વેશ. બંસી૦
કાગદ નહિ મારે સાહિ નાહિ, કલમ નહિ લવલેશ;
પંખીનું પરમેશ નહિ, કીન સંગ લખું સંદેશ. બંસી૦
મોર મુગટ શીર છત્ર બિરાજે, ગુગરવાળા કેશ:
મીરાં કે પ્રભુ ગીરધરના ગુણ (?નાગર), આવોની એણે વેશ. બંસી૦"[3]

પણ મીરાંનું હૃદય જગતના સમગ્ર રંગરાગમાં વિરક્ત થયું છે, એવા પ્રકારનું ભજન જ એ કરી રહી છે; જગતના કોઈપણ પદાર્થમાં

---

૧. શ્રી. ક. મા. મુનશી મીરાં અને નરસિંહ ઊપર વૃંદાવનીય ચૈતન્ય-માર્ગીય ભક્તિની અસર થયાનું કહે છે. (જુઓ–તેમનું Guj. & its Lit., P. 130); પણ તેનો એકે સદ્ધર પુરાવો મળી શકતો નથી.

૨. શ્રીઆપટે: મીરાંબાઈ: પૃ. ૮૪

૩. બૃ. કા. દો. ભાગ ૭મો, પૃ. ૭૦૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનન્યાશ્રયીએ લક્ષ્ય નથી દેવાનું હોતું, એ વસ્તુની પ્રતીતિ તેણે આ નીચેના પદમાં કરાવેલી પ્રાપ્ત થાય છે:

"રામ સીતાપતિ તારી લેહ લાગી, હો તમને ભજ્યેથી મારી ભીડ ભાંગી.
ઘરનો તે ધંધો મને નથી ગમતો, સાધુ સંગાથે મારી પ્રીત બાંધી.
કામકાજ છોડયાં મેં તો લોકલાજ મેલી, પ્રેમમગનમાં હું રાજી.
અજ્ઞાનની કોટડીમાં ઊંઘ ઘણી આવે, પ્રેમપ્રકાશમાં હું જાગી.
દુરિજન લોક મારી નિંદા કરે છે, વા'લા લાગે છે મને વેરાગી.
નાચી કૂદીને મેં તો ભક્તિ ન કીધી, લોકની લાજ મેં બહુ રાખી.
ધ્રુવજીને લાગી, પ્રહ્‌લાદજીને લાગી, દ્રૌપદીની સભામાં ભીડ ભાગી.
બાઇ **મીરાં** કે પ્રભુ ગિરધરના ગુણ(? નાગર), જનમોજનમ હું ત્યાગી."[1]

પણ એ ત્યાગ માત્ર પ્રભુને ખાતર છે. પ્રભુને પ્રસન્ન કરવા તો એ એક સોહાગણ સમી સર્વ કાંઈ કરવા તૈયાર છે:

"વાટ જુવે છે મીરાં રાંકડી રે, ઉભી ઉભી અરજ કરે છે દીનાનાથ રે.
મુનિવર સ્વામી મારે મંદિર પધારો રે, વા'લા સેવા કરું દિનરાતડી રે.
ફુલના તે હાર ને ફુલના તે ગજરા રે, ફુલના તોરા ને ફુલપાંખડી રે.
પાંચે પકવાન મીઠાઇઓ ને મેવા રે, ઘેબર જલેબી તલશાંકળી રે.
લવિંગ સોપારી ને પાનનાં બીડલાં રે, એલચી દોડા ને તજપાંખડી રે.
સાવ સોનાનાં વા'લા સોગઠાં ઢળાવું રે, રમવા આવો તો જાય રાતડી રે.
બાઈ **મીરાં** કે પ્રભુ ગિરધરના ગુણ(? નાગર), જોતાં ઠરે છે મારી અ.ખડી રે."[2]

સાચા ભકતને તો પ્રભુ સિવાય અન્ય કશું રુચતું નથી. ભકત-હૃદયને તો પ્રભુ જ સાચી મૂડી છે. સર્વસ્વનો ત્યાગ કરી બેઠેલી મીરાં દુનિયાની નજરે નિર્ધન છે, વેરાગી છે, જોગણ છે; પણ મીરાંના હૃદયમાં તો પ્રભુ જ પૂર્ણવૈભવરૂપ બિરાજે છે:

"મુજ અબળાને મોટી મિરાંત બાઈ, શામળો ઘરેણું મારે સાચું રે.
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હઇયે રે;
ચિત્ત માળા, ચતુરભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઇયે રે. મુજ૦
ઝાંઝરિયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે;
વિંછુવા ઘુઘરા રામનારાયણના, અણવટ અંતરજામી રે. મુજ૦

૧. એજન, પૃ. ૭૦૩ ૨. એજન, પૃ. ૭૦૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે;
કુંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારું ઘાલું રે. મુજ૦
સાસરવાસો સજિને બેઠી, હવે નથી કાંઈ કાચું રે:
મીરાં(બાઇ) કહે(=કે) પ્રભુ ગિરધર નાગર, હરિને ચરણે જાચું રે. મુજ૦"[૧]

આ પદોમાંથી મીરાંની ભકિતનું સ્વરૂપ આપણે પકડી શકિયે તેમ છે. એ નવધા ભકિતના કોઇપણ પ્રકારને પૃથક્પૃથક્ ઉલ્લિખિત કરતી નથી. પ્રિયા–ભાવે જ એ પરમ તત્ત્વને ભજી રહી છે. એનું હૃદય પણ કેટલું નિર્દોષ છે! એ શૃંગાર ગાતી હોવા છતાં એમાં એક પણ એવું તત્ત્વ નથી કે જેના તરફ શૃંગાર રસનો વિરોધ કરનારાઓને પણ સૂગ આવે. પ્રેમ એણે નથી ગાયો? જુઓ:

"પ્રેમની પ્રેમની પ્રેમની, મને લાગી કટારી પ્રેમની. ટેક.
જળ જમુનાનાં ભરવા ગયાંતાં, હતી ગાગર માથે હેમની રે. મને૦
કાચે તે તાંતણે હરજીયે બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે. મને૦
હીરા રે માણેક ઝવેર તજીને, કથીર સંગાતે મણિ તોળમાં રે. મને૦
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, શરીર આપ્યું સમતોલમાં રે. મને૦"[૨]

–છતાં એમાં કેટલી નિર્દોષતા છે! ચૈતન્યની અસર આમાં નથી કે નથી પુષ્ટિમાર્ગની. એ પોતાના સ્વતંત્ર રાહ ઉપર ચાલી જાય છે.

મીરાંબાઇ સં. ૧૫૮૮ લગભગ દ્વારકાં ગયેલી અને ત્યાં જ એણે પોતાનું શેષ જીવન ગાળ્યું સંભવે છે. વચ્ચે કદાચ તે યાત્રાઓમાં નીકળી હોય તો એ અસંભવિત નથી. તે દ્વારકાંમાં હતી ત્યારે તેને ચિત્તોડના રાણા તરફથી ચિત્તોડ આવવા નિમંત્રણ થયેલું. આ વખતે ઉદેસિંહ ચિત્તોડમાં રાણો હતો. તેણે મોટાં ભાભીને–પરમ ભકતને સ્વદેશમાં આવવા આમંત્રણ આપ્યું હોય તો નવાઇ નથી. પરંતુ રાણા વિક્રમાદિત્યના વર્તનથી મીરાંના હૃદયમાં શંકા પેસી ગયેલી, તે ઉદેસિંહના આમંત્રણથી કેમ જાય? તે પ્રભુની સ્તુતિ કરવા લાગી

૧. એજન, ભાગ ૧લો, પૃ. ૮૮૨
૨. એજન, પૃ. ૮૮૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તે જ સ્થિતિમાં તેનો દેહાંત થયો.[૧] શ્રીરણછોડરાયને ઉદ્દેશીને તેણે બનાવેલું એક પદ મળે છેઃ

"મેરો મન હર લીનો રાજા રણછોડ, રાજા રણછોડ, પ્યારા રંગીલા રણછોડ.
કેશવ માધવ શ્રીપુરુષોત્તમ, કુબેર કલ્યાણ કી જોડ. મેરો મન૦
શંખ ચક્ર ગદા પદ્મ બિરાજે, મુખ મોરલી ઘનઘોર. મેરો મન૦
મોર મુગટ શિર છત્ર બિરાજે, કુંડળ કી છબ ઓર. મેરો મન૦
આસપાસ રત્નાગર સાગર, ગોમતીજી કરે કલ્લોલ. મેરો મન૦
ધજા પતાકા બહુ ત્યાં ફરકે, ઝાલર કરત ઝકઝોલ. મેરો મન૦
સબ ભક્ત કે ભાગ્યવહી પ્રગટે, નામ ધર્યો રણછોડ. મેરો મન૦
જો કોય તેરો નામ સુણાવે, પાવે યુગલકિશોર. મેરો મન૦
મીરાં(બાઈ)કે પ્રભુ ગિરધર નાગર, કર ગ્રહો નંદકિશોર. મેરો મન૦"[૨]

મીરાંની કૃતિઓ પ્રાયઃ છૂટક પદો [૩]મળે છે. આ પદો અત્યારે ગૂજરાતી, મારવાડી અને વ્રજ ભાષામાં મળે છે. અનેક ઠેકાણે એ પદો છપાયેલાં છે. એની આખી કાવ્યકૃતિઓમાં ૧ નરસિંહ કા માહ્યરા (હિંદી), ૨ સતભામાનું રૂસણું (ગૂજ.) એ બે છે; જેમાનું પ્રથમ મુંબઈના કોઈ એક પ્રેસમાં છપાયેલું છે, જેનું એક પાનું જોવામાં આવેલું છે. બીજું કાવ્ય બૃ. કા. દો. ભાગ ૧ લા માં છપાયું છે.

મીરાંનું વતન મારવાડ હતું, એ સુપ્રસિદ્ધ વાત છે; અને અત્યારે એની કૃતિઓ ગૂજરાતી, મારવાડી અને વ્રજ–હિંદી ભાષામાં મળે છે; ત્યારે તેણે કઇ ભાષામાં કૃતિઓ રચી હશે? આપણી હાથપ્રતોમાં પ્રાયઃ ગૂજરાતી કૃતિઓ મળે છે, મારવાડની પ્રતોમાં મારવાડી અને બાકી હિંદીમાં મળે છે. એની બધી કૃતિઓની જૂની પ્રતો ભાગ્યે જ મળે છે. ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીના સંગ્રહમાં એક સાં. ૧૭૦૧ માં લખાયેલી છે;[૪] તેમાં મીરાં, નરસિંહ, નારાયણ, પરમાનંદ, સૂરદાસ

---

૧. K. M. Munshi: Gujarat and its Literature P. 133

૨. બૃ. કા. દો. ભા. ૭મો, પૃ. ૭૨૦–૨૧

૩. તેણે ૨૫૦ જેટલાં પદો–ગરબીઓ રચ્યાનો શ્રી. કૃ. મો. ઝવેરી ઉલ્લેખ કરે છે. (જુઓ ગૂજ. માર્ગ. સ્તંભો, ભાગ ૧લો પૃ. ૩૦.)

૪. દ. હ. પુ. સં. નં. ૩૫૦अ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વગેરેનાં પદો છે. નરસિંહનાં પદો તેમાં મધ્યકાલીન ગૂજરાતીની ૪થી ભૂમિકામાં છે, જ્યારે મીરાંનાં પદમાં તે ભાષાના મિશ્રણવાળું હિંદી સ્વરૂપ મળે છે:—

"(૧) મુરલી વાજિ હો, સાજન, મુરલી વાજિ હો ।
શ્યામસુંદર ગોપીનાથ વૃંદાવન વિરાજિ, સાજન ॥
શબદ સરસ તાન રાગ મધુરી ૨ ગાવિ ।
મોહે પશુ પંખિ તરૂઅર મુનિ કા ધ્યાન ચુકાવિ ॥ ૧ ॥
મુરલી ઘોર શ્રવણે સુણી ગોપીકા ઊઠી ધાઇ ।
મીરાં પ્રભુ ગિરધર મિલિ [૧]તન કી તાપ બુઝાઇ ॥ મુરલી ॥[૨]

(૨) નંદલાલ સ્યું મેરુ મન માન્યુ હસા કાહુ કરી ગા કોઇ રે ।
અબ તુ આઈ છિની ગઇ ઈસી વિધાતા લષુ સૂ હોઇ । ધ્રુપદ ॥
માત રિસાવિ તાત ઘરિ મારિ હસિ વડા લોય રે ।
નંદનંદ સ્યૂ કબહી ન છોડૂ મનિ ભાવિ સો હોય રે ॥ ૧ ॥
રે નંદનુ મેરુ અહિલોક જાઇ ગુ, તુ પરલોક ન જાવિ ગુ ।
નંદનંદસ્યુ પ્રીતિ બધાણી મિલૂ જી નીસાન વિજાઈ ગુ ॥ ૨ ॥
તન મન ધન હરજી કુ અરપુ શ્રીવલ્લભવેપ મુરારિ ।
મીરા પ્રભુ ગિરિધરિ કે ઊપરિ તન મન કરૂ જી ઉઆરિ ॥ ૩ ॥"

અહીં જ કૃષ્ણદાસ, પરમાનંદ, સુરદાસનાં પદો શુદ્ધ વ્રજ ભાષામાં આપેલાં છે. આ ઉપરથી એમ માની શકાય કે લહિયાએ તે તે પદની અસલ ભાષા જાળવવા પ્રયત્ન કર્યો હોય; કેમકે એમ ન હોય તો એક જ પ્રતમાં સંકળાયેલાં પદોમાં ભિન્ન ભિન્ન ભાષાસ્વરૂપ ન મળે. मुनि का અને तन कीમાં છઠ્ઠીનો પ્રત્યય અને बुझाई શબ્દમાં તાપના

---

૧. આ પદ નં. ૪૭૭ની દ. હ. ની હાથપ્રતમા નડિયાદવાળા કવિ અવિચળદાસને હાથે સં. ૧૯૯૫ આસપાસ ઉતારેલું મળે છે, તેમાં પણ થોડા પાઠભેદે આ જ ભાષા છે,

૨. મીરાંની કવિતા શૃંગારિક ખરી પણ નરસિંહ અને દયારામની જેમ તેણે ઉઘાડો શૃંગાર જયદેવની પદ્ધતિનો નથી ગાયો. મીરાંનાં શૃંગારિક પદો ગાવામાં સંકોચ નથી અનુભાવાતો, એ તેની વિશિષ્ટતા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સહચારે નારીજાતિનો પ્રયોગ ન હોય તો ભાષા મધ્યકાલીન ગૂજરાતી-ની શુદ્ધ ત્રીજી ભૂમિકા છે, જે લગભગ સં. ૧૬૦૦માં ગૂજરાતની પ્રતોમાં ગ્રંથસ્થ થઈ ચૂકી હતી. ૨ જા પદમાં પણ થોડા શબ્દ બાદ થતાં એ જ સ્વરૂપ મળે છે; બંનેમાં જોકે મોહે, શ્રવણે, બંધાણી, હોય જેવાં અર્વાચીન રૂપો દેખાય છે ખરાં.

મીરાંના સમયમાં ડૉ. ટેસ્સિટોરીએ નિર્દિષ્ટ કરેલી જૂની પશ્ચિમ રાજસ્થાનીના [1]પ્રાંતિક,—જેને હું તો મધ્યકાલીન ગૂજરાતી ભાષા ગણું છું, તે—ભેદો શરૂ થઈ ચૂક્યા હતા; એટલે જ મીરાંની ભાષામાં શુદ્ધ મધ્યકાલીન ગૂજરાતીની ત્રીજી ભૂમિકા પ્રાપ્ત ન થતાં પશ્ચિમ જૂની હિંદીની સારી રીતે છાપ દેખાય છે; અને આવી જ સંકીર્ણ ભાષા મીરાંની હોય તો તેમાં ખાસ કશું પણ આશ્ચર્ય ન હોય. આ રીતે અત્યારે ગૂજરાતી મારવાડી કે હિંદીમાં પ્રાપ્ત થતાં તેનાં પદો અને કાવ્યો, અત્યારે પ્રાપ્ત રૂપવાળાં ન હોતાં ઉપર બતાવેલાં બે પદોને મળતી આવતી ભાષામાં હોય; બેશક ભાલણમાં અને કેશવ-દાસમાં જે પ્રકારનાં વ્રજભાષાનાં પદો છે, તે પ્રકારનાં મીરાંનાં કેટલાંક પદો હોય તો તે આશ્ચર્યજનક ન ગણાય. બાકી એનાં પદોમાં ભાષાવૈવિધ્ય તો ઘણું જણાય છે. ઉપર આવેલું "બંસીવાલા આજો મોરા દેશ" એ પદ મારવાડીમાં પણ મળે છે; જેમકે—

"બંસીવારો આયો મ્હારે દેસ, થારી સાંવરી સૂરતવાલી ભેખ ।
આઊં આઊં કર ગયા સાંવરા, કર ગયા કૌલ અનેક ॥
ગિનતે ગિનતે ઘિસ ગઇ ઉંઅલી, ઘિસ ગઇ ઉગલી કી રેખ ।
મૈં બૈરાગિનિ આદિ કી, થારેં મ્હારે કદકો સંદેસ ॥

---

૧. શ્રી. ક. મા. મુનશી આ સમયમાં જૂની ગૂજરાતી કે જૂની પશ્ચિમ રાજસ્થાની ચાલુ હોવાનું માને છે: (જુઓ–Guj. & its Lit., pp. 133–134)એમાં એટલો સુધારો જોઇયે કે પ્રાંતીયતા શરૂ થઇ ચૂકી હતી; તેમ ન હોય તો કૃષ્ણરુક્મિણી રી વેલી જેવાં સં. ૧૬૩૭ ને નિકટનાં વર્ષોનાં કાવ્યો અને મીરાંનાં ઉપર નિર્દિષ્ટ પદો તેવી શુદ્ધ જૂ. પ. રાજસ્થાનીમાં હોવાં જોઇયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બિન પાની બિન સાબુન સાંવરા. હુઈ ગઇ ધુઈ સપેદ ।
જોગિન હુઈ જંગલ સબ હેરૂં, તેરા નામ ન પાયા ભેદ ॥
તેરી સુરત કે કારણે, ધર લિયા ભગવા વેસ ।
મોર મુકુટ પીતામ્બર સોહૈ ઘૂંઘરવાલા કેસ ।
મીરાં કો પ્રભુ ગિરધર મિલ ગયે દૂના બઢા સનેહ ॥"[1]

અહીં સુધી આપણે મીરાંને ભક્ત તરીકે નિહાળી; પણ જેમ નરસિંહમાં આપણે ભક્તિતત્ત્વ સાથે અસાધારણ કવિપ્રતિભા જોઇ છે, તે પ્રમાણે મીરાંમાં પણ કાંઇ પ્રતિભા હોય તો તે જોવી આવશ્યક છે. ઉપર ભક્તિતત્ત્વનો નિર્દેશ કરતાં જે પદો આપવામાં આવ્યાં છે, તેમાં તેની જે તન્મયતા છે, તે તેની પ્રતિભાની સાક્ષી આપે એમ છે; પણ એમાં તેણે પોતાનું દર્દ ગાયું છે, એક ભક્ત તરીકે; એટલે પ્રથમ દૃષ્ટિએ આપણે એમાંથી નરી કવિતા નથી નિહાળી શકતા. પણ આ સ્વભાવોક્તિનું સુંદર વર્ણન જુઓ:

"બસો મેરે નૈનન મેં નંદલાલ ।
મોહનિમુરતિ, સાંવરિસૂરતિ, નૈના બને રસાલ ॥
મોર મુકુટ મકરાકૃત કુંડલ, અરુન તિલક દિએ ભાલ ।
અધરસુધારસ મુરલી રાજતિ, ઉર બૈજંતી માલ ॥
છુદ્રઘંટિકા કટિતટ સોભિત, નૂપુરશબ્દ રસાલ ।
મીરાં પ્રભુ સંતન સુખદાઈ, ભક્તબછલ ગોપાલ ॥"[2]

અને જુઓ નીચેનું કૃષ્ણનું વનમાં ન જવાનું વિધાન કરતું પદ:

"મૈયા લે થારી લકરી, લે થારી લકરી. બછિયાં ચરાવન હુ ન જાંઉરી ।
સંગ કે ગ્વાલ બલિભદ્ર કુ ન મોકલો, એકલો વન મેં ડરાઉં ॥
સઘન બન મે કછુ ખબર નાહીં પરે, સંગ કે ગ્વાલ સબ મોહે ડરાવે ।
દાદુર મોર પંછીયું રટે, કૃષ્ણ કૃષ્ણ કહી મોહે ખીજવે ॥
માખન તો બલિભદ્ર કુ ખિલાયો, હમકુ ખિલાઈ ખાટી છાસરી ॥
બિંદ્રાવન કે મારગ જાતાં પાઊં મેં ચુંબત જીની કાંકરી ।
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, ચરણકૅવલ તોરી આંખરી ॥

---

૧. હિ. સા. વિવે. ઇતિ., પૃ. ૧૫૩
૨. હિં. સા. ઇતિ. પૃ. ૧૮૪ ૩. મીંબાઈ (મરાઠી), પૃ. ૧૧૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આખ્યાનકાળમાં પદબંધ ઢીલો પડવા સાથે કડવાબંધ વ્યાપક થતો ચાલ્યો આપણે ભાલણથી સારી રીતે મેળવવા માંડિયે છિયે; છતાં એ પછીની અર્ધી શતાબ્દીમાં ગાતી મીરાં માત્ર પદો જ આપે છે. પદો ઉત્તર અને મધ્યહિંદમાં પુષ્કળ વ્યાપક હતાં. ૧૫ મી સદીના વિદ્યાપતિએ મિથિલામાં પદોની રેલમછેલમ કરી મૂકી હતી અને મીરાંના સમકાલીન સૂરદાસ, નંદદાસ, કુંભનદાસ, કૃષ્ણદાસ એ ચારે શ્રીવલ્લભાચાર્યજીના શિષ્યો વ્રજભૂમિમાં કૃષ્ણભક્તિની વિવિધ પ્રકારનાં પદો રચી રેલમછેલમ કરી રહ્યા હતા. એટલે કે મીરાંનાં સમયમાં મધ્ય હિંદમાં પદરચન પૂર જોસમાં હતું; સાથે મીરાં કોઇ કાવ્ય રચવાના ઉદ્દેશે નહિ, પણ ભગવદ્ભજનને જ ઉદ્દેશી લલકાર્યે જતી હોવાથી તેના મુખમાંથી જુદા જુદા ચાલુ ઢાળનાં પદો જ સ્રવતાં ચાલ્યાં. ઉપર કેટલાયે નમૂનાઓ આવી જાય છે. આ બધા પ્રકારો આપણને મોડે મોડે રણછોડ, રઘુનાથ, રામકૃષ્ણ, દયારામ વગેરેમાં દેખા દે છે.

એક વસ્તુ અહીં સ્વીકારવી જોઇયે કે મીરાં ઉપર માત્ર ગૂજરાતીનો જ અધિકાર નથી; એના ઉપર વ્રજભાષાનો પણ અધિકાર એટલો જ સ્વીકૃત ગણવો જોઇયે. અને એ જ કારણે મીરાંબાઇ જેવી ભક્ત સ્ત્રીકવિનાં માત્ર દયારામ વગેરેએ ગૂજરાતી ભાષામાં ચરિત્ર લખ્યાં છે, તેટલું જ નથી, પણ હિંદી ભાષામાં પણ છેક નાભાજીથી માંડી એ પછીના અનેક લેખકોએ મીરાંબાઇનાં ચરિત્ર અનેક પ્રકારે લખ્યાં છે; જો કે આ બધાંમાં ઐતિહાસિક ચરિત્રને બદલે ચમત્કારિક ચરિત્ર જ સાંપડે છે, જેમાં પણ મીરાંબાઈનું વ્યક્તિત્વ અછતું નથી રહેતું.

ચરિતસામગ્રી:—

૧. વસંત વર્ષ ૧૯ મું, માઘ, ચૈત્ર, વૈશાખમાં શ્રી. ભાનુસુખરામ નિ. મહેતાનો 'મીરાંબાઇ ને તેની કવિતા' એ લેખ; ઉપરાત વર્ષ ૪થું, અંક ૬–૭; ડૉ. આ. બા. ધ્રુવનો "નરસિંહ અને મીરાં" એ લેખ

૨. કવિચરિત્ર, ડાહ્યાભાઇ ઘેલાભાઇ પંડિત–વિરચિત

૩. Classical Poets of Gujarata by G. M. Tripathi

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪. ગૂજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો–શ્રી. કૃ. મો. ઝવેરી
૫. Mirabai (A Monograph) by S. S. Mehta
૬. બૃહત્કાવ્યદોહન, ભાગ ૭ મો–શ્રી. તનસુખરામ મ. ત્રિપાઠીનો "મીરાંબાઇ" પરનો નિબંધ અને એ પૂર્વના ભાગો
૭. Gujarata and its Literature, by K. M. Munshi
૮. મીરાંબાઇ, શ્રી. ભાનુસુખરામ નિ. મહેતાકૃત
૯. ગૂજરાતી સાહિત્ય–મધ્યકાલીન પ્રવાહ (ગૂજ. સા. સંસદ)
૧૦. ઉદયપુર રાજ્ય કા ઇતિહાસ, પહલી જિલ્દ, મ. મ. ડૉ. ગૌરીશંકર ઓઝા કૃત
૧૧. મીરાંબાઈ (મરાઠી)–શ્રીદાજી નાગેશ આપટે–કૃત
૧૨. હિન્દી સાહિત્ય કા વિવેચનાત્મક ઇતિહાસ–શ્રીસૂર્યકાંત, એમ. એ.
૧૩. હિન્દી સાહિત્ય કા ઇતિહાસ–શ્રી રામચંદ્ર શુકલકૃત

શ્રીધર કવિ

[સાં. ૧૫૯૫ માં હયાત]

સાં. ૧૪૫૪ લગભગમાં રચાયેલા "રણમલ્લ છંદ"ના કર્તા શ્રીધર (વ્યાસ) પછી લગભગ એકસો વર્ષે તેજ નામનો સૌરાષ્ટ્રના જૂનાગઢનો એક કવિ તેના "રાવણમંદોદરીસંવાદ" અને "ગૌરીચરિત્ર" એ બે કાવ્યથી પ્રસિદ્ધિમાં આવે છે. આ કવિના જન્મ કે મૃત્યુનો સમય નક્કી કરી શકાતો નથી, છતાં "રાવણમંદોદરીસંવાદ"ના અંત ભાગમાં આવેલી હકીકતથી તેનાં વતન, જ્ઞાતિ અને પિતાનો પત્તો લાગે છે. ત્યાં જ તે એ કાવ્યનો રચ્યા–સંવત્સર પણ આપે છેઃ

"સંવત પનર પાંસઠ્ઠઇ જીરણદુર્ગ નિવાસ
પૂરણ ચ્યારી ચોપઈ બિસઇ બાંધી બુદ્ધિપ્રકાસિ. ૨
× × × ×
સોય મંત્રી 'સહમા–સુતન' કવિતા 'શીધર' નામ
ઉતપતિ મોઢ અડાલજા તસ વૂઠા શ્રીરામ. ૫"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાં. ૧૫૬૫ માં જીર્ણદુર્ગ=જૂનાગઢમાં રહી તેણે એ કાવ્ય રચ્યું છે. તે જ્ઞાતિએ મોઢ અડાલજો હતો અને તેના પિતાનું નામ સહમા મંત્રી હતું. તે મોઢ બ્રાહ્મણ હતો તેવો ઉલ્લેખ કર્યો નથી; અને વળી તે મંત્રીનો પુત્ર હોવાનું કહે છે, એટલે તે મોઢ અડાલજો વણિક જણાય છે. તેણે પોતાને 'રાવણ મંદોદરી સંવાદ' ના આરંભમાં "सोय कवि सीधर जडसि खरहुं" એમ 'कवि' કહ્યો છે અને ઉપર ઉતારેલી લીટીઓમાં પણ તે પોતાને 'कविता'-સં. कवयिता કહે છે; અને તેણે પોતાના તે કાવ્યમાં થોકબંધ પ્રયોજેલી લોકોક્તિઓ—કહેવતો ઉપરથી કાંઈક અંશે તે નામનું સાર્થક્ય પણ કર્યું છે. માંડણની 'પ્રબોધબત્રીસી' અને શ્રીધરના 'રાવણમંદોદરીસંવાદ'માં મળી જેટલી કહેવતો નોંધવામાં આવી છે, તે એટલી બધી છે કે ગૂજરાતી સાહિત્યમાં બીજી એટલી તો તે પછી અન્યત્ર નોંધાયેલી કે વણનોંધાયેલી પણ મળીને ન થઈ શકે. એ પોતે પણ "ઉખાણા" લખ્યાનું કહે છે જ:

"મઈ ઊખાણા અતિ ઘણા, કીધા કવિત મઝારિ,
'કાપડિ ભરતાં કાપડી, વરઇ ન વેણી વારિ.' "[૧]

એ આખું કાવ્ય રાવણ અને મંદોદરી વચ્ચે સંવાદરૂપે છે. એમાં કવિના કવિત્વના અંશો અત્રતત્ર પ્રકટે છે. ઉપાડ કરતાં જ તે કહે છે:

'રઢિ રાવણ મતિ મંદોદરી, કરિસી કવિત ઉખાણિ કરી;
રામકથા સોનું નઇ સરહું, સોય કવિ સીધર જડસિ ખરહું.'"[૨]

શ્રીધર મંત્રિપુત્ર છે અને તેથી મુત્સદ્દી છે, એ વસ્તુ આ સંવાદમાં સારી રીતે સ્પષ્ટ થાય છે. માંડણની "પ્રબોધબત્રીસી" વાંચતાં કંટાળો અનુભવાય છે, જ્યારે આમાં એમ નથી થતું. સીતાના હરણના વિષયમાં મંદોદરી રાવણને કહે છે:

---

૧. રા. મં. સં. પૃ. ૧૧૨

૨. એજન, પૃ. ૮૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ખરુ વચણ મંદોદરી ભણિ, રાવણ મતિ મૂંઢી તહ્ય તણિ;
આગઇ અગણિત અંતેઉરી, વલી તઇં સીતા સ્યાહાનઇ હરી?
કાશ્યપવંશ્ય તણી કુલવહૂ, સુરનર પન્નગ જાણી સહૂ;
'જો આમિષ અતિ મીઠઉં હોઇ, પીંડી તણું ન પ્રાસિ કોઇ.'' ૧

રાવણ એનો જવાબ આપે છે કે,

"કોઇ ન (મઝ) કાહવી મઇદાનવી, મિ રાવણ પરિ કીધી નવિ.
એ બેટી રાય જનકઋષિ તણી, બ્રહ્માદિક જાણિ બ્રાહ્મણી.
ખત્રી તણિ 'ખભેડિ પડી,' અન્ન ઉદક પાખિ રડવડી;
'કાદવિ ખુતી કવલી ગાય, પૂંછડ લેવા પરઠઉ પાય.'' ૨

બંનેની દલીલો એક એકને વિચારમાં નાખે તેવી કવિએ આપી છે; અને તેવી પ્રત્યેક દલીલનું ખંડન પણ સફળતાથી આપ્યું છે.

આખા સંવાદને અંતે મંદોદરીને ઈશ્વર અને બ્રહ્મા તરફથી રાવણ અને કુંભકર્ણના અવતારની હકીકત કહેવામાં આવેલી છે, જેથી મંદોદરીને રાવણના વિષયમાં જે ક્રોધ અને અણગમો હતાં તેનું નિવારણ થાય છે:

"રીસ નિવારૂં રાણી ભણઇ, લાગી પાગિ પિતામહ તણઇ.
પ્રીઅ સરસો કીધો પ્રસંગ, વલ્યા વિધાતા 'વરતો રંગ.'
'કંથ કપટ નઇ કામિનિ કલહિ, અન્તયુધિ પરિ જાસિઇ વિલહિ.'
'ધરિ ગુલ રાડિ ન પાડિવિ સલ, ચખિ દેતાં કાયા કુશલ.' ૩

કવિએ સંવાદ આખો ચોપાઇમાં જ આપ્યો છે. માંડણ જેવી આ પટ્પદી ચોપાઈ નથી, પણ અષ્ટપદી છે; એટલે સાદી રીતે કહિયે તો બબ્બે કડીની એક કડી માની છે. કવિએ માત્ર આદિ અને અંતમાં અનુક્રમે ચાર અને પાંચ દોહરા આપ્યા છે, જેમાં છેલ્લા પાંચ ઉપર પૂર્વછાયો શબ્દ મળે છે.

તળ જૂનાગઢમાં જ થયેલા આ કવિએ તે પૂર્વે સાં. ૧૫૩૬ લગભગમાં

---

૧. એજન, પૃ. ૮૧ ૨. એજન, પૃ. ૮૧
૩. એજન, પૃ. ૧૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિધન પામેલા ગૂજરાતીના આદિ કવિ નરસિંહ વિશે પોતાના કાવ્યમાં લેશ પણ ઇસારો ન કર્યો હોવાથી–અને નરસિંહ જેવો સમર્થ કવિ અને ભક્ત તેની પૂર્વે થયેલો હોય તો તેણે નોંધ કરી જ હોય તેવી માન્યતાથી કેટલાક નરસિંહનો સમય ખસેડવા ચાહે છે;[૧] પણ એ જ શ્રીધરે રચેલું "ગૌરીચરિત્ર" જોતાં શ્રીધરે નરસિંહની કાવ્યપદ્ધતિનું અનુકરણ કર્યું માની શકાય છે. "ગૌરીચરિત્રની" હાથપ્રત મોડે લખાયેલી[૨] મળતી હોવાથી તે કાવ્ય "રાવણમંદોદરીસંવાદ"ના કર્તા શ્રીધરની કૃતિ હોવા વિશે શંકા થાય; પણ કેટલુંક શબ્દસામ્ય[૩] તેમ જ "ગૌરીચરિત્ર"નું રચનસ્થાન જોતાં તે બંને કૃતિનો કર્તા એક જ 'શ્રીધર' સંભવે તેમ છેઃ

"ગાય ઈશ્વરચરિત્ર–ગૌરી, સાંભળે સહજે કરી;
તેના પિંડ પાતક જઈ, પુણ્ય થાય માધમજ્જન સરસ્વતી. ૩
સરસ્વતી સાયર નીર નિર્મળ, સોમશિરે ધારા ઢળે;
પુણ્ય તણા પ્રભાવ વાધે જે કો ગાયે સાંભળે. ૪
શ્રીધર [૪]સ્વામી–ચરિત્ર શિવનાં, ભાવે ગાતાં સાંભળે;
મનમનોરથ પૂર્ણ હોયે, કૈલાશપતિ પ્રેમે મળે." ૫

સાગરમાં સરસ્વતી જ્યાં વહે છે અને જ્યાં સોમશિર–સોમેશ્વર–સોમનાથ મહાદેવ પર જલધારા વહે છે–તે જલ છે, એવા સ્થળમાં આ "ગૌરીચરિત્ર" ગાય–સાંભળે તેનો પુણ્યપ્રભાવ વધવાનું કવિ

---

૧. ક. મા. મુનશીઃ નરસૈંયો ભક્ત હરિનોની પ્રસ્તાવના

૨. સાં. ૧૬૭૫ માં લખાયેલી પ્રત ઉપરથી બૃ. કા. દો. ના ૬ ઠ્ઠા ભાગમાં પૃ. ૪૭૬–૪૮૩ ઉપર એ કાવ્ય છાપવામાં આવ્યું છે.

૩. પ્રબોધબત્રીસી અને રા. મં. સંવાદની શ્રી. શં. છ. રાવળની પ્રસ્તાવના, પૃ. ૧૭

૪. "શ્રીધર" પછી "સ્વામી" શબ્દ કાવ્યના આરંભમાં અને અંતે અહીં આવતો હોવાથી દી. બ. કૃ. મો. ઝવેરી આનું નામ શ્રીધર સ્વામી ગણતા જણાય છે; પણ અહીં કે ત્યાં બંને સ્થળે એ શિવના અર્થમાં પ્રયોજાયેલ છે, "શ્રીધરના સ્વામી" તરીકે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહેતો હોવાથી તેણે પ્રભાસપાટણમાં આ કાવ્યની રચના કરી છે; એટલું જ નહિ પણ પોતે તે સ્થળનો હોવાનું ન કહેતાં ત્યાં ગાવા–સાંભળવાની વાત કરતો હોવાથી એમ સમઝાય છે કે તે યાત્રાર્થે જૂનાગઢથી અહીં આવ્યો હોય અને શીઘ્રતાથી શિવ–ભીલડીસંવાદ-રૂપ આ "ગૌરીચરિત્ર" રચી કાઢી શ્રીસોમનાથ સમક્ષ ગાયું હોય.

આ "ગૌરીચરિત્ર" નાં ૧૬ કડવાં અને નરસિંહની ચાતુરીઓ સરખાવતાં તે બંને કાવ્યની ટૂંકાંટૂંકાં કડવાં ઢાળની પૂર્વ કડી સરખાં છે. નરસિંહે "રાધાકૃષ્ણ–સંવાદ" ગાયો છે, તો શ્રીધરે "શિવભીલડીસંવાદ" ગાયો છે. અને આ પદ્ધતિનાં અન્યત્ર ક્યાંય પણ કોઈ કાવ્ય મળતાં નથી; એ જોતાં નરસિંહની કૃતિ શ્રીધરે[1] જોઈ હોય તે સંભવે છે.

બેશક શ્રીધરે કાંઇક વૈવિધ્ય સાધ્યું છે. તે એ કે ઢાળ પૂર્વની કડીઓમાં જે **સાંકળી** લીધી છે, તે નરસિંહમાં નથી મળતી; જે ભાલણ વગેરેમાં મળે છે. એ જ રીતે દરેક કડવાને અંતે શ્રીધરે **વલણ** આપ્યું છે (ભલે એના છપાયેલા કાવ્યમાં ક્યાંય પણ **વલણ** શબ્દનો પ્રયોગ નથી,) એ પદ્ધતિ પણ નરસિંહમાં નથી, ત્યારે ભીમે 'પ્રબંધો"માં બતાવી છે, તેવી છે. નરસિંહની "ચાતુરી છત્રીસી"માં આવાં ટૂંકા પણ સાદાં કડવાં જેવો કાવ્યબંધ છે. "ચાતુરી ષોડશી" માં કડીની સંખ્યા વિશેષ હોતાંએ કાવ્યબંધના વિકાસની દૃષ્ટિએ શ્રીધરનો બંધ નવો છે જ. શ્રીધરે ઢાળ પૂર્વની કડીમાં ત્રિપદીઓનો પ્રયોગ પણ કર્યો છે; જો કે નરસિંહમાં પણ ત્રિપદીઓ દેખાય છે, પણ તે સાદી ચોપાઈનાં ત્રણ ચરણ દેખાય છે. માત્ર "ચાતુરી છત્રીશી" માં કેશવદાસના "કૃષ્ણક્રીડાકાવ્ય" જેવો કારિકા–ત્રોટક જેવો બંધ

---

૧. શ્રીધરની કૃતિનું નરસિંહે અનુકરણ કર્યું સંભવે તેમ નથી; કેમકે બંને એક કોટિના કવિઓ નથી; તેમ જ શ્રીધર એવો વિખ્યાત ન હોઇ શકે કે લોકો તેનું કાવ્ય ઠેરઠેર નરસિંહની ચાતુરીઓ જેમ ગાતા હોય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીધરે પ્રયુક્ત કર્યો નથી. શ્રીધરનો બંધ જુઓ. ભીલડી રૂપે થયેલાં પાર્વતીનું કવિ વર્ણન કરે છે કેઃ

કડવું ૩ જું — રાગ ચાલતો

"રૂપ તે લીધલું રે, ભીલીનું ભવાની રે;
નાની તે થઇ રે વરસ નવ સાતની એ.
શિવજી જ્યાં બેઠા રે, સમાધિ ધરીને રે,
ત્યાં આગળ ભીલડીએ રાગ અલાપીયો એ.

ઢાળ

રાગ અલાપીયો ટોડી ગતનો, મલ્હાર ગાયો મન ધરી;
સાતમી શરતે નૃત્ય માંડયું, ભાવ ભૈરવનો કરી.
મન ધરી મેરુ સમાન માયા, પાન પેહેરયાં વન તણાં
મોરંગ મસ્તકે વેણ વાંકી, શ્રવણ ટોડર સોહામણાં.
સોહામણી દિલ તણી ચોળી, ગળે ગુંન્જહાર રે;
ચુનડી ચરણા કુસુમ કેરા, ભીલડી ઓપે અપાર રે.
હર ધરી હેયે હશી ગાયે, ચક્ષ ચાલ કરે ઘણું;
મન્મથ જમલો આણી રાખી, રૂપ રચ્યું ભીલીતણું."[૧]

આમાં છેવટે વલણ નથી, તો કડવાના આરંભનાં પદોની દ્વિરુક્તિ અંતે કરી છે. બીજાં કડવાઓમાં પ્રાયઃ છેલ્લીની પૂર્વની કડીના શબ્દોની દ્વિરુક્તિ મળે છેઃ

આ સાથે નરસિંહની એક ચાતુરી સરખાવિયેઃ

ચાતુરી ૧૦ મી—રાગ દેશાખ ભૂપાલ

"દૂતી તહાં આવીજી, સુંદરીને લાવીજીઃ
તે તો ભલી ભાવીજી, સેજે પધરાવીજી.

ઢાળ

સેજે પધરાવી સુંદરી, ને સર્વરી સુખ આપીયું;
એહ રંગ રાતી સુજસ માતી, જનમ દુકિત કાપીયું.

---

૧. બૃ. કા. દો., ભાગ ૬ ઠો, પૃ. ૪૭૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોટિક કામવિલાસ વિવિધ, બેહુ સમોવડ શોભી રહ્યાં;
એવો પ્રેમમારગ અનુભવ્યો રસ, નરસઇયો હૂતો તિહાં.''[१]

બંનેએ હરિગીતની ચાલની ચોપાઈ દાવટીનો ઢાળ પ્રયોજ્યો છે, એ ખાસ અહીં લક્ષ્યમાં લેવા જેવી વસ્તુ છે.

આ ''ગૌરીચરિત્ર''થી તે પ્રભાસપાટણનો વતની હોય તેવું દેખાતું નથી; ''રાવણમંદોદરીસંવાદ'' માં જણાવ્યા મુજબ તેનું વતન તો જૂનાગઢ જ ઠરે છે. તે સાં. ૧૫૬૫ માં હયાત છે, એ જોતાં એના સમયમાં ૩૦-૪૦ વર્ષ પર રચાયેલી 'ચાતુરી છત્રીશી અને પોડશી' વૈષ્ણવોમાં ગવાતી તેણે સાંભળી હશે; જેનું અનુકરણ કરવાનો આ પ્રયત્ન તેણે કર્યો છે. ''રાવણમંદોદરીસંવાદ''નો આરંભ જોતાં એનો શ્રીમહાદેવજી ઉપરનો પ્રેમ ''तास शिरोमणि शिवशक्ति''થી સમઝાય છે; એટલે ચુસ્ત કૃષ્ણભક્તના નામનો ઉલ્લેખ કરવાનું તેણે પસંદ કર્યું યે ન હોય. અને તે ઉદારાત્મા હોય છતાં પણ તેના આ બંને કાવ્યમાં કોઈ એવો પ્રસંગ નથી આવતો કે જ્યાં તેને નરસિંહનાં નામનો ઉલ્લેખ કરવાની જરૂર પણ પડે.

શ્રીધરની ''રાવણમંદોદરીસંવાદ''માં સચવાયેલી ભાષા મધ્ય ગૂજ. ની ૨જી ભૂમિકાની છે; અને તેનો સમય જોતાં તે વખતે એ ભૂમિકા પ્રચારમાં હતી, તેવું હાથપ્રતો પરથી જણાય છે. આ કવિના વિષયમાં બીજી કશી માહિતી ઉપલભ્ય નથી.

ચરિતસામગ્રી:—

૧. ''પ્રબોધબત્રીસી'' ને ''રાવણમંદોદરીસંવાદ''-શ્રી શં. છ. રાવળ સંપાદિત
૨. બૃ. કા. દો., ભાગ ૬ ઠ્ઠો
૩. નરસૈયો ભક્ત હરિનો-શ્રી. ક. મા. મુનશી સંપાદિત
૪. ગૂજ. માર્ગ. સૂ. સ્તંભો. શ્રી. કૃ. મો. ઝવેરીવિરચિત

---

૧. ન. મ. કા. પૃ. ૧૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાવડ

[સાં. ૧૫૭૧ માં હયાત]

"મૃગીસંવાદ" કે "મૃગલીસંવાદ" નામના ૪૦૦ કડીના કાવ્યનો લેખક જાવડ નામનો વણિક સં. ૧૫૭૧માં હયાત હતો, તેવું તેના તે એક માત્ર મળતા કાવ્યના અંતભાગ ઉપરથી જણાય છે. ત્યાં તે જણાવે છે કે:

"ચોપાઇ ચારસેં હે ને ચાર સાંભલતાં હોએ ઓધાર.
કવતાએ મુષે કરી જોડ ભૂલા ભણી મ દેશો ખોડ. ૩૯૬
સંવત પંનર એકલોતેર સાર માઘ સપતમી મંગળવાર
વીઆસ કનેથી અરથ જ લેઇ તે ઉપર તાં કથા કહી. ૩૯૭
મલીઆગર દેસ ને **અંદનાવર** ગામ જાતે **વાણીઓ જાવડ** નામ.
વ્રજનાથની સેવા કરે ભોલે ભાવે પદ ઓચરે. ૩૯૮"[1]

એશક કાવ્યના આરંભમાં એ પોતાના ગુરુના વિષયમાં નામોલ્લેખાદિ કરે છે, જ્યાં ગામનું નામ બીજું મળે છે:

"**મલીઆગર** દેશ **નાઓલ** ગામ જાત વાણીઓ **જાવડ** નામ
વીજેનાથની સેવા કરે, ભોલા ભાવે પદ ઓચરે.
ઇશ્વરપણા કરો અંત ધરી, જાએ પાતક જનમનાં બલી
એ જાણતા છૂટે જનમના પાશ **જાવડ વીજેનાથ**નો દાસ."

આ પ્રમાણે એ મલિયાગર દેશનો વતની છે; ગામનું નામ એક ઠેકાણે બદનાવર અને બીજે ઠેકાણે નાઓલ આપે છે. આ દેશ કયો? મલબાર? તો શું ત્યાં કવિ વેપારઅર્થે જઈ રહ્યો હશે અને એની કૃતિ તે ગૂજરાતી હોવાથી ગૂજરાતમાં આવી હશે? એ વણિક છે, એ તો સ્પષ્ટ છે; એટલે વેપાર અર્થે દેશ છોડી અન્યત્ર જઈ વસ્યો

---

૧. ફા. સ. હ. લિ. નં. ૩૬૫ખની હાથપ્રત ઉપરથી શ્રી અંબાલાલ જાનીએ લખી મોકલેલી માહિતીને આધારે આ ચરિત લખ્યું છે. તે માટે લેખક તેમનો ઋણી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય અને ત્યાં કાવ્ય રચ્યું હોય તો ઓછું સંભવિત નથી. તેણે વ્યાસ પાસેથી કથા સાંભળી રચી છે; એટલે કદાચ સંસ્કૃતનો એ જાણકાર ન હોઈ શકે, છતાં અનુભવી તો છે જ. એ કોઈ વ્રજનાથ કે વીજેનાથનો દાસ છે; વ્રજનાથની એ સેવા કરે છે. આ વ્રજનાથ એના ઇષ્ટદેવ જણાય છે; અને વીજેનાથ પણ એ જ ઇષ્ટદેવ સંભવે છે; બલ્કે એક જ નામ છે, એમ સમઝાય છે. કાવ્યના આરંભમાં તેણે સામાન્ય ગણપતિસ્તુતિ ૩–૧૧ કડીમાં અને ૧૨–૨૪ કડીમાં સરસ્વતીની સ્તુતિ વિસ્તારથી કરી છે. પછી મલયગઢ–સોમનાથ તીર્થ વગેરે વર્ણવેલ છે. એ નગરમાં જુદી જુદી નાતોનાં નામ આપેલ છે; ૨૬–૩૪. તે પછી ત્યાં એક શ્રીવેલ પારધી વસે છે, એના કુટુંબ, સ્થિતિનું વર્ણન કરી તે વનમાં શિવરાત્રિએ શિકાર માટે સંચરે છે એમ જણાય છે. વનમાં વૃક્ષો, લતાઓ, પશુ, પંખીઓ વગેરેના ઉલ્લેખોનું લાંબું વર્ણન છે; ૪૬–૭૩. પછી શિકારનો અભાવ, બીલીના ઝાડે ચઢવું વગેરે છે.

જાવડની પ્રતિ સં. ૧૯૩૩ની છે. જોકે મૂળ ગ્રંથ મૃગલીસંવાદ જૂનો સં. ૧૫૭૧નો છે. નાકરે પણ વ્યાધમૃગલીસંવાદ રચ્યો છે. તે ગૂજ. પ્રેસના બૃહત્કાવ્યદોહન ૮મા ભાગમાં છપાયો છે. પ્રા. કા. ત્રૈ.માં પણ તે છપાયો છે. બન્નેમાં કેટલોક વધારોઘટાડો છે.

જાવડની રચના ચોપૈ, દોહા, પૂર્વછાયામાં છે. કડી ૪૦૦ છે, જ્યારે કવિ ૪૦૪ હોવાનું લખે છે. નાકરના અને જાવડના સંવાદમાં કથાનું બીબું તો સરખું જ છે, પ્રસંગો પણ સરખા જ, માત્ર હરણીઓ અને હરણ જે કહે છે તેની લઢણ તેમ સોગંદ–પ્રતિજ્ઞાઓ જે લે છે તેમાં કેટલોક ફેર છે, જે તેના–જાવડના કાળની સમાજની સ્થિતિનું પ્રતિબિંબ રજૂ કરે છે, તેમ કેટલુંક ઉપદેશાત્મક–પ્રશ્નોના ઉત્તરો જાવડમાં વધુ છે. નાકરની સંકલના નાની છે, જાવડની મોટી છે, કાંઈક વિસ્તાર અને નાકરમાં નથી તેવા ઉપદેશો–વ્યવહારસૂચનો વગેરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાવડમાં વધુ છે. તે પછી પાણી પીવા એક હરણી આવે છે, તેમ બીજા, અને ચોથા પહોરે બે હરણી અને એક હરણ વગેરે છે.

છેવટ પારધીને શંકર વિદાય દે છે:

"માગ માગ આપું વરદાન, આપું અવીચલ શીવપુર ઠામ
અનેક સુખ ભોગવો કઈલાશ, મનવંછીત ફલ પુરૂં આશ. ૩૯૩
એહ કથા પુરણ પ્રકાશ, સાંભલતાં હોએ શિવપુર વાસ
એક ચોપાઈ જીહાં કેહેવાએ તેહને ત્રુઠે ત્રીભોવનરાએ. ૩૯૪
બ્રધલીસંવાદ જે શ્રવણે સુણે, હોએ પુન તે પાપને હણે
એહ કથા જે પુન પ્રકાશ સાંભલતાં હોએ સ્વર્ગનીવાસ. ૩૯૫"

ડેક્કન કૉલેજની લાયબ્રેરીમાં મધ્યકાલીન ગૂજરાતીની ૩જી ભૂમિકાને સાંચવતી સં. ૧૭૧૯માં થયેલી એક નકલ છે. બીજી એક સારી નકલ મુંબઇ-ગૂજરાતી પ્રેસના સંગ્રહમાં પણ છે. એક અર્વાચીન નકલ સં. ૧૯૩૩માં લખેલી ઉપર જેમાંથી અવતરણો લેવામાં આવ્યાં છે તે ફા. ગૂ. સભાના સંગ્રહમાં પણ છે.[૧] આ પ્રતો ઉપરથી જો એ કાવ્ય પ્રસિદ્ધ કરવામાં આવે તો નાકર વગેરે પછીના કવિઓએ જાવડમાંથી કેટલું લીધું છે, એ વગેરે જાણી શકાય.

જાવડનું નામ કાંઈક વિચિત્ર છે, પણ એવા પ્રકારનાં નામો તે કાળમાં પડતાં હતાં. જૈન કવિ દેપાલનો "જાવડ-ભાવડ" રાસ મળે છે; એ જાવડ કોઈ જૈન શેઠ છે. આપણો જાવડ પણ વેપારી તો જણાય છે જ. આ કવિના વિષયમાં બીજી કશી માહિતી લભ્ય નથી. નાકરે આની કૃતિ જોઈ હોય કે ન હોય, પણ બંનેમાં વસ્તુસામ્ય છે. સંભવ છે કે બંનેને એક જ વસ્તુ સ્વતંત્ર રીતે મળી હોય; કે જેવું આપણે વાસુના વિષયમાં જોયું છે.

એ સં ૧૫૭૧માં હયાત છે; એટલે એની ભાષા મધ્યકાલીન ગૂજરાતીની દ્વિતીય ભૂમિકાની છે; જૂની હાથપ્રતને અભાવે તૃતીય

૧. ડે. कॉ. नं. ૧૫૪૪; ગૂજ. ની ૧૫૨ च; અને फा. ૩૬૫ ख

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂમિકાની ભાષા તેની ૧૭૧૯ની પ્રતમાં મળે છે. ગૂજરાત બહાર જઇને તત્કાલીન ભાષામાં લેખક કાવ્ય લખે, એ એક મહત્ત્વની વાત છે. એ રીતે જાવડ મહત્ત્વનો છે.

ચરિતસામગ્રીઃ—

૧. ફા. ગૂ. સ. સંગ્રહ નં. ૩૬૫ ख
૨. ડેક્કન કૉલેજ–લાયબ્રેરી નં. ૧૫૪૪
૩. ગૂજ. પ્રેસ, મુંબઈ, નં. ૧૫૧ च

નાકર

[સાં. ૧૫૭૨–૧૬૨૪ માં હયાત]

પાટણના સમર્થ આખ્યાનકાર કવિ ભાલણ પછી, જોકે તેટલો જ સમર્થ નહિ છતાં ઘણાં આખ્યાનો અર્પનારો, લોકકથાં આપનારો, અને સૌથી પ્રથમ મહાભારતનાં એક કરતાં વધુ પર્વોને દેશીબદ્ધ[1] ગૂજરાતી ભાષામાં ઉતારનારો વણિક નાકર કયારે જન્મ્યો એ જોકે જાણવામાં નથી, છતાં તેનાં કાવ્યોમાં મળતા રચ્યા સંવત્સર ઉપરથી તે સં. ૧૫૭૨થી તો આખ્યાનકાર તરીકે પ્રસિદ્ધિમાં આવવા લાગ્યો હતો જ. હરિશ્ચંદ્રાખ્યાનમાં તે જણાવે છે કેઃ

"સંવત પંદર બોતેર અભ્યાસ, બુધાષ્ટમી ભાદરવો માસ."[૨]

આ પહેલાંની તેની કોઈ પણ કૃતિ હાથ લાગતી નથી; અને તેના રામાયણની રચ્યા સાલ સં. ૧૬૨૪[૩] મનાતી હોવાથી હરિશ્ચંદ્રાખ્યાન પૂર્વે તેણે બીજું કોઈ કાવ્ય રચ્યું હોય, એ સંભવિત નથી.

એના વિષયમાં તેનાં કેટલાંક કાવ્યોના અંતભાગમાં જે કાંઈ

---

૧. નાકર પહેલાં એક શાલિસૂરિ નામના જૈન કવિએ વિરાટપર્વ અક્ષરમેળ વૃત્તોમાં રચ્યું એક માત્ર પ્રાપ્ત થાય છે. એ સિવાય બીજા કોઇ પણ કવિનાં નાકરથી જૂનાં મહાભારતીય પર્વો મળતાં નથી.

૨. બૃ. કા. દો. ભાગ ૬ ઠ્ઠો, પૃ. ૭૦૬

૩. બૃ. કા. દો. ભાગ ૮ માની પ્રસ્તાવના, પૃ. ૩૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થોડી ઘણી માહિતી મળે છે, તે સિવાય વિશેષ પ્રાપ્ત થતું નથી. તેણે તેના હરિશ્ચંદ્રાખ્યાનમાં લખ્યું છેઃ

"દિશાવાળ કુળ અવતર્યો, **વીરક્ષેત્રમાં** વાસ;
વિકાનો સુત વિનવે, **નાકર** હરિનો દાસ. (ક. ૩૧-૭)"

વીરક્ષેત્ર એ જ વડોદરા છે. તે 'વટપુરવાસી વણિક દિશાવાળ રે, અજ્ઞાન હું વિકાનો બાળરે (શિ.-વિ.-૧૪૧૬)' એ સ્થળે ખુદ નાકર જ જણાવતો હોવાથી કોઈ જાતની શંકા નથી. આમ તે વડોદરાનો વતની અને જ્ઞાતિએ દિશાવાળ વણિક હતો; અને તેના પિતાનું નામ વિકો હતું. તેણે આટલાં બધાં આખ્યાનો ગુજરાતી ભાષામાં ઉતાર્યાં છે, એટલે તેને સંસ્કૃતનું જ્ઞાન હોવું જોઈયે, એમ લાગે, પણ તે વાતનો એ પોતે જ ખુલાસો કરી નાખે છે કેઃ

"સંસ્કૃત મેં જાણ્યું નહીં. જાણી પ્રાકૃત વાણ."

[અભિ. આ. ૧-૯]

ધ્રુવચરિત્ર તો તેણે ભાગવત સાંભળી કર્યાની તે કબૂલાત આપે છે જઃ

" શુણી ભાગવત રે, કથા કરી ધ્રુવ તણી;
હરિકૃપાએ રે, ગ્રહણ થઈ એની ગતિ. ૨૫"[1] (કડવું ૧૩)

તે સંસ્કૃતજ્ઞ હોત તો અવશ્ય પ્રામાણિકપણે આખ્યાનોનાં કથાનક મૂળ મહાભારતને કે ભાગવતાદિને અનુસરી લખ્યાં હોત. તેણે તેમ ન કરતાં તદ્દન સ્વતંત્ર રીતે મહાભારતનાં પર્વો વગેરે ગૂજરાતીમાં રચ્યાં છે. એ જોતાં એ બીજા કેટલાક આખ્યાનકારો શિવદાસ વગેરે જેમ ગુરુમુખેથી કથા સાંભળી આખ્યાનો રચનારો હતો. મહાભારતમાંથી આદિ-સભા-આરણ્યક-વિરાટ-કર્ણ-ભીમ-ગદા એ પર્વો તો તેની છાપનાં જ મળે છે, શલ્ય, સૌપ્તિક અને સ્ત્રીપર્વમાં તેના નામનો ઉલ્લેખ નથી, છતાં

---

૧. શિવરાત્રિની કથામાં પણ તે લખે છે કે—
"મેં સાંભલિયૂં હરિજન પાસ.
તેહ સુણી કીધો અભ્યાસ. ૨૬૭"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમાંના સૌપ્તિકપર્વમાં નાકર જે બ્રાહ્મણના પુત્રને (કે જે બ્રાહ્મણને) કવિતા કરી કથા કરવા અર્પણ કરી દેતો તે મદનના નામનો ઉલ્લેખ મળે છે; એટલે એ પણ નાકરની કૃતિઓ છે. નાકર તેનાં કાવ્યોમાં છેક છેલ્લી કડીના છેલ્લા ઉત્તરાર્ધમાં જ પોતાનું નામ આપતો હોવાથી એ ભાગ લુપ્ત થતાં નામ આખું ઊડી જાય એ શક્ય છે.

નાકરની નિઃસ્પૃહતા ખરેખર આશ્ચર્ય ઉપજાવે તેવી છે. એક બ્રાહ્મણનો નિભાવ ચાલ્યા કરે એ જ ઉદ્દેશથી ગૂજરાતી ભાષામાં સારી સેવા કરી જનારા ઘણા જ ઓછા મળશે. એ નાગરમિત્રના યોગક્ષેમ માટે નાકરે કાવ્યો રચી આપ્યાં હતાં, અને તેમાં મદન કે મદનસુતને સિદ્ધિ પણ મળતી હતી, તે નાકરે કરેલા વિરાટપર્વમાંના ઉલ્લેખથી સમઝી શકાય તેવું છેઃ—

"કરી ગ્રંથ વાડવ-કરિ સૂંપ્યુ, વિશ્વિ પુણ્ય વિસ્તાર રે,
વૃદ્ધનાગર કુલિ નામ મદનસુત, ગાઇ થાઇ ભવનિસ્તાર રે. ૨૨"

(વિ. વ. ૬૫-૨૨)

મહાભારતનાં પર્વોમાં આદિ[૧] અને સભાપર્વ તેણે સ્વતંત્ર નથી લખ્યાં. એ બે પર્વો ટૂંકમાં તેણે તેના મહાભારત-આરણ્યકપર્વમાં લઈ લીધાં છે; જ્યારે બીજું સભા ને નાનું આરણ્યકપર્વ તેણે વિરાટ-પર્વના આરંભનાં ૨૩ કડવાંમાં સમાવી દીધેલાં છે. ભીમ અને ગદાપર્વ એ મહાભારતનાં પેટાપર્વો છતાં નાકરે વિસ્તારથી લખ્યાં છે; એટલે જ શલ્યપર્વમાં એ મળતાં નથી. ઉદ્યોગપર્વ પણ તેણે ટૂંકમાં ગદાપર્વમાં સમાવી લીધું છે.

મહાભારતનાં પર્વો ઉપરાંત તેણે હરિશ્ચંદ્રાખ્યાન (ર. સાં. ૧૫૭૨), અભિમન્યુઆખ્યાન (અપ્રસિદ્ધ), કર્ણચરિત (અપ્રસિદ્ધ), કૃષ્ણવિષ્ટિ-ભ્રમરગીત (અપ્રસિદ્ધ), ચંદ્રહાસાખ્યાન, ધ્રુવાખ્યાન, નળા-

---

૧. વડોદરા સેન્ટ્રલ લાઈબ્રેરીમાં ૬૬૨ નંબરની સાં. ૧૭૬૯ માં ઉતારેલી આદિપર્વની નકલ છે. એ જો નાકરની કૃતિ હોય તો તેણે આદિ પર્વ સ્વતંત્ર પણ રચ્યું સંભવે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખ્યાન, ઓખાહરણ, ભવાનીનો છંદ (કર્તા લઘુ નાકર–અપ્રસિદ્ધ), ભીલડીના ૧૨ માસ, મૃગલીસંવાદ, મોરધ્વજાખ્યાન, રામાયણ (અપ્રસિદ્ધ), લવકુશાખ્યાન, વિદુરની વીનતી, વીરવર્માનું આખ્યાન, (અપ્રસિદ્ધ), શિવવિવાહ, શૃંગાલપુરી, સુધન્વાખ્યાન (અપ્રસિદ્ધ), સોકઠાનો ગરબો (અપ્રસિદ્ધ) એ કાવ્યો રચ્યાં છે. આમ કવિતા–સમૃદ્ધિમાં તેના પૂર્વના કોઈ પણ કવિ કરતાં તે આગળ આવે છે, અને ભાલણ પછી આખ્યાનોની પરંપરાને પરંપરિત રાખે છે.[૧] બેશક ભાલણની શક્તિઓ એમાં નથી, છતાં ધાર્મિક જનતાને ધર્મમાં ખેંચી રાખે અને થોડે ઘણે અંશે કાવ્યના રસાસ્વાદને જાળવી રાખે, તેટલી શક્તિ તો તેમાં છે જ, તે તેનાં કાવ્યોમાં આવતાં જુદા જુદા રસની છાંટવાળા પ્રસંગોનાં સાદાં, સરલ છતાં રોચક વર્ણનોથી સમઝાય તેમ છે,

આપણને ભાલણમાં પદપદ્ધતિનું અને કડવાપદ્ધતિનું સંમિશ્રણ મળે છે, એ ઉપરાંત સ્વતંત્ર કડવાપદ્ધતિ પણ મળે છે. આ પદ્ધતિ ભાલણના પુત્ર ઉદ્ધવે પ્રત્યેક કડવામાં ૫૦ કડી યોજી જાળવવાનો પ્રયત્ન કર્યો છે; પણ આની સાથોસાથ નાનાં મોટાં અનેક કડવાંઓ વિવિધ રીતે તો સૌથી પ્રથમ આપણને નાકરમાં જ મળે છે. અત્યાર સુધીમાં પ્રાપ્ત થયેલાં નાકરનાં, વર્ષવાળા કાવ્યોમાં " હરિશ્ચંદ્રાખ્યાન " સૌથી પહેલું લાગે છે. નાનાં નાનાં ૩૨ કડવાનું " શ્લોક બસે ઉપર બત્રીસ " નું એ નાનું કાવ્ય છે. ઉદ્ધવના રામાયણમાં ૫૦–૫૦ કડીનાં નિયમિત કડવાંને બદલે નાકર તો હજી પાંચ છ કડીનાં કડવાં મુખ્યત્વે લખે છે. જો કે ક્વચિત્ પાંચ છ કડી વધારે પણ આપે છે, એક માત્ર એકવીસમું કડવું ચોપાઈની ૩૫ કડીનું છે. પ્રાયઃ એ ધ્રુવપદની એક કડી આપી ઢાળ આપે છે અને કડવાને અંતે " વલણ " આપે છે. આમ છતાં કદી ધ્રુવપદની કડી હોતી પણ નથી. આપણને

૧ નાકરે ભાલણની કાવ્યપદ્ધતિનું અનુકરણ પણ સારી રીતે કર્યું છે, તે કાદંબરી અને વિરાટપર્વ વગેરેને સરખાવવાથી સમજી શકાય તેમ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીધરના "ગૌરીચરિત્ર"નાં નાનાં નાનાં કડવાંનું સામ્ય આમાં જણાય છે. એણે હરિગીત અને સવૈયા ચાલની ચોપાઇદાવટીનો બંધ આ કડવાઓનાં અત્રતત્ર સ્વીકાર્યો છે. આપણને પહેલું આખ્યાન કાંઇક અપકવ લાગે છે. નીચે હરિશ્ચંદ્ર અને તારા રાણી વેચાવાને માટે અયોધ્યા નગર છોડી જાય છે, તે પ્રસંગે કરુણ રસ સારી રીતે જમાવી શકાયો હોત, પરન્તુ નાકર ટૂંકથી પતાવી દે છે:

કડવું ૧૬ મું—રામગ્રી

"છાસીક (?) ત્રણે વિમાસે મન જી, રણ છુટવાને બ્રાહ્મણ જી;
શરીર પોતાનાં વેચવા જાય જી, નગ્ર અજોદ્ધા મૂકી સભાય જી.

ઢાળ

મેલ્યાં તે મંદિર માળિયાં, ને સુરજવંશી જાય;
માનવી પાણી નહીં પીએ, ત્યાં પશુ ચાર ન ખાય.
રૂદન કરતાં લોક ન રહે, ઘડી એક લગાર;
બ્રાહ્મણ ક્ષત્રી વારતા, વારે તે વર્ણ અઢાર.
ઘાંચી મોચી સૂઇ ને, લુહાર ને સૂથાર;
માળી તંબોળી કંસારા, તેનો ન લાવે પાર.
માછી કાછીઆ ને છીપા, પીરીયટ ને પીંડાર;
ભાટ ને ભરવાડ ઘાંચા, વાળંદ ને શલાટ.
વણીક ને ત્યાં મળ્યા કણબી, વળી આશ્રમ ચાર;
કલાલ વણકર ને મધ્યમ એમ રડે વર્ણ અઢાર.
એટલામાં બે ન રોયા, એક ભોઈ ને ભેંસાત; (?)
બાકી સર્વે રૂદન કરતા, મળી સર્વે જાત.

વલણ

ભોઇ ભેસાત (?) નવ રોયા, તે દયાને નહીં જાણતા;
અનંત વર્ણે રૂદન કીધું, સૂરજવંશી ચાલતાં."[1]

આ છતાં આ કાવ્ય કાઢી નાખવા જેવું નથી જ. કવિએ રોચક થાય તે પ્રમાણે સર્વભોગ્ય સ્વરૂપમાં કાવ્ય બાંધ્યું છે. એમાં જુદા જુદા

૧. બૃ. કા. દો. ભાગ ૬ઠ્ઠો, પૃ. ૬૯૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાગોમાં કવિતા ગવાતાં માણભટ્ટ પ્રસંગને જમાવવામાં ઠીક ઠીક શક્તિમાન થતો હશે નાકરમાં જ સૌથી પ્રથમ પોતે કાવ્યમાં કયા કયા રાગો પ્રયોજે છે, કેટલાં કડવાં, કેટલી કડીઓ, એ મળે છે, જેનું પછીથી વિષ્ણુદાસ વગેરેએ અનુકરણ કર્યું સમઝાય છે. હરિશ્ચંદ્રાખ્યાન, નળાખ્યાન વગેરેમાં રાગોની ગણતરી તેણે આપી છે. હરિશ્ચંદ્રાખ્યાનમાં:

"રામગ્રી દેશાખ ને આશાવરી, ગોડી ભૂપાલ ને ધન્યાશરી;
રામકલી વેરાડી શોખ, સામેરી સોરઠીનો જોગ.
મલાર આંદોલ ગોડી ને મેઘ, સોરઠી એવો વીવેક
રાગ તે સુંદર કડવાં બત્રીશ, શ્લોક બસે ઉપર બત્રીશ."[1]

ક્વચિત પાછળથી રાગનાં નામ ન આપતાં કેટલા રાગ એટલું જ કહ્યું હોય છે. સં. ૧૬૭૧માં રચાયેલા વિરાટપર્વ (મોટા)માં "રાગ પન્નર નિ કડવાં પાંસઠિ, ઓત્તમ કથા અવિનાશિ રે"[2] એમ જ કહેવામાં આવ્યું છે. "શિવવિવાહ"ને અંતે પણ "ચૌદ રાગ ને ત્રણ ઢાળ રે", એમ કહેવામાં આવ્યું છે.[3] રાગોનો વિષયવાર વિભાગ તો તેના માત્ર નળાખ્યાનમાં જ મળે છે.

રાગ પ્રભાતી

"ગોડી માંહિ કીધા ગહિઘાટ । દૂત રમાડા તિ દેશાખ ।
રાંમગ્રીએ લીધો વનવાસિ । કાલિરે પ્રીઉ માહેલો પાશ ॥ ૧ ॥
અગ્રરાશિ (?) અગીઅરિ ગલે । સોરઠીએ શધિ લેવા પલે ।
વ્યરાડીએ વનમાંહિ રડવડી । ભૂપાલિ માસીનિ મ્યલે ॥
કેદારિ પ્રીઉ ગયો કચહી । શાંમિરીએ શધિ પીએર થઇ ॥ ૪ ॥
કેદાર ગોડીએ પીએરનિ મ્યલ્યા । સબાપે (?) તાં શધિ લાવીઆં ॥ ૫ ॥
વસંતે તાં ચેતાવીઆં । ધન્યાશીએ તાં પેર પામીઆં ॥ ૬ ॥
કનડે પ્રીઉ કરૂ પ્રણાંમ । મ્યલાં રે થૈ ચતૂર સુજાણ ॥ ૭ ॥
અશાઉરીએ પોહોતી આશ । મેઘરાગિ પ્રીઉ પાંમી પાસ ॥ ૮ ॥
પ્રભાતીએ પાંમ્યાં રાગ । શેવક જનનાં શીધાં કાજ ॥ ૯ ॥

---

૧. એજન, પૃ. ૭૦૬ ૨. મહાભારત ગ્રંથ ૩ જો, પૃ. ૨૩૨
૩. પ્રા. કા. ગ્રં. ૧૧, પૃ. ૧૪૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માહાભારથઇ એ તાં કથા । શાંલલજો જન સહુ સર્વથા ॥૧૦॥
તેમાં નૈષધનો ઉપદેશ । શ્રીહરિષ કવે તૂં સદા નરેશ ॥૧૧॥
પદ ચ્યારસે ને પંચવીશ । કડવાં ૧૨ નિ રાગ ઉગણીશ ॥૧૨॥
સંવત પંનર એકાઇશીએ । પ્રારંભ માશ માગસર દિન સાત્યમ ॥
માંદો હૂતો નિ મગ જગ્યો । ઇંદૂ હૂતો અગારમુ ॥૧૪॥
અજાંણતાં મિ કીધો રાસ । કહિ નાકર હૂ હરીનો દાસ ॥૧૫॥"[૧]

સં. ૧૫૭૨-૮૧ માં રચેલી આ બે કૃતિ વચ્ચે એણે કોઈ પણ કાવ્ય લખ્યાં હોય તો તે જાણવામાં નથી. આ કાવ્ય પણ નાનું છે, પણ સુંદર છે. હંસ રાજા નલ ને દમયંતીના સૌન્દર્યની માહિતી આપે છે, એ પ્રસંગ નાકરની વાણીમાં આ પ્રમાણે સરી આવે છે:

"એહેવૂં કહીનિ હંસ સાંચરિ । આવી નલ પ્રતિ ઉચરે । ૭૫
અરે નલ વીનતી અવિધારિ । શું જીવે છે એ સંસારિ ।
બ્રહ્મા બેઠો ભાંજે ઘડે અંદૂ ના તનને નિતનિત નડે । ૭૬
પ્રતિબ્યંબ નીપાઇ જોય । દમંતી મુખ સમતૂલ્ય ન હોએ ।
તાહરે મુખ તાં છિ કલંક । દમંતીનુ મુખ છે નીકલંક । ૭૭
લજા પાંમી ઇંદુ જાય......દલનિ ઉલવે ખોસાય ।
ઈંદૂ વદન પડો વ્યહ્વાદ । બ્રહ્મ આગલિ આવ્યા અહ્લાદ । ૭૮
મોર પિછ દમંતીના કેશ । બ્યોહો માંહિ ઉપનો રેશ ।
બ્રહ્મા આગલિ બ્યુહુય ગયા । સત્ય બોલો ને આંણો દયા । ૭૯
પુસ્પ ચડાવી લાગા પાય । પણ સમતુલ્ય તાં નહીય થવાય,
બ્રહ્મા ખીચા એમ ઉચરચા અર્દ્ધચંદ્ર કાઢી પરવરચા । ૮૦
લજા પાંમી મોર તાં ગયા કાર્તંગને શર્ણાગત રહા ।
ગતિ લીધી છે ગહેવર તણી । તે સહુ ચાલુ રાજા ભણી । ૮૧
સાંભલી રાજા તું વીનતી । રાષ ન, સાંભલે ઠાકુર રતી ।
ન સાંભલે ને ચઢે છે રીસ । તે માટિ રજ નાંખે શીસ । ૮૨
કોરંગ વનમા કરે અશ્રપાત । સ્વાંમી કાં કીધી ઉપઘાત ।
એવુડૂ દુખ સા માટિ દીધ । દમંતી લોચન ચોરી લીધ । ૮૩

૧. દ. હ. લિ. પુ. નં. ૭૩૮ જી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નગર ગયા નિ થયા અન્નંણ । લીધાં નેત્ર ને લેશે પ્રાંણ ।
વારાગ નાગ પાતાલિ ગયા જુડો દેખીઓ સંખી રહ્યા । ૮૪
વદન કમલ પડયો વહુવાદ । લોકેશ્વર બોલ્યા અહેલાદ ।
લજ્જા પાંમી કમલ તે ગયાં । વારિ મધિ તે પેશી રહ્યાં । ૮૫

સૂડા પોપટ ન બોલતા । જે વન માંહિ વાશે હતા ।
પ્રૌઢ પ્રૌઢ તે નાશી ગયા । લઘુપણિ ચંચ ચઢાવી રહ્યા । ૮૬

આગે વાણી બોલતા નિટોલ । દમંતીયે રામ બોલાવ્યા બોલ ।
જાંઘે જીતી તે કંદલી । તેહની થરથર કંપે વલી । ૮૭

અધૂર પ્રવાલી જીતી ચેહ । દુખે તંનિ પડાવે વેહ ।
સોનુ બેઠા ઘડે સોનાર । પણિ સમતુલ્ય તાં નહીય થવાય । ૮૮

દમંતીનુ તન તાં દહે । કારણ કૂંઅર કહેને નવિ કહે ।
મનમાંહે ઝુરે દીવસ ને રાતિ કોહ સાથિ ન કરે વાત । ૮૯

દશ પાંચ તાં લંઘન થઇ । દાશી સાથિ બોલે નહીં ।
અન્યોઅન્ય કેહે છે શો રોગ હવે થયાં પરણીવા જ્યોગ્ય ॥ ૯૦ "[૧]

બેશક પ્રેમાનંદના દમયંતીવર્ણન જેવું આ વર્ણન નથી, એમ છતાં નબળુંયે નથી. એક સંસ્કૃતાનભિજ્ઞ લેખક સ્વયંસ્ફુરિત અલંકારો ભાષામાં પ્રયોજે છે; એની આ કૃતિની અસર પ્રેમાનંદ ઉપર હોવાનું શ્રી અંબાલાલ બુલાખીરામ જાનીએ બતાવ્યું છે,[૨] એ નાકરને ઓછો યશસ્વી નથી બનાવતું. વિસ્તાર થઈ જવાને ભયે અહીં એ ઉતારાઓ આપવામાં નથી આવતા.

મહાભારતનાં પર્વો અને જૈમિનીય અશ્વમેધનાં આખ્યાનો એક જૈનેતર કવિ લગભગ પ્રથમ જ ઉતારતો હોય તેવો તો નાકર જ છે. વનપર્વાંતર્ગત "નલોપાખ્યાન" ભાલણે ઉતાર્યું; એકને બદલે બે "નળાખ્યાન" તેણે આપ્યાં, પણ તેણે અશ્વમેધનાં આખ્યાનો નથી ઉતાર્યાં. નાકરે પર્વો ઉપરાંત જૈમિનીય અશ્વમેધનાં ચંદ્રહાસાખ્યાન,

---

૧. દ. હ. લિ. પુ. નં. ૭૩૮ જી

૨. બૃ. કા. દો. ભાગ ૮ મો, પ્રસ્તા. પૃ. ૩૮–૪૦

૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોરધ્વજાખ્યાન, લવકુશાખ્યાન, વીરવર્માનું આખ્યાન, સુધન્વાખ્યાન, શૃગાલપુરી (અર્ધલોકકથા) એ ૭ અને મહાભારતના છૂટક પ્રસંગો લઈ અભિમન્યુઆખ્યાન, કર્ણચરિત અને ઉપર બતાવ્યું તે નળાખ્યાન, અને ભાગવતમાંથી વસ્તુ લઈ ઓખાહરણ, કૃષ્ણવિષ્ટિ–ભ્રમરગીત, હરિશ્ચંદ્રાખ્યાન, ધ્રુવાખ્યાન; જ્યારે રામાયણ તો તેણે આખું રચ્યું છે. એમાંનો અયોધ્યાકાંડ આ લેખકે જોયેલો છે. એ ઉપરાંત બીજાં પુરાણોમાંથી વસ્તુ લઇ ભવાનીનો છંદ, ભીલડીના ૧૨ માસ, મૃગલી-સંવાદ, શિવવિવાહ એ કાવ્યો મળે છે. આ બધામાં એણે કડવાબંધ સ્વીકાર્યો છે: બેશક તેને ચોપાઇનો ખૂબખૂબ શોખ જણાય છે અને કેટલીકવાર કડવાંનાં કડવાં માત્ર ચોપાઈમાં જ લંબાય્યે જાય છે. વ્યાધમૃગલીસંવાદ મૂળે ૧૦ કડવાંનું તેવું મુખ્યત્વે ચોપાઈ-બંધનું કાવ્ય છે.

પણ તેની પ્રૌઢિનો પરિચય તો મહાભારતનાં પર્વો જ આપે છે. એ આદિ, સભા, વન, વિરાટ. ઉદ્યોગ, ભીમ, ગદા, શલ્ય, સૌપ્તિક અને સ્ત્રી પર્વો આપણને રચી આપે છે. આદિ પર્વ મોટું હજી જોવામાં નથી આવ્યું, પણ એના આરણ્યક પર્વ મોટાના આરંભમાં તેણે, અગાઉ બતાવ્યું છે એમ આદિ અને સભા, વિરાટ પર્વ મોટામાં આદિ, સભા અને આરણ્યક અને ગદાપર્વના આરંભમાં ટૂંકમાં ઉદ્યોગ પર્વની કથા સમાવી લીધો છે. પૂર્વ કથાનું અનુસંધાન આપવાની તેની આ પદ્ધતિ એક કથાકારને છાજે તેવી છે. આપણે ઉપર જોયું છે કે તેણે મદન નામના નાગર બ્રાહ્મણને પોતાની કવિતા બક્ષિસ આપી છે. એ મદન પછી આખ્યાનો ગાઇ પોતાનો નિર્વાહ કરતો. એ આખ્યાનો, કથાનકો રોચક થઇ પડે, માટે જ તેણે અનેક રાગોમાં પોતાની કવિતા યોજી છે. એના ઢાળો તે કાળે જે સર્વવ્યાપક થઈ ચૂક્યા હતા તે છે. ઢાળોની દૃષ્ટિએ તેમ જ કવિતાની દૃષ્ટિએ ઉત્તમમાં ઉત્તમ નમૂના તરીકે આપણે તેના વિરાટ પર્વને મેળવી શકિયે છિયે; વિરાટ પર્વની વસ્તુ જ સુંદર છે, મૂળ સં. મહાભારતમાં જ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના ઉપર ઓપ ચઢાવીને નાકરે પોતાની દૃષ્ટિએ આખો પ્રસંગ જુદા જુદા અનુરૂપ રસોમાં આપણી સમક્ષ ખડો કર્યો છે. વીર, કરુણ, રૌદ્ર, ભયાનક, હાસ્ય અને અદ્ભુત રસની ઉત્તમ કૃતિ આપણને નાકરના વિરાટપર્વમાંથી મળી આવે છે. આપણને "શૃંગારરસ" પ્રધાનપણે આ પર્વમાં નથી દેખાતો; જ્યાં એ છે ત્યાં એ કરુણનું અંગ બની રહે છે; જેમકે વિરાટ નગરમાં જતાં પૂર્વે યુધિષ્ઠિર આંખમાં આંસુ સહિત દ્રૌપદીનું સવૈયા ચાલની ચોપાઈ દાવટીમાં વર્ણન કરે છે:

"દ્રુપદસુતા નિહાલી ભૂપતિ, આણ્યા અશ્રુપાત:
એ ઘડા જેવડૂં માણિક માનિની, કિમ રહિશિ પરહાથિ?
પુરુષ તણી તાં વાત પાધરી, જિમ તિમ કરીનઇ રહિશિ;
પરભૂપતિ-વશિં પડી પ્રેમદા, કેહી પરિ દિન લેશિ ?
અમ્યો તાં અછતા થઇનિ રહિવૂં, કાંઇ ન થાઇ પ્રાણ;
કન્દર્પ કોટિ કામિની કોમલ, મુખ સોલ-કલા-શશિ જાણિ.
નયન ચંચલ તીક્ષ્ણ શરશારખાં, ભમઇ-કોદણ્ડત્રટિ ધરિઆં;
મન્મથ મેગલ હાથિ વશિ નિત્ય; કયમ જાઇ વશિ કરિઆં ?
શુકનાસા, અધરપ્રવાલી, દન્તદાડિમ, કણ્ઠકપોત;
કનકકુમ્ભ પરિ મણિમઞ્જરી, જલજ નાભિ ઉદ્યોત:
ભુજાદણ્ડ યુગ સૂંઢિ સરીખા, કટિ કેસરી ઉપવાસી.
જંઘાયુગમ કદલી-ખમ્ભ ઉપમિત; ચરણકમલ પ્રતિભાશી.
ગતિ ગજમત્ત ચપલતર વિદ્યુત, પોડશ તનિ શણગાર;
પગ નેપુર ઝણકાર, કિંકણી કટિમેખલા રણકાર;
રુદિકમલ પરિ હાર નવસર, કણ્ઠિ પદકમણિ જડિઆં;
કનકચૂડિ ચતુરાકરિ ખલકિ, ચલકઇ નંગમુદ્રડિઆં;
અંગદ બિરખી સરખી જોડિ, મુહુ મચકોડી ચાલિ;
શ્રવણ ઝાલિ રવિસમ જગમગિ, જડિય જવઈહિર પરિ ભાલ.
સિહિથુ આડિફૂલી ઊગનિઆં, શીશિ રાખડી સારી;
શેષનાગ પરિ ચમરી ચોટલી મોતીડે શંગારી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કામ કોટિદલ સહ હથિઆરૂં કાયર મન કમ્પાવઇ;
શૂર તણઇ મનિ તૃણવત જેણઇ રત્નગર્ભા કહાવઇ.
એ વહ્નિમાંહિથી પ્રગટ પ્રેમદા કૃષ્ણકૃપાઇ પામ્યાં.
અમ ઘરિ આવી સુખ નવિ પામી; દોહલડિ દિન વામ્યા."[૧]

શુદ્ધ કરુણની પરાકાષ્ઠા તો કવિએ, કીચકે દ્રૌપદીને વિરાટની સભામાં ખેંચી તે વખતે દ્રૌપદીએ જે કલ્પાંત કર્યો છે, તે પ્રસંગે બતાવી છે. છેલ્લા ચરણની આવૃત્તિમાં તેણે હદ કરી છે:

"કેશ સાહી કામિની રે તાણી અવની મઝારિ રે.
હાહા કૃષ્ણ કરીનઇં રોઇ પડી, દુષ્ટ તણઇ વસિ નારિ રે.

× × × ×

સવરા માંહિ પરહાથથી રાખી, ત્યારિ કીધૂં સાહજ રે:
પ્રભુ લાક્ષાગૃહ થિકાં રે ઊગારચાં, તે આ વેલાનઇં કાજિ રે?
મહાવનં માંહિ વાસ કરાવ્યુ, (છાંડયૂં) ઇન્દ્રપ્રસ્થનૂં રાજિ રે;
દ્યૂત હરાવ્યાં નઇ સુખિ રાખ્યાં, તે આ વેલાનઇં કાજિ રે?
ભરી સભામાંહિ ચીર, હરિ! પૂરચાં દુરજ્યોધન દલ મઝારિ રે,
દુઃશાસન દુષ્ટ થકી ઊગારી; તે આ વેલાનઇં કાજિ રે?
દૂત કામિક આવ્યા ઋષિ ભૂખ્યા, વાનપ્રસ્થ મુનિરાજ રે;
સૂર્યપઇં સ્થાલી અપાવી, તે આ વેલાનઇં કાજિ રે?
દુર્વાસા આવ્યા શાપ દેવા, દસસહસ્ર વિદ્યારથી ગાજિ રે;
ત્યારઇ સાર કરી સહ્વારી, તે આ વેલાનઈં કાજિ રે?
પોતિ ભૂખ્યા થૈનઇં પધારચા; આણી અહ્માારી દાહ્જિ રે;
શાકપત્રિ વિશ્વ પૂરણ કીધૂં, તે આ વેલાનઇં કાજિ રે?

× × × ×

આહાં આવતાં કુણઈ ન જાણ્યાં; છાનાં ન કીધાં બાહ્જિ રે,
જીમૂતમલ્લ થિકા કરિ સાહ્યાં; તે આ વેલાનઇં કાજિ રે?"[૨]

૧. મહાભારત, ગ્રંથ ૩ જો, પૃ. ૮૨–૮૪

૨. એજન, પૃ. ૧૫૨–૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કીચકવધ પછી સુદિષ્ણા રાણીનું કલ્પાંત પણ કરુણ રસનો એક સારો નમૂનો પૂરો પાડે છે.

વીરરસનો પ્રસંગ જૂજ જ આવે છે. સંકેતગૃહમાં બોલાવીને ભીમે કીચકને પૂરો કર્યો ત્યાં થોડી પંક્તિઓમાં વીરરસ દેખાય છેઃ તે કવિએ હરિગીતની ચાલની ચોપાઈ દાવટીમાં આ પ્રમાણે આપેલ છેઃ

"ભીમિ હાંકી હાથ ઝાલ્યુ; બિહૂ પડિઆ બાથિ રે,
ધ્રમધ્રમાટ ધરતી ધૂલિ ઊડઇ, કરઇ પ્રહાર પાટૂ–ઘાત રે.
અંગોઅંગઇ બેહૂ આથડઇ, જુઇ પડઇ બઇઠા થાઇ રે,
શર ઘાય વાજઇ વ્યોમ ગાજઇ; પાછુ કોઇ ન થાઇ રે."[1]

રૌદ્રરસનો પ્રસંગ ગોગ્રહ–નિમિત્તે થયેલા યુદ્ધમાં છે, પણ તે બહુ આકર્ષક નથી. પણ ઉપરના જ પ્રસંગમાં થોડું જ વર્ણન છતાં કીચકનો કૂટો કાઢ્યો એ વર્ણન ભયાનકનો ખ્યાલ આપે તેવું છેઃ

"ઇમ કહીનઇ વલી ભચરડ્યુ; ભૂકુ કીધાં હાડ રે.
પછઇ પૂછઇ પ્રેમશૂં: "કીહિ હાથિ ઝાલ્યા કેશ રે?"
ખભા ખાલડ સહિત ભાંજી, કરચા પિણ્ડિ પ્રવેશ રે.
"પદપ્રહાર પાટૂ પ્રેમદાનઇં, કિમ કીધા મૂઢ રે?"
સન્ધિ ભાજી પેટમાંહિ, ચાંપિઆ ગતિ–ગૂઢ રે.
"રસનાઇ કિમ રાંડ કહી? કદ્રષ્ટિ કિમ જોયૂં રે?
આખિ જીભ ખૂંટી ખોતરી, શિર ચાંપિઉ ધડ સોય રે.
સમદા સર્વ જિમ કોથલઇ, સમેટઇ સોનાર રે.
તિમ હાથ પગ શિર મધ્યકાય, ઘાતિઉ સૂઆરિ રે"[2]

હાસ્યરસનાં છાંટણાં આપણને દુર્યોધનના જલસ્થલભ્રમ, અર્જુનના બ્યંડલવેશના વર્ણન અને ઉત્તર કુમારની કાયરતાના પ્રસંગમાં દેખાય છે, જયારે પાંડવો પાંચે પ્રકટ થાય છે, તે અદ્ભુત રસમાં દીપે છે. ૬૫ કડવાંનું આ કાવ્ય તત્કાલીન એક ઉત્તમ નમૂનો કહી શકાય. આપણે નાકરને ઉચ્ચ પ્રકારનો કવિ ન કહી શકિયે, છતાં

---

૧. એજન, પૃ. ૧૭૮
૨. એજન, પૃ. ૧૭૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માત્ર કથાભટોનાં જોડકણાં રચનારો તો એ નથી. હરિશ્ચંદ્રાખ્યાનથી વધતો આવતો કવિ સં. ૧૬૦૧ના "વિરાટપર્વ"માં સારી રીતે પ્રૌઢ બનતો જણાય છે. એની આમ છતાં આ વચલા ગાળાની કૃતિ છે; કેમકે સં. ૧૬૧૦ માંની કૃતિઓ પણ ધ્રુવાખ્યાન, શિવવિવાહ વગેરે મળે છે; રામાયણ તો સં. ૧૬૨૪માં તેણે પૂરું કર્યું કહેવાય છે.

એના વિવિધ બંધોમાં ભાલણના બંધોની છાયા કે અનુકૃતિ પકડી શકાય તેમ છે. કાદંબરીમાંનો "સુણિ સુંદરી" અને "ગિહિલી કુણિ કરી" એ પ્રતીક–અંતવાળો દોહાબંધ નાકરમાં વધુ વૈવિધ્ય અને વિસ્તૃત સ્વરૂપમાં મળે છે. કડવાં ૪૯–૫૦ એ બંને સંવાદાત્મક સ્વરૂપમાં એ બંધ સાચવે છે. એ ઉપરાંત કવિએ પદપદ્ધતિનાં કડવાં પણ ઠીક ઠીક પ્રમાણમાં આપ્યાં છે. પાંડવોના અગ્નિપ્રવેશની તૈયારી, દ્રૌપદી સુદિષ્ણા રાણી પાસેથી શૃંગારસાજ માગી શૃંગાર સજે છે તે અને સુદિષ્ણાનો કીચકવધને અંતે કલ્પાંત એ ત્રણ કડવાં તેવા પ્રકારનાં છે. વિસ્તારભયે તેમ જ એ બંધો પૂર્વે સારી રીતે પરિચિત થઈ ચૂકયા હોવાથી અત્રે આપ્યા નથી.

નાકરના સમયની લિખિત ભાષા કઈ, તેનો નિર્ણય અત્યારે દૂર ખોળવા જવું પડે તેમ નથી. તેના વિરાટ પર્વની જૂનામાં જૂની એક હાથ-પ્રત મળેલી છે, તેમાં તેના સમયની ભાષા–મધ્યકાલીન ગૂજરાતીની બીજી ભૂમિકા–સંપૂર્ણ રીતે સચવાએલી મળે છે.[1] એને લીધે તેના પુરોગામી ભાલણની ભાષા કઈ હોવી જોઇયે તેનો પણ નિર્ણય મળી જાય છે. ભાલણની કાદંબરીની ભાષા નાકર પછીની ભૂમિકાની છે; તેથી જ નાકરના સમયની ભાષામાં ભાલણે પોતાની કવિતા લખેલી સંભવે.

નાકરને માટે જે વિશેષ કહી શકાય તે એ કે સંસ્કૃતભાષાના ઓછામાં ઓછા સંસ્કારો તેનામાં હોવા છતાં તે સારી અને રોચક કવિતા લખી શકતો, જેમાં તત્કાલીન દેશ, કાલ, રીત, રિવાજ,

૧. ગૂજ. વર્ના. સો. હ. લિ. પુ. નં. ૩૫૩ (અપૂર્ણ પ્રત) તે ઉપરથી મહાભારત ગ્રંથ ૩ જામાં એ કાવ્ય છપાયું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માન્યતાઓને સાંચવી રાખવા જેટલી તેનામાં શક્તિ હતી. યુગશૃંખલા બાંધિયે તો **નરસિંહયુગ** પછી સ્વતંત્ર **નાકરયુગ** આવે; તે એવી રીતે કે તત્કાલીન બીજા કવિઓ ગૌણ બને, જ્યારે આ યુગધરો પ્રધાન બને. નાકરયુગના આ યુગધરની તેના પછીના યુગધર વિષ્ણુદાસની જેમ જ હજી ઘણી કૃતિઓ અપ્રસિદ્ધ છે. એનું સાચું વર્ચસ્વ એની સમગ્ર કૃતિઓ પ્રસિદ્ધિમાં આવ્યાથી પૂરું જાણી શકાશે.

ચરિતસામગ્રી:

૧. ગૂ. સાહિ.ના મા. સ્તંભો–દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૨. Guj. & its Lit. by K. M. Munshi
૩. બૃહત્કાવ્યદોહન ભાગ ૮મો, ગૂજરાતી પ્રિ. પ્રેસ–મુંબઇ
૪. પ્રા. કા. માળા અને કા. ત્રૈમાસિક
૫. મહાભારત ગ્રં. ૨–૩, કેશવરામ કા. શાસ્ત્રી સંપાદિત
૬. દ. હ. લિ. પુસ્તકસંગ્રહ
૭. ફા. ગૂજ. સભા હ. પુ. સં.ની યાદી, ભાગ ૨જો

ગણપતિ

[સં. ૧૫૭૪માં હયાત]

અસાઇત, ભીમ, વાસુ, નરપતિ, નાકરની જેમ છેલ્લા નાકરના સમકાલીન જૈનેતર કવિઓમાં લોકવાર્તાના લેખક તરીકે ગણપતિનું સ્થાન છે. એનું "માધવાનલકામકંદલાદોગ્ધક" નામે ૨૫૦૦ દોહાનું આઠ અંગમાં લખાયેલું એક કાવ્ય મળે છે. તેનો રચન–સમય જણાવતાં એ લખે છે:

"વેદ (૪) ભુજંગમ (૭) બાણ (૫) શશી (૧) વિક્રમ વરસ વિચાર ।[1]
શ્રાવણની સુદિ સાતમી સ્વામી મંગળવાર ॥

સં. ૧૫૭૪માં તેણે આ રચેલા કાવ્યમાં સદ્ભાગ્યે પોતાના

૧. સાહિત્ય માસિક–વર્ષ ૨જૂં, પૃ. ૩૫૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંબંધમાં તેમ જ પોતાના વતનના રાજાના સંબંધમાં ઉલ્લેખ કર્યો છે. તે જણાવે છેઃ

"[1]નરસા-સુત ગણપતિ કહિ અંગ થયાં એ આઠ ।
સૂષઇ સ્વામિની શારદા પોતઇ દીધુ પાઠ ॥ ૧૬ ॥
દીસઇ દસ ગાઉ મહીં દશ ગાઉ શારસ્થાન ।
દસ ગાઉ પણિ નર્મદા આમ્રપદ્ર સ્વસ્થાન ॥ ૧૭ ॥
બંભણ ભાટ ભલા વસઇ વ્યવહારીયા વિશેષ ।
રાજકુલી રૂડી તિહાં સ્થલ સ્થલ શ્રીસેરેષ (?) ॥ ૧૮ ॥
ઉગ્રસેન-કુલિ ઉગ્રબલ રાણઉ નાગ નરેશ ।
જાં સાયર નિર્મદ મહીં ચાંચૂલુ દેશ ॥ ૧૯ ॥
ચતુર સભા ચંદન તણઉ મુઝ કાંઇ લાગુ વાસ ।
ગણપતિ જંપઇ મ કરિઉ પદ કેતલે પ્રકાશ ॥ ૨૦ ॥
કવિ ન્યાતિં કાયસ્થ ચતુવાલિભિ વિખ્યાત ।
પૂરૂ એ પદબંધ તાં દીહ થયા દહ-સાત ॥ ૨૧ ॥"

એના જણાવ્યા પ્રમાણે (ભરૂચ પાસેના) આમોદ ગામમાં જે વખતે ઉગ્રસેનવંશી નાગ નરેશ રાજ્ય કરતો હતો ત્યારે કાયસ્થ વાલ્મીક જ્ઞાતિના નરસાસુત ગણપતિએ ૧૭ દિવસમાં આ કાવ્ય રચી કાઢ્યું હતું.

શૃંગાર રસથી ભરપૂર છતાં શીલવ્રતની મહત્તા બતાવનારું આ કાવ્ય શેને આધારે બનાવ્યું તેનો ઉલ્લેખ તેણે કર્યો છે. તે જણાવે છે કેઃ

"મહોદધિ મયણપુરાણથી ચંચ ભરીનઇ મત્તિ ।
કવિ કાયસ્થ કંથા કવિ નરસા-સુત ગણપતિ ॥ ૧૫ ॥
× × × ×
કરસિ કથા જિમ કુમુદિની રમવા ભોગી ભ્રંગ ।
× × × ×
રલીઆત થઇ રંજસિ રાજકુમર રંજીક ॥ ૨૦ ॥"[2]

---

૧. એજન પૃ. ૩૫૬ ૨. એજન, પૃ. ૩૫૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એણે કોઈ અજ્ઞાત मयणपुराण (સં. मदनपुराण) માંથી માત્ર ચંચ ભરીને વસ્તુ લઈ આ કાવ્ય બહલાવ્યું છે. આ કાવ્ય તેણે રાજકુમાર રંજીકને ખુશ કરવા રચ્યું હોય તેવું પણ છેલ્લી લીટીથી સમઝાય છે.

આ मयणपुराण (સં. मदनपुराण) વિશે કશી માહિતી અત્યારે લભ્ય નથી. છતાં माधवकामकंदलाના વિષયનાં કાવ્ય સંસ્કૃત ભાષામાં મળે છે ખરાં. સંસ્કૃત કથાનું જૂનામાં જૂનું એક હ. લિ. પુસ્તક સાં. ૧૫૮૬માં (ઈ. સ. ૧૫૩૦ માં) લખેલું મળે છે.[૧] આ ઘણું કરી આનંદધરનું "કામકંદલા નાટક" (કાવ્ય જ) છે. એમાં માધવનું ચરિત આપવામાં આવ્યું છે. કનકસુંદરની માધવાનલકથા પણ એક પ્રાપ્ત થાય છે.

ગૂજરાતી ભાષામાં તો આ કથા ઉતારનારો ગણપતિ પ્રથમ જ છે. એક કુશળલાભ કરી જૈન સાધુએ એ પછી સાં. ૧૬૧૬ માં 'માધવકામકુંડલા રાસ' રચ્યો છે; જ્યારે શામળે તો તેની સિંહાસનબત્રીશીમાં ૨૬ મી વાર્તામાં આ વાર્તા આપી છે. આ ત્રણે કાવ્યોમાં ગણપતિનું કાવ્ય ઉત્તમ છે. એમાં કવિએ થોકબંધ અલંકારો પ્રયોજ્યા છે. અને કાવ્ય જ શૃંગારિક હોવાથી તેમ કરવાની જરૂર કવિને પડે એ સ્વાભાવિક છે. એ જ માટે કાવ્યના વિષયને મહત્ત્વ આપી કવિએ આરંભમાં પણ કામદેવની સ્તુતિ કરી છે અને પછી સરસ્વતીની કરી છેઃ

"કુંયર-કમલા રતિરમણ મયણ મહા ભડ નામ ।
પંકજિ પૂજી પયકમલ પ્રથમજી કરૂં પ્રણામ ॥ ૧ ॥"

આ કાવ્યમાંના "વિરહના બાર માસ" પ્રસિદ્ધ થયા છે.[૨] વિપ્રયોગ શૃંગારની ગૂજરાતી કવિતાનો એક ઉત્તમ નમૂનો કવિ આ માસમાં આપણી સમક્ષ રજૂ કરે છે. એ માંહેની ઉત્તમ કવિતાનો

૧. એજન, પૃ. ૩૫૪
૨. ગૂજ. દી. અંક ૧૯૩૧, પૃ. ૧૩-૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિચય આપણે નીચેની કડીઓમાં મળશે. ગણપતિએ આ બાર માસમાં બીજાએ ગુજરાતીમાં નથી સ્વીકાર્યું તેવું પુરુષકૃત સ્ત્રીવિરહગાન આપ્યું છે. આમ છતાંયે એ રસ જાળવી રાખે છે, એ એની મહત્તા જણાય છે. એ વિરહ કથાનાયક માધવ ગાય છેઃ

"ફાગણ : ફિર ફિરઇ ફોકટનુ કરઇ, ફાગુણ ફૂફૂકાર;
ફૂની મઝ ફણાગર જિસિઉ જુ જમલી નંહી દાર.
ચંગ વજાવઇ કેતલા પીલા રંગ પલાશ;
જોઈઇ તે જમલી નહી, જ્યાંહ અમ્હારી આસ.
કામકંદલા તૂં રહી, હાડ હૈઆના માહિ;
દારા પણિ દાઝઇ રખે, હોલી ધીકઇ ત્યાંહિ.

ચૈત્ર : ચૈત્રે ચંપક ફૂલયા, ભ્રમર ન પૂગી આસ;
કાજલ પાંહિ કાલુ થયુ, મનિ મૂંકી નીસાસ.
હીંદોલે હીંચઇ ઘણી હેલિ હસંતી ગાય;
કામકંદલા હીંચતી, હૈયડા માંહિં ન માય.
કઇરી હીંડોલે ચઢી, કોકિલ ચઢી મંદાય (?);
કામકંદલા તૂં ચઢી, માહારા હૈયડા માંહિ.

× × ×

જેઠ : અંબર તાપઇ ક્ષિતિ તપઇ, જલણ જલઇ પગહેઠિ;
તિઇ ઘટ મહિં ઘૂઘટ કરિઉ, આવત આણઇ જેઠિ.
હું લુકિઉ રે લાડકી, દિહાડી દૂરિ પીયાણ;
માહરુ ભમઇ તુમ્હારડા, પંજર પૂઠિં પ્રાણ.
અંબરિ બારઇ રવિ તપઇ, દિશા પ્રતિં દિગદાહ;
શીતલ તુઝ સંભારવઉં, અવર ન એકૂ ઠાહ.

× × ×

શ્રાવણ : શ્રાવણ સૂતાં સાલતઇ, જગાવતાં જગ માંહિં;
હું ધ્રૂજી ધરણિં ઢલૂં, બાલ વિલાએ બાંહિં.
તીવ્ર સૂર તિ તિમરી કરઇ, ભરઇ વાહુલા વાહ:
શ્રાવણ, તૂં પણિ માહરઇ હૈડાભીંતર દાહ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રાવણ પાખઇ શૂં રહિઉં ? કાં આણિઉ કિરતાર ?
શનિ શનિ વરસઇ સરવડે, દૂરિં દહઇ મુઝ દાર.

ભાદરવો : ભાદવઇ સરોવર ભરિયાં, નીર નિરંતર હોય;
રૂદયા ભીંતરિ હું મરઉં, વીર ન વારઇ કોય.
બાપીઅડુ પ્રીઉ પ્રીઉ કરઇ, કામકંદલા જેમ,
તિમ તિમ તન માહારા તણૂં, ક્ષીણું થાઇ ક્ષેમ.
ભાદ્રવડઇ ભાગી મણા, ઉતપતિ અન્નસગાલ;
કામકંદલા, તૂં પખઇ, માહરઇ દહઇ દુકાલ.

× × ×

માઘ : મિલયુ તું મહિલા પખઇ, પાપી પોસ સરોસ,
સબલી કીધી શર્વરી, દિનકર દીધઉ દોસ.
માઘે વરસઇ માહરઉં, શીત સલીલ એક ઠાહ;
હૂં ધ્રૂજી ધરણીં ઢલિઉ, દિઇ અરુણાક્ષી બાંહ.
વિનતા તણુઉ વિયોગ તો, મહા દુયંગમ હોય;
ઉમયા ! શંકર ! વીનવઉં, મુઝ મેલાવુ સોય."[1]

વિરહી નાયક દૂર ગયેલી નાયિકા માટે જે જાતનો પરિતાપ અનુભવે છે, તેવું આમાંથી આપણને સૂચન મળે છે. પુરુષ કઠિન હૃદયનો હોય છે, તે પણ આ કવિતામાં તેટલું જ સ્ફુટ છે. એ વિરહાતુર છતાં વેવલો નથી બની જતો. માઘ માસમાં એ વિરહથી ધરણીએ ઢળી પડે છે; એમાં આપણને નાયકની પરવશતાનો રસાનુસારી અનુભવ થાય છે. આ સ્થળે નાયિકાહૃદય અપાયું હોય તો પૂરી વિહ્વલતા તેમ જ છેક બેભાન થઈ જવા સુધીની સ્થિતિ કવિને ચીતરવી પડી હોય. આમ કવિએ ઔચિત્યનો ખ્યાલ રાખી પુરુષના બાર માસ ગાયા છે.

આ કવિની અન્ય કોઈ કૃતિ મળતી નથી. આ એક કૃતિ પણ તેને લોકવાર્તાના લેખકોમાં અગ્ર સ્થાન અર્પે તેવી છે. ભાષાની

---

૧. એજન, પૃ. ૧૩–૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દૃષ્ટિએ પણ આ કાવ્ય મહત્ત્વનું છે; એ માટે કે એણે કાવ્યમાં આપેલાં વનવર્ણને વગેરેમાં પુષ્કળ અપભ્રંશકાલીન શબ્દો પ્રયોજ્યા છે. કાવ્ય-શાસ્ત્રની દૃષ્ટિએ અલંકારો પ્રયોજ્યા ઉપરાંત તેણે તત્કાલીન લોક-માનસ અને રીતરિવાજો ઉપર પણ સારો પ્રકાશ નાખ્યો છે. આમ એક માત્ર કૃતિ છતાં પણ કવિ આપણને અનેક પ્રકારે ઉપયોગી નીવડે છે.

જે સમયમાં કવિ થયો છે, તે સમયની જ ભાષા, એ પ્રત સં. ૧૬૯૩ માં લખાયેલી હોવા છતાં સચવાઈ રહેલ છે.[૧] આ કવિના વિષયમાં આશ્ચર્ય એ ઉપજે છે કે એના સમયમાં પ્રાયઃ કથાનકો પુરાણાદિ ગ્રંથોમાંથી લેવાયાં છે, છતાં આ કવિએ તેવાં કથાનકો પસંદ ન કરતાં લોકકથા લખી છે, અને અસાઇત, ભીમ, વાસુ, નરપતિ અને નાકરની હરોળમાં રહી જૈનેતર લોકકથાકૃતિમાં એકનો વધારો કર્યો છે.

ચરિતસામગ્રી:—

૧. ગૂજ. સા.ના માર્ગ. સ્તંભો–દી. બ. કૃ. મો. ઝવેરીકૃત

૨. સાહિત્ય–માસિક વર્ષ ૨૦ઃ "માધવાનલકામકંદલાની લોકકથા" ઉપર સદ્‌ગત શ્રી. ચીમનલાલ ડી. દલાલનો લેખ

૩. ગૂજરાતી સાહિત્ય–મધ્યકાલીન સાહિત્ય (ગૂજ. સા. સંસદ)માંનું લોકકથા સાહિત્ય

૪. Guj. & its Lit. by K. M. Munshi

૫. ગૂજરાતી–દીપોત્સવાંક, ઇ. સ. ૧૯૩૧ (મુંબઇ)

---

૧. આ કાવ્ય વડોદરા–પ્રાચ્ય વિદ્યામંદિરના આશ્રયે શ્રી. મં. ર. મજમૂદાર સંપાદિત કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદ્ધવ

[સં. ૧૫મા શતકની ત્રીજી પચીશીમાં હયાત]

પાટણના સમર્થ આખ્યાનકાર, કાદંબરીના પદ્યાનુવાદક ત્રવાડી મોઢ વિપ્ર કવિ ભાલણના પુત્ર ઉદ્ધવદાસના જીવનના સંબંધમાં વિશેષ કાંઈ માહિતી મળી શકતી નથી. તેનાં અત્યાર સુધીમાં બે કાવ્યો પ્રસિદ્ધિમાં આવેલાં છેઃ ૧. રામાયણ (સુંદરકાંડ સુધીનું) અને ૨. બભ્રૂવાહન આખ્યાન. આમાંનું પ્રથમ કાવ્ય સ્વ. હરગોવિંદદાસ ગો. કાંટાવાળાએ ગૂજ. વર્ના. સો. ના આશ્રયે છપાવ્યું છે; બીજૂં કાવ્ય ગૂજ. વર્ના. સો. ના હસ્તલિખિત ગ્રંથસંગ્રહમાં છે અને અદ્યાપિ અપ્રસિદ્ધ છે.

આ બંને કાવ્યમાં રચ્યા સાલ નહિ આપેલી હોવાથી ઉદ્ધવના જીવનકાળનો નિશ્ચય થઈ શકતો નથી. ભાલણે સાં. ૧૫૪૫ માં બીજું નળાખ્યાન રચ્યું છે. એ પછી સાં. ૧૫૪૬ માં ભીમ, ભાલણનું એ પુરુષોત્તમ મહારાજ સાથે અનન્ય હોય તો નામોલ્લેખન કરે છે, તેથી ભાલણની તે ગાળામાં પણ હયાતી હોતાં ઉદ્ધવનો જન્મ એ ગાળામાં થયો માનિયે તો તેણે ઉમરે આવી ૨૦-૨૫ વર્ષની વયે રામાયણની રચના શરૂ કરી હોય. રામાયણની રચના વખતે પિતા હયાત હોય, તેવો નીચેના ઉલ્લેખથી સંભવ છેઃ

"પ્રથમે પ્રણમું સીતાપતિને, જોડીને બે પાણ;
શ્રીગુરુપદપંકજને સેવું, આપો અવિચળ વાણ. ૧
મધુસૂદન આશ્રમ સંન્યાસી, સમરી તેનું નામ;
પિતાને પ્રેમે પ્રણામ કરીને, ગાવા હરિગુણ ગ્રામ." ૨

[રામાયણ, ૧-૧-૧, ૨]

રામાયણના આરંભમાં મધુસૂદન આશ્રમ નામના સંન્યાસીનું કવિ સ્મરણ કરે છે, જ્યારે પિતાને પ્રણામ કરે છે. પિતાનું સ્મરણ ન કરતાં પ્રણામ કર્યા છે, એટલે પિતા એ સમયે જીવતો હોય એમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જણાય છે; એટલું જ નહિ પણ ભાલણના ભાગવત દશમ સ્કંધમાંનાં "રુકિમણી વિવાહ" અને "સત્યભામા વિવાહ" રચાયા હશે, તે વખતે જ ઉદ્ધવે રામાયણની કથા પદ્યમાં ઉતારવાનો પ્રયત્ન શરૂ કર્યો હશે. ભાલણે પણ "શ્રીગુરુપદપંકજને પ્રણમું" એ શબ્દ તે બંને સ્થળે પ્રયોજ્યા છે.[1]

રામાયણના સુંદરકાંડ સુધીનો તેનો કરેલો અનુવાદ વાલ્મીકીય રામાયણના કથાનકને પ્રામાણિકપણે અનુસરે છે. પદબંધના વિષયમાં પિતાની માફક તેણે વિવિધતા રામાયણમાં લીધી છે. બભ્રૂવાહન આખ્યાનમાં પણ એ જ વિવિધતા જણાય છે. રામાયણ એનું કડવાબદ્ધ કાવ્ય છે. એમાં કેટલાંક કડવાંમાં તેણે ઢાળ પહેલાં કડી દોઢ-ધ્રુવ કે ટેકની આપી છે, જ્યારે કેટલાંકમાં નથી આપી. પણ એનો બંધ વધુ પ્રૌઢ બન્યો છે, એટલે કે પ્રૌઢ આખ્યાનકાળનાં લક્ષણો સાચવનારો છે. આમાં પણ કડવાંને અંતે "વલણ" કે ઊથલો હજી દેખાતાં નથી. આપણને "સમરારાસુ"માં અને "પંચ પંડવરાસ"ના આરંભમાં જે ત્રિપદી (=ઠવણી) મળે છે, તેનો ઉદ્ધવે એક ઔચિત્યભર્યો પ્રયોગ કર્યો છે. વસિષ્ઠ ઋષિ સાથેના વિરોધને કારણે વિશ્વામિત્ર જે આક્રમણ લાવે છે, તેનું આ યોગ્ય બંધમાં કવિ વીરરસોચિત વર્ણન આપે છે:

રાગ ગોડી ઠમણી

"વિશ્વામિત્ર આવ્યો દળ લેઈ, અનેક તાપસને દુઃખ દેઇ;
ખ્યાત બળ દેખાડતોય. ૧
વસિષ્ઠ ઋષિને આશ્રમ આવી, વિદ્યાર્થીને બળે બીહાંવી;
સેનાની સંખ્યા નહિય. ૨
બાણતણા વરસે વરસાત, સાંગ તોમર મુશળના ઘાત;
અનેક આયુધ મેલિયાંય. ૩

---

૧. ભાલણ: દશમસ્કંધ, પૃ. ૨૫૬ અને ૨૮૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહાનુભાવની મઢી ઢાંકી, પરાક્રમ પ્રૌઢ કરે હડ હાંકી;
વસિષ્ટ ઋષિએ તે જાણિયુંય. ૪
આશ્રમમાંહીથી આવ્યા બહાર, ઉભા પર્ણકુટીને દ્વાર;
અગ્નિહોમ દેતા હતાય. ૫
દંડકમંડળ સોહે પાણ, મહાનુભાવ મુનિ મોટા જાણ;
દેવઋષિ તે દીપતાય. ૬
જે જે આયુધ મેલે મર્મ, આવી પડે ઋષિને આશ્રમ;
કરદંડ આયુધ તે ગ્રસેય. ૭
જોષ્ટિકા માંહે જે જે જાય, અસંખ્યાત આવતાં ખાય:
આયુધ સર્વ પરવરિયાંય, ૮
તાપસને તન ન લાગે ટાંકી, મહાનુભાવ મનમાં રહ્યો માંકી;
તોયે રીસ ચઢે નહિય. ૯
પછે અસ્ત્ર મેલ્યાં રે અનેક, વિશ્વામિત્રે કરી વિવેક;
એહને કાંઇએ લાગે નહિય. ૧૦
હવે કહું ક્ષાત્રબળરૂપ બાળ્ય, મોહ મત્સર મમતા મદ ટાળ્ય;
તપ તીવ્ર મેં માંડવુંય. ૧૧
ધિક્‌ધિક્ ત્રણે લોકનું રાજ્ય, મેં મારૂં સર્વે કીધું તાજ્ય;
જટા શિર વાળી ભલીય. ૧૨
એકાકી જઈ ઊભો વન, કૌશિકીને કાંઠે દૃઢ મન;
વિશ્વામિત્ર તપસી ભલોય. ૧૩"[1]

ઉદ્ધવે એક નવો ઢાળ સુંદરકાંડમાં આપ્યો છે, તે જુદા જ પ્રકારની ત્રિપદી છે. ચોથા ચરણ તરીકે એક ટેકનું પદ આવૃત્ત થયા કરે છે; કવચિત્ એમાં વૈવિધ્ય પણ સાધ્યું છે. રામચંદ્રજીએ સાગરને તાબે કરવા શોષાસ્ત્રનો પ્રયોગ કરવા તૈયારી કરી, ત્યારે ગભરાઈ સાગર સ્તુતિએ આવ્યો, તે પ્રસંગે સ્તુતિરૂપે સાગર જણાવે છે:

રાગ વેરાડી

"મને રાખો રૂડા રામજી રે,
તું છે દીનાનાથ રે, હવે હું તો જોડું છું હાથ રે,
બલિયાશું શી બાથ, રાખો રૂડા રામજી રે. ૧

---

૧. ઉદ્ધવકૃત રામાયણ, પૃ. ૬૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારો એ અપરાધ રે, અવગુણ એ અગાધ રે;
હવે સેવક છું, હું સાધ, રાખો રૂડા રામજી રે. ૨"[1]

પણ આમાં તેણે વિવિધતા બતાવી છે, તે રામચંદ્રની બાનીમાં નીચે મુજબ મળે છે:

"વળતા વાણી બોલ્યા રામ રે, શર સાંધ્યું શોષવા કામ રે,
તે હું મેલું કીએ ઠામ; સાગર સાંભળો રે. ૨૦
મારૂં સાંધ્યું સફળ થાય રે, નાખ્યું નિષ્ફળ ન જાય રે;
તું આવી લાગ્યો પાય, તુજને કેમ હણું રે. ૨૧"[2]

કર્મણ અને માંડણ પછી આ સમર્થ ૩ જો પ્રયત્ન છે, જેમાં રામકથા આપવામાં આવી છે. અગાઉનાં બે કરતાં આ પ્રયત્ન કાવ્ય અને બંધ બંને દૃષ્ટિએ સારો છે. બેશક ઉદ્ધવનાં બંને કાવ્યમાં આમ છતાં એક ઉત્તમ કવિ તરીકેની તેની પ્રતીતિ નથી થતી; પરંતુ એટલું સમઝાય છે કે તે સંસ્કૃત ભાષાનો સારો જાણકાર તેમ જ કાવ્ય-સાહિત્યજ્ઞ હતો; કેમકે તેનું રામાયણ જેમ મૂળને પ્રામાણિકપણે અનુસરે છે, તેમ સુંદર શબ્દાવલીઓથી પણ અંકિત છે.[3] પિતાએ ક્રમબદ્ધ નહિ રચેલા રામાયણને જોઈ રામાયણને ક્રમબદ્ધ કરી નવેસરથી આપવાનો પુત્રનો પ્રયત્ન એકંદર રીતે આવકારવા લાયક છે; પણ કમનસિબે ઉદ્ધવને હાથ આખું રામાયણ પૂર્ણ નથી થયું, જે નાનાભાઈ વિષ્ણુદાસે પૂર્ણ કર્યું છે; જો કે વિષ્ણુદાસના ઉત્તરકાંડનાં પણ માત્ર છેલ્લાં બે જ કડવાં આપણને મળે છે.[4]

તેણે યુદ્ધકાંડ રચ્યો છે કે નહિ, એ વિષયમાં કેટલીક ચર્ચા થઈ છે. શ્રી. રામલાલ ચૂ. મોદીનો એવો મત જણાય છે કે યુદ્ધકાંડની

---

૧. એજન, પૃ. ૩૯૭

૨. એજન, પૃ. ૩૯૮

૩. બભ્રૂવાહન આખ્યાનમાં પણ તેણે શ્લેષ વગેરેની ક્વચિત ખૂબીઓ લાવવા પ્રયત્ન કર્યો છે.

૪. ભાલણસુત વિષ્ણુદાસનું ચરિત; તે ઉપરની ચર્ચા આ ગ્રંથમાં જુઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાથે પૂર્વના કાંડોનું જે સામ્ય છે, તે જોતાં તે ભાગ આખો અથવા તો ઘણોખરો ભાગ ઉદ્ધવની કૃતિ છે અને છેવટે મધુસૂદને સાં. ૧૬૮૭માં પૂર્તિ કરી યુદ્ધકાંડ પૂર્ણ કર્યો છે,[1] અને પોતાને નામે ચઢાવી દીધો છે.

આ કાવ્યના અંત ભાગને નિહાળતાં જોઇ શકાય તેમ છે કે છેલ્લા ૫૭ મા કડવાની ૩૫ મી કડી પછીનો ભાગ તદ્દન ઢંગધડા વિનાની કવિતામાં મુકાયેલો છે. ૩૫ મી કડી નીચે પ્રમાણે છેઃ

"યુદ્ધકાંડ સંક્ષેપે સોંત્યું બુદ્ધિમાને કહ્યું સાર,
વાલ્મીકિકૃત કાંડ પાંચમો શ્લોક સહસ્ર સાડાચાર. ૩૫"

[યુદ્ધકાંડ, ૫૭-૩૫]

આ પછી થોડી ફલશ્રુતિ અપાયા બાદ મધુસૂદન નીચે મુજબ પોતાને યુદ્ધકાંડ કહેવાનો કેવી રીતે પ્રસંગ મળ્યો તે કહે છેઃ

"ગુર્જરભાષાએ કહ્યું, બુધ સારૂ **મધુસૂદન;**
કર્ણપુર ગ્રામ તાતનું, મોસાલ પાટણપુર પાવન. ૪૩
જ્ઞાત સરવ ભટ વર્તિયો, વાગ્વાણીનો દાસ;
તેની પુત્રીને પુત્રે કહાવ્યું, કહી કથા ભીમજી વ્યાસ. ૪૪
જ્ઞાત રાયસ્થલ વાડવ વારુ, મુન્તલદે નામે વ્યાસ;
તેના કુળમાં રામજી, મુખે શારદાનો વાસ. ૪૫
હરખા સ્ત્રી તેને સાધવી કુંવર જન્મ્યા ચાર;
તે માંહે એક ભીમજી, યુદ્ધકાંડ સંભળાવ્યું વિસ્તાર. ૪૬
પ્રાકૃતભાષાએ સુણીને, કહ્યું **મધુસૂદન;**
સંવત સોળ સત્યાશીએ, ફાલ્ગુન વદી તૃતીયા દીન. ૪૭
ગુરૂવાર તે દિવસ હતો પૂરણ ગ્રંથ કર્યો સહી;
સત્તાવન કડવાં કર્યાં, સાડી અઠ્ઠાવીશસેં ચોપાઈ કહી. ૪૮
સાંભળતાં સુખ ઉપજે, પાતિક સઘળાં જાય;
વાગ્વાણીપ્રસાદે રામજીના ગુણ **મધુસૂદન** જન ગાય. ૪૯"

[યુદ્ધકાંડ, ૫૭-૪૩થી ૪૯]

---

૧. શ્રીરામલાલ ચૂ. મોદી, ભાલણ પૃ. ૬૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ મધુસૂદન વાગ્વાણીના પ્રસાદે કવિતા અર્પે છે; સાથે ભીમજી વ્યાસ પાસેથી પ્રાકૃત ભાષામાં સાંભળી પછી કવિતા લખે છે. જે વેગ સુંદરકાંડ સુધી સચવાઇ રહ્યો છે, તેનો તે વેગ છેક યુદ્ધકાંડના છેલ્લા કડવા સુધી સચવાઇ રહે છે. આ શક્તિ સંસ્કૃત ભાષાથી અનભિજ્ઞ કવિમાં આવવી મુશ્કેલ છે. યુદ્ધકાંડનો આરંભ ઇષ્ટદેવ શ્રી-રામચંદ્રજીના ગુણગાનથી કરવામાં આવ્યો છે, જે એક સરખી રીતે ઉદ્ધવના બીજા કાંડોમાં તેમ જ તેના બભ્રૂવાહન આખ્યાનમાં પણ જણાય છે.[1] આ જોતાં તેમ જ સુંદરકાંડ સુધીનાં ૫૦ કડીના માપનાં બધાં કડવાં યુદ્ધકાંડના ૫૬ મા કડવા સુધી સચવાયેલાં જોતાં મધુસૂદન જેવાની આ કૃતિ ન સંભવે. સંભવ છે કે સૂરતના ભગવાનદાસે પ્રેમા-નંદના ‘નરસિંહ મહેતાના શ્રાદ્ધ’માં જેમ પોતાનું નામ છેવટે ઉમેરી કૃતિ પોતાની ઓળખાવવાનો પ્રયત્ન કર્યો છે, તેવો આ પ્રયત્ન છે. મધુસૂદનની કોઈ સમર્થ કૃતિ ન મળે ત્યાંસુધી આ યુદ્ધકાંડ ઉદ્ધવની જ કૃતિ માનવી જોઇયે. ઉદ્ધવે કદાચ ઉત્તરકાંડ ન લખ્યો હોય એ સંભવિત છે. અને તેથી તેના ભાઇ વિષ્ણુદાસે કાવ્ય પૂર્ણ કરવા પ્રયત્ન કર્યો હશે. વિષ્ણુદાસનાં બે જ કડવાં મળ્યાં છે. તેમાં પદ્ધતિ બદલી જાય છે, જે યુદ્ધકાંડના કર્તૃત્વમાં તેને સ્થાન આપે તેમ નથી જ.

ભાલણના રામભક્તિના સંસ્કારો ઉદ્ધવમાં દઢ થયેલા તે જેમ રામાયણના કાંડો અને બભ્રૂવાહન આખ્યાનના મંગલાચરણથી સમઝાય છે, તે જ પ્રમાણે પ્રામાણિકપણે ઘરનું કાંઈ પણ ન ઉમેરતાં વાલ્મીકીય રામાયણના કથાનકને અનુસરી કાવ્યરચના કરે છે, તેનાથી સમઝાય છે. બંને ભાઈઓની પિતૃભક્તિ પણ તેટલી જ પ્રશસ્ય જણાય છે; કેમકે બંને જણા પોતાને "ભાલણસુત" લખવામાં ગૌરવ માનતા જણાય છે.[2]

---

૧. " શ્રીગુરુ સીતાપત્ય... ... ...
ઉધવ જન અતિ અલ્પમતિ છે કૃપા કરો ગોવિંદ. ૧

[બભ્રૂવાહન, ૧–૧]

૨. રામાયણના ચારે કાંડના અંત ભાગમાં અને બભ્રૂવાહન આખ્યાનમાં ઉદ્ધવે અને ઉત્તરકાંડમાં વિષ્ણુદાસે પોતાને "ભાલણસુત"થી જ ઓળખાવ્યા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાં. ૧૫૭૫માં વિષ્ણુદાસ રામાયણ પૂરું કરતો હોવાથી તે પૂર્વે સાં. ૧૫૭૦ આસપાસ કે બે ત્રણ વર્ષ પછી ઉદ્ધવ ગુજરી ગયો લાગે છે. એ જીવ્યો હોત તો બીજી વિશેષ કૃતિઓ અર્પત એવું તેના બભ્રૂવાહન આખ્યાન પૂર્ણ કર્યાના કારણે જણાય છે. એની ઇચ્છા એવાં બીજાં આખ્યાનો આપવાની જરૂર હશે.

એની કૃતિની જૂની પ્રતો ન મળતી હોવાથી ભાષાસ્વરૂપ અર્વાચીન મળે છે.

ચરિતસામગ્રીઃ—

૧. ઉદ્ધવકૃત રામાયણ, સ્વ. હ. ગો. કાંટાવાળા સંપાદિત
૨. ભાલણ, શ્રીરામલાલ ચૂ. મોદી કૃત
૩. બે નળાખ્યાન. „ સંપાદિત
૪. દશમસ્કંધ, ભાલણકૃત–સ્વ. હ. ગો. કાંટાવાળા સંપાદિત
૫. દ. હ. લિ. પુ. સં. નં. ૨૦–બભ્રૂવાહન આખ્યાન--ઉદ્ધવકૃત
૬. Guj. and its Lit. by K. M. Munshi

વિષ્ણુદાસ

[સાં. ૧૫૭૫ માં હયાત]

પાટણના ત્રવાડી મોઢ બ્રાહ્મણ કવિ ભાલણને વિષ્ણુદાસ નામનો પુત્ર હતો, તેવું ઉદ્ધવકૃત રામાયણના છેવટના ભાગમાં છપાયેલા ઉત્તરકાંડના અંત ભાગ ઉપરથી જાણી શકાય છે. સ્વ. કાંટાવાળાએ એ ભાગની જે પ્રત ઉપરથી સંપાદના કરી તે ગૂજ. વર્ના. સો. ના સંગ્રહની નં. ૪૮૫ ની હાથપ્રતના છેવટના ભાગમાં માત્ર જે બે કડવાં છે, તે વિષ્ણુદાસની કૃતિ સમઝાય છે. બધાં મળી ૫૭[૧]

૧. છપાયેલા ગ્રંથમાં ૫૬ કડવાં છે; એનું કારણ એ છે કે તેમાં જે ૨૨મું કડવું છે તે ૨૨મા અને ૨૩માને એક અપાયે થયું છે; વચ્ચે ઢાળની પૂર્વ કડી લુપ્ત થયે આમ થવા પામ્યું છે. (જુઓ, દ. હ. લિ. પુ. નં. ૪૮૫ની હાથપ્રત.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કડવાંમાંથી ૫૫ કડવામાં "રામજન કૂંઅર"ની છાપ છે. આ અને બાકીનાં વિષ્ણુદાસનાં બે કડવાં મળી એ આખો ઉત્તરકાંડ વિષ્ણુદાસનો માની સ્વ. કાંટાવાળાએ છપાવ્યો છે. એમણે જણાવ્યું છે કે "શા કારણથી વિષ્ણુદાસે પોતાને જનકુંવર કે શ્રીરામજન કુંવર લખ્યો છે, તે કાંઈ સમજાતું નથી."[૧]

પણ હવે સ્પષ્ટ થઇ ચૂકયું છે કે શ્રીરામજન કૂંઅર[૨] ખંભાતનો નાગર બ્રાહ્મણ હતો અને સાં. ૧૭૧૬ માં હયાત હતો. તેણે બાળ-કૃષ્ણ ભટ્ટની કૃપાથી ઉત્તરકાંડ ગૂજરાતીમાં લખ્યો છે. સ્વ. કાંટાવાળાએ છપાવેલા ઉત્તરકાંડની હાથપ્રતમાં જ રામજન કૂંઅરનાં બે કડવાં લુપ્ત છે અને તેને સ્થળે વિષ્ણુદાસ (ભાલણસુત)નાં બે કડવાં ગોઠવાઇ ગયાં છે,[૩] જેને કારણે ઉપરનો ગોટાળો ઊભો થવા પામ્યો છે. આમ વિષ્ણુદાસનું અસ્તિત્વ ભૂલથી રામજન કૂંઅરની કૃતિમાં ઉમેરાયેલાં બે કડવાંએ સાબિત કરી બતાવ્યું છે. કમનસીબે આ બે કડવાં ઉપરાંત બીજી કોઇપણ તેની કૃતિ અદ્યાપિ પર્યંત હાથ લાગી નથી. તેના વિશેની મળતી હકીકત માત્ર નીચે મુજબ છે:

"સ્વંત પનર ૧૫૭૫ પંચોતરે શુકલ પક્ષ કાર્તિક માસ ॥
[૪]પંચમી તિથિ બુધવાસરે પુર્ણ ગ્રંથ અતીહાસ ॥ ૨૧ ॥

---

૧. ઉદ્ધવકૃત રામાયણની પ્રસ્તાવના, પૃ. ૮

૨. શ્રી. ફા. ગૂ. સ. હ. લિ. પુ. યાદી; પૃ. ૧૯૯ (નં. ૧૦૨ ખ) આ વિષયમાં "ગૂજરાતી" દીપોત્સવાંક, ઇ. સ. ૧૯૩૨માં શ્રીરામલાલ ચૂ. મોદીએ પણ ઠીક પ્રકાશ પાડયો છે.

૩. આ પણ રામજન કૂંઅરની કૃતિ જ છે, અને ઉદ્ધવને કારણે કોઇએ ભાલણસુત-વિષ્ણુદાસ ઘુસાડયું છે, તેવું શ્રી. રા. મૂ. મોદી માને છે. ગૂ. દી. અંક, પૃ. ૩૩

૪. આ તિથિ નવમી હોવી જોઇયે, તેવું શ્રી. રામલાલ ચૂ. મોદીએ ગણિતથી સિદ્ધ કર્યું છે, તે આદરણીય છે. (ભાલણ, પૃ. ૧૫૧–૪) ત્યાંની છાપભૂલો સુધારી વાંચતાં શ્રી. મોદીનો આશય સમજાય તેમ છે. નીચેની પાદટીપમાં શ્રી. મોદીના નવા મત કરતાં આ જૂનો મત વધુ વ્યાજબી જણાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉતર કાંડ સંપૂર્ણ શુણતાં ઉપજે મન ઉહુલાસ ॥
કર જોડી ભાલણ-સુત વીનવે નીજ સેવક વીષ્ણુદાસ ॥ ૨૨ ॥"
[ઉત્તરકાંડ, ૫૭][1]

એ જ કડવાં મળતાં હોવાથી વિષ્ણુદાસના વિષયમાં કશી વિશેષ માહિતી[2] મળી શકતી નથી, ભાઇ ઉદ્ધવનું સુંદરકાંડથી તૂટતું રામાયણ પૂર્ણ કરવા તેણે સત્પ્રયત્ન કર્યો છે; પણ એ સત્પ્રયત્નનાં ફલનો ઉપભોગ તેનો જ યુદ્ધકાંડ અને ઉતરકાંડનાં આરંભનાં બધાં કડવાં ન મળવાને કારણે આપણે કરી શકવાની સ્થિતિમાં નથી.

એક "અશ્વમેધ" વર્ગબદ્ધ કાવ્ય કોઈ "વિષ્ણુદાસની" છાપનું મળે છે. ખંભાતના વિષ્ણુદાસે તો અશ્વમેધનાં કડવાબદ્ધ આખ્યાનો કરેલાં જ છે; એટલે એ કવિની તો આકૃતિ સંભવતી જ નથી. "અશ્વમેધ"ની એક માત્ર મળેલી હાથપ્રત[3] ૩ જા વર્ગની ૨૩ મી કડીથી શરૂ થઇ ૧૮ મા વર્ગની ૯૫ મી કડીએ ચંદ્રહાસકથા અધૂરી આપી તૂટે છે. આમ કાવ્યમાંથી કવિના વિષયમાં માહિતી મેળવવી મુશ્કેલીભરેલું છે. દરેક વર્ગને અંતે જૈમિનીય અશ્વમેધનો આ અનુવાદ છે, એમ કવિ કહે છે; જેમકે:

"જૈમુનિ જનમેજય સંવાદ । અશ્વમેધ કથા-અનુવાદ ।
વિષ્ણુદાસ માંગુ કહિ સરગ । એટલિ તરણિ પુહુતા વરગ ॥"

આ વગેરે કડીઓ જોતાં એ કવિનું નામ વિષ્ણુદાસ માંગુ જણાય છે, એટલે કે માંગુ નામ છે અને હરિદાસ જેમ વિષ્ણુદાસ

---

૧. દ. લ. હ. પુ. નં. ૪૮૫ની હાથપ્રત તેમ જ સ્વ. કાંટાવાળા સંપાદિત ઉદ્ધવકૃત રામાયણ, પૃ. ૭૯૫. ગણિતથી ત્યાં શનિવાર જોઇયે, તેમ શ્રી. મોદી લખે છે, અને તેથી આ વર્ષ જ ખોટું છે, એમ તેમનો મત છે. ગૂ. દી. અંક, પૃ. ૩૩

૨. શ્રી. રામલાલ ચૂ. મોદીએ તેના વિષયમાં તેથી જે કાંઈ કહ્યું છે, તે બધું આ કારણે નિરર્થક જાય છે. એમની વીગતો માટે જુઓ એ નળાખ્યાન, પ્રસ્તાવના, પૃ. ૪, ભાલણ, પૃ. ૬૨, અને ગૂ. દી. અંક, પૃ. ૩૩-૩૪

૩. દ. હ. લિ. પુ. નં. ૪૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશેષણ છે. આપણે ભીમના વિષયમાં જોયું છે કે તે પોતાને "ભીમ વિષ્ણુદાસ"[1], "ભીમ નારાયણદાસ" તેમ જ "ભીમ કેશવદાસ"[1] કહે છે. આમ આ બીજો વિષ્ણુદાસ એ માંગુ જણાય છે.

વિદ્વાન પિતાના વિદ્વાન પુત્રોએ પિતાની પરંપરા ચાલુ રાખી હોય તેવું ગૂજરાતી કાવ્યસાહિત્યના વિષયમાં ભાગ્યે જ બન્યું છે. ભાલણે જેમ પુષ્કળ આખ્યાનો આપી નવી પ્રણાલી ચાલુ કરી છે, તે જ રીતે પિતા પછી પુત્રો પણ પિતાને પગલે ચાલી કાવ્યો અર્પે, તેવી ભાગ્યે જ પ્રાપ્ત થતી પ્રણાલી તે પુત્રોએ આપી છે; જેનો પાછળથી ભાગ્યે જ અમલ થયો જોવામાં આવ્યો છે.

વિષ્ણુદાસનાં અન્ય કાવ્યો છે કે નહિ તે જાણવામાં નથી આજે એક પણ પ્રાપ્ત નથી; જે એક પ્રાપ્ત છે, તે પણ અપ્રાપ્ત જેવું જ છે. બીજું એનું જ છે કે અન્ય અજ્ઞાત વિષ્ણુદાસનું એ નક્કી કરવાનું આપણી પાસે કાંઇ સાધન નથી, રામાયણનાં બે જ કડવાં અને તે પણ ૧૯ મા શતકમાં લખાયેલાં મળતાં હોવાથી ભાષાસ્વરૂપ અર્વાચીન જ મળે છે.

ચરિતસામગ્રી:—

૧. ઉદ્ધવકૃત રામાયણ, સ્વ. હ. ગો. કાંટાવાલા સંપાદિત
૨. દ: હ. લિ. પુ. સં. નં. ૪૨૬ અને ૪૮પની હાથપ્રતો
૩. ભાલણ, શ્રી. રા. ચૂ. મોદીકૃત
૪. Guj. & its Lit. by by K. M. Munshi
૫. ગૂજરાતી દીપોત્સવાંક, ઈ. સ. ૧૯૩૨ (મુંબઈ)

---

૧. આ પૂર્વે આપણા ગ્રંથનાં પૃ. ૧૩૪–૧૩૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચતુર્ભુજ

[સં. ૧૫૭૬ માં હયાત]

"ફાગુ" પદ્ધતિનાં કાવ્યો આપણને જૂના જૈનસાહિત્યમાં કેટલાંક મળે છે. જૈનેતર સાહિત્યમાં પણ "વસંતવિલાસ" "ફાગુ" વગેરે કાવ્ય સ્વતંત્ર રીતે તો ક્યાંક કાવ્યના અંગમાં જ સમાઈ જાય તેવાં વિરહગીતો મળે છે. જૈનેતર "ફાગુ"નો એક સારો નમૂનો, સંભવતઃ સં. ૧૫૭૬ માં કોઈ એક ચતુર્ભુજ નામના કવિએ પૂરો પાડ્યો મળે છે. શ્રી ભોગીલાલ જ. સાંડેસરાએ (ગૂજરાતી-દીપોત્સવાંક-સં. ૧૯૮૯માં) એ કાવ્ય સંપાદિત કરી છપાવ્યું છે. આ કાવ્ય તે "ભ્રમર-ગીતા" છે. કવિએ કાવ્યને અંતે પોતાના સમયના વિષયમાં નીચે મુજબ લખ્યું છે:

(દૂહો)

"છિહુતરિ કીધું છૂટવા ભેટવા શ્રીભગવાન;
કોડિ કન્યા પરણાવિઇ જે ફલ હુઇ સમાન.

(ચુપઈ)

અડસઠિ તીરથ અવધાન, હેમતુલા પુરુષ દાન,
ભાવિ ગાઇ જે નર નેહ તોલિ, ભણઇ ચતુર્ભુજ વેદવ્યાસ બોલઇ.'[૧]

આ કાવ્યની હાથપ્રત જે શ્રી સાંડેસરાને મળેલી છે, તે સં. ૧૬૨૨ની છે. એ પ્રતિની પુષ્પિકા, જેવી કે:

"इति श्रीकृष्णगोपीविरहमेलापकभ्रमरगीताफाग। संवत् १६२२ वर्वे द्वितीय आषाढ सुदि १ गुरुवारे चेला रतना लिक्षतं।"[२]

આમ સં. ૧૬૭૬ કે પછીના સંવત્ હોવાની કોઇ સંભાવના નથી. સં, ૧૫૭૬, ૧૪૭૬, ૧૩૭૬ એમ પૂર્વ પૂર્વ સૈકાંઓ સંભવી

---

૧. ગૂ. દીપો. ઇ. સ. ૧૯૩૩, પૃ. ૩૬

૨. આ હાથપ્રત વડોદરાના જૈન જ્ઞાનમંદિરની છે. એજન, પૃ. ૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકે. શ્રી સાંડેસરાએ "૧૫૭૬ કરતાં આની ભાષાને વધુ પ્રાચીન ગણી શકાય નહીં" એવો મત આપ્યો છે. હું આના સમર્થનમાં એક બીજી પણ દલીલ મૂકું છું. ભ્રમરગીતાનો કાવ્યબંધ જોઇયે તો એમ કહી શકાય કે "વસંતવિલાસ" પછીની આ કૃતિ છે. "વસંતવિલાસ"માં દૂહાબંધ સ્વીકારવામાં આવ્યો છે, જ્યાં દૂહાઓમાં સાંકળી પાડવામાં આવી છે, એ આ પૂર્વે આપણે જોયું છે. આપણને ચતુર્ભુજની કૃતિમાં પણ દૂહામાં સાંકળી મળે છે; જેવી કે:

"ભારતી પ્રાર્થી પ્રણમુંય વર્ણવુંઅ મદનમુરારિ,
દેવ દ્વારામતી જઈ રહિયાઃ વિરહ હૂઉ વ્રજનારી. ૧
ગોપકન્યા કરઇ વાતડીઃ રાતડી કિમઇ ન વિહાઇ,
વાહલુ વિદેસિ જઇ રહિઉ, અમ્હેં મ્હેલ્યાં ગોકુલ માંહિ. ૨"

ચતુર્ભુજે દૂહાની બંને પંક્તિમાં નહિ, પણ હરકોઇ એકમાં સાંકળી આપવાની પદ્ધતિ સ્વીકારી છે. આમ સાંકળી–પદ્ધતિ તેના ખ્યાલમાં છે. પણ તેણે આ કાવ્ય માત્ર દૂહામાં ન લખતાં ત્રીજી કડીથી એક ચરણાકુલ અને એક દોહરો આ ક્રમ આપ્યો છે; આમ "વસંતવિલાસ" કરતાં થોડું વૈવિધ્ય "ભ્રમરગીતા"માં મળે છે. આ ઉપરથી એમ કહી શકાય કે તેણે "વસંતવિલાસ" જોયો હશે અને તેનાથી વિશેષ કરી બતાવવા મિશ્રબંધ સ્વીકાર્યો હશે. આમ આ કવિ સં. ૧૪૭૬ કરતાં તે પછીના સૈકાના "છિહુતરિ"માં, સં. ૧૫૭૬માં થયો હોય તો તેમાં અસંભવિતતા જેવું ન ગણી શકાય.

આ "ફાગુ" કાવ્ય છે, એના વિષયમાં તો શંકા નથી; કેમકે કવિ જ આરંભમાં એ નામનો નિર્દેશ કરે છે; જેવો કે:

"ભારથી પ્રારથી પાએ લાગું, સારદા સર્વત્ર સુમતિ માગું,
ફાગ ફાગુણિ ગાઉં કૃષ્ણ કેરા, ફલ જોઉ ફોકટ ટલઇ ફેરા. ૩"

પૂર્વકથાના અનુસંધાન માટે ૪થીથી ૩૩મી કડી સુધીમાં કૃષ્ણ કેવી રીતે મથુરા ગયા તે કથા ભાગવતાનુકૂલ આપવામાં આવી છે. ૩૪ કડીથી કવિએ ભ્રમરગીતનો પ્રસંગ શરૂ કર્યો છે, જેમાં કૃષ્ણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદ્ધવને ગોપીસાંત્વન માટે ગોકુલ મોકલે છે, જ્યાં જઈ ઉદ્ધવ પ્રથમ તો નંદયશોદાના હૃદયને શાંતિ આપે છે. ૪૮ મીથી ઉદ્ધવ અને ગોપાંગનાઓનો સંવાદ શરૂ થાય છે; જેમાં કૃષ્ણની પૂર્વલીલા ગોપાંગનાઓ યાદ કરી વિહ્વલ બને છે. છાંડેલી નાયિકાનું હૃદય કેવા પ્રકારનું હોય, તેનો કવિ અહીં ચિતાર રજૂ કરે છે:

"હરિની પરિ અમ્હો લાધી રે બાંધી તિહાં હઠિ પ્રીતિ;
નગરની નારી ધૂતારી રમતી હુસિ વિપરીતિ. ૫૬
હરિ હવિ શું કરિ અહાં આવી? નીરસ નારી અમ્હો થઈ અભાવી,
ભ્રમરની પરિ ભલા ભાવ જોયા, નવ રસ નગરની નાર મોહ્યા. ૫૭
અરૂઆડી અમો ભૂર, ચતુર નગરની નારી;
નાથ ન જાણું રે વસિ કરી પરિહરી ગિઉ રે મુરારિ. ૫૮
તે ગાઇ ગોકુલ, તે આહિર, તેહ જ વૃન્દાવન યમુના નીર,
ચાંદણી રાતિ નઇ કહિ રે બાલી, સર્વ સૂનું એક કૃષ્ણ ટાલી. ૫૯
ઉદ્ધવ, અમ્હો મંદભાગી, વયરાગી કહઇ રે નારી;
તિણિ નરહરિ ગિયુ પરહરી, કરી નિજ નેહ અપાર. ૬૦
નાંહનિ થકી ઘણુ નેહ કીધુ, જાતઇ અમ્હારડુ જીવ લીધુ,
થોડિ કાજિ ઘણી પ્રીતિ માંડી, વાહલુ એ વયરી થ્યુ છાંડી. ૬૧"

ચંદ્રાઉલી વગેરે ગોપાંગનાઓને ઉદ્ધવ વેદાંત અને ભક્તિની વાતો કરી દિલાસો આપવાનો પ્રયત્ન કરે છે, પણ ગોપાંગનાઓ તો સ્પષ્ટ રીતે જણાવે છે કે:

"ચાલસિ અમ્હારિ ભગતિ પાખઇ, અમ્હનઇ કો કિહી કૃષ્ણ દાખિ,
જ્ઞાન કહિઉં, તહ્મે તે ન લહીઇ, જાંણીઇ હરિ ગલિ લાગી રહીઇ. ૭૩"

કવિ અહીં ભ્રમરનો પ્રસંગ મૂકે છે—અતિ ટૂંકમાં જ. એટલું ખરું કે અહીં લખવા ધારત તો પ્રસંગને એ વધુ વિકસાવી શક્યો હોત: પ્રસંગ આમ બતાવ્યો છે:

"જાણિઉં કમલભ્રમ ભૂલુ ભ્રમર ગોપીપાયે બઇઠ;
ચરણ ગુંજારવ કરતુ રે માનિની મધુકર દીઠ. ૭૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કૃષ્ણનુ દૂત કો કહઇ વિરાગી, મનાવઇ છઇ આપણે પાઇ લાગી;
રીઝવઇ છઇ ગુણગાન કરી, એ ધૂરત કૃષ્ણ નઇ વાંનિ વયરી. ૭૫
માટિ થિકુ જાલઇ મધુકર, ઠાકુર તાહરુ ધૂર્ત:
નાયક પાયક લક્ષણદાયક દુ:ખ બહૂત. ૭૬
'નગરની નારિ જે ઉગટ કરી વસવા વઇકુઠિનાથિ હરી;
તુઝ મુખિ પરિમલ જે વિલગુ તે અમ્હ શરીર રહિ રે અલગુ. ૭૭"

બસ આટલેથી જ કવિ પતાવે છે. આ પછી ઉદ્ધવ દસ વીસ દિવસ ગોકુલમાં રહે છે, ત્યાં ગોપીઓ કૃષ્ણનાં પૂર્વ ચરિત સંભારી સંભારી ગાય છે; અને અંતે કૃષ્ણને માટે સંદેશો આપે છે.

ટૂંકમાં ૯૯ કડીમાં કવિએ કાવ્ય આટોપી લીધું છે. એ વધુ વિસ્તાર કરી શકયો હોત, પણ તે પોતે જ જણાવે છે તેમ તે કાવ્ય-રચન સમયે નાની ઉમરનો જણાય છે:

"કહિ ચતુર્ભુજ કર જુગલ જોડી, બોલિઉ બાલાપણ બુદ્ધ થોડી.
સાંભલઇ ગાઇ જે નરનારી, સફલ ફેરુ હુઇ તેહ સંસારિ. ૯૭"

સંભવ છે કે ૨૦–૨૫ વર્ષની ઉમરે તેણે આ કાવ્ય રચ્યું હોય. આ કવિની બીજી કોઈ કૃતિ ધ્યાનમાં નથી આવી. ફાર્બસ સભાના સંગ્રહમાં એકાદશી–આખ્યાન કોઇ ચતુર્ભુજનું છે, એ આ જ ચતુર્ભુજ છે કે અન્ય, એ નક્કી કરવું મુશ્કેલ છે. શ્રી છગનલાલ વિ. રાવળે તૈયાર કરેલી કવિ–યાદીમાં કોઈ ચતુર્ભુજના "કૃષ્ણ વિષેનાં પદો"નો ઉલ્લેખ છે, એ ચતુર્ભુજ આ કે અન્ય એ પણ નક્કી કરવું મુશ્કેલ છે.

કવિ છોટો છતાં, શ્રી સાંડેસરાના શબ્દોમાં કહિયે તો "તેના કાવ્યની રચના છટાદાર છે, રસપ્રવાહમાં આપણે ઘસડાયાં જઈ એ એવો જોશ છે." અને ઉપર આપેલા નમૂનાઓ એ વાતની સાક્ષી આપે એમ છે.

કાવ્યની જૂની પ્રત સચવાઈ રહેલી હોવાથી ચતુર્ભુજની ભાષા પણ આપણે મેળવી શકિયે છિયે. મધ્ય. ગૂજ. ની ૨ જી ભૂમિકાની તેની ભાષા બહુ સ્ફુટ સ્વરૂપમાં સંરક્ષાઇ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાલણને એક ચતુર્ભુજ નામનો દીકરો હોવાનું શ્રી હ. ગો. કાંટાવાળાએ વિધાન કર્યું છે.[1] ભાલણનો પુત્ર વિષ્ણુદાસ સં. ૧૫૭૫ માં ઉત્તરકાંડ પૂરો કરે છે, એનાથી નાનો હોય તો ચતુર્ભુજ સં. ૧૫૭૬ માં ભ્રમરગીતા રચે એ સંભવી શકે. મોઢપુરાણનો કર્તા ચતુર્ભુજ ભાલણનો પુત્ર હોવા વિશે કહેવાય છે, તેના કરતાં આ ચતુર્ભુજ પુત્ર છે, એમ એકવાર કબૂલ કરિયે તો બાધ ન ગણાય. માત્ર એટલું અહીં સાબિત કરી આપવું જોઇયે કે ભાલણે સંન્યસ્ત સં. ૧૫૫૦–૫૫ લગભગમાં લીધું હતું. તો સં. ૧૫૭૬માં ૨૦–૨૫ વર્ષનો ચતુર્ભુજ હોઇ શકે. માત્ર એ આશ્ચર્યજનક થાય કે ઉદ્ધવે અને વિષ્ણુદાસે સ્વીકારેલા કડવાબંધને છોડી ચતુર્ભુજે "ફાગુ" પદ્ધતિ કેમ સ્વીકારી. મને એમ લાગે છે કે ચતુર્ભુજ કોઈ સંસ્કારી બ્રાહ્મણપુત્ર છે; સંસ્કૃતજ્ઞ પણ છે; અને શહેરી છે. એ કદાચ પૌરાણિક હોય, તો સંભવે તેમ છે. ઉદ્ધવ અને વિષ્ણુદાસની જેમ એ પોતાને "ભાલણસુત" નહિ કહેતો હોવાથી અને ભાલણ કરતાં જુદા જ પ્રકારનો કાવ્યબંધ સ્વીકારતો હોવાથી એ ભાલણપુત્ર નથી. નાના પણ આશાસ્પદ આ કવિનાં ઉત્તરાવસ્થાનાં બીજાં કાવ્યો મળે તો ગૂજરાતી ભાષામાં સારી શોભા અપાવે તેવાં હોય, તેવું આ એક માત્ર મળતા કાવ્યથી કહેવામાં અતિશયોક્તિ નથી.

ચરિતસામગ્રીઃ—

૧. ગૂજરાતી દીપોત્સવાંક, ઇ. સ. ૧૯૩૩ (મુંબઇ)

૨. દ. હ. લિ. સં. નં. ૪૨૬ની હાથપ્રત

---

૧ આ વિધાનનું ખંડન કરી ભીમ અને ચતુર્ભુજ પુત્રો ન હોઈ શકે, તેનું શ્રી. રા. ચૂ. મોદીએ બતાવ્યું છે. ભાલણ, પૃ. ૬૩

P. P. Ac. Gunratnasuri M.S.　　　　　　　　　　Jin Gun Aaradhak Trust

જુગનાથ

[સાં. ૧૫૯૯ માં હયાત]

જુગનાથ કોઈ મહત્ત્વનો કવિ નથી; એનું ભુજંગી છંદની ચાલનું એક "રામાષ્ટક"[૧] શાકે ૧૪૬૪ (સાં. ૧૫૯૯)માં રચાયેલું મળે છે:

"શાકે ચૈ (ચૌ)દ ચોહો શેઠે શ્રુત કીધી, શ્રાવણ સુદ એકાદશીએ શુધ લીધી,
કેહે **જુગનાથ** કુલે કષ્ટ ભાગુ, પ્રભુ રાઘવ તોરડે ચરણે લાગું ॥"

કવિએ માત્ર આઠ કડીમાં આખું રામચરિત આપી દીધું છે.[૨] આ કવિનું કોઇ બીજું કાવ્ય પ્રાપ્ત નથી.

ચરિતસામગ્રી:—

૧. ફા. ગૂ. સ. હ. નં. ૧૧૨ ચ

ગંગાદાસ

[સં. ૧૫૯૯માં હયાત]

વિક્રમની ૧૬ મી સદીએ આપેલા કવિઓમાં પર્વત-સુત ગંગાદાસ નામનો કવિ હોવાનું તેના એક માત્ર મળતા "લક્ષ્મીગૌરીસંવાદ" નામના ૧૪૩ છપ્પયના કાવ્યથી જાણવામાં આવ્યું છે. કાવ્ય હજી છપાયું નથી. તેની એક માત્ર નકલ ફાર્બસ ગૂજરાતી સભાના સંગ્રહમાં છે.[૩] આ કવિનું વતન સૂરત છે. કવિએ કાવ્યના અંત ભાગમાં પોતાને વિશે ઉપયોગી માહિતી આપી છે. એમાં એનું વતન, જ્ઞાતિ, સમય વગેરે મળી આવે છે:

---

૧. ફા. ગૂ. સ. હ. નં. ૧૧૨ ચ

૨. એજન, યાદી ભાગ ૨જો, પૃ. ૨૪૫

૩. નં. ૨૩૮ની આ હાથપ્રત ઉપરથી ઉતારા તેમ જ આવશ્યક માહિતી શ્રી. અં. બુ. જાની મારફત મેળવી શકાઈ છે. તે માટે લેખક તેમનો ઋણી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"તાપી સાગરકંઠ વસે સૂરત ઉદ્યોતી
વાંહાંણ તણો વ્યાપાર સાવટૂં સોવણ મોતી
વસે ચુર્યાસી વંસ વાંણીયા રાય સધારો
નરસંગપૂરા ન્યાતિ વાદ વધ્યો વિસ્તારો
સંવત પન્નર નવાંણૂંએ **પરવત-સુત** કવિતા કહે
ગંગાદાસ વાંણી સૂણે ધર્મ અર્થ સંપતિ લહે. ૧૪૩"

કવિએ તિથિવાર માત્ર નથી આપ્યાં, પણ વર્ષ આપ્યું છે. સં. ૧૫૯૯માં એ સૂરતના નરસિંહપુરા (?) નામક પરામાં વણિક જ્ઞાતિનો પર્વત-પુત્ર ગંગાદાસ આ નાનું પણ રસિક કાવ્ય વિસ્તારે છે. એણે કાવ્યના વિષય તરીકે લીધેલો વિષય પૌરાણિક છે, એટલે એ જૈનેતર છે, એમાં જરા જેટલી પણ શંકા નથી. એણે સ્વીકારેલો બંધ છપ્પય છે. આ પૂર્વે એ છપ્પય જૈન અને જૈનેતર કાવ્યોમાં પ્રયો-જાયેલ છે. રત્નસિંહસૂરિના કોઈ શિષ્યે "ઉવએસમાલકહાણ્ય છપ્પય" નામનું ૮૧ કડીનું કાવ્ય રચ્યું છે, જયારે ગંગાદાસ ૧૪૩ કડીનું પણ સુંદર, જેને કાવ્ય કહી શકાય તેવું કાવ્ય રચી આપે છે. લક્ષ્મી અને પાર્વતી પોતપોતાની બડાઈ હાંકે છે, તેમાં સામીને ઉતરતી ચીતરવા માટે કવિએ બંનેના મુખમાં કેટલીક સુંદર કવિતા મૂકી છે. શ્રીધરના "રાવણમંદોદરીસંવાદ"માં રાવણ અને મંદોદરી એકમેકના પક્ષને તોડી નાખવાને જે દલીલો કરે છે, તેના કરતાં ગંગાદાસની આ દલીલો વધુ કવિત્વભરી તેમ જ રસિક અને આલંકારિક છે. કેટલીક પંક્તિઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. ૫૨મી કડીથી બંને વચ્ચે ચાલતો સંવાદ અહીં નમૂના તરીકે આપવામાં આવે છે, એમાં કવિની શક્તિનો આપણને પરિચય મળશે:

"**પાર્વતી:** બગ ધોલી બે પક્ષ ચંદ્રને એક જ લેખૂં
બગ દિન ખાયે મીન ચંદ્ર મસવાડે પેખૂં
વ્યોમ અવનિ બગ ચાલિ, ચંદ્ર આકાશે સોહે
બગલો છે નિકલંક ચંદ્રને લંછન હોહે
પરવશ ખાંડો ક્ષિણ થયો, ગુરૂપત્ની સન્મુખ સુણો
સૂર્યોદય ઝાંખો લાજતો લક્ષ્મી બાંધવ તમ તણો. ૫૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લક્ષ્મી: તરૂઅર ભાર અઢાર સાર કૂંપલિ તાંહાં આવે
તારા સતાવીસ ઈશ બ્રાહ્મણ પતિ કહાવે
શુભ સુંદર જે ચાલિ ઓપમા મુખ બોલાએ
નિશાનાથ કુસુમેશ તાપ સઘલા ઓહોલાએ
સોલ કલા ટાઢો સદા અમૃત ઔષધ પાલવા
નીલકંઠ રાખે ગુણ ભણી હલાહલ વિષ ટાલવા. ૫૪

પાર્વતી: દેવ તણા જે દેવ તેહના શત્રુ નિકંદન
કમલા કેરી બેહેન તાસ સુત નાઈકનંદન,
લક્ષ્મીવાહન શત્રુ સ્વામિનીપુત્ર સુ જાંણૂં
પડચો કાઢચો ગજ જેણ તાસ પતિ વીર વખાંણૂં
નક્ષત્ર તીજે જે જણ્યો સબલ ગરભ અરધે મહી
કહી **ગંગદાસ** કો અર્થવો પંચબાણ જીત્યાં સહી. ૫૫

લક્ષ્મી: લક્ષ્મી બોલે અંબ ઘણૂં તહ્મ વીતો અરીયો
સરકંડ વનમાં જણ્યો ન સામે કિમ ઓધરીયો
છ મોઢાનો પુત્ર પયોધર બે કેમ આવે
લેતાં આવે હસૂં બોલતાં બાલ બિહાવે
એહેવાં અપૂરવ છોકરાં નવલી નારી કિમ જણે
આદિ શક્તિ એ તહ્મનેં ઘટે પ્રતાપ તે સીધ્યા તણે. ૫૬

પાર્વતી: લીધી હાથે સાંગ મયૂર વાહન તે કીધૂં
જે જીત્યો તારક દૈત્ય દેવમાંહાં પૂરૂં લીધૂં
ઇંદ્રાદિક જે દેવ અજ્ઞ મનાવ્યો હારહ
કાર્તિકેય કુસુમેશ જીતયો સઘલો મારહ
માતાનો બોલ વિચારિયો છાંડિ ગયો દક્ષણ ભણી
લક્ષ્મી હોલાવૂં[1] સૂં લવે સ્વામિ તણી મૈહમા ઘણી. ૫૭
ચાર્યા ગોરૂ જેણ દેવ કાહાવે મોટેરો
ટાલે સહૂના રોગ દેવ પણ કાદવ કેરો
રાખે ઘણીએક પોલ લખેશ્વરી કાહાવે દાતા
નીચે ઘોડે ચઢે અતી ઢીલે પોસાતા

૧. ઓલંભો, મહેણૂં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બે નાર મલી નર એકલો બેહુ મોઢે પાણી પીએ
કહિ ગંગદાસ કો અર્થવો કૂંઆરો બે નારીએ. ૫૮

લક્ષ્મીઃ પાલા જેવડૂં પેટ ચઢી ઊંદરડે બેસે
હાથિ કુહાડી ધરી દાંત મુખ એક જ દીસે
લબલબ હાલે હોઠ સૂપડા સરખા કાનહ
ચ્યાર હાથ નેં સૂંઢ રૂંઢ કાદવનો વાનહ
રૂડા પગ પાડી નવ શક્યો વેઠ ધર્યો રાવણ સહી
સગલૂં કુટંબ સરખૂં મલ્યૂં, લજાવે ગણપતિ કહી. ૫૯

પાર્વતીઃ સેવંત્રાં સીંદૂર ભોગ નાહ્નના વિધિ આવે
ગલ્યાં ચોપડાં સહ્રાં, ઘણાં ઘણ લાડૂ ભાવે
સુધિબુધિ કેરો સ્વાંમિ લક્ષ લાભ જે દીએ
ગમાંતરે શુભ કાંમ નાંમ પેહેલૂં તે લીએ
નંદી ને ભૃંગી આદિ ગણ વિઘ્નહરણ ગણનાથ એ
ભાંજ્યા રથ બહુ દેવના જો નવિ તેડયો પુરૂષ તે. ૬૦"

બંને પાત્રો બંનેની રમૂજભરેલી રીતે ખામીઓ બતાવે છે, એમાં કવિનું ચાતુર્ય પકડાઈ આવે છે. આ ચાતુર્ય પાછળ કવિથી બંને દેવી અને દેવીઓનાં કુટુંબીઓની નિંદા થઇ ગઈ છે; તે સામે ધાર્મિક જનતાને કહેવાનું રહે, એ સ્વાભાવિક છે, એ કવિ જાણતો હોવાથી બંને દેવી અને તેના દેવોની મહત્તા બતાવવાનું કાવ્યાંતે એ ચૂકતો નથી. તે જણાવે છે કેઃ

"લક્ષ્મી ગુણ નહી પાર સાર સંસારે તેહેવી
પારવતી મહાસતી એહ પંણ મોટી દેવી
હસતાં ભાંજે હાડ વાદ એ નોહે રૂડો
હરિહર બ્રંહ્મા મલી વારયો ઝગડો કૂડો
નિંદ્યા મિસ મેં સ્તુત કરી રખે માત દૂહૂવણ ધરો
શાસ્ત્રનો મારગ સાંભલી કવિતા કારણ ખપ કરો. ૧૩૮
સુકડે સોવણ થાલ શેરડી સુવરસ માયો
એહેના પ્રકૃત સ્વભાવ દૂખવી દૂખ ન થાયો.
કેટલા લોક અજાંણ મેઘનેં બોલે ગાલહ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તોપણ ચિંત્યા કરે ચીતવે એ મુઝ બાલહ
ચંદ સૂર હરિહર કદંબસૂં મર્મે બોલ્યૂં મેં ઘણૂં
માંનભાવ મન મોટૂં કરી સાંખો કવિ બાલકતણૂં. ૧૩૯
શ્રોતાનાં બે ભેદ ચાલણી સૂપડ કાહાવે
બિંદુ નાખે બાહાર કૂકસા મધ્ય રાહાવે
સારો કણ રાખંતિ રજી સહુ બાહિર જાએ
ચાલણી હોય સછિદ્ર સૂપડે છિદ્ર ન હોએ
ગુણ ગ્રહી અવગુણ નાખજ્યો ભાવ ભેદ ડાહ્યા લહે
માંડયો એ ચહૂટે રેહેંટ જો કોઇ ઊંચો કોઇ નીચો કહે. ૧૪૦
દિવસ ઘણા ખપ કર્યો મહંત મેલ્યા મેં ગ્રંથહ
ઠાંમઠાંમ તાં ભેદ શ્લોક ઊખાણા અર્થહ
નૂતન કર્યાં કવિત્ત નથી કો ....
....
સૂરજ સાથે સરટ ખીજતો હોડ હસાવે
શશિધર દેખી સ્વાંન કાંન માંડીને વાહાવે
પોપટ પઢે પવિત્ર શત્રુ પરિ મીની મંડે
સુકવિ કરે પ્રબંધ કુકવિ ખીજંતા ખંડે
સુકસ્તની સીમંતની સોઇને દૂષણ કહે
જોડંતાં અક્ષર દોહિલો વ્યાઇ તે વેદન લહે. ૧૪૨ ”

ગંગાદાસે આમ કાવ્ય લોકભોગ્ય બને તેમ કરવામાં સાવચેતી લીધી છે. એની ૧૪૩ કડીઓમાં થોકબંધ કડીઓ એવી છે કે જે સુંદર સુભાષિતો—લોકોક્તિઓ તરીકે રજૂ થાય છે. વિસ્તારભયે એ અહીં આપવામાં આવી નથી.

ગૂજરાતી સાહિત્યનો ઇતિહાસ તપાસતાં આ પદ્ધતિનાં કાવ્યો ઓછાં દેખાય છે. છેક ૧૮ મી સદીના અંત ભાગમાં થયેલો શામળ આપણને એવાં સુંદર લોકભોગ્ય કાવ્યો કાંઇક પાછો આપે છે. કડવા-બદ્ધ કાવ્યોનો વિષય ગેયતાના તત્ત્વ ઉપર રચાયેલો હોઈ તેમાં કાવ્યગત ચમત્કૃતિ લાવવાનો કવિ પ્રયત્ન ઓછો કરે છે. સ્વાભાવિક રીતે વાણીના અલંકારો જે આવી જાય છે, તેનો જ સમાદર કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રેમાનંદ કે નાકર કે ભાલણ જેવા તેમાં વિશેષતા લાવવાનો પ્રયત્ન કરે છે. ગંગાદાસની ઘાટીનાં કાવ્યોમાં તો કવિએ સંવાદને વિશદ અને સાથોસાથ રસિક બનાવવા વધુ સાવચેત રહેવું પડે છે. એ સાવચેતીનો અનુભવ આપણને ગંગાદાસમાં થાય છે.

"લક્ષ્મીપાર્વતીસંવાદ"ની વસ્તુને લક્ષ્યમાં લઇ કોઇ મોહોકમ, ભવાનીશંકર અને નથુએ કાવ્યો લખ્યાં છે. પહેલાંનું કાવ્ય હિંદી–ગૂજરાતી મિશ્રભાષામાં છે. એ પાછલાં ત્રણે કાવ્યો ગંગાદાસના કાવ્ય જેવાં આકર્ષક નથી. ગંગાદાસનાં સુભાષિતોને જોટો આપણને તે કવિઓની કૃતિઓમાંથી મળી શકતો નથી.

ગંગાદાસના કાવ્યની હાથપ્રત બહુ જૂની ન મળતી હોવાથી તેના સમયની ભાષા આપણે તેના આ કાવ્યમાં મેળવી નથી શકતા. ભાષા મધ્ય. ગૂજ.ની ૨જી ભૂમિકામાંથી ૩જી ભૂમિકામાં જે સમયે આવવા લાગી હતી, તે સમયમાં ગંગાદાસનો કવનકાળ પડે છે. કેટલાક જૂના સંસ્કારો આમ છતાં એ કાવ્યની નકલમાં રહી ગયા છે; જેવા કે:

"પારવતી તણી રાશ ઈશ નાંમે અણમલતી
મૃત્યુ ખડાષ્ટક **માહિ** ભોગ વિણ દિક્ષા પલતી
લક્ષ્મી તાહારી રાશ વિષ્ણુ નાંમે છે વારૂ
સોલ સહસ્ર સામટી નાંમ કેમ લેશે તાહારૂં
પાર્વતી રાશિપતિ બુધ હવા લક્ષ્મી રાશિ મંગલ ચઢયા
સુર **સુરીદાસ** કહિ દોય ભલાં રાશિસ્વાંમી વેરે વઢયાં. ૧૩૦
તેમ જ **જાંણિ** વિરોધ્ર ઓહોલવે ઓહ્લવાએ
ઓથર એ બે શત્રુ ભલા નર તેહેનેં મેલે
જેમ લોઢાના ખંડ એકટાં ટંકણ ભેલે
બહુ ડાહ્યા મલી વિમાસયૂં વાત હાથ બ્રહ્મા ધરે
હાથીયા ભાર હાથી વિનાં મા ઉમયા કોંણે વરે. ૧૩૧"

આ કાવ્યનો આદિ ભાગ તૂટક છે; એટલે તેણે કેવી રીતે કાવ્યનો ઉઠાવ કર્યો છે, એ પણ જાણવાનું શક્ય નથી.

૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કવિએ બીજી કોઈ કૃતિ રચી હોય તો આજે પ્રાપ્ત નથી. એક ગંગાદાસે સુદામાખ્યાન રચ્યું છે;[1] પણ તે તૂટક હોવાથી કવિના વિષયમાં કશી માહિતી મળતી નથી. એટલે જ આ બંને ગંગાદાસ એક જ છે કે જુદા તેનો નિશ્ચય કરી શકાય તેમ નથી. સં. ૧૭૧૬ લગભગની એ "સુદામાખ્યાન"ની નકલ મળતી હોવાથી કવિ એ પૂર્વનો છે, એમાં તો શંકા નથી. એક વસ્તુ છે કે પછીનો ગંગાદાસ પોતાના કાવ્યનો અંત કર્મમાર્ગ અને ભક્તિમાર્ગની ઉપયુક્તામાં આણતો હોવાથી પ્રથમના ગંગાદાસથી જુદો હોય. કવિતા પણ નબળા પ્રકારની છે. એ પણ બંનેના ભિન્નપણામાં સમર્થક થાય તેમ છે.

વિક્રમની ૧૬મી સદીના અંતના ત્રણે વણિક કવિઓ જાવડ, નાકર અને ગંગાદાસ ગૂજરાતી સાહિત્યકારોમાં વિશિષ્ટ ફાળો આપે છે, એ એક નોંધવા જેવી વસ્તુ છે.

ચરિતસામગ્રી:—

૧. ફા. ગૂ. સ. હ. લિ. નં. ૨૩૮ અને ૫૫ ख

નારાયણ

[વિક્રમની ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં]

આ નારાયણની કોઈ સ્વતંત્ર કૃતિ મળતી નથી; પણ ભક્તિમંજરી તેમ જ મુક્તિમંજરીના અનુવાદો મળે છે.[2] મુક્તિમંજરીનો પદ્યાત્મક અનુવાદ સાં. ૧૬૯૭ જેટલી એક જૂની પ્રતમાં સચવાઇ રહ્યો છે.[3] યોગશાસ્ત્રને લગતો મૂળ સંસ્કૃત ગ્રંથ ચોપાઈમાં ઉતારવામાં આવ્યો છે. એના અનુવાદની ધાટી ભીમના પ્રબોધપ્રકાશને લગભગ મળતી છે, દરેક અધ્યાયને અંતે (કાવ્યમાં બધા મળી ૭ અધ્યાય

---

૧. ફા. ગુ. સં. નં. ૫૩–ખ

૨. ભક્તિમંજરી, ગૂ. પ્રિ. પ્રે. હ. નં. ૧૯૬ ग

મુક્તિમંજરી, દ. હ. લિ. પુ. નં. ૯૩૩ अ

૩. દ. હ. લિ. પુ. નં. ૯૩૩ अ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, તે તેને અંતે) કવિએ પોતાના નામની છાપ મારી છેઃ (છેલ્લા અધ્યાયને અંતેઃ)

"કવિતા તણુ ન આણૂં ગર્વ । ભગતિ યોગ વખાણી સર્વ ।
ભણિ **નારાયણ** જિ જયગદીસ । એટલિ પદ પુહતા બાવીસ ॥૨૯॥"

મૂળ ગ્રંથ કોણે કર્યો છે, તે વિશે કવિ મૌન સેવે છે; પણ આરંભમાં ગોરખ અને મચ્છેંદ્રનો નામનિર્દેશ છેઃ

"શ્રીમત શંકર શ્રીવગુર । પૂજૂ ભવિ ભગવાંન ।
મુગતિમંજરી ગ્રંથનો । બોલીસ્ય આતમજ્ઞાન ॥ ૧ ॥

પ્રથમિ પ્રણમૂં સ્યસ્યધર દેવ । સુરનર મૂનીજ કરિ સહુ સેવ ।
પંચવદન દૂર્લભ દસ હાથ । ગ્રષભાસન બિઠા જયોગનાથ ॥ ૨ ॥
ત્રણ્ય નયન શર સોહિ જટા । સોહિ સકલ અકલ ઉતકટા ।
અહિનસ્ય અમ્રીત પરમરસ પીઅિ । સેવકનિ વાંછિત ફલ દીઅિ ॥ ૩ ॥

ગોરષ શોક ઉતમ ઉદાસ । ઊતપતિ વ્યાપિ રહીત ઉદાસ ।
જયોગ જયોગ તિ જાણિ યોગેંદ્ર । સઘલામાં મોટો મછેંદ્ર ॥ ૪ ॥

આદિ અનોપમ જે અવધૂત । કારતગે અંબિકાનુ પૂત્ર ।
એ પંચના પૂજૂં પાગ । વલભ મુઝ દેજે વૈરાગ ॥ ૫ ॥

વચન વદંતાં સારોદ્ધાર । કવિતા રપે કરો કણવાર ।
ભણિ **નારાયણ** નીચુ નમી । અભીવંદન કરૂં અધ્યાતમી ॥ ૬ ॥"

મુક્તિમંજરી યોગશાસ્ત્રને લગતો ગ્રંથ છે અને તેનો સરલ ગૂજરાતીમાં નારાયણે અનુવાદ કર્યો છે. કાવ્યની દૃષ્ટિએ આ કૃતિ કાંઇપણ મહત્ત્વ અર્પનારી નથી.

૧૬ મી શતાબ્દીમાં પદ્યાત્મક અનુવાદો થયા છે. ભાલણે કાદંબરીનો અને ભીમે પ્રબોધચંદ્રોદયનો અનુવાદ કરેલ છે. આ નારાયણ પોતાને ગમતા વિષયનું પુસ્તક પસંદ કરી અનુવાદ કરે છે. એનો સમય ૧૬મી સદીનો ઉત્તરાર્ધ હોવામાં બાધ નથી. હાથપ્રતમાં મધ્ય. ગૂજ. ની ૩૭ (૪ થીની છાંટવાળી) ભૂમિકા સચવાયેલી છે. ભીમનાં પ્રબોધપ્રકાશની તેમાં જ નકલ છે; તેમાં પણ તે જ સ્વરૂપ

P. P. Ac. Gunratnasuri M.S. 	Jin Gun Aaradhak Trust

મળે છે. ભીમની ભાષા એમાં છે તે કરતાં એક ભૂમિકા પૂર્વની છે. તે પ્રમાણે નારાયણની પણ સંભવે. લહિયાએ એમ તો નહિ માન્યું હોય કે "ભીમ ભણિ નારાયણ–દાસ" એ છાપ "પ્રબોધપ્રકાશ"માં હોવાથી નારાયણ એ ભીમ જ હોય અથવા ભીમનો ગુરુ હોય. એ સંભવિત એ માટે છે કે પ્રથમ "મુક્તિમંજરી"ની નકલ કરી પછી "પ્રબોધપ્રકાશ"ની નકલ કરવામાં આવી છે. આંતરિક કોઈ પણ પ્રમાણથી ઉપરની બાબત નિશ્ચિત થઈ શકતી નથી. અનુવાદ છતાં ભાષાની દૃષ્ટિએ નારાયણ ખપનો છે, તે ઉપરના ઉતારાથી સમઝાશે. ભક્તિમંજરીની પ્રત સં. ૧૬૬૭ જેટલી જૂની મળે છે, તે પણ એ જ રીતે મહત્ત્વની છે.

કેટલાંક પદો[1], ગુરુમહિમા[2], મહાદેવજીનો ગરબો[3] એ કૃતિઓ કોઇ નારાયણની મળે છે. આ કોઇ એ પછીના નારાયણ જુદા જુદા હોય તેમ લાગે છે. "નવરસ"વાળો નારાયણ પણ જુદો છે.

ચરિતસામગ્રીઃ

૧. દ. હ. લિ. પુ. સં. નં. ૯૩૩ अ

---

૧. બૃ. કા. દો. ભાગ ૮મામાં છપાયાં છે.

૨. ડા. લ. લા. નં. ૧૧–૧

૩. એજન, નં. ૧૧–૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનાચાર્ય

[વિ. સં ના ૧૬ મા શતકના અંત ભાગમાં હયાત]

પ્રખ્યાત કાશ્મીરક કવિ બિલ્હણની "પંચાશિકા"નો ગૂજરાતી ભાષામાં પરિચય આપનાર એક કવિનાં બે સુંદર કાવ્યો એ જ વિષયનાં મળે છે; તે "બિલ્હણપંચાશિકા" અને "શશિકલાપંચાશિકા." આ બંને કાવ્યોની જૂનામાં જૂની પ્રત સં. ૧૬૨૬ જેટલી જૂની મળે છે. લેખકના સમયનો આમાં કાંઈક પ્રકાશ થતો હોવાથી એ બંનેની પુષ્પિકા અહીં ઉતારવામાં આવે છે:

(૧) इति कविचक्रचूडामणिवेह्लणपंचासिका समाप्तः । संवत १६२६ वर्षे चैत्र वदि ३ दिन लिखि ॥ इति श्रीवेलणपंचासिका समाप्तः ॥ श्रीः ॥ श्रीः ॥[१]

(૨) इति शशिकलापंचासका: । मंगलपुरइ। श्रीग्यानाचार्यकृतः ॥[२]

બીજું કાવ્ય તો નકલ કરનારના સમયમાં શ્રીજ્ઞાનાચાર્યની કૃતિ તરીકે સ્પષ્ટ સ્વીકારાયેલું જણાય છે. કાવ્યની નકલ મંગલપુર=માંગરોળ (કાઠિયાવાડ)માં થઈ છે. કાવ્યની રચના મંગલપુરમાં થયેલ છે, એમ પણ માનવું હોય તો માની શકાય. બેશક "मंगलपुरइ" એટલા ઉલ્લેખથી ત્યાં નકલ થઈ છે, એ વધુ સંભવી શકે તેમ છે. એટલે જ અનુવાદક કવિ સં. ૧૬૨૬ પૂર્વે થયો છે, તે પણ તેટલું જ સ્ફુટ છે; પણ તે ક્યારે ? કાવ્યની ભાષા જોતાં ૧૬મા શતકમાં એ થયો હોવો જોઇયે. પ્રથમ કાવ્યાંતે એ જણાવે છે કે:

"કામી કાજિ કીધ ચૂપઇ ખંતિ કરી નિરખઉ થિર થઈ,
ભણિસઇ બિલ્હણ–વાણી તેહ **જ્ઞાન** તણઇ (કે ભણઇ) રસિ રાતા જેહ."[૩]

---

૧. પ્રા. કા. સુધા. ભાગ ૪ થો, પૃ. ૧૮૪

૨. એજન, પૃ. ૧૯૩

૩. એજન, પૃ. ૧૮૩–૮૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ભાષા તેના સમયનો નિશ્ચય કરવા પર્યાપ્ત છે. એ પ્રકાર આપણે આ પૂર્વનાં કાવ્યોમાં જોયો છે.

વારુ, આ કવિ કોણ હતો ? "શશિકલાપંચાશિકા"ની પુષ્પિકામાં જણાવ્યા મુજબ તે કોઈ જ્ઞાનાચાર્ય છે. એ જૈન સાધુ હશે, જૈન યતિ હશે કે ઇતરધર્મી હશે, એનો કાવ્યના સ્વરૂપ ઉપરથી કશો નિશ્ચય થઈ શકતો નથી. આ બંને કાવ્યો એના સ્વરૂપ ઉપરથી સુંદર વિરહ-કાવ્યો છે; વિપ્રયોગ શૃંગારનો સારામાં સારો નમૂનો રજૂ કરે છે. પ્રથમના કાવ્યમાં નાયક બિલ્હણ વિરહવેદના અનુભવે છે, જ્યારે બીજા કાવ્યમાં નાયિકા શશિકલા વિરહવેદના અનુભવે છે. બંને વર્ણનો રસિક છે. એટલું ખરું કે કવિએ કાવ્યનો કેટલોએક ભાગ બિલ્હણની સંસ્કૃત "પંચાશિકા"ના અનુવાદરૂપે આપ્યો છે. આમ છતાં કેટલોક ભાગ એણે સ્વતંત્ર પણ રચ્યો છે. મૂળકથાભાગ તેણે પોતાની વાણીમાં જ આરંભમાં ટૂંકવ્યો જણાય છે. કવિ આરંભમાં કામદેવનું જ સ્તવન કરે છે; જેવું કે:

"મકરધ્વજ મહીપતિ વર્ણવૂં, જેહનૂં રૂપ અવનિ અભિનવૂં;
કુસુમબાણ કરિ કુંજરિ ચડઇ; જાસ પ્રયાણિ ધરા ધડહડઇ.
કોદંડ કામિની તણુ ટંકાર, આગલિ અલિ ઝંઝા ઝંકાર.
પાખલિ કોઇલી કલરવ કરઇ, નિર્મલ છત્ર શ્વેત શિર ધરઇ.
ત્રિભુવન માંહિ પડાવઇ સાદ, 'છઇ કો સુરનર મંડઇ વાદ?'
અબલા સૈનિ સબલ પરવરિઉ, હીંડઇ મનમથ મચ્છરિ ભરિઉ.
માધવ માસ સોહઇ સામંત જાસ તણઇ, જલનિધિ-સુતમિંત.
દૂતપણૂં મલયાનિલ કરઇ; સુરનર પન્નગ આણિ આચરઇ,
તાસ તણા પય હૂં અણસરી, સરસતિ સામિણી હઇડઇ ધરી,
પહિલૂં કંદર્પ કરી પ્રણામ, ગરુઉ ગ્રંથ રચિસિ અભિરામ."[1]

આ ભાગ કવિની તદ્દન સ્વતંત્ર કૃતિ છે. એમાં એ કામદેવને કાવ્યારંભે પ્રણામ કરે છે. અને તેથી જ આ કવિ કદાચ જૈન સાધુ

૧. એજન, પૃ. ૧૫૭-૧૫૮.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન હોય, તો બની શકે તેમ છે. એ જ્ઞાનાચાર્ય જો જૈન ન હોય તો એમ બનવું શકય છે કે એ કોઈ વિદ્વાન બ્રાહ્મણ હોય. અથવા સંભવી શકે કે એણે જૈનધર્મની દીક્ષા લીધી હોય તે પૂર્વે ઉપરની બંને કૃતિઓ રચી હોય. દીક્ષા લીધા પછી આવું કાવ્ય રચ્યાની સંભાવના બહુ ઓછી છે. માત્ર લોકમાં એની કૃતિ એ વ્યાપક થઈ હશે; એટલે નકલ કરનારાએ દીક્ષાનામથી કાવ્યની પુષ્પિકામાં કર્તૃત્વનો નિર્દેશ કર્યો હશે.

સં. બિલ્હણકાવ્ય ૧૬૪ શ્લોકનું કાવ્ય છે, જેમાં આરંભના ૭૪ શ્લોકો અન્યની કૃતિ હોવાનું મનાય છે. બિલ્હણના સમયનો વિચાર કરતાં એ અનુમાન વ્યાજબી છે; કેમકે અત્યારે મળતા કાવ્યમાં ઐતિહાસિક વીગત જે મળે છે, તે અપ્રામાણિક છે. મૂળે "શારદાદેશ કાશ્મીરનો પંડિત કવિ બિલ્હણ સ્વવતન છોડીને નીકળ્યો ત્યારે કેટલોક વખત પંજાબના રાજા-હાકેમ ક્ષિતિપતિ કિંવા ક્ષિતિપાલને ત્યાં રહ્યો હતો. તે દરમ્યાન તેને ક્ષિતિપાલની પુત્રી સાથે સ્નેહ બંધાયો; તે વાત પાછળથી છતી થઈ; અને કાશ્મીરી કવિને દેશત્યાગ કરવો પડ્યો. એ સ્નેહને સંભારી મોહબદ્ધ બિલ્હણે "बिल्हणपंचाशिका" રચી, જે અદ્યાપિ એક લોકપ્રિય કાવ્ય મનાય છે. પ્રસ્તુત પંચાશિકા કોઇ અણઘડ જોડનારને હાથે કાળાંતરે કથીરમાં જડાઇ અને बिल्हणकाव्य નામ પામી. પૂર્વે બિલ્હણ ગૂજરાતમાં આવ્યો હતો અને ત્યાંથી અત્યંત અપ્રસન્ન ચિત્તે ચાલ્યો ગયો હતો, એ વાત એ અરસામાં તાજી હતી અને પંજાબના ક્ષિતિપાલની હકિકત વિસારે પડી હતી. એને લીધે ઐતિહાસિક ક્ષિતિપાલ તથા તેની પુત્રીને ઠેકાણે બિલ્હણકાવ્યમાં ગૂજરાતનો વીરસિંહ તથા રાજકુમારી શશિકલા એ બે કલ્પિત વ્યક્તિઓ સ્થાપિત થયેલી જોવામાં આવે છે."[1] જ્ઞાનાચાર્યે આ પાછલો કથાભાગ જોયો છે, અને તેણે આ પ્રસંગ નીચેને સ્થળે બન્યો નીચે મુજબ બતાવ્યો છેઃ

---

૧. "વનમાળી" (સંભવતઃ સ્વ. દી. બ. કે. હ. ધ્રુવ)ના શબ્દો જ ઉપર નોંધ્યા છે. ગૂજ. દીપો. અંક. ઈ. સ. ૧૯૩૦, પૃ. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ઉત્તર દેસ અંત નહીં જેહ, નિરંખત પાર ન પામૂં તેહ.
શ્રીપુર પાટણુ ઉત્તમ તિહાં વર્ણાવર્ણ વસઇ જન જિહાં.
ગઢ ગરુઉ પાખલિ પુર તણઇ સાલઇ ઉરિ અરિ ઉતંગપણઇ,
ઉલીબદ્ધ માંહિ આવાસ; સામાસામહિ ગૂખઇ વાસ.
ઇક નર સેરી નિરખઇ તાડિ પેખઇ બાલા બઇઠી માડી,
અમર તણી ઇંદ્રાણી જિસી, ગૂખિ રમઇ તે તરુણી તિસી.
હરખિ હસંતાં ઝલકઇ દંત, નર પ્રતિબિંબિ બીહિ નીસંત,
ધ્રૂજંતાં ધીર ધરિ પડઇ. અલવઇ અબલા નરનઈ નડઇ.
અલવિ આલિંગી યંભઇ થંભ ઉરકુચ કાઢી ઊભી રંભ.
તે જોતાં થાઇ કામી કામ વેધ્યા નયણિ પડઇ વિભ્રામ.
ઇણી પરિ મોટૂં નયર મંડાણ શ્રીપુર પાટણ ગરુઉં ઠાણ.
રાજ કરઇ રા પૃથિવીચંદ્ર જાણી અવનિ અવતરિઉ ઇંદ્ર.
તસ પટરાણી પ્રેમાવતી સવિહુ ધરિં જે કીજઇ સતી.
નવયૌવન ભરી મતિ નિર્મલા બેટી તાસ નામ શશિકલા."[૧]

અત્યારે મળતા બિલ્હણકાવ્યમાં ફેરબદલો કરી જ્ઞાનાચાર્યે રાજાનું નામ વીરસિંહને બદલે પૃથિવીચંદ્ર આપ્યું છે, જ્યારે રાણીનું સુતારાને બદલે પ્રેમાવતી આપ્યું છે. સંસ્કૃત કવિ "સુતારા" રાણીને અવન્તીરાજની પુત્રી કહે છે.[૨] રહસ્યસંદર્ભનામના એક ગ્રંથમાં રાજાનું નામ મદનાભિકાલ અને પુત્રીનું નામ યામિનીપૂર્ણતિલકા મળે છે, જ્યાં ગામનું નામ લક્ષ્મીમંદિર છે.[૩] પ્રચલિત બિલ્હણકાવ્યનો વીરસિંહ= વૈરિસિંહ તો બિલ્હણના સમય કરતાં સો વર્ષ પૂર્વે થયેલો છે; કેમકે બિલ્હણ સિદ્ધરાજના પિતા કર્ણનો સમકાલીન હતો, તે "કર્ણસુંદરી" નાટિકાથી અત્યંત સ્પષ્ટ છે; એટલે જ સ્વ. દી. બ. ધ્રુવે જે ક્ષિતિપતિ વિષયક પ્રસંગ લખ્યો છે, તે વધુ વ્યાજબી જણાય છે. જ્ઞાનાચાર્યે તો ભળતું "પૃથિવીચંદ્ર" નામ આપ્યું છે.

---

૧. પ્રા. કા. સુધા, ભાગ ૪ થો, પૃ, ૧૫૮-૯
૨. કાવ્યમાલા, ગુચ્છ ૧૩ મો, પૃ. ૧૪૫
૩, સાહિત્ય માસિક, વર્ષ ૨૦ મું, પૃ. ૩૯૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાલિદાસે નાયકે કરેલાં વિરહગાનને પુષ્કળ વેગ આપ્યો છે. એ પૂર્વે એવું વિરહગાન "રામાયણ"માં સીતાવિરહથી રામને થયાનું મળે છે. બિલ્હણ એક એવો કવિ છે કે જેણે નાયકે કરેલું વિરહગાન આપ્યું છે, પોતે જ એક પાત્ર બની. ગૂજરાતી કાવ્યોમાં આપણે ગણપતિકૃત "માધવકામકંદલા દોગ્ધક"માં બારમાસરૂપે નાનું નાયકકૃત વિરહગાન આ પૂર્વે જાણ્યું છે. આપણો જ્ઞાનાચાર્ય બિલ્હણકાવ્યનો વિરહગાન પૂરતો ભાવાનુવાદ દઈ તેવું ગાન ગાય છે. એ રીતે ગૂજરાતી સાહિત્યમાં એક સારું ઉમેરણ તે કરે છે; એ વસ્તુ અહીં ખાસ નોંધવા લાયક છે. એના સ્વતંત્ર ભાગનો પરિચય ઉપર આપ્યો છે. એનો અનુવાદ પણ હૃદયંગમ છે; અને જો એ અનુવાદ છે, એમ ન જાણતા હોઇયે તો અનુવાદ હોવાની ખબર પણ પડે તેમ નથી. નમૂના તરીકે પ્રથમ શ્લોક જ લઇયે :

अद्यापि तां कनकचम्पकदामगौरीं
फुल्लारविन्दवदनां नवरोमराजीम् ।
सुप्तोत्थितां मदनविह्वलसालसाङ्गीं
विद्यां प्रमादगलितामिव चिन्तयामि ॥ ७५ ॥[1]

"આજ અહ્મારિ મનિ માનિની ચીંતૂં સોવન-ચંપક-વની.
ગોરિ દામ સરિખી સાર, મુખ અંબુજ વિકસિત આકાર,
નાહાના રોમ ન આવઇ નયણિ સૂતિ ઉઠી માતી મયણિ,
સંભારઇ વિદ્યા વીસરી, તિમ હૂં સમરૂં એ સુંદરી."[2]

"શશિકલાપંચાશિકા" મૂળ કાવ્ય છે કે સં. કાવ્યનો અનુવાદ છે, એ નક્કી કરવાનું સાધન ઉપલબ્ધ નથી. આ બીજા કાવ્યમાં શશિકલાએ વિરહગાન કર્યું છે. પ્રત્યેક ચાર લીટીને અંતે "વારંવાર સંભારૂં તેહ, પ્રાણ પાહિ વાહલુ વર એહ" એ લીટી આવ્યા કરે છે. કાવ્યનો ઉઠાવ કવિએ નીચે મુજબ કર્યો છે:

---

૧. કાવ્યમાલા ગુચ્છ ૧૩, પૃ. ૧૫૬-૭

૨. પ્રા. કા. સુધા, ભાગ ૪ થો, પૃ. ૧૬૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"એક દિન બઇઠી સહિયર સાથિ, હસિ હરખિ તાલી દેઇ હાથિ
સહી કહી સાંભલિ શશિકલા, પૂછું વાત એક નિર્મલા.
જિમ બિહલણિ પરકાસ્યૂં સર્વ, તિમ તૂં કહી મૂકી મન ગર્વ
કહિ કુમરી સુણજ્યો સહૂ તહ્યે, જેહની વાત પ્રકાસૂં અહ્મે.
સુણિજ્યો માહરૂં સકલ સરૂપ. સમરૂં વર કંદ્રપ-સમ રૂપ.
મુખ ઉપમા પૂનિમનુ ચંદ, ચખ સોવણ સરસિજનૂં દ્વંદ.
નાક ઉપમા નલિકા નિત્તિ. તે આનન સંભારૂં ચિત્તિ.
સાંભલિ સહિયર, કહિ શશિકલા, લક્ષણ ત્રીસ દોઇ આગલા.
ઝલકિ દંત ઝમક હીરલા, અધર રંગ વિદ્રુમ, શશિકલા—
ગ્રીવા ત્રિવલિ, કંધ જિમ સંઢ, કમલનાલ સરીખા ભુજદંડ.
ચાલઇ ચાલિ મયગલ મત્ત, ઊંડી નાભિ સૃષ્ટિ આવર્ત
વારવાર સંભારૂં તેહ, પ્રાણ પાહિ વહાલુ વર એહ."[1]

૪૦ ચોપાઇમાં કવિએ આ વિરહગાન ગાયું છે, જે વિપ્રલંભ શૃંગારનો એક સારો નમૂનો પૂરો પાડે છે. કવિએ આ બંને કાવ્ય સાદા ચોપાઇબંધમાં આપ્યાં છે. વચ્ચે પ્રસંગોપાત્ત પૂર્વછાયા=દોહરા આપ્યા છે. પણ વચ્ચે તેણે એક માલિની ભાષામિશ્રથી આપી છે, તે ખાસ ધ્યાન ખેંચે છે:

"અતિશય કરમાણી સામ્પ્રતં કાંઇ બાલા,
હસસિ રમસિ સાથિ નૈવ કિંચિત્ સખિભિઃ
જબ લગિ પુર માર્ગે બિલ્હણો માઇ દિઠ્ઠો,
તબ લગિ હૃદયં મે પંચબાણઃ ક્ષિણાતિ."[2]

આમાંનાં મધ્ય. ગૂજ. રૂપો જુદાં તરી આવે છે. "કરમાણી", "સાથિ", "જબ લગિ-તબ લગિ", "માઇ" "દિઠ્ઠો" એ રૂપો મધ્ય. ગૂજ.ની ૩જી ભૂમિકાનાં સ્પષ્ટ છે; એ બતાવે છે કે જ્ઞાનાચાર્ય વિ. સં. ૧૬૦૦ આસપાસ થયો છે.

આ કાવ્ય કવિના સંસ્કૃતજ્ઞાન અને કાવ્યશાસ્ત્રના જ્ઞાનનું દ્યોતક છે. કાવ્યાંતે તેણે આવા પ્રકારના કાવ્યશાસ્ત્રીય જ્ઞાનની સંભવતઃ પોતાના નામના ગર્ભમાં આવશ્યકતા નિર્દેશી છે; જેવી કે-

---

૧. એજન, પૃ. ૧૮૪-૫ ૨. સાહિત્ય, વર્ષ ૨૦, પૃ. ૪૦૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભણિસઇ બિલ્હણ વાણિ તેહ જ્ઞાન તણઇ (કે ભણઇ) રસિ રાતા જેહ."

'જ્ઞાન=કાવ્યશાસ્ત્રવિષયક જ્ઞાન અથવા જ્ઞાનાચાર્યે કવિતારૂપે વિસ્તારેલ કૃતિના રસમાં જેઓ પ્રેમવાળા છે, તેઓ બિલ્હણની કાવ્યરૂપ વાણી ભણશે', એમ કવિ કહેવા માગે છે. "તણઇ"ને સ્થળે "ભણઈ" પાઠ મળે છે; તેનાથી એવો અર્થ થાય કે જ્ઞાનાચાર્ય કહે છે કે 'જેઓ રસશાસ્ત્રમાં પ્રેમવાળા છે, તેઓ બિલ્હણની આ વાણી ભણશે.' બંને અર્થમાં સંગતિ છે.

બંને કૃતિઓ નાની હોવા છતાં કવિ ઉત્તમ શક્તિવાળો છે, તેવું બતાવવાને પૂરતી છે. એ યુગમાં ભાષાંતર તરફ વૃત્તિ હતી, તે ભાલણ, ભીમ વગેરેની કૃતિઓથી સ્ફુટ છે; અને જ્ઞાનાચાર્યે એ પ્રમાણે અર્ધલોકકથારૂપની બિલ્હણકથા ઝડપી લેવાનું યોગ્ય ધારી બે સારી કૃતિ ગૂજરાતી સાહિત્યભંડારમાં ભરી આપી છે.

આ કવિ જૈન હો કે જૈનેતર હો–અને શ્રી. ભોગીલાલ સાંડેસરા એને જૈનેતર માને છે તે રીતે જૈનેતર-એવો સારો કવિ પોતાના વિષયમાં કશી માહિતી આપતો નથી, તેમ બીજે ક્યાંયથી પણ કશી માહિતી મળતી નથી, એટલે કવિનું ભૌતિક જીવન કેવી રીતે વીત્યું હશે, તે કહી શકાતું નથી. આ કવિએ આ બે કૃતિ સિવાય બીજી કૃતિઓ રચી છે કે નહિ તે પણ જાણવામાં નથી. એક "શશિકલા કાવ્ય" કોઈ અજ્ઞાત કવિનું સં. ૧૬૫૫ જેટલી જૂની હાથપ્રતમાં "બિલ્હણપંચાશિકા"ની પછી જ લખાયેલું મળે છે. એમાં ૩ પૂર્વછાયા અને ૧૨૦ ચોપાઈ છે. (આ કાવ્ય સ્વ. દી. બ. કેશવલાલ ધ્રુવે ગૂજરાતી–દીપોત્સવાંક–ઇ. સ. ૧૯૩૦માં છપાવ્યું છે.) આ કૃતિ કોની છે, તે આજે જાણવાનું કાંઇ સાધન નથી. આ પાછલું કાવ્ય લગભગ ૧૬૫૦ આસપાસ રચાયું સંભવે છે; અથવા જૂની કૃતિ હોય તો તેમાં ભાષા બદલી છે; સબબ કે તેમાં મધ્ય. ગૂ.ની ૪થી ભૂમિકા મળે છે. આ પાછલું કાવ્ય પણ સુંદર છે, અને કોઇ ચાલુ પ્રવાહ

૧. ગૂજ. દીપો. અંક, ઇ. સ. ૧૯૨૫, પૃ. ૧૯૨૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરથી જ એ કવિએ વિસ્તાર કર્યો છે. જ્ઞાનાચાર્યની "શશિકલા" અને આ પાછલી "શશિકલા" એકમેકને જોયા વિના રચાઈ છે, એ સ્પષ્ટ છે; કેમકે પૂર્વની "શશિકલા"માં કવિ એવું જણાવે છે કે સખીએ બિલ્હણનું વિરહગાન થયા પછી શશિકલાને તેવું વિરહગાન કરવા સૂચન કર્યું, જ્યારે પાછલી અજ્ઞાત કવિની "શશિકલા"માં તો "બિલ્હણપંચાશિકા"ના અનુસંધાનમાં હોય તેમ કવિ શશિકલાનું વિરહગાન આપે છે: "બિલ્હણ પંચાશિકા"નો શશિકલા–પ્રતિજ્ઞાવાળો ભાગ નવી "શશિકલા"માં જુદા શબ્દોમાં નવેસરથી દાખલ થયો મળે છે, જે ભિન્નકર્તૃત્વ પણ આપે છે. આ પાછલું કાવ્ય સુંદર સાંકળી કાવ્ય છે. એક "સારંગ" નામના કવિએ 'બિલ્હણ કાવ્ય' રચ્યું કહેવાય છે.[1] કદાચ આ પાછલી કૃતિ એ સારંગની હોય તો સંભવી શકે તેમ છે; જોકે સ્વ. દી. બ. ધ્રુવે આ પાછલા સાંકળીકાવ્ય "શશિકલા"ની જે પ્રતિ મેળવી છે, તે બહુ મોડેની લાગે છે, કેમકે તેમાં ભાષા અર્વાચીનતા પામી ગઈ છે; છતાં સ્વ. ચીમનલાલ દલાલને મળેલી પ્રતમાં ઉપર જણાવ્યું તેમ સં. ૧૬૫૫ આસપાસની ભાષા સચવાયેલી છે એટલે પાછલો કવિ તે પૂર્વે થયો છે, તેમાં શંકાને કારણ નથી.

ચરિતસામગ્રી:

૧. ગૂજરાતી, દીપોત્સવાંક, ઇ. સ. ૧૯૧૫ (મુંબઈ), સ્વ. ચી. ડા. દલાલનો "બિલ્હણપંચાશિકા" લેખ

૨. ગૂજરાતી, દીપોત્સવાંક, ઈ. સ. ૧૯૩૦ („) સ્વ. "વનમાળી"નો લેખ અને "શશિકલા કાવ્ય"

૩. સાહિત્ય માસિક, ઇ. સ. ૧૯૩૨, શ્રી ભોગીલાલ સાંડેસરા સંપાદિત બિલ્હણપંચાશિકા

૪. પ્રાચીન કાવ્ય સુધા, ભાગ ૪ થો, શ્રી છગનલાલ વિ. રાવળ સંપાદિત

---

૧. ગૂજ. દી. અંક, ઇ. સ. ૧૯૧૫ પૃ. ૧૯૨૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શશિકલા—કાર

[વિ. સં. ૧૭ મા શતકના આરંભમાં]

સ્વ. દી. બ. કેશવલાલ હ. ધ્રુવે "વનમાળી" એ નામે ગૂજરાતી–દીપોત્સવાંક–(ઇ. સ. ૧૯૩૦)માં "શશિકલા" નામનું એક સુંદર કાવ્ય કોઇએક અજ્ઞાત કવિનું છાપ્યું છે. આ વિષયનું એક કાવ્ય આપણે જ્ઞાનાચાર્યનું જાણ્યું છે. એ કાવ્ય ટૂંકું છે, જ્યારે આ ૧૨૩ કડીનું (સાંકળી કાવ્યની દૃષ્ટિએ ચોપાઇની ચાર લીટીની ૧ કડી ગણતાં ૬૪ કડીનું) વિસ્તૃત કાવ્ય છે. બિલ્હણના વિષયમાં માહિતી આ પૂર્વે જ્ઞાનાચાર્યના ચરિતમાં આપી છે. બિલ્હણે વિરહગાન કર્યા પછી, તે જાણી શશિકલાએ સખી પાસે વિરહગાન કર્યું, તે પ્રમાણે વીગત આપી જ્ઞાનાચાર્યે નાની "શશિકલા" ગાઇ છે; જયારે આ નવા કવિએ બિલ્હણ ઉપર આફત આવ્યાની ખબર પડતાં શોકગ્રસ્ત બનેલી શશિકલાના મુખમાં સખી સામે વિરહગાન કરાવ્યું છે. આટલો વસ્તુગત ભેદ છે. શરૂઆતની કડીઓથી એ વીગત સ્પષ્ટ થશે:

પૂર્વછાયો

"પ્રીતિવચન વનિતા તણાં બિલ્હણ–વિરહે જેહ,
વિરહિણીની હરે વેદના, સાંભળજો સહુ તેહ. ૧

ચોપાઈ

તેહ વિપ્રને જે વિધિ થઈ, વિગતવાત વનિતા કને ગઈ,
તવ શશીકલાએ કીધું જેહ, વિપ્ર વિરહી વિસ્તારૂં એહ
ભૂપતિ ભટ બંધાવ્યો સહી, દાસી દેખી દુઃખે દહી
વર્ણ અઢારે જોવા મલ્યાં, જઈ સંભળાવી શશીકલા. ૨
શશીકલાએ શ્રવણે સુણી વાત, જે બિલ્હણ બંધાવ્યો તાત,
તવ તેને નયણે જળ ઝર્યાં, ઉદધિ તણી પેરે આંસું ખર્યાં.
સખીએ ત્યાં સમજાવી કરી, રોતી રાખી તવ સુંદરી,
સખી પ્રત્યે તહિં બોલી બાલ, અણચિંતવ્યો આવ્યો મુજ કાલ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાલ તણે વશ કાયા પડી, કંથને કેમ દેખીશું આંખડી ?
પૂરવ જન્મનું હુતું પાપ, તે મુજ આવી લાગ્યું આપ.
જે વિપ્ર સરીસું બાધું મન્ન, જે વિણ હું નવ ખાતી અન્ન,
તેથી અલગ કીધ મહારાજ, હવે કઇ પેરે વિસારૂં આજ. ૪
આજ વિપ્રવદન કઇ પેરે મલે, જે દીઠે વિરહાનલ ટળે,
ભમર તણી પેરે ભમતી નારી, ચપલ નયન ખંજન આકારી.
મન ગમતાં તે બોલે બોલ, ભૂતળે નવ નર આપે તોલ.
જો હવે હૃદયે વિસારૂં આજ, તો નિશ્ચે મુજ લાગે લાજ. ૫"[1]

આપણે જ્ઞાનાચાર્યની શશિકલામાં જે ટૂંકાણ જોયું, તે આમાં નથી મળતું; કવિ વિસ્તાર કરવા ચાહે છે. જ્ઞાનાચાર્યે શરૂઆતથી જ વેગ લીધો છે; આ કવિ ધીમેધીમે વેગ સાધે છે. કવિ શશિકલાના મુખમાં પ્રિયના અનેકવિધ સમાગમ મૂકે છે, જેમાં વિશદતા આવ્યે જાય છે; જેથી વિરહ વધુ અને વધુ ઉદ્દીપ્ત થતો જાય છે:

" મરૂડી મુછિ મુખે વિશાળ, અલતા બિંદુ સરીખા ગાલ,
તે ઉપરે તલ સોહે સાર, જાણે ખટપદ કમલ મુઝાર.
નાસા તે શુક ચંચ સમાન, નિર્મળ મોતી ઝલકે કાન,
દ્રષ્ટિ આગળેથી ગયો પરૂં, અંતકાળે હું હૈડે ધરૂં. ૨૯

× × × ×

નેહ સહીત ! જે વાડવ તણું, દિન દિન વાધતુ અતિ ઘણું.
ઘસું ચંદન, માંહે કેસર રંગ, તેની કંચુકી કીધી અંગે,
સિંદુરે રેખા અતિ કીધ, પ્રેમ સહિત આલિંગન દીધ.
કુચ ખૂંતા ને મરડયું મુખ, તે વિણ સખી ન ભાજે દુઃખ. ૩૨"[2]

કવિએ આ કાવ્યમાં સં. " બિલ્હણ કાવ્ય "ના અંતનો ભાગ સાથે સાંકળી લઈ જ્ઞાનાચાર્યની બિલ્હણપંચાશિકાની ૧૩૯મી કડી પછીના ભાગ સ્થાને ગોઠવી શકાય, તેમ આખું કાવ્ય રચી કાઢયું છે. " શશિકલા "ની ૫૨મી કડી પછી મૂળનો અંકોડો નવા કવિએ મેળવી લીધો છે.

---

૧. ગૂજ. દીપો. અંક, ઇ. સ. ૧૯૩૦, પૃ ૬ ૨. એજન. પૃ. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"જાણુ હોઇ તે બોલો આજ, હવે તે મેં શું કરવું કાજ?
એક નવ સૂઝે મુજ પેર, ઓશિયાલી શી બેસું ઘેર?
વિરહ કોટિ કાઢીને રહ્યુ, તેહનો તાપ ન જાયે સહ્યુ.
વિવિધ પ્રકાર તણું છે કષ્ટ, કહેતાં બિલ્હણ પડિયો દૃષ્ટ. ૫૨
દૃષ્ટેદ્રષ્ટ પડી જેણી વાર, બોલે બિલ્હણ કરી વિચાર,
'શશિકલા સાંભળજે વાણી, અંતકાલે હવે જાતે પ્રાણ.
સીતા કારણે રાવણ શીશ, દશ કાપિયાં અયોધ્યા–ઈશ.
તું માટે એક મસ્તક જાય, નવ કેરૂ ઉગારો થાય.' ૫૪[1]

અને શશિકલાની પ્રતિજ્ઞા સાંભળી રાજા બિલ્હણને મુક્ત કરે છે. આ કૃતિ જ્ઞાનાચાર્યની નથી, એ આથી સ્પષ્ટ થાય છે. તેમ જ્ઞાનાચાર્યની "શશિકલા" પણ આ નવા કવિએ જોઈ નથી, એ આરંભના પ્રસંગને કારણે સમઝાય છે. જૂની "શશિકલા"માં સખીની પ્રેરણાથી એક દિવસે બેઠેલી શશિકલા વિરહગાન કરે છે, જ્યારે નવી "શશિકલા"માં તો બિલ્હણના બંધનની વાત તેને કર્ણે આવતાં જાણે કે ચાલુ કાવ્ય જ હોય તેમ શશિકલા વિરહગાન કરે છે. ત્યારે આ નવી કૃતિ કોની હોવી જોઇયે? કાવ્યમાંથી કશો પત્તો લાગતો નથી. સ્વ. ચીમનલાલ દલાલને મળેલી હાથપ્રત સં. ૧૬૫૫ જેટલી જૂની છે; એટલે તેટલો તો આ કવિ જૂનો ખરો જ; એટલે સં.ના ૧૭મા શતકના પૂર્વાર્ધમાં તો ખરો જ. વળી એણે "બિલ્હણપંચાશિકા" જોઈ સંભવે તેમ છે; કેમકે એ મેળ મેળવવા "બિલ્હણ પંચાશિકા"ની છેલ્લી વીગત સાચવી લે છે. કદાચ ન જોઈ હોય અને પ્રચલિત સં. કાવ્યનો આધાર લઈ કૃતિ કરી હોય તોયે જ્ઞાનાચાર્યથી જૂનો તો સંભવતો જ નથી; કેમકે એ "બિલ્હણકાવ્ય" ગૂજરાતીમાં નથી આપતો; સબબ કે કોઇએ તે પૂર્વે તે ગૂજરાતી રચ્યું તેણે સાંભળ્યું હશે.

એક સારંગ નામના કવિએ "બિલ્હણપંચાશિકા" રચ્યાનું સ્વ. દલાલે "જૈન ઐતિહાસિક રાસમાળા"માંના વિધાનને અનુસરી

---

૧. એજન, પૃ. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લખ્યું છે. પણ "બિલ્હણપંચાશિકા" જ્ઞાનાચાર્યની હોવાનું સં. ૧૬૨૬ જેટલું જૂનું તો છે જ; તો સંભવ છે કે આ "શશિકલા" એ સારંગની કૃતિ હોય. એ સારંગ કે અજ્ઞાત કવિ જૈન હતો કે જૈનેતર હતો? આ પ્રશ્ન ઉપસ્થિત એ માટે થાય છે કે સં. ૧૬૫૧માં એક સારંગ નામનો જૈન કવિ હયાત હતો કે જેણે ભોજપ્રબંધ ચઉપઈ એ વર્ષમાં રચી છે. એ સારંગે "શશિકલા" કિંવા આ પાછલી "બિલ્હણપંચાશિકા" રચી જ છે, એવો સદ્ધર પુરાવો કોઇ મળ્યો નથી. ભોજપ્રબંધ ચઉપઇમાં તેના કર્તા સારંગે પોતા વિશે માહિતી આપી જ છે, જ્યારે "શશિકલા"માં કશું પ્રાપ્ત નથી થતું; એટલે એમ માની શકાય કે એ જ સારંગે આ "શશિકલા" નથી રચી; પણ કર્તા કોઈ અજ્ઞાત કવિ જ છે.

આ અજ્ઞાત કવિએ આ કાવ્ય સાંકળી પદ્ધતિનું કર્યું છે. ચોપાઈની ચાર લીટીનો એક ખંડ પાડી, છેલ્લા બે અક્ષર મુખ્યત્વે નવા ખંડમાં આવૃત કર્યા છે. ઉપર આવતાં અવતરણોમાંના કાળા અક્ષરોથી એ વસ્તુ ધ્યાનમાં આવી શકશે. કવિએ આમ શબ્દાલંકાર પર ભાર મૂક્યો છે; સાથે જ્ઞાનાચાર્ય જેવા નહિ, છતાં રોચક અન્ય અલંકારો પણ આપ્યા છે; અને આખર સુધી વિપ્રલંભાત્મક "રતિ" એ સ્થાયી ભાવને જાળવી રાખ્યો છે.

કવિ સંસ્કૃતજ્ઞ સાથે કાવ્યશાસ્ત્રજ્ઞ, જ્ઞાનાચાર્યની જેમ છે, એ આ કવિતામાં સ્ફુટ છે.

ચરિતસામગ્રી:

૧. ગૂજરાતી-દીપોત્સવી અંક, ઇ. સ. ૧૯૧૫ (મુંબઇ)
૨. " " ઇ. સ. ૧૯૩૦ "
૩. પ્રાચીન કાવ્યસુધા, ભાગ ૪થો, શ્રી. છગનલાલ વિ. રાવલ સંપાદિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રેમાવતી–કાર

[વિ. સં.ના ૧૭મા શતકના આરંભમાં]

એક અજ્ઞાત કવિની "પ્રેમાવતી"નું ૧૧૩ કડીનું નાનું પણ ચાતુરી–યુક્ત કાવ્ય મળે છે. શ્રી હરિનારાયણ આચાર્યે ગૂજરાતી–દીપોત્સવાંક–ઈ. સ. ૧૯૨૨માં તે છપાવ્યું છે. એ એક જૈનેતર કૃતિ છે. વિક્રમની સોળમી સદીમાં જૈનેતર કવિઓ જે ઠીકઠીક પ્રકાશમાં આવ્યા છે, તેમાં એક સારું સ્થાન મેળવી શકે તેવો આ કવિ છે. આરંભમાં તેણે "સરસ્વતિ સ્વામિની વીનવૂં ગિરૂઆ ગણપતિ રાઉ" એમ સ્તુતિ કરી સુપ્રસિદ્ધ પ્રેમાવતીની વાર્તા વિસ્તારી છે, પોણા બસ્સો વર્ષ પછી શામળની "પ્રેમાવતી" રચાય છે, તેનું મૂળ આપણને આ કાવ્યમાં મળી આવે છે. "પ્રેમાવતી"ની વાર્તામાં જે દૈવી તત્ત્વ છે, તેને કાઢી નાખી શામળે પોતાનું કાવ્ય લોકભોગ્ય બનાવી લીધું છે. શામળમાં જે ઉપદેશાત્મક છપ્પા આવે છે, તેવા છપ્પા આ કવિએ પ્રયુક્ત નથી કર્યા, પણ સાદા દોહરાબંધમાં એવી કવિતા તો આપી જ છે. નમૂના તરીકે મિત્ર–વિષયક નીચેના દોહરા ઉપયોગી થઈ પડશેઃ

" મિત્રપણ઼ું ઇમ પાલીઇ જસ્યૂં તે દૂધિ નીર;
આવટણ઼ું આપિં સહિ દાઝણ઼ ન દીય ક્ષીર. ૧૫
મિત્રપણ઼ું ઇમ પાલીઇ જશુ તે ટંકણખાર;
આપદ આવી પર દહિ ભાંગ્યાં તે સંધણહાર. ૧૬
મિત્રપણ઼ું ઇમ પાલીઇ જશુ સોપારી ભંગ;
આપ કરાવિ ખાંડકાં પરઘરિ રાખિ રંગ. ૧૭
મિત્રપણ઼ું ઇમ પાલીઇ યમ રામિં પાલ્યુ હનોમંત;
લંક પ્રજાલી આવીયુ માર્યુ મંદોવરિ–કંત. "[1] ૧૮

સમસ્યાઓ તે સમયનાં કાવ્યોમાં પ્રયોજાતી હતી. સોમપ્રભના "કુમારપાલપ્રતિબોધ", મેરુતુંગના "પ્રબંધચિંતામણિ" વગેરેમાં એ

---

૧ ગૂજ. દીપો. ઇ. સ. ૧૯૨૨, પૃ. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદ્ધતિ આપણને જાણીતી છે. જ્ઞાનાચાર્યે "બિલ્હણ–પંચાશિકા"માં પણ એવી એક સમસ્યા આપી છે. આ કાવ્યમાં કવિ વધુ આપે છે:

" પહિલૂં માંગલ વરતીય ઇમ બોલી પ્રેમાઇ;
રાતિં નામિ શૂં વખાણીઇ ઉત્તર દ્યુ નરરાઇ. ૭૫
રાતુ તે દણીહર ઊગતિ રાતૂં દાડિમફૂલ;
રાતિ રાતૂં જુ મિલિ તેહનૂં મૂલ અમૂલ. ૭૬
બીજૂં માંગલ વરતીઇ ઇમ બોલી પ્રેમાઇ;
ધૂલિ નામિ શૂં વખાણઇ ઉત્તર દ્યૂ નરરાઇ. ૭૭
ધુલી તે કૈહિ કેતકી ધુલી તે કૈહિ જાઇ;
ધુલા તે સરોવરિ હંસલા મૂલિ મહુગા વેચાઇ. ૭૮
ત્રીજુ' મંગલ વરતીઇ ઇમ બોલી પ્રેમાઇ;
નીલિ નામિ શૂં વખાણઇ ઉત્તર દ્યૂ નરરાઇ: ૭૯
નીલા સકોમલા સૂઅડા, નીલા તે પ...તિ મોર.
નીલા ગોરી કંચૂઆ નીલા મુખી તંબોલ. ૮૦
ચુથ્યૂં માંગલ વરતીઇ ઇમ બોલી પ્રેમાઇ;
કાલિં નામિ શૂં બોલીઇ ઉત્તર દ્યૂ નરરાઇ. ૮૧
કાલા તે ગિહવાર પાખરયા કાલા તે વરસિ મેહ;
કાલા તે મધુકર ભમરલા કાલી કાજલ રેહ. ૮૨"[1]

આ કાવ્યમાં ભાષા મધ્ય ગૂજ. ની ૩જી ભૂમિકામાં સચવાઇ રહી છે, જે બરોબર જ હોય તો કવિનો સમય વિક્રમની ૧૭ મીના આરંભમાં છે, એમાં શંકા નથી રહેતી. આખા કાવ્યમાં ક્યાંયથી પણ પ્રાપ્ત થતું નથી કે કવિ કોણ છે. ધર્મે એ શૈવ હશે, એવું સુંદર કુમારના બનાવટી મૃત્યુને સાંભળી પ્રેમાવતી મરણ પામે છે, ત્યારે પ્રથમ શિવનું આરાધન કરે છે; મર્યા પછી ઉમાના આશીર્વાદથી દંપતી જીવતાં થાય છે; તે ઉપરથી સમઝાય છે.

ચરિતસામગ્રી :

૧. ગૂજરાતી–દીપોત્સવાંક–ઇ. સ. ૧૯૨૨ (મુંબઇ)
૨. ગૂજ.–સાહિ.–મધ્ય–સાહિત્ય (સાહિત્ય સંસદ્–મુંબઇ)

---

૧. એજન, પૃ. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઈસર બારોટ

[વિ. સં. ના ૧૭મા શતકના આરંભમાં]

ઈસરબારોટનું એક માત્ર સ્તુતિ કાવ્ય "હરિરસ" અત્યારે મળે છે. તેમાંથી તેના નામ અને તેના ગુરુના નામ વિના બીજું કશું મળતું નથી:

"લાગુ હુ પિહિલુ લલી પીતાંબર ગુરૂ પાય,
ભેદ મહારસ ભાગવત પ્રામું યાસ પસાય. ૧"[1]

કાવ્યને અંતે તે બે વાર પોતાનું નામ જણાવે છેઃ

(૧) "સેવક પયંપિ તેજસમોહ, કૃશન રપે હવાં થાય વિછોહ;
વદિ ઇમ ઇસર સર્વ વ્યઆપ, જુઓ નહી થાય અજપાજાપ. ૧૬૧"

અને

(૨) "ભાખિ ઇમ ઇશર બ્રહ્મઅંબાર, પ્રભુ તું ટાલિ જનમ-હ પાર,
માગ્યો મે સર્વ દીનોત્તિ મુઝ, તાહારિ તાતિ માગાં કનિ તૂઝ. ૧૬૬"

આ ૧૬૬ કડીનું સ્તુતિકાવ્ય ચારણી પદ્ધતિના છંદોમાં છે; એથી સંભવ છે કે એ જ્ઞાતિએ બારોટ હોવો જોઈએ. એની ભાષામાં પણ અવહટ્ઠ ભાષાની છાંટ ક્વચિત ક્વચિત છે. આ કવિએ અરબી ફારસી શબ્દો પણ પ્રયોજ્યા છે; જેવા કેઃ "નજીક લાધો હવિ મારો નાથ" (કડી૧૬૦), "અણિ માહિ દાખિ કોટી આલમ" (કડી.૧૬૫) વગેરે.

તેના સમયના વિષયમાં કાવ્યમાંથી જોકે કશું નથી મળતું, છતાં તેના વિષયમાં જે કાંઈ અન્યત્ર માહિતી મળે છે તે ઉપરથી એમ માનવા કારણ મળે છે કે તે વિક્રમની ૧૭ મો સદીના આરંભમાં થએલો હતો. ઘણું કરી તે મૂળ લીંબડીનો, પણ પછી જામનગરના જામ રાવળને ત્યાં જઈ રહેલો.

---

૧. નીચેના ઉતારા દ. ૪૭૭ એફમાંથી લીએલા છે. તે પ્રત સાં. ૧૬૯૫ જેટલી જૂની નડિયાદમાં નકલ થયેલી છે. ભાષા પણ મધ્ય. ગૂજ.ની ૪થી ભૂમિકાની છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એને માટે એમ કહેવાય છે કે [1]જામ રાવળનાં દરબારમાં પીતાંબર કરી એક મહાપંડિત રહેતો હતો; પીતાંબર એ ઇસરનો ગુરુ થાય; એટલે ઇસર પણ જામ રાવળના દરબારમાં આવતો જતો. પીતાંબર ભટ્ટ દરરોજ રાજસભામાં ભગવદ્વાર્તા કરી દરબારને પ્રસન્ન કરતો. ઇસર બારોટ પણ દરરોજ નવાં નવાં કવિત રચી જામને રીઝવતો. જામ રાવળ ખૂબ રાજી થાય ત્યારે પીતાંબર માથું ધુણાવે. આમ ઇસર બારોટને બહુ ક્રોધ ચઢતો. એકવાર તે પોતાના ગુરુને મારી નાખવાને તૈયાર થયો. તૈયારી કરી એકવાર મધરાતે તેને ઘેર ગયો અને એક પીપળાના ઝાડમાં સંતાઈ ગયો. ત્યાં તેણે પીતાંબર ભટ્ટ અને તેની પત્નીને વાતો કરતાં સાંભળ્યાં.

પતિ કહે: 'રાજસભામાં મારો શિષ્ય ઇસર બારોટ આવે છે. રાજાને એ સારાં કવિત્તોથી રીઝવે છે. રાજા મારી સામે જુએ છે ત્યારે હું ડોકું ધુણાવી કાંઇ આપવા દેતો નથી. એ બિચારાને ખાવાના વાંધા છે; છોકરાં ભૂખે રવડે છે; માટે સવારે તું થોડા દાણા એને ઘેર પહોંચાડી આવજે.' સ્ત્રી કહે: 'તમે શા માટે રાજાને અટકાવો છો?' પતિ કહે: 'ઇસર કાંઇ સમઝતો નથી; એ ક્ષુલ્લક માનવીની પ્રશંસામાં મંડ્યો છે અને જિંદગી ગુમાવે છે. સર્વ શક્તિમાન પરમાત્માનાં એ ગુણગાન કરે તો તેનાં આ લોક અને પરલોક બંને સુધરી જાય; આ માટે હું રાજાને અટકાવું છું.'

ઇસર બારોટ આ વાત સાંભળી ચમક્યો; તેને જ્ઞાન ઉત્પન્ન થયું અને મારવાના વિચાર માટે પસ્તાવો થયો. તેને પોતા તરફની ગુરુની લાગણીની પણ ખાતરી થઈ. તેણે હથિયાર છોડી નાખ્યાં ને એકદમ જઇ ગુરુને પગી પડી માફી ચાહી. ગુરુએ ક્ષમા આપી અને ઈસર ત્યારથી ભગવદ્‌ગુણગાનમાં રચ્યોપચ્યો રહેવા લાગ્યો.

કવિ તરીકે ઇસર ખાસ મહત્ત્વ નથી ધરાવતો, એ એની સ્તુત્યાત્મક કવિતા જોતાં જણાય છે. એમાં પ્રતિભા નથી, પણ તેનું

1. સ્વ. ભૂખણજી જગન્નાથ દવે-સંપાદિત "હરિરસ"ની પ્રસ્તાવના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તત્ત્વજ્ઞાન પ્રતીત થાય છે. ઈશ્વરની એણે અનેક પ્રકારે સ્તુતિ કરી છે, જેમાં તેનું એક જ્ઞાની ભક્ત જેવું સ્વરૂપ કળી શકાય છે. એનો કાવ્યબંધ સાદો છતાં ચારણી પદ્ધતિનો હોઈ આકર્ષક તો છે જ.

ચરિતસામગ્રી:

૧. "હરિરસ"–સ્વ. ભૂખણજી જગન્નાથ દવે સંપાદિત
૨. ગૂજ. વર્ના. સો. હ. પુ. નં. ૪૭૭ एफની હાથપ્રત

ભીમ વૈષ્ણવ

[વિ. સં. ૧૭મા શતકના આરંભમાં]

હરિલીલા–ષોડશકલા અને પ્રબોધપ્રકાશ એ બંને કાવ્યોના રચયિતા પ્રભાસપાટણવાસી ભીમ પછી લગભગ ૫૦ વર્ષે થયેલો એક બીજો ભીમ એની "રસગીતા" કે "રસિકગીતા"થી જાણીતો થયેલો છે. આ કવિનું આ એક જ કાવ્ય પ્રસિદ્ધ થયેલું છે.[૧] આ જ કાવ્યની ઉદ્ધવગીતા, ભીમગીતા એ નામે પણ ખ્યાતિ છે. ચારે નામે આ એક જ કાવ્ય છે.[૨] કવિએ ૧૩૫ મી કડીના આ નાના કાવ્યમાં ભાગવતના દશમ સ્કંધમાંનો ઉદ્ધવના વ્રજગમનનો પ્રસંગ મધુરી બાનીમાં આપ્યો છે.

આ કવિ ક્યારે થયો એ વિષયમાં ચોક્કસ કશી માહિતી મળતી નથી; પરંતુ તેના આ કાવ્યને અંતે વૈષ્ણવ ધર્મના સંસ્થાપક શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીનાં એ ગુણગાન કરે છે અને તેમનો દાસ થવાનું ઇચ્છે છે, એ ઉપરથી એ શ્રી વિઠ્ઠલનાથજી (સાં.

૧. બૃ. કા. દો. ભાગ ૭મામાં, અને ડૉ. એ. જે. તારાપોરવાળા સંપાદિત Selections from Classical Guj. Lit. Vol. Iમાં છપાયેલ છે.

૨. ડાહીલક્ષ્મી લાયબ્રેરી નડિયાદ, નં. ૬–૧૫, ૧૧–૭માં "ઉદ્ધવગીતા" નામ છે; જ્યારે વડોદરા–પ્રાચ્યવિદ્યામંદિરની નં. ૬૧૪માં "ભીમગીતા" નામ છે. સ્વ. ઇચ્છારામ દેસાઈને પણ "ભીમગીતા" નામવાળી એક પ્રત મળેલી. જુઓ બૃ. કા. દો. ભાગ ૭મો–પૃ. ૬૯૮–પાદટીપ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૫૭૨-૧૬૩૬)નો સમકાલીન હોય તેમ જણાય છે. શ્રી વલ્લભાચાર્યજીએ સંસ્થાપિત કરેલા વૈષ્ણવ માર્ગને શ્રીવિઠ્ઠલનાથજીએ વિકસિત કર્યો, તે પણ કવિ ઉલ્લિખિત કરે છેઃ

" તિલક ને છાપા માલાઃ સુધ્રમ પ્રકાશીઓઃ
પ્રગટ વીઠલો વરોઃ ગોકૂલવાસીઓઃ ૧૨૩
એ સૂષ કહી નાં પામેઃ ભલે આવા ફરીઃ
માહા નીધ બ્રીજજનઃ જેહેને વસ સદા હરી. ૧૨૩
જેહસૂ જમ હતાઃ તેહસૂ તમ મલાઃ
ગ્રેહનાં દૂષ ભાગાઃ નેનમાં ઝાંમલાંઃ ૧૨૪
અતી આનંદ ઓછવઃ બ્રીજ વીસાલમાંઃ
ભગતી વગતી દીધીઃ માહા કલીકાલમાંઃ ૧૨૫
× × × ×
તમારા બ્રીજજનઃ તણો જે દાસ છેઃ
તેહનો દાસ થાઉઃ પૂરો એ આસ છે. ૧૩૧
વલભપ્રતાપ સદાઃ બ્રીજ વધામણાંઃ
ભવોભવ ભગતી દીજેઃ **ભીમ** લે ભાંમણાંઃ ૧૩૨"[૧]

શ્રીવિઠ્ઠલનાથજીનું વ્રજભૂમિમાં પ્રાકટ્ય થયું તે બતાવી તેમના દાસનો પણ દાસ થવાની આશા પણ સેવતો કવિ શ્રીવિઠ્ઠલનાથજીના પુત્રોમાંથી કોઈને યાદ ન કરતો હોવાથી એમનો જ શિષ્ય થયો હોય એમ સંભવે છે. એ જોતાં એ. સાં. ૧૫૭૨ થી ૧૬૩૬ સુધીમાં થઈ ગયો લાગે છે. કવિ મૂળ વતની ગૂજરાતનો પણ વ્રજમાં જઈ વસ્યો હોય એમ લાગે છે, અથવા અવારનવાર જતો હોય, એમ કલ્પી શકાય. ગૂજરાતમાં તેનું વતન ક્યાં છે, એ જાણવાનું કશું સાધન નથી; તેમ તે ક્યારે જન્મ્યો ને મર્યો, તે પણ જાણી શકાતું નથી.

આ જ ભીમે શ્રીવિઠ્ઠલનાથજીનું એક સ્વતંત્ર ધોળ પણ રચેલું પ્રાપ્ત થાય છે, એ જોતાં એના શ્રીવિઠ્ઠલનાથજીના સમકાલીનપણામાં

૧. ગૂજ. વર્ના. સો. હ. લિ. પુ. નં. ૧૯૦ ઈ. (સં.. ૧૭૯૭ જેટલી જૂની હાથપ્રત) આમાં ૧૩૨ કડી છે, ૧૩૫ નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખાસ શંકાને સ્થાન નથી રહેતું. આ ધોળ પણ અદ્યાપિ અપ્રસિદ્ધ છે.[૧]

ચરિતસામગ્રીઃ

૧. બૃ. કા. દો. ભાગ ૭મો (ગુજરાતી પ્રેસ-મુંબઇ)

૨. Selections from Classical Guj. Lit. Vol. I, by Dr. E. J. Taraporwala

૩. ગૂજ. વર્ના. સો. હ. લિ. પુ. નં. ૧૯૦ ઈ પ્રત

મધુસૂદન વ્યાસ

[સાં. ૧૬૦૬ માં હયાત]

વિક્રમની ૧૬ મી સદીમાં લોકવાર્તાના પ્રવાહમાં જે ઠીકઠીક વેગ આવ્યો હતો, તે વેગ ૧૭ મી સદીમાં ચાલુ હતો, તેનો પુરાવો મધુસૂદન વ્યાસના કાવ્યથી મળે છે. ૧૭ મી સદીના આરંભમાં 'હંસાવતી–વિક્રમકુમારચરિત્રનો'[૨] કર્તા દ્વિજકવિ મધુસૂદન વ્યાસ એ એક વધુ લોકવાર્તા આપી આપણા લોકકથાસાહિત્યમાં સારો ઉમેરો કરે છે. આ કાવ્યને અંતે કવિએ પોતાની નીચે મુજબ વીગત આપી છેઃ

"સંવત સોલસિ સોલ (?) મઝાર, શ્રાવણ માસ તૃતીયા રવિવાર;
કૃષ્ણપક્ષ વલી પૂરવા માંહિ, કથા કીધી તિણિ ઠાઇ.
મધ્યદેસ મહિમૂદ સૂલતાન, ગામ સારસા નિ પટલ રાણ;
કથા કહી **મધુસૂદન** વ્યાસ, સાંભલતાં હોઇ બુદ્ધિપ્રકાસ."

[હં. વિ. ચ. ૭૬૪–૭૬૫]

---

૧ ગૂજ. પ્રિ. પ્રેસ. મુંબઈના સંગ્રહમાં નં. ૩ ચની હાથપ્રત

૨. સં. ૧૪૧૧ માં એક જૈન સાધુ વિનયચંદ્રે "હંસાવલી" લખી છે; એનું અને અસાઇતની સાં. ૧૪૨૭ માં રચાયેલી 'હંસાઉલી'નું વસ્તુ એક સરખું છે; જે વસ્તુ સ્વીકારી ખંભાતના શિવદાસે પણ 'હંસાવતી' લખી છે. અસાઇત વગેરેએ હંસાવલીને પેઠણના યાદવવંશી શાલિવાહનના પુત્ર નરવાહનની પત્ની કહી છે અને તેમને હંસ-વચ્છ કરી બે પુત્રો થયાની વીગત આપી છે. મધુસૂદનની કથામાં નામ માત્ર સરખું પણ તેની હંસાવતી ખંભાતના રાજાની પુત્રી છે અને સુપ્રસિદ્ધ રાજા વિક્રમના પુત્રની પત્ની છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેશમાં મહમૂદ સુલતાનનું શાસન હતું અને ગામમાં રાણા પટેલની પટેલાઈ હતી, ત્યારે સારસા ગામમાં સાં. ૧૬૧૬ (?) ના શ્રાવણ વદિ ત્રીજ ને રવિવારને દિવસે કવિએ આ કાવ્ય પૂર્ણ કર્યું હતું, એમ ઉપરના અવતરણથી જણાય છે.

આ સારસા ગામ ખેડા જિલ્લામાં આવેલું છે. આ કથા કરી ત્યારે મધુસૂદન સારસામાં[1] રહેતો હશે અથવા ગયો હશે, એમ સમઝાય છે. સારસા જ એનું વતન છે, એમ આમાંથી અર્થ નીકળતો નથી. પણ જ્યાંસુધી તેની બીજી કોઈ કૃતિ જાહેરમાં ન આવે ત્યાંસુધી તેના વતન તરીકે સારસાને સ્વીકારવામાં વાંધો ન હોય.

સાં. ૧૬૧૬ માં રચ્યાનો તેણે ઉલ્લેખ કર્યો છે,[2] આમ છતાં કોઈ કોઇ પ્રતમાં સંવત્સરનો ભેદ જણાય છે. એક બે પ્રત ૧૪૧૬[3] આપે છે, ત્યારે એક પ્રત તેને છેક સાં. ૧૭૩૫ માં મૂકે છે.[4] સાં.

---

૧. કવિ સારસા ગામના "રાણા' પટેલનું નામ યાદ કરે છે. સંભવ છે કે તેના આશ્રયે રહી એણે આ વાર્તા કહી સંભળાવી હોય.

૨. જુઓ: હંસાવતીવિક્રમકુમારચરિત્ર, શ્રી. શં. છ. રાવળ સંપાદિત, પ્રસ્તા. પૃ. ૨–૪. શ્રી. મં. ર. મજમૂદારે પણ ર. સાં. ૧૪૧૬ આપ્યો છે. (જુઓ: ગૂજ. સાહિ. મધ્ય. ગૂજ. પૃ. ૪૦૨), તે વડોદરાની નીચેની પ્રતને લઇને આપ્યો હશે.

શ્રી. ક. મા. મુનશી પણ ઇ. સ. ૧૩૬૦ કહે છે; પણ ગણિતથી એ શક્ય નથી. (જુઓ તેમનું વિધાન Guj & its Lit. p. 152) શ્રી. મજમૂદારે ' વિક્રમચરિત ' (સાં. ૧૪૧૬) અને હંસાવતી (સં. ૧૭૨૫) જુદી ગણી બે મધુસૂદન ગણ્યા છે; પણ તે એક જ છે. (તેના બીજા મધુસૂદન માટે જુઓ પૃ. ૪૨૬).

૩. વડોદરા સેન્ટ્રલ લાયબ્રેરી હા. પ્ર. નં. ૫૨૬૪, વળી ડાહીલક્ષ્મી લાયબ્રેરી નડિયાદની સાં. ૧૬૩૦માં ઉતારેલી નકલમાં પણ સાં. ૧૪૧૬ મળે છે.

૪. ગૂજ. વર્ના. સો. દ. હ. લિ. પુ. સં. નં. ૧૯૦ ड ની પ્રત. (સં. ૧૭૮૫ માં ઉતારેલી).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૬૬૫ જેટલી જૂની હાથપ્રત મળતી હોવાથી સાં. ૧૭૨૫ ના વર્ષની તો શકયતા જ નથી.

ગૂજરાતમાં ત્રણ મહમૂદ થયા છે. તેઓનો રાજ્યઅમલ નીચેનાં વર્ષોમાં હતો:

૧. મહમૂદ બેગડો ઇ. સ. ૧૪૫૯–૧૫૧૩ (સં. ૧૫૧૫–૧૫૬૯)
૨. મહમૂદશાહ બીજો „ ૧૫૨૬–૧૫૨૭ (સં. ૧૫૮૨–૧૫૮૩)
૩. મહમૂદશાહ ત્રીજો „ ૧૫૩૬–૧૫૫૪ (સં. ૧૫૯૨–૧૬૧૦)

મહમૂદ શાહ ત્રીજાનો સમય સાં. ૧૬૧૦ સુધી આવે છે, જ્યારે મધુસૂદન સં. ૧૬૧૬માં મહમૂદ સુલતાન હોવાનું જણાવે છે. સાં. ૧૬૧૦ પછી અહમદશાહ બીજો (ઇ. સ. ૧૫૫૪–૧૫૬૧, સં. ૧૬૧૦–૧૬૧૭) ગૂજરાતનો સુલતાન હતો. સાં. ૧૬૧૬ને આપણે સ્વીકારિયે તો **મહમૂદ** બદલે **અહમદ** આવે. લહિયાની આ ભૂલ માનવામાં આવે તો સમાધાન મળી જાય. જો સાં. ૧૫૧૬ માનવામાં આવે તો **મહમૂદ** બેગડાનો સમય આવે. કવિ એટલો જૂનો થયો માનવામાં આવે તો સમાધાન મળી જાય; પરંતુ એકે પ્રતમાં ૧૫૧૬નો ઉલ્લેખ નથી;[1] કાં ૧૪૧૬ કાં ૧૬૧૬ મળે છે.

તેનાં કાવ્યોની સાં. ૧૬૩૦ થી વહેલી પ્રતો નહિં મળી શકતી હોવાથી ભાષાની દષ્ટિએ જે સ્વરૂપ મળે છે, તે ઉપરથી એ સાં. ૧૬૧૬ની આસપાસ રચાઈ સંભવે. ગણિતની દષ્ટિએ વિચાર કરતાં સાં. ૧૬૧૬ના શ્રાવણ કૃષ્ણ ૩ ને દિવસે રવિવાર નથી આવતો, પ[ણ] શનિવાર આવે છે; જ્યારે સાં. ૧૬૦૬માં[2] તે દિવસે રવિવાર આવે છે. સાં ૧૬૦૬માં મહમૂદ સુલતાન ૩ જો ગૂજરાતની ગાદીએ હતો.

---

૧. ગણિતથી તે દિવસે શુક્રવાર આવે છે; એટલે પણ તે વર્ષ શક્ય નથી. ૧૪૧૬ માં તે દિવસે શનિવાર આવે છે; તેને તાણી ખેંચિયે તોય, મહમૂદનું રાજ્ય નથી; તેથી તે વર્ષની શકયતા નથી.

૨. આ ગણિતપદ્ધતિ મહાભારત ગ્રંથ ૧ લાના ઉપોદ્‌ઘાતમાં આપી છે. શાકે ૧૪૪૨ પૂર્વેનાં તિથિ વાર કાઢવાની પદ્ધતિ મહાભારત ગ્રંથ ૨ જાના ઉપોદ્‌ઘાતમાં આપવામાં આવી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ. એટલે "સંવત સોલસિં સોલ મઝાર"એને બદલે "સંવત સોલ છહોતર મઝારિ" હશે અને પછી ગડબડ થઇ જતાં ૧૪૧૬ને ૧૬૧૬ થઈ ગયા હશે. આવી સામાન્ય ભૂલ ન થાય, એ બનવા જોગ નથી. **મહિમૂદનો અહમદ** કરવા કરતાં આ ઉપરનું વિધાન સ્વીકારવું વધુ યોગ્ય છે.

મધુસૂદનની એક માત્ર કૃતિ મળતી હોવા છતાં પણ તે સુંદર છે. સાં. ૧૬૫૫ ની હાથપ્રત જોતાં મધુસૂદને પ્રથમ ૩૪૩ કડીનું કાવ્ય રચ્યું જણાય છે.[1] પાછળથી એમાં વધારો થયે 'રૂપક સંખ્યા આઠસિ ઉપર છઇ પંચવીસ' એમ ૮૨૫ થઈ છે. આટલું બધું દળ વધી જવું તે કેવી રીતે શકય બને ? ઉમેરો પણ થોડો નથી, ૪૯૧ કડી જેટલો છે. મૂળ કાવ્યમાં ઉમેરો કર્યાનું આછું સૂચન નીચેની કડીઓમાં જણાય છેઃ–

"જડિ અક્ષર જમલિ, અક્ષરિ અક્ષરબંધ;
જાણ હસિ તે જાણસિ કથા તણો સમંધ. ૯૯૭
સણગારી સીમા વલી ઘણા વિયોગ વિસંધ;
સૂણતાં સાહસ ઉપજી, પાર નહિ પ્રતિબંધ. ૭૯૮"

એણે ઉમેરો કરતાં જે અક્ષર શબ્દ–વાકયો–કડીઓ ઉમેરી છે, તે માત્ર બુદ્ધિશાળી પુરુષો જ જાણી શકે છે. કાવ્યનો અંત ભાગ જેમ શણગારવામાં આવ્યો છે, તે જ પ્રમાણે કેટલીએ વિયોગની તેમ જ વિરોધની વાતો વચ્ચે ઉમેરી છે. આ જોતાં કદાચ નાની ૩૪૩ કડીને બદલે તેણે પાછળથી ૮૨૫ કડીનું પૂર કર્યું લાગે છે.[2]

કૃતિ લોકવાર્તામાં એક સારી કથાનો ઉમેરો કરે છે. કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ પણ શબ્દાલંકાર અને અર્થાલંકારો તે પ્રસંગ પરત્વે

---

૧. "ત્રણસિ ત્રેતાલિસિ ખરી, કયા તણિ કીધી ચઉપઇ."
(હં. વિ. ચ. ૭૯૩ ની પાદટીપ)

૨. ઉમેરા કાઢી નાખતાં છતાં કથાનો વિચ્છેદ નથી થતો, એ જોઇ શકાય તેમ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોજ્યા વિના નથી રહેતો.[૧] આમ માત્ર સાદી વાત કહી તે બેસી નથી રહેતો અને કાવ્ય એ કાવ્ય છે, માત્ર પદ્ય નથી, એમ આપણુને ભાન કરાવી રહ્યો છે. કવિતાની દૃષ્ટિએ અસાઈતની 'હંસાઉલી' કરતાં આ અવશ્ય ચઢે છે, એટલું જ નહિ પણ કેટલોક ભાગ પ્રેમાનંદના નળાખ્યાનને ટક્કર લગાવે તેવો તે આપે છે.

હંસાવતીનું કવિએ કરેલું નોચે વર્ણન અહીં નમૂના તરીકે આપી શકાય:

"તેજ તન તણી સી કહીઇ વાત? શિલાબંધ પાખલિ ગઢ સાત;
તે માંહિ મોહટા આવાસ, સાત ભૂમિ ઉચો આકાશ. ૧૩૨
ભલ્લ કમાડ લોહડાના પાટિ, ભોગલિ લોહોઢ સિ મણ સાત.
સંપુટ તાલાં ભીડાં સાર, તે કૂંચી મૂકી ભંડારિ. ૧૩૩
પોહોર બિઇની નોબતિ ફરિ, ઈણિ પિરિ રાજા રક્ષા કરિ:
તે ઊપર રહિ પદમની, અસી ત્રિભોવનિ નહિ કામિની. ૧૩૪
ચિત્રગયંદા આદિ અનેક, સેવા કરિ દાસી શત એક:
રમતિ કરિનિ દિન નિગમિ, કરિ કાજ જિ મનનિ ગમિ. ૧૩૫
અસી નારી નહિ નવખંડમાંહિ, રૂપિ રવિમંડલ રુંધાય,
તેર વરસની વેસે ચડી, સ્વયં વિધાતા હાથિ ઘડી. ૧૩૬
વદન મનોહર ચંદ્ર સમાન, નવયૌવનભર, ભીનિ વાનિ;
સ્તન ઉત્તુંગ અધુરપ્રવાલ, વેણિદંડ યમૂં મહાકાલ. ૧૩૭
શિસ રાખડી જડિત્ર લાલ, ગાલિ બિસતી ઝબકિ ઝાલિ.
કંઠિ મુક્તાફલહાર અમૂલ, નિર્મલ નાસિકા ઊપરિ ફૂલ. ૧૩૮
ચક્ષિ ચાલતાં પ્રથિવી ચલિ, તેજિ કરિ ત્રિભોવન ખલભલિ;
આંખિ વખાણ કરું કિમ કરી? અણીઆલી નિ અંજનભરી. ૧૩૯
તિ જોતાં મન નરહ ઘડિ, આંખિ જોઇ ઇંદ્રાદિક પડિ.
નિમેષ કરતાં ઝબકિ વીજ, રંગા દાંત દાડિમનાં બીજ. ૧૪૦
સિંહલંકી તિ સવિકો દીહિ, તિ આગલિ સહી કુડી લહિ,
યતિ ચલિ જોતાં કટિલંક, કામી પુરુષ તણો સૂં વંક? ૧૪૧

---

૧. જુઓ: હંસાવતીના લગ્નને સમયે તેના દેહનું વર્ણન વગેરે અનેક પ્રસંગો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંકણ ચૂડીનિ મૂદ્રડી, રત્ન અમૂલક હીરઇ જડી,
ચરણુ ચીર પીતાંબર તણો, ચોલીઇ ખાપ કીધો ઘણો. ૧૪૨
નાભિ જોયંતાં નર ખલભલિ, સુકસનકાદિકનાં મન ચલિ;
હંસા તણૂં મુખ જોયૂં અસૂં, જાણિ સોનિ કુંદણુ રસૂં ! ૧૪૩
બીલાઇ પાગ ભરિ સુંદરી, ગજગતિ પાગ ખલકિ નેઉરી,
નવખંડિ બત્રીસી નારી, પામિ જિ પૂજે ત્રિપુરારિ. ૧૪૪
श्यामाङ्गी नवयौवना शशिमुखी कामि (?) मनोहारिणी
कंठे मौक्तिकमालिका सुविमला या शुद्धवंशोद्भवा ।
हस्ते कंकणमुद्रिका सुजडिता केयूरदिव्यांबरा
बिंबोष्ठी पीनकुच(?)भारनमिता पादौ रणन्नूपुरौ ॥ १४५

ચઉપઇ

શ્યામા મુખ સસિયર સમાન, મદન સુલોચન રૂપનિધાન;
સ્તન ઉત્તુંગ અધરે બિંબ, જંઘ જસી બિહૂ કદલીસ્તંભ. ૧૪૬

આર્યા

શ્યામા સુંદરવદના ગજગતિમંદા સુલોચનાઅ તણી,
સુભગા પીનનિતંબા આદ્યજનિતા બિંબાધરા તરુણી (?) ૧૪૭

(ચઉપઇ)

મદમૃગસ્વરૂપિ મદા-ગાભરી, મદભર ચાલિ લોચન તરિ;
લહિરિ ખાતી પગલાં ભરિ, તેહનાં વિઘ્ન ભવાની હરિ. ૧૪૮"[1]

કવિએ હંસાવતીનું આવું સુંદર વર્ણન કર્યા છતાં તેમાં એટલી સાવચેતી રાખી છે કે વર્ણનાતિરેક નથી થતો; અલંકારો બરોબર ધ્યાનપૂર્વક બેસતા કર્યા છે, જેમાં મુખ્યત્વે ઉપમા અને ઉત્પ્રેક્ષા અને કવચિત્ વ્યતિરેક દેખાય છે. છેવટના ભાગમાં અહીં એક સંસ્કૃત શ્લોક આપી તેનો ચોપાઈ અને આર્યામાં આશય લીધો છે. આ શ્લોક-પદ્ધતિ આપણે નરપતિની "નંદબત્રીશી" વગેરે કાવ્યોમાં જોઈયે છિયે. આ શ્લોક છંદોબંધનથી દુષ્ટ છે, નીચેની આર્યા પણ ઉત્તરાર્ધમાં છંદોબંધનથી દુષ્ટ છે; એ ઉપરથી એમ જણાય છે કે કવિ સંસ્કૃત

૧. હંસાવતી, પૃ. ૧૯-૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાષાનો સામાન્ય જાણકાર છે, શ્લોક પણ તેની પોતાની જ કૃતિ જણાય છે. આવા શ્લોક માત્ર તેણે સત્તર પ્રયોજ્યા છે, જે પ્રચલિતં સં. સાહિત્યમાં દેખાતા નથી, હોય તો જોવામાં નથી આવ્યા. સંસ્કૃત ભાષા ઉપર તેને ભલે ઓછો કાબૂ રહ્યો, પણ ગૂજરાતી ઉપર તો સારો છે જ, એ ઉપરના એક માત્ર અવતરણથીએ સમઝી શકાય તેમ છે.

વન, વાડી, નગર, રાજદરબાર વગેરેનાં પ્રાસંગિક વર્ણનો તે સરસ રીતે આપે છે. નીચેનું નગરવર્ણન જુઓ:

"અગ્નિ તેજ અંધારિ જસૂં, પુર ઝલહલતૂં દીસિ અસૂં,
મહીસંગમનૂં આવિ ભરણ, સઘલાં તીર્થ તણૂં આભરણ. ૧૯૨
દીઠૂં નગર જશૂં કૈલાસ, દૂરિ થકૂ દીસિ આકાશિ,
જોયણ બાર પાખલિ પ્રાકાર, હેમરતનમણિ તેજ અપાર. ૧૯૩
ધવલહર ગોખ માલીઆ માંહિ, સિંહાસન સોવન્નમિ ત્યાહિ,
જાલમાલ મોતીમણિ તણાં, ટોડા તોરણ દીસિ ઘણાં. ૧૯૪
ચિત્રસાલા નાના નવરંગ, પંચ શબ્દ સૂં વાજિ ચંગ.
ઈંદ્રનીલમણિ નીલિ વાનિ, કૌસ્તુભ મણિ પીતાંબર જાણિ! ૧૯૫
વૈડૂર્ય મણિ તેજ મહારંગ, ચંદ્રકાન્તિ મણિ અમૃતમય અંગ.
હીરા હેમરતનમય ઘડા, તે ઊપરિ ત્રિકલસાં જડાં. ૧૯૬
ગઢ મંદિર કોસીસાં જોય, ગગન ગોખ જ્યોતિ મન મોહિ,
ચંદ્ર અર્ક પ્રત્યક્ષ તિહાં દીઠ, મહાવિચિત્ર અનોપમ પીઠ. ૧૯૭
દીઠો કલસ હેમમય સ્તંભ, દીઠી પતાકા લિહિકંતિ તિમ,
દીઠાં તોરણ નવાં સાંતરાં, દીઠાં સરોવર ખણિયાં તિહાં. ૧૯૮
દીઠી કેલિ આંબ વનિરાય, દીઠી ચંપક જમલી જાય.
દીઠાં વહાણા નિ વાવટા, દીઠા અરહટ નિ પાવટા. ૧૯૯
દીઠી પોલિ હેમમય સ્તંભ, દીઠી દસવિધ નાચિ રંભ,
દીઠાં હાટ જસાં કૈલાસ, દીઠાં નયણિ વિચિત્ર આવાસ. ૨૦૦"[1]

કવિએ રાજપાલના મુખમાં હિંદુસ્તાનના પ્રદેશો ગણાવ્યા છે, એ

૧. એજન. પૃ. ૨૬-૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બધામાં ફર્યા છતાં હંસાવતી જેવી સુંદર કુમારિકા તેના જોવામાં આવી નથી. એ પ્રસંગે તેણે ૧૦ જેટલા સંસ્કૃત શ્લોક દેશનાં નામ સાચવતા આવ્યા છે અને ગૂજરાતી અનુવાદ આપ્યો છે. કવિએ આ બધા દેશો જોયા હશે, તેમ તો જણાતું નથી; પણ તે વખતે પ્રસિદ્ધ કેટલાંક સ્થળો તેટલાં જૂનાં છે, તેટલું માલૂમ પડી આવે છેઃ

" દેસદેસાઊરિ જોયા ફિરી, તે તહ્મનિ બોલું વિસ્તરી;
મિ મનમાંથી છાંડૂં રાગ, પ્રથમ દેસ જોયો પ્રયાગ. ૯૬
જોઇ અયોધ્યા સરયૂ તીર, મિથિલા, ચંપા નિ આહીર,
મધ્યદેસની જોઇ નારી, નહિ સમોવડિ હંસકૂંઆરી. ૯૭

× × × ×

ગોડદેસ જોયો કામરુ, હસ્તિનાપુર મિ જોયૂં ખરૂં.
પંચહાટ નિ વારાણસી, માધવ જોયૂં બહુ દિન વસી. ૧૦૦
ઊડીસાની ઉત્તમ નારી, યાંહાં વાંસિ શ્રીદેવમોરારિ.
રેવાતટ મિ જોયૂં ભમી, નહિ નારી કો હંસા સમી. ૧૦૧

× × × ×

અંગ, વંગ, કુરુક્ષેત્ર, કલિંગ, કોસલ, ડાહલ જોયૂં તિલંગ;
જાલંધર, ઊડાણ, વિરાટ, નહિ નારી કો હંસનિ ધાટિ. ૧૦૪

× × × ×

દક્ષિણ માંહિ દુર્દુર દેસ, જિહાં નારી નવયૌવન વેસ.
ભ્રકૂટ માલવની સંધ્ય યેહ, નીરત કરી નિ નીરખી તેહ. ૧૦૭
તાપીતટ જોયૂં વિસ્તાર, શ્રીપર્વતની નીરખી નારી;
સવિ દેસ મિ જોયો ભમી, નહિ નારી કો હંસા સમી. ૧૦૮

× × × ×

કૂંકણ કેરો દેસ નિધાન, જિહાં ફોફલ શ્રીફલ અતિ પાન;
ત્રંબક નાસિક જોયાં ફિરી, સૌરાષ્ટ્રકુલ (કેરી) સુંદરી. ૧૧૧
પુર પિઠાણ જોયૂં દિન બાર, મરહઠ બીજાપુરની નારી,
વિજાનગર જોયૂં પ્રાક્રમી, નહિ નારી કો હંસા સમી. ૧૧૨

× × × ×

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પવિત્ર દેસ જિ ગંગાદ્વાર. કુરુખેત્ર પૃથિવીમાં સાર,

× × × ×

ઉત્તર દેસ (નેપાલ) મિ જોઇયૂં ઘણૂં, ખુરાસાણ મથુરા ગાજણૂં;
કાસમેર જોયૂં કેદાર, મ્લેછદેસ હેમાજલ સાર. ૧૨૦
લખણાપુર નગર અદ્‌ભુત, સવાલાખ પર્વતનાં યૂથ;
ગોરખપુરની નિરખી નારી, નહિ સમોવડિ હંસકૂંઆરી. ૧૨૧

× × × ×

આરુઆડિનો મોહોટો દેસ, તિહાં નારી નવયૌવન વેસ;
યત્ન કરી જોયૂં જાલોર, ત્રિણ દિન ઊપરિ બિ પોહોર. ૧૨૪
ઇડરગઢ જોયૂં અજમેર, આબુગઢ છિ જોયણ તેર;
કૂંભલમેર જોયૂં અમ્હો ભમી, નહિ નારી કો હંસા સમી. ૧૨૫
ચિત્રકૂટ પહિલૂં ખપ કરો, ઊજેણી જઇનિ અનુસરો;
મછદેસ મિ જોયો ભમી, નહિ નારી કો હંસા સમી. ૧૨૬
સીરોહી, જોયૂં નાઘોર, જાલંધર, રત્નાકરપુર,
રાણપુર, મંડલગઢ સાર, નહિ નારી કો હંસાનિ આકારિ. ૧૨૭
મિ ઘણો દેસ નિરખો નરનાથ ! અઢી વરસ ઊપરિ દિન સાત;
દેસમાંહિ સીમ ગૂજરાતી, નગરમાંહિ શ્રીખંભાતિ. ૧૨૮
એ સત્ય વચન માનુ રાજન ! જીવા તેહ તણાં પરિમાણ;
સમીપઇ મહીસાગર પ્રભાસ, સ્નાનમાત્રે અવિચલપદ–વાસ. ૧૨૯ ”[1]

આ હકીકત પૂર્વે રાજપાલ મંત્રી વિક્રમકુમાર માટે કન્યાની શોધમાં જવા તૈયાર થયેલો, તે વખતે તેણે ચીત્રોઢ, કુંભલમેર, ઈડર, સીરોહી, આબુ, જાલોર, સિંધ, જુનોગઢ, અજમેર, મંડલગઢ, મથુરા, ઢીલી નગર, રણથંભર, દેલવાણૂં, રાણપુર, કઇરવાડૂં, નાઘૂર, મછેડૂં, મહિલી, માંડવા, ગોરખપુર, મગહાટવા, ચંપારણિ, ખુરસાણ, વડૂં પાટણ, ધુર મુલતાન, મુઢકાપોલિ, ખુરહાટ, ખોહલ, સીહુરૂ, ચરણાટ, રાસિણગઢ, મગસિરમાટ, લખણાપુર, ગોડ, કામરુ, કામાક્ષ, જમલાપુર, ઉડેલ, ઉસેર, ઉડીઆણા, મુક્તેસર,

૧. એજન, પૃ. ૧૪–૧૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવાપાટ, સીહૂર, લાગીગઢ, લખમણપુર, વારાણસી, કેદાર, ઊડીસો, જાલંધર, ખરીદ, ખેડલૂં, હસ્તિનાપુર, રાણપુર, રતનાગર, સોપારાગઢ, કંટકપુર, મુગલ્લ, વિજાનગર, ગૂંદીયાનલ્લ, મૂંગીપટ્ટણ, દેઊલકુંડ, કાહાલર પાટણ, કરહંડ, રાજકૂંડ, શંગોમતી, સીંગલ, જાવા, ચંદ્રોમતી, શ્વેતબંધ રામેસર, કલહથપુર, કંદલીગામ, સંજાણ, સીકોત્તર, મલબાર, ચૂડા, કોયલાપુર, ચૌઆલ, જંબીરી, સેવંત્રી, દીવા. દીવીડ, ભોલ, કૂકલા, નાસિક ત્રંબક, અગાસી, વેતરણી નદી, મધ્યમેશ્વર, ઊમારઝ, ખંભ, એરંડવેલિ, દેવગિરિ, માંડવગઢ, માળવો, કલહથ, કલવર, આસેદ, થાલનેર, બદરી, દેવેર પાટણ, લાંગપુર, પિહ્ઠિાણ, ભરુઅચ, ઘોઘા, પાવો, ગંધાર, ઊના, મઊહા, દીવ, ઝાંઝમેર, તલાજૂ, પ્રાચી માધવ, દેવકુ પાટણ, ચોરવાડિ, માંગલૂર, જગતભૂમિ (દ્વારિકા), શંખોદ્ધાર, કછ, પંચાઊલિ, ગિરિનારી, ખુરાસાણા, હિંગલાજ, અણ૦ હલવાડૂં પાટણ, ધોલકૂં, ધંધુકૂં, અહિઠાણુ, ખંભાયતિ આટલાં ગામ–સ્થળ–દેશમાં તે ફરી આવે છે. આ નામો ક્રમબદ્ધ નથી, કેટલાંક ભ્રાંતિ ઉપજાવે તેવાં છે. જે કાંઇ આમાંથી તરી આવે છે, તે એ કે ભ્રાંતિમૂલક નામો સિવાયનાં નામો કવિના સમયમાં પ્રસિદ્ધ સ્થળોનાં છે. આ વસ્તુ કવિની બહુશ્રુતતા બતાવે છે.

કાવ્યબંધની દૃષ્ટિએ પણ કવિએ ઠીકઠીક વિવિધતા જાળવી છે. એક આર્યા આપણે ઉપર જોઇ છે. તે ઉપરાંત ક્વચિત વસ્તુછંદ મળે છે. ગાથા નીચે ૩૧૪મી કડી "વિરલા જાણંતિ ગુણા" એ પ્રાકૃત ગાથા(=આર્યા) ના અનુવાદરૂપે આપી છે. બાકી તો બંધ મુખ્યત્વે દોહરા અને ચોપાઈમાં છે. દોહરા અને ચોપાઈ જુદાજુદા રાગમાં પણ ગવાતાં, તેને આ કાવ્ય ટેકો આપે છે. ૨૬૯મી કડીથી ચાલતો ચોપાઇબંધ તેણે "રાગ સામેરી" તળે આપ્યો છે; જ્યારે ૩૪૩થી ચાલતા દોહરા તેણે "રાગ રામગ્રી" નીચે આપ્યા છે. "પૂર્વછાયુ" મથાળે દોહરાબદ્ધ બે લાંબાં "વિરહગીત" રાગ ગુડી નીચે અનુક્રમે ૪૪૦ અને ૫૮૪થી આપ્યાં છે. એમાંનું ૧લું આ પ્રમાણે શરૂ થાય છે:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"હે ! હે ! દૈવ ! તિ સ્યૂં કર્યૂં ! આમ કાં નાખ્યાં હો રાનિ ?
કનક સોહાવ્યૂં રે કાગનિ ! માણિક્ય મીનીનિ કાનિ. ૪૪૦
રુદન કરે રે હંસાવતી, કૂંઅરિ કરિ રે વિલાપ;
પીઊ પરદારિ છેતર્યો, કેહિ પિરિ રાખું રે આપ ? ૪૪૧
રુદન કરે રે હંસાવતી."[1]

૩૧ કડીનું આ લાંબું વિરહગીત છે; અને કરુણ રસનો સુંદર નમૂનો પૂરો પાડે છે. બીજું માત્ર ૧૦ કડીનું ગીત છે.

આ ઉપરાંત કવિએ એક ધુલ આપ્યું છે, જે નરસિંહની ચાતુરીમાં મળતી પદ્ધતિનું, તેમ જ કેશવદાસ અને ભીમના અનુક્રમે ત્રોટક અને પ્રબંધને મળતું છે. એ બંધ મધુસૂદન જરા વૈવિધ્યથી આપે છેઃ

ધુલછંદ

"માંહિ એ ધરુ સંકર સાર એ, પાર ન લાભિ તિ પુણ્ય તણૂં એ !
બ્રહ્મા વિષ્ણુ મહેસ તેત્રીસ કોડિ એ, કોઇ ન આવે તિ સેવતા એ !
માંહિ એ માધવ ત્રિવેણી જાઉ, જાઉ જમુંનાજલ નાહિ એ !
માન દો ગુરુ વિપ્રને એ !

દુહિ

ગુરુ વિપ્ર દુ માન નિ સરસ્વતી માંહિ સ્નાન;
વિપ્ર ત્રિવેણી માંહિ ત્યાંહાં નીર નિરમળ નાહિ
સ્વામી ઊધરું વંસ અપાર, સાત ગુત્ર તિ સ્વર્ગિ જાઇ;
મતિ ધરુ તિ સંકર સાર !

પ્રબંધ

માંહિ એ કાવડિ કરુ વિસ, માંહિ એ ભાઇ એ પંચના એ !
પિહિલૂં ભોજન વિપ્ર બ્રાહ્મપ્રભાતિ એ, જ્ઞાતિ જમાડુ અતિ ઘણી એ !
માંહિ એ મેર મોહોટેરા કરાવુ એ, લાવુ રુપીઅ નહાનડી એ !
માંહિ એ ધોતી એ દુ ધવલ, કિ નાહુલિઊ હવિ હારડૂં એ !

દુહિ

હવિ ખલાવુ હારડૂં, ખધિ કાવડે ભાર;
નવ ખંડિ ચાલી વાતઃ રાઇ ટાલૂં કરવત.

---

૧. એજન, પૃ. ૫૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાત્રાનૂં ફ્લ એહ, પરણી હંસા દેહ;
હવિ સહૂ જાત્રા કરો જ્યમ વંસ વાધિ આપ.
જ્યમ વંસ વાધિ આપ સ્વામી! **વ્યાસ** ભણિ: હરિ મનિ ધરુ,
ગંગા તૂઠી, શ્રવણિ સૂણુ, તાંહાં કાવંડિ તણી સજાઇ કરુ."[૧]

હંસાવતીના લગ્નની તૈયારીમાં આ ધવલ યોજાયેલું છે. લગ્ન-પ્રસંગે ધવલ ગવાતાં હતાં, એ જાણીતી વાત છે; અને એની નવી કૃતિ રચી કવિએ સાર્થકતા કરી આપી છે,

કવિએ આ કાવ્યનું વસ્તુ કયાંથી લીધું છે? અસાઇતની 'હંસાવલી' (સં. ૧૪૨૭ નો) અને તે પૂર્વની વિનયચંદ્રની 'હંસ-વચ્છ-ચઉપઇ' (સં. ૧૪૧૧ ની) એ બંને કાવ્યમાં પૈઠણના રાજા નરવાહનને હંસાવલી પરણે છે, અને તેમાં હંસ અને વચ્છ નામના બે પુત્રો થાય છે, જેના સંબંધમાં જ મુખ્યત્વે એ કાવ્ય પ્રયોજાયેલું છે, જેનું શિવદાસે અનુકરણ કર્યું છે; જ્યારે મધુસૂદનની હંસાવતીમાં વીર વિક્રમાદિત્યના કુમાર સાથે હંસાવતીનાં લગ્ન થાય છે, તે વસ્તુ સ્વતંત્ર રીતે આપવામાં આવી છે, જેને "હંસા"ના નામસામ્ય સિવાય કશો સંબંધ નથી. મધુસૂદનને વાર્તાનું મૂળ કયાંથી મળ્યું તે જાણવામાં નથી. સંભવ છે કે કોઈ જૂની લોકવાર્તામાંથી એને વસ્તુ મળી આવી હોય. એ ખરું જ છે કે આ કાવ્યમાં કવિ કર્મવાદ ઉપર મદાર રાખી આખી ફૂલ-ગૂંથણી આપે છે, જે કવિના સમયમાં સામાન્ય રીતે જૈન વાર્તાઓમાંની જૈન સિદ્ધાંતની કથાઓની કર્મવાદી વિચારસરણીનું પ્રતિબિંબ રજૂ કરે છે. આવા વિષયોમાં જૈનેતરો જૈન કવિઓના ઓછા ઋણી નથી જ.

સં. ૧૬૮૭ માં 'યુદ્ધકાંડ'નો રચનારો એક કર્ણપુરવાસી 'મધુસૂદન' થયો છે, તે અને આ એક નથી.[૨] તેણે તો ઉદ્ધવના યુદ્ધકાંડને અંતે પોતાનું નામ ઉમેરી બીજાની કૃતિ તફડાવી છે, જ્યારે આ કવિ તો સ્વતંત્ર રીતે કાવ્ય રચે છે; કાવ્યરચન પરથી સંસ્કૃત ભાષાનો સારો જ્ઞાતા છે, અને "વ્યાસ" હોઇ દરેક પ્રસંગે પોતાનું નામ કાવ્યમાં આપ્યા વિના રહેતો નથી.

---

૧. એજન, પૃ.૭૨ ૨. જુઓ: હવે પછીના બીજા ભાગમાં મધુસૂદન (કર્ણપુરનો).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કવિના કાવ્યની ભાષા મધ્ય. ગૂજ.ની ૩ જી ભૂમિકા-(કવચિત ૪ થી ભૂમિકાની છાંટ)માં સચવાઈ રહી છે. એ રીતે એ ભૂમિકામાં રચાયેલાં કાવ્યોમાં એક સારા કાવ્યની તેનાથી પૂરણી થાય છે.

ચરિતસામગ્રીઃ

૧. હંસાવતીવિક્રમકુમારચરિત્ર : શ્રી. શં. છ. રાવળ સંપાદિત
૨. Guj. & its Lit. by K. M. Munshi
૩. ગૂજરાતી સાહિત્ય, મધ્ય. ગૂજ. (ગૂજ. સા. સંસદ)

પ્રેહેદેવ

[વિ. સં. ૧૬૦૯ માં હયાત]

" **ભ્રમરગીતા** " એ નામનું કેટલેક અંશે નરસિંહ મહેતાની " ચાતુરી "ની પદ્ધતિએ રચાયેલું કાવ્ય ગૂજરાતમાં સારી રીતે જાણીતું છે. એની હાથપ્રતો પણ પુષ્કળ મળે છે. એમાં જૂનામાં જૂની પ્રત સં. ૧૬૮૬ લગભગની પ્રાપ્ય છે.[૧] નવી ઉપરાત આટલી જૂની હાથપ્રતો મળતી હોવાથી એ કાવ્યની કેટલી લોકપ્રિયતા હશે, તે સમઝી શકાય તેવું છે. કાવ્ય એવી યોગ્ય રીતે વિભક્ત કરવામાં આવ્યું છે કે " ચાલીશ કડવાં કડવે સમા ભાગ. " એ કવિની પ્રતિજ્ઞાને ચરિતાર્થ કરે છે, એટલે કે પ્રત્યેક કડવામાં મોટે ભાગે એક કડી આરંભે દોઢની અને બીજી ચાર ઢાળની હોય છે; જો કે આના કવચિત અપવાદ નથી એમ નથી. કવિએ વસ્તુ ભાગવતના દશમસ્કંધમાંથી લઈ પોતાના સમયની બાનીમાં વિસ્તારી છે.

આવા રસિક કવિના સંબંધમાં તેના કાવ્યને અંતે જે કાંઈ તૂટી ફૂટી માહિતી આપી છે, તે સિવાય વાંઈ વિશેષ મળી શકતું નથી. જે કાંઇ મળે છે તે આટલું છે:

"સંવત ૧૬૦૯ વૈશાખ શુદિ ૧૧ એકાદસી
સોમવારિ ગ્રંથ સૂંતુ હરિકથા મોરે મંનિ વશી ॥

---

૧. ફા. ગૂ. સ. હ. નં. ૩૨૪ क

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિજંન કેરું કષ્ટ ભાગુ ચ્યંતામગ્ન કરમાંહિ આવીઉ
મહીદાસ-સૂત બિંદેહ કિહિ હરીકીપા કરી મુનિ કારાવીઉં ॥"

કવિના પિતાનું નામ મહીદાસ અને તેણે આ કાવ્ય સાં.[1] ૧૬૦૯ ના વૈશાખ સુદિ ૧૧ ને સોમવારે સંપૂર્ણ કર્યું હતું, એટલું જ માત્ર જાણવા મળે છે.

નરસિંહ મહેતાની કવિતા આ કવિએ સારી રીતે જોયેલી છે, એમ કહેવામાં સંકોચ નથી થતો, એનું કારણ એ કે તેણે ચાતુરીની રાહે નાનાં નાનાં કડવાં રચ્યાં તે જ પ્રમાણે વચ્ચે વચ્ચે જે ૧૨ સ્વતંત્ર પદો યોજ્યાં છે–જુદા જુદા રાગમાં ગાવાનાં. તેની પદ્ધતિ અદલોઅદલ નરસિંહની પદ્ધતિને મળતી છે, એમાં ૨૯ મા કડવાના આરંભમાં એક પદ ૯ મું "રાગ કેદારા"નું ઝૂલણાની રાહનું પણ મળે છેઃ

"હરિના ચરણ્ચી રેણ તે પતિત પાવન કરે
તોરે નાંમે તે અઘના ઓઘ ત્રાસે ॥
નાંમ ત્યજીને અન્ય ઉપાસે જે ઘાઢું આ હોએ તે ઘણૂ અઘાસે ॥
કોટિ બ્રંહ્માંડની સૃષ્ટિ ક્ષણમાંહાં કરે કોટિ બ્રંહ્માંડનો તૂહ રાજા ॥
ઘડણ ઘડા વિના વિશ્વ તે નિરમીઉં તો સિષ્ટિ કરતા કશું નાંમ માઝા ॥
અહ્મો પશ્રમ બુધીઆ બંભ કહાવૂ બોલતા બોલતા બંભ ધ્રુજે ॥
બેહુ કર જોડીને કૃષ્ણિ આગલિ રહો મુગટના મણિ વડે ચરણ પૂજે ॥
એમ બ્રંહ્માએ સ્તુતિ કરી પ્રસન હૌઆ હરી આયસ દીધૂં અજ ઠામ જાએ ॥
બેહેદેના સ્વામીને ચરિત્રને ભાંમણે તેહ ગોવાલાનો પ્રેમ ગાએ ॥"[2]

"ભ્રમરગીતા" એટલે મુખ્યત્વે કરુણપ્રધાન કાવ્ય. બેહેદેવે આ કાવ્યમાં એ સૂત્રનું પાલન કરવાને પૂર્ણ સાવચેતી રાખી છે. ઉદ્ધવ સંદેશા આપવા આવ્યા છે, ત્યારે એક ગોપાંગના કહે છેઃ

"સાંભલોજી ઉધવ કહુ એક વીનતી ॥ મલવાને આવા છો નંદ યશોમતી ।
હરીજીને ગોકુલ બીજું કો નથી ॥ સુરદ તમારો એ છે મહાયતી ॥ ડોઢ ॥

---

૧. ફા. ગૂ. સ. હ. નં. ૧૧૪ क; પણ આ પ્રતમાં સં. ૧૬૦૮ મળે છે, જે પ્રમાદ છે; કેમકે એ સિવાયની બધી જ પ્રતોમાં ૧૬૦૯ પ્રાપ્ત થાય છે.

૨. દ. હ. લિ. પુ. નં. ૨૩૭, (પૃ. ૨૯)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યતી જો યમ ગ્રહીશૂં વિહિવાર આહાર લગેં કરે ॥
વન દહ્યું હરિણી ફલ વિના યમ વૃક્ષ ષેચર પરહરે ॥
ભુઅંગ તન વિજાર છંડે પુશલી નીધન થયાં ॥
વારિ વિણ સર હંસ છંડે રત્વીજ દક્ષણ ગ્રહ્યાં ॥
કર્મની સ્તુતી ત્યાંહાં જ બોલે માહા પુરુષને જાણે નહી ॥
સંયોગી વિધિ થકી વીરમે કૃષ્ણે ત્યમ કીધૂં સહી ॥ "૧

ભ્રમરગીતા ભ્રમરગીતા જ છે, એની સાબિતી આપતું નીચેનું કડવું ૯ મું બ્રેહેદેવની કૃતિનો એક સારો અંશ છે:

રાગ—રામગ્રી

"માનિનિએ મધુકર નયણે નીરખ્યો ॥ હરિના દુત વિના નહિ હરી શરષો ॥
હરીને શેવે તે હરી શરષો હોયે ॥ એ રે સંદેહ રખે મન્ય આણે કોય ॥
અહ્મો રે અજાણ એહવા નથી રે નાટ ॥ તુ કાંઇ રે કાલો મધુપ કીહા દુપ માટ ॥
કાલિ રે કોએલ માહારા કૃષ્ણજીને વાન ॥ કાલો રે બ્રેહેદેનો સ્વામી માંણસ મ જાણ ॥

રાગ—ધન્યાશી

કાલા સઘલા હોએ કુડે ભરા ॥ ચંપક સરષા કાલિ પરહરા ॥
તહ્મો શૂં ઉધવજી કાલો અનુસરો ॥ આગે અમંશૂં કાલે છેહ કરો ॥ ડોઢ ॥
છેહ કરી છેહા છલી રમ્યો । પછે માંડ મધુકર મોકલ્યો ॥
મુઝ મનાવા મુખ ગાંન કરતો ॥ ચતુર ચરણે નમો ભલો ।
ઘર લગે યેહના ધણી ધૂરત તેહના ભ્રાત કયમ હોએ ષરા ॥
તો સવદ રા તું ભણી અમશું માંડ મોટમ મધૂકરા ॥
માહારી સોકયને ઉરિ અનુસરો ॥ ત્યાંહાં કૂચિ કુકુમ લાગીઉં ॥
વરમાલ તુઝને ત્યાંહાં હવી યાંહાં આયસ કોત્રડ ભાંજીઉં ॥
એ મા તણો મકરંદ લેતાં તુજ હલુ ભુષણ મધુકરા ॥
ગદ કહે ગોપી સુણો ઉધવ કાલા સઘલા હોએ કુડે ભરા ॥"૨

રસિક કવિ દયારામના "શ્યામ રંગ સમીપે ન જાવું," એ પદનું મૂળ જાણે કે આ પદમાં ન હોય! બ્રેહેદેવે મુખ્યત્વે ભાગવતની કથાને અનુસરી કાવ્ય લખ્યું છે; છતાં તેણે પ્રસંગ આવતાં વિષય

૧. એજન, પૃ. ૪ ૨. એજન, પૃ. ૮–૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રસમય બનાવવા સાવચેતી લીધી પણ છે. નીચેનું પદ વિરહિણી ગોપાંગનાઓને થતી વિહ્વલતાનો એક સારો નમૂનો આપે છે; એમાં વિશિષ્ટ અંત્યાનુપ્રાસથી વહન સચોટ સાધવામાં આવ્યું છે:

રાગ રામગ્રી

" દેહોડી વીસરી ગઈ રે સર્વ સખીયાં ॥ જાણો ચિત્રાગણ લખીયાં ॥
મહુરત્ય એક મગ્ન ભઇ રે હરી માહે પાછી આવી ઠામ ॥
હરીની વિરણીયાં ॥ વિરહોણીયાં નંદા વૃજ તણીયાં ॥
શશિવદની મલીયાં અતી ઘણીયાં ॥
અંતરિ ઓલખી અવિગત્ય માહારિ બુધ્ય વિચારે ॥
ઉધવ સાથે વયણ બોલવા નયણાં જલ વહે રે । હરિજીનિ વિરહોણીયાં ॥
સુણો ઉધવજી વિનતી અહ્મારી તહ્મો કહુ તે સત્ય ॥
અંતરયામિએ તાં શૃંધૂ પંચ પરપંચ એહ અનીત્ય ॥
હરી સત્યસ્વરૂપ હુતા રે હરિ હવડાં તે તો ક્યાં હૂ ન દીસે ॥
અવિગત્ય સાથે કહો રે ઉધવજી કેહી પેરે રાસ રમીશે ॥
સુરીજન હોએ તે સદા સરીષ હવડાં યોગ દેષાડે ॥
કૂપ મધ્યે ઉતારીને રજ વેરી હોએ તે વાઢે ॥
સોલ કલા શિશિ શરદનિશા રે તેણે અમૃત રસ પાયાં ॥
ધરિ થકાં બેહેદેને રાયે અહ્મો લોભે લાલચ લાયાં ॥ "[1]

કવિએ આદિથી અંત પર્યંત સ્ત્રીહૃદયની કોમળતા બતાવવામાં જરા પણ સ્ખલન કર્યું નથી. વિપ્રયુક્તા નાયિકાના હૃદયની દશા કેવી હોઇ શકે, તેનો ગૂજરાતી સાહિત્યમાં " ભ્રમરગીતા " એક સારો નમૂનો કહી શકાય. વિશેષ શું, રસ, પદ્ધતિ અને ભાષા એ ત્રણે દૃષ્ટિએ આ કાવ્ય મહત્ત્વનું છે. તેની જૂની પ્રતો ઉપરથી આ કાવ્ય પ્રસિદ્ધ થાય તો ગૂજરાતી પદબંધ પર પણ સારો પ્રકાશ પડી શકે. આ પદ્ધતિનાં કાવ્યો ભાગ્યે જ મળે છે અને તેમાં સૌથી પ્રથમ નરસિંહની ચાતુરીઓ જ છે, જ્યારે છેલ્લી આ ભ્રમરગીતા છે. વચ્ચે માત્ર એક શ્રીધરનું " ગૌરીચરિત્ર " મળે છે, જેમાં નરસિંહની

૧. એજન, પૃ. ૨૦–૨૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાતુરી–શૈલીનો પદબંધ મળે છે; જેમાં હરિગીતની ચોપાઈ દાવટીનું પ્રાધાન્ય સ્પષ્ટ તરી આવે છે. બ્રહ્મદેવ આરંભમાં સુંદરશ્યામની સ્તુતિ કરી ગણેશ અને સરસ્વતીને નમન કરે છે:

"પ્રભૂ તંમ યાચૂં કરી પરણાંમ જી મોરઇ મૂક્ષ આવુ જી સુંદર શામ જી ॥
આશ ઘણી છઇ મૂજનિ તમારી જી રસનાઇ રમુ જી મુકુંદ મોરારી જી ॥
હેમસૂતાસૂતને ચરણે લાગૂં જી કંમલભૂતનયાની વાંણી માગૂં જી ॥
બિદે કિહિ હરી આપુ મૂહનિ સાચૂં જી **ભમરગીતા**નિ ભાવિ કરી યાચૂં જી॥"[૧]

આમ એ વૈષ્ણવ જણાય છે, છતાં ચાલુ કવિ સંપ્રદાયનું પણ અનુસરણ કરતો જણાય છે. કવિની ભાષા પણ સંસ્કારી છે, એ ઉપરથી એમ માની શકાય કે તેને સંસ્કૃતનું જ્ઞાન હશે.

એક વસ્તુ "ભ્રમરગીતા"માંથી જાણવા મળે છે. તે એ કે કવિ આ કાવ્યને 'रढियालो रास सोहामणो' કહે છે. આ કાવ્યને 'રાસ' કહેવામાં તેણે ૧૩ મા–૧૬ મા સૈકાની પ્રચલિત રાસ–પદ્ધતિનું અનુકરણ કર્યું છે એ ઉપરથી કવિ તત્કાલીન પરિભાષાથી સારી રીતે વાકેફ જણાય છે. આમ છતાં તત્કાલીન 'રાસ'માં આવતાં લાંબાં કડવાંઓને બદલે કવિ "ચાતુરી"ની પદ્ધતિનાં નાનાં કડવાં જ રચવાં પસંદ કરે છે.

કવિએ સ્વીકારેલા રાગો પણ ધન્યાશ્રી, વૈરાટી (વીરાડી), સામેરી, રામગ્રી, સારંગ, કેદાર, વસંત જેવા નરસિંહનાં પદોમાં જણાતા પસંદ કર્યા છે; બેશક પદો પછી એ **ચાલુ દેશી** પ્રયોજે છે; જે પણ વસ્તુસ્થિતિએ ઉપરના રાગોમાં ગવાય છે.

આ કવિએ બીજું કાવ્ય કોઈ રચ્યાનું જાણમાં નથી. એક "પાંડવ ગીતા" બ્રહ્મદેવની છાપની મળે છે.[૨] તે આ જ કવિનું કાવ્ય છે, તેનો નિશ્ચય કરી શકાતો નથી,

ચરિતસામગ્રી:

૧. દ. હ. લિ. પુ. સં. નં. ૨૩૭ (ઇ. સં. ૧૭૩૧ની પ્રત) વગેરે
૨. ફા. ગૂજ. હ. લિ. સં. યાદી, ભાગ ૨ જો, પૃ. ૨૫૫–૫૬

---

૧. એજન, યાદી નં. ૨, પૃ. ૨૫૫
૨. શ્રી પુ. વિ. માવજીનો સંગ્રહ, નં. ૨૦૫. આ કાવ્ય અદ્યાપિ અપ્રસિદ્ધ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુરદાસ

[વિ. સં. ૧૬૧૧ માં હયાત]

સગાળપુરી, પ્રહ્‌લાદાખ્યાન અને ધ્રુવાખ્યાનનો કર્તા કવિ સુરદાસ સાં. ૧૬૧૧ માં હયાત હતો, તેવું તેના પ્રહ્‌લાદાખ્યાનમાં આવતા નીચેના ઉલ્લેખથી જણાય છેઃ

"સંવત ૧૬૧૧, પ્રમાણ માસ ભાદરવો ખરો,
વદ પક્ષ વદિ એકાદશી હરિસૂત વાર આવો હદૂશી ॥
× × × ×
ગાએ શુંણે હોએ વૈકુંઠવાસ । બેહૂ કર જોડી કેહે સુરદાસ ॥
(પ્ર. આ. ૨૯ મું કડવું)[૧]

એના છપાયેલા સગાલપુરીની પુરાણી વાચનામાં તેમ જ ઉપરના પ્રહ્‌લાદાખ્યાન કે ધ્રુવાખ્યાનની જૂની પ્રતોમાં કવિના વિષયમાં કશી માહિતી મળતી નથી; છતાં પછીની હાથપ્રતોમાં તેના ગુરુ અને પિતા તેમ જ વતનના સંબંધમાં માહિતી મળે છે; જેવી કે તેની "સગાલપુરી"માંઃ

"ધનજી ભટને લાગું પાએ, ગાઉં જુગજીવન જાદવરાએ,
હરી ભટનો તું રે તંન, નિરમલ લેખ કાંઇ તાહારૂં મંન.
હરીઆદ માંહે તાહારો વાશ, તાહારી પાશે કવે સૂરદાસ."[૨]
(શા. આ. પૃ. ૫૮)

---

૧. દ. હ. લિ. પુ. નં. ૭૩૮ની સં. ૧૬૫૧માં ઉતારેલી હાથપ્રત

૨. બીજી એક પ્રતમાં નીચે મુજબ મળે છેઃ

"બેહુ કર જોડી કહે સૂરદાસ ધનંજે વચને કરું અભ્યાસ,
હરિહર ભટનો કહિએ તંન્ન તેહેનું નિર્મલ છે રે મન્ન.
રવાલ માંહિ તેહનુ વાસ તેહેની કૃપાએ કરી ગાએ સુરદાસ,
ધનંજે ભટ તાહારે લાગૂં પાય તાહારે પસાએ માહારે પદ બંધાય."
(શા. આ. પૃ. ૭૪)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના ધ્રુવાખ્યાનમાં પણ તે જ મતલબનું પ્રાપ્ત થાય છેઃ

"સુરદાસ કવિ કહિ કર જોડી વૈષ્ણવ જનનો દાસ,
ધનંજય ભટ્ટની કૃપા કરી મિ કીધો છે અભ્યાસ."

(શા. આ. પ્ર. પૃ. ૭૭)[૨]

આ વિધાનને સત્ય સ્વીકારિયે તો કવિના વતન, પિતા અને ગુરુના સંબંધમાં ચોખવટ થાય છે. હળિયાદ કરીને એક ગામ કાઠિયાવાડમાં ભાયાણી બગસરા પાસે આવેલું છે. હાલ નાની અને મોટી એમ બે હળિયાદ છે. તેમાંની એક હળિયાદનો સુરદાસ વતની સંભવે. તેનો પિતા હરિહર ભટ્ટ હોવાથી આ સુરદાસ જ્ઞાતિએ બ્રાહ્મણ જણાય છે. તેનો ધંધો પૌરાણિકનો સંભવે છે; કેમકે તેનાં ત્રણ કાવ્યમાં બે તો ભાગવતમાંની પ્રહ્લાદ અને ધ્રુવની કથા ઉપરથી રચાયેલાં છે. ધ્રુવાખ્યાનના આરંભમાં તે ચતુર્થ સ્કંધની કથાનો પદ્ધતિસર ઉલ્લેખ કરે છે; અને ભાગવતને ક્રમે આખ્યાન રચે છે.

નાકરની જેમ સુરદાસ સગાળશાની અર્ધલોકવાર્તા પણ રચે છે. તેના અને નાકરના સગાળશા આખ્યાનમાં કથાભાગનું કેટલુંક સામ્ય છે. પણ બંનેએ બંનેનાં કાવ્ય જોયાં હોય તેમ જણાતું નથી.

જે સમયમાં સુરદાસ થયો છે, એ સમયમાં ભાષાસ્વરૂપ મધ્યકાલીન ગૂજરાતીની ૨જી ભૂમિકામાં વટાવી ૩જી ભૂમિકામાં આવ્યું હતું, નાકરે પોતાનાં કાવ્ય ૨ જી ભૂમિકામાં લખ્યાં. છે, તે ૧૬ મી સદીના અંત ભાગમાં થયો હોવાને કારણે; પરંતુ સુરદાસ તેના સમયને ૨ જી કરતાં ૩ જી ભૂમિકામાં કાવ્યો લખે. એ સ્વાભાવિક છે. આમ છતાં છેક સાં. ૧૬૫૧ માં ઉતારેલી પ્રહ્લાદાખ્યાન અને સાં. ૧૬૭૫ માં ઉતારેલી પ્રહ્લાદાખ્યાન અને ધ્રુવાખ્યાનની પ્રતોમાં ભાષાસ્વરૂપ મધ્યકાલીન ગૂજ.ની ૪ થી ભૂમિકામાં પ્રાપ્ત થાય છે. ૧૬૭૫ વાળી પ્રતોમાં આ સ્વરૂપ હોય તો તેનો વાંધો નહિ, પણ ૧૬૫૧ વાળી પ્રતમાં આ સ્વરૂપ મળે તે માટે કાંઇક આશ્ચર્ય ખરું.

---

૧. દ. હ. લિ. પુ. નં. ૨૯૦ની હાથપ્રતમાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"તેં વાંણી આપી વાલ્મીકને રાંમાયણ રચ્યું પ્રચંડ ।
માર્કંડને મયા કરી બોલીઉ રેવાખંડ । ૪
તું વેગે પ્રસંન્ન હુઇ વ્યાસને ભાવે ભણું ભારત ।
શુકદેવને સંતુષ્ટ હુઇ જેણે પ્રીછવ્યો પરિક્ષત । ૫"[1]

(પ્ર. આ. ૧)

પામે ની સાથે પામઇ એવી જોડણી પણ મળે છે. આથી ભારે મુશ્કેલી ઉપજે છે કે પ્રહ્‌લાદાખ્યાન ઉતારાયું ત્યારે ઉચ્ચારણ પામે વગેરે નિશ્ચિત થઇ ચૂકયાં હશે કે પ્રાંતીય લેખે એકદેશીય માત્ર હશે!

કાઠિયાવાડમાંના હળિયાદનો એ વતની હોય તો સંભવ છે કે ઉચ્ચારણો નવાં ત્યાં સ્થિર થયાં હોવાથી તેની ભાષામાં અર્વાચીનતાનો અંશ સારી રીતે આવી ગયો હોય.

તેનાં બંને પૌરાણિક આખ્યાનો પ્રહ્‌લાદાખ્યાન અને ધ્રુવાખ્યાન સામાન્ય છે. પ્રહ્‌લાદાખ્યાનમાં તેણે ૨૮ કડવાં આપ્યાં છે, ત્યારે ધ્રુવાખ્યાનમાં ૨૩ કડવાં છે. નરસિંહ-સ્વરૂપે પ્રભુ પ્રકટ થાય છે, એ પ્રસંગે કવિનો ટૂંકો પણ સાદો બંધ દીપે છેઃ

રાગ—સાંમેરી

"હિરણ્યકશ્યપે માંડીયો મન માહિ વિચાર ।
આ અસંભાવ્ય દીસે નિર્મિ ગર્જને આકાર । ૧
સભા માંહિ શ્રીનૃસિંહજી ગાજે ગડેડે હલાલ ।
વુડહડે માહા દારૂણ કોપીયો માહાકાલ । ૨
સૂવર્ણ સરખાં પીત લોચન અતિ પ્રોઢાં ક્રુર ।
જટા કોટિ દીપતેરિ બહુ બગાઇ પૂર । ૩
વદન ગિરિગહ્‌વર યશૂં માહા ભયંકર ડાઢ ।
વજ્ર શરખા દંત દીસે અર્દ્ધ કર્ણ સિંહનાદ । ૪
રોમ શવિ ઈદ્રૂતણા અંગ એહવૂં ઉજવલ જાંણિ ।
દીસે પાવક નેત્રને નષ અસંભ્રતાં પાંણિ । ૫
શંખ સારિંગ ગદા ને ચક્ર ધરાં ધીરો સાર ।
વલી અનેક આયુધ છત્રીસ કરે ધરાં નિરધાર । ૬

---

૧. દ. હ. લિ. પુ. સં. ૭૩૮ अ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ શરીર શ્રી નૃસિંહજીનું કોટિ સુર્ય પ્રકાશિ ।
દૈત્ય લે છે ઓલવા રહીનિ દેવ સહુ કો જોય । ૭
કેશાવાલી કંપાવી ધ્રૂજી નૃસિંહ કોપ
માંહોમાહિ અકલાઇયા દૂચમાંન (?) છે અલોપ । ૮
એ નિઃશ્વાસ મેહેલે નૃસિંહજી । તહવારિ ખલભલા શાત સમૂદ્ર ।
પાગ પછાડા પૃથ્વીશું તહ્વારે શંકીયો નાગિંદ્ર । ૯
એહવૂં રૂપ દીઠૂ દૈત્યે । બોલીયા અહંકાર ।
મનશુ કરિ મર્મ ગાલે રે ખમ્મે માહારો પ્રાહાર ।૧૦"[1]

ધ્રુવાખ્યાનમાં ધ્રુવના વનમાં ગયા પછી ઉત્તાનપાદ રાજાને નારદ સમાચાર આપે છે, તે વખતે રાજા જે કરુણગાન કરે છે, તે ટૂંકું છતાં ધ્યાન ખેંચે તેવું છે:

રાગ—મેવાડો

"બ્રહ્મ ન સાંભલિ ॥
સૂત બાલક માહારો । સ્ત્રીજીત અદયાલ હુ જેહ ।
પાંચ વરસનો પૂત્ર મે કાઢીયો । ચતૂરશરોમણિ જેહ । બ્રહ્મ૦
અનાથ કૂંઅર વંન માહિ એકલો । ભૂખ ત્રસ લાગી હશે હો બાલ ।
ભૂષ કરમાંયૂં શ્રાંત થકો સૂતો તેહને વ્યરૂઅ મ પારો દયાલ । બ્રહ્મ૦
નારદજી જોજ્યો માહારૂ દુષ્ટાત્માપણૂં । વશિ કીધો વનીતાઇ હુ મંદ ।
આવ્યો કૂંઅર ખોલિ બેસવા ઊવેખ્યો મે કરતો આક્રંદ । બ્રહ્મ૦"[2]

આ ઢાળમાં કરુણા દેખાય છે. તે પસંદગી અનુકૂળ છે. બેશક આપણે વધુ સારા કાવ્યની આશા સુરદાસ પાસેથી રાખી શકતા નથી. એણે ભાલણ, નાકર વગેરેએ ચલાવેલી કડવાબદ્ધ પ્રણાલી ચાલુ રાખી છે, એટલો એ ઉપયોગી છે; કાઠિયાવાડી કવિઓમાં એ સાથે લગભગ પહેલો આખ્યાનકાર છે, એ રીતે તેનું મહત્ત્વ છે ખરું.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. દ. હ. લિ. પુ. નં. ૭૩૮ અને ૧૮૯
૨. ફા. ગૂ. સ. હ. લિ. પુ. યાદી, ભાગ ૨ જો
૩. સગાળશા આખ્યાન—શ્રી વ્રજરાય મુ. દેશાઈ સંપાદિત

---

૧. દ. હ. લિ. પુ. નં. ૭૩૮, પૃ. ૩૪
૨. દ. હ. લિ. પુ. નં. ૧૮૯ વ, પૃ. ૧૬–૧૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજધરદાસ

[વિ. સં. ૧૬૨૧માં હયાત]

રાજધરદાસ નામના એક કવિએ "ચંદ્રહાસાખ્યાન" જૈમિનીય અશ્વમેધાંતર્ગત ચંદ્રહાસની કથાને અનુસરી ૨૭ કડવાંમાં બાંધ્યું છે. એ કવિનું આ સિવાય બીજું કોઈ કાવ્ય મળતું નથી. કવિએ પોતાના વિષયમાં તેમ જ કાવ્યના રચ્યાવર્ષ વગેરેના વિષયમાં નીચે મુજબ ૨૬મા કડવાને અંતે જણાવ્યું છે:

"સંવત એકવીસો સહી લે મન હરશૂં
અગીરાજ સંવત્સર નામ નીજ મન હરશૂં. ૨૯
ભાદ્રપદ શૂદિ પક્ષ માહા લિ મન૦ રૂષિ પંચમી વરતાંત નીજ૦ ૩૦
શૂક્રવાર શોભીત સહી લે૦ રાગ ત્રેવીસ વિસ્તાર નીજ૦ ૩૧
પદ છસેહિ બાવીસ સહી લિ૦ અમ્રીત કથા અતિ સાર નિ૦ ૩૨
હું નિરગોણ કહી નવિ લહું લે૦ રાગ ભાસ પદ રેહ નિ૦ ૩૩
વ્યાસ વછરાજ કૃપા કરી લિ૦ આદર કીધો એહ નિ૦ ૩૪
ભાવિ સુત **માધવ** ભણિ લે૦ પર્વ અસ્વમેધ પ્રકાશ નિ૦ ૩૫
હું બાલક બંદીજંન સહી લિ૦ એમ દાષિ **રાજધરદાસ** નિ૦ ૩૬"[1]

આ અંતભાગ ઉપરથી પ્રતીત થાય છે કે સંભવતઃ ૧૭મા સૈકામાં એકવીસમા વર્ષમાં હયાત હતો. તે વર્ષના ભાદ્રપદ સુદિ પંચમી શુક્રવારને દિવસે તેણે આ કાવ્ય સમાપ્ત કર્યું છે. આ કવિએ પોતાની નાની વયે એટલે કે ઊગતી જુવાનીમાં રચ્યું જણાય છે. એણે વછરાજ નામના વ્યાસની કૃપાથી–સંભવતઃ સંમતિથી એ વ્યાસના પુત્ર માધવની પાસેથી સાંભળી આ કાવ્ય રચ્યું સમઝાય છે. એનું નામ તો "રાજધર" છે. માધવ કથા કહે છે અને રાજધર શ્રવણ કરી બાંધે છે, એમ મને લાગે છે. રાજધર એ જ માધવ છે, એમ કહી શકાય તેમ નથી; કેમકે છેલ્લા કડવાને અંતે માત્ર "રાજધર" નામ જ મળે છે; જેવું કે–

"આક્ષાંન એ ચંદ્રહાસનૂં એ મહાભારથ અશ્વમેધ કિ
ભગ્ત પ્રસાદ શું ॥ ૩૦ ॥

---

૧. દ. હ. લ, પુ. નં. ૧૮૯ વ, પૃ. ૭૪–૭૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેહિ રાજધર શ્રવણે સુણો ઐ તે પાંમિ યજ્ઞફલ શધિ કે :
ભક્ત પ્રસાદ શુ એ ॥ ૩૧ ॥ "૧

રાજધર નામ કોઇ ઉપનામ જેવું જણાતું નથી; સંભવ છે કે એ બ્રાહ્મણેતરનું નામ છે. પણ કાવ્યમાંથી તેની જાતિ કે વતન વિશે કાંઈ પણ મળી શકતું નથી. નાકર સંસ્કૃતજ્ઞ નહોતો; તે પણ વ્યાસ પાસેથી કથા સાંભળી કાવ્યો લખતો; અને તેમ કરવું અસંભવિત નથી. તે જ રીતે રાજધરે પણ વ્યાસપુત્ર માધવ પાસેથી કથા સાંભળી કાવ્ય બાંધ્યું છે, એમ મને લાગે છે. નાકરના ચંદ્રહાસાખ્યાનની સાથે સરખાવતાં આ કાવ્ય તેનાથી ઊતરતી કોટિનું છે. કવિએ માત્ર અશ્વમેધપર્વનું તો આ એક માત્ર જ કાવ્ય લખ્યું હોય તેમ જણાય છે. તે માટે આરંભમાં અશ્વમેધ યજ્ઞની તૈયારીનો પ્રસંગ ટૂંકમાં આપવાનો તેણે પ્રયત્ન કર્યો છે. એ બિચારો સાદો કથાભાગ બાંધ્યે જાય છે. ૧લું કડવું તેમાં સમાપ્ત કરે છે. બીજા કડવામાં સુધન્વાખ્યાનનો અત્યંત ટૂંકો સાર આપી ચંદ્રહાસઆખ્યાન વિસ્તારવામાં આવ્યું છે. કવિએ ગદ્યબંધ પસંદ કર્યો હોય અને જેવી કથા આપી હોય તેવી જ કથા પદ્યબંધથી આપી છે. ભક્તનો મહિમા ગાવા સિવાય બીજો કોઇપણ હેતુ કવિ તરફથી આપણને મળી શકતો નથી. આ યુગમાં આવું ચાલ્યું છે. નાકરયુગને સાંધનારો વિષ્ણુદાસ પુષ્કળ આખ્યાનો અને મહાભારત–રામાયણનાં પર્વો અને કાંડો આખાં અને આખાં ભરી દે છે, છતાં એમાં આપણને કાવ્યગત ચમત્કૃતિ ભાગ્યેજ દેખાય છે. તે શાળાનો જ આ રાજધર છે. વચ્ચે વચ્ચે શ્લોકો આપે છે, તે પણ મોહક નથી. એને તો ભક્તમહિમા પદબંધ કરી ગાવો હતો અને તે ગાયો છે. રાજધરના આ કાવ્યમાં એક પ્રસંગ એવો આવે છે કે જ્યાં એની કવિતામાં આપણને સહેજ કાવ્યતત્ત્વની ઝાંખી થાય છે. તે ચંદ્રહાસ વાડીમાં જાય છે, ત્યારે વાડીનું વર્ણન કવિ કરે છે, તે:

---

૧. એજન, પૃ. ૭૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાગ—વસંત

"અતિ સરોવર ભજ તૂં અંમ્રીત જલસાર હંસ નીવાસ ।
ચાતક કોકીલ નિ ચાકરમાં મધુકર મયૂર પ્રકાશ ॥
પરીમલ કંમલ પ્રગટ પોમ્બિણીદલ પદમપત્ર પાવંન ।
વાડીઆં વ્રક્ષવ્રંદ નાંહાંના વિધ્યે ચંપક તરુ ચંદન ॥
જાય.વિલિ નિ વલસરી વાલો પરીમલ સાર ।
પ્રફુલ્લ પલાશ કરિ નવ કૂંકમ ફ્લ દાડીમ અતિસાર ॥
તજ તંમાલ અહીલતા અંનોપમ લીબૂ લલીત લિવંગ ।
કોમલ કંદલી કેર કરંમદી સુગંધ કેતકી રંગ ॥
બાવંનચંદને બીજોરી । ખારિક ષજૂરી દ્રાષ ।
રાય આંમલી અષોડ રાંયેણ લીબ અંબ તરૂ લાષ ॥
ફોફલ ફણસ અંમ્રીતફલ ઉત્તંમ મુચકંદ નારંગ ।
કદંબ નાલીકેર કકોલી સેવત્રી સાચંગ ॥
અગર તગર નિ અશોક પલ્લવ ગૂંણપૂષ્પીકા ગોલાલ ॥
દલ ગંગેટી દંમણો મરૂયો ફલી સફલ તરુ ફાલ ॥
એહવા અગણીત વૃક્ષ અનોપમ માંહાં છે વસંતવાસ ।
એહવી વંનવાડી જોઇનિ હરખ્યો છે'ચંદ્રહાસ ॥ "[1]

આ પછી વિષયાકુમારી વાડીમાં આવે છે, તે સમયે કવિ ધાર્યું હોત તો પ્રસંગને ખૂબ બહલાવી શકયો હોત, પણ તેમ કરવા એ ચાહતો નથી, તેને કથા જ કહેવી છે. એ તો ઊંઘતા ચંદ્રહાસની નિકટમાં વિષયાને તરત રજૂ કરી દે છે.

કવિએ આ કાવ્યમાં બંધની દષ્ટિએ વૈવિધ્ય આપ્યું છે. ચાલુ ચોપાઈ અને હરિગીત તેમ જ સવૈયાની ચોપાઈ દાવટી ઉપરાંત નીચેના ૧૭મા કડવામાં વિવિધતા આપી છે તે ધ્યાન ખેંચે છે:

"પૂછે પૂત્ર પ્રધાંન પ્રમાંણ સાચૂં કોહોને રે.
સાચૂં કોહો ચંદ્રહાસ સૂજાણ રે ॥ ૧ ॥
તાહારે નગરિ તાહારે નગરિ કુશલા છિ નાથ રે ।
શૂ કરે છે રે સૂં કરે છિ મેધાવતી માત રે ।

૧. એજન, પૃ. ૪૨–૪૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શું કરે છે રે સૂં કરે છે કુલિંદ તાત રિ ।
સખી સહુ કો રે સખી સહુ કો સજ્જન સાથ રિ ॥ ૨ ॥[૨]

આ બંધની નીચે આપેલો "નૃત્ય-રાસ"-પદ્ધતિનો બંધ ખાસ ધ્યાન ખેંચે છે. નરસિંહના "વાહલા વૃંદાવન રે ચોકય કિ વિહિલા પધારજો રે લોલ"ની આપણને યાદ આવે છે. તેમાં "લોલ" છે, આમાં નથી.

રાગ—મારુ ધન્યાશી

"વારુ વેપ્ર તેડયા તેણી વાર કિ પ્રેમે પધારીયા રિ ।
લીધૂં લગ્ન સઉત્તમ સાર કે જયજયકારીઆ રે ॥
પરઠૂં ગોધૂલક પ્રમાંણ કે શૂધ પંચાંગ શુ રે ।
અસ્ત પામતે આદિત કે રચયૂં રંગ શૂ રે ॥
વરકંન્યાં કરે મલસ્નાંન કે કૂંકમ કેસરે રે ।
ટોડિ તોરણ આંબા પત્ર કિ છત્ર ધરયાં શરે રે ।
દંમણ મરુઆ શૂ હરીદાસ કે વર નવરાવીયે રે ।
અતિ માલા કૂશમ અંનિક કિ કંઠિ સોહાવીયે રિ ॥
મંણી મુગતા ફૂલમય મૂગટ કે શેશો ભરાવીયે રે ।
વાગો રચયો રંગ અમૂલ કે સુગંધ છંટાવીયે રે ॥
પરષ રહ્યા હયગય પાર કિ પાયદલ પરવરિ રે ।
આગલિથા રાય અંનિક કે કર જોડી સ્વૂતિ કરે રે ॥" ૨

૨૨ કડીનો આ "રાસ" રમણીય છે ખરો. આ બંધ પહેલો જ આ પૂર્વે આપણને નરસિંહમાં મળે છે; પછી રાજધરમાં છે. એ બંધ વિક્રમના ૧૯ મા શતકમાં પાછો દેખાય છે. રાજધર નાની ઉમરે આ કાવ્ય આપે છે. એ મોટી ઉમરે ફરી તપાસી ગયો હોત તો તે વધુ સુંદરતાનો ઢોળ આપી શકયો હોત.

ચરિતસામગ્રીઃ

૧. ગૂજ. વર્ના. સો. દ. હ. લિ. પુ. સં. ૧૮૯ ब

---

૧. એજન, પૃ. ૪૯ ૨. એજન, પૃ. ૫૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માંગુ

[વિ. સં. ૧૭ મા શતકની ૧ લી પચીશી]

મહાભારતનાં આખ્યાનોને ગૂજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન વિક્રમની ૧૬ મી સદીમાં થઈ ચૂક્યો હતો. એ પૂર્વેની મહાભારતીય કૃતિ–વિરાટપર્વ એક જૈન સાધુ શાલિસૂરિએ રચેલ, અક્ષરમેળ છંદોમાં પ્રાપ્ત થાય છે. આ અપવાદ બાદ કરતાં જૈન કે જૈનેતર ગૂજરાતી કવિઓના બીજા પ્રયત્ન તેટલા વહેલા નથી મળતા; હોય તો આજે પ્રાપ્ય નથી. ૧૬ મી સદીમાં ભાલણે નળાખ્યાન બે આપ્યાં, જ્યારે નાકરે કેટલાંએ પર્વ આપ્યાં, ઉપરાંત નળાખ્યાન વગેરે આખ્યાનો આપ્યાં.[1] આમ ૧૬ મી સદીમાં એ દિશામાં ખેંચાણ થયું. જૈમિનીય મહાભારતાંતર્ગત અશ્વમેધપર્વ વ્યાસકૃત મહાભારતના અશ્વમેધ કરતાં ખૂબ મોટું છે, અને તેમાં કેટલીક રસિક કથાઓ આપવામાં આવી છે. નાકરે પણ જૈમિનીય અશ્વમેધને અનુસરીને જ ચંદ્રહાસાખ્યાન, સુધન્વાખ્યાન, લવ–કુશાખ્યાન વગેરે આખ્યાનો રચ્યાં છે; પણ બધાં જ આખ્યાનોએ લખી શકયો નથી. આ દિશામાં એક વ્યવસ્થિત પ્રયત્ન સંભવતઃ નાકરના સમયમાં જ થયો હોય તેમ લાગે છે. આ પ્રયત્ન કરનારો કવિ કહો કે અનુવાદક કહો, જેનું સૂચન એકવાર પૂર્વે ભાલણસુત વિષ્ણુદાસના પ્રસંગમાં થઈ ગયું છે.[2] તે વિષ્ણુદાસ માંગુ છે. આ કવિ કયારે થયો તે વિષયમાં કશું નિશ્ચયાત્મક રીતે કહી શકાય તેમ નથી; કેમકે તેના અશ્વમેધની જે એક માત્ર નકલ મળે છે,[3] તેનો આદિ અને અંતભાગ તૂટક છે; એટલે તેણે કાવ્યને અંતે સ્વવિષયક માહિતી આપી હોય તોયે તેનો ઉપયોગ થઈ શકે તેમ નથી. આ કવિએ અશ્વમેધપર્વ આદિમાં એક પૂર્વછાયો=દોહરો અને પછી ચોપાઈ એવી રીતે સર્ગબદ્ધ=વર્ગબદ્ધ કાવ્યસ્વરૂપે આપ્યું છે. આ કાવ્ય અનુવાદાત્મક છે, એમ કવિ પ્રત્યેક વર્ગને અંતે કહે છેઃ

---

૧. જુઓ આજ ગ્રંથમાં નાકર, પૃ. ૨૦૨–૧૫.

૨. આ પૂર્વે પૃ. ૨૨૯ ૩. દ. હ. લિ. પૃ. ૪૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"જૈમુનિ જનમેજય સંવાદ । અશ્વમેધ કથા અનુવાદ ।
વિષ્ણુદાસ માંગુ કહિ સરગ । એટલિ તરણિ પુહુતા વરગ ॥ ૭૨ "૧

આ તૂટક હાથપ્રત ત્રીજા વર્ગની ૨૩મી કડીથી શરૂ થાય છે અને ૧૮મા વર્ગની ૯૫ મી કડીએ ચંદ્રહાસાખ્યાન આપતાં તૂટે છે.

આ પદ્ધતિ આપણને જાણીતી છે. ભીમના પ્રબોધપ્રકાશમાં આપણને પ્રાયઃ આ જ પદ્ધતિ મળે છે. જ્ઞાનાચાર્યની બિલ્હણ-પંચાશિકા અને અજ્ઞાત કવિની શશિકલામાં પણ આ જ પદ્ધતિ છે; એશક શશિકલા સાંકળીકાવ્ય છે, તેટલો વિશેષ છે. માંગુ ખાસ કાઇ વૈવિધ્ય સાધતો નથી; એટલે "અશ્વમેધપર્વ" જેવું રસિક કથાનક ગૂજરાતી સાદા બંધમાં આપી જવું, એટલી જ એની ક્રિયા છે. આથી એમ નથી સમઝવાનું કે એણે વેઠ ઉતારી છે. એક વખતે કૃષ્ણ હસ્તિનાપુરથી વ્રજમાં નંદરાયને મળવા આવ્યા છે; કૃષ્ણને તે વખતે મળવા આવનારી ગોપાંગનાઓનું જે વર્ણન કવિએ આપ્યું છે, તે ગમે તેવું છે. ભલે અનુવાદ હોય, પણ જે રસ સાંચવી રાખવાનો પ્રયત્ન છે, તે તો કવિનો જ છે:

પૂરવછાઇ

"વ્રંદાવનિ ક્રીડાં કરી । સંતોષી સરવ નારિ ।
હસ્તીનાપૂરિ કેશવ ગયા સુધિ વરગ વિચાર । ૧

ચુપઇ

મેહેલી ધાંમ-વતાં સુંદરી । પરમાનંદ ઘણું મન્ય ધરી ।
કનકથાલ મુગતાફલ ભરી । ચાલી વ્રજ વધાવા હરી । ૨
શશીવયણી મ્યલવા શ્રીવાસ । છાંડી ઘરના ભોગવિલાસ ।
પ્રેમ અત્યંત ધરી તતકાલ । ગાતી ગુણ ગીત ગોપાલ । ૩
એકિ મુંકયાં ઘર-વ્યાપાર । મુંકયા અધ ચમતા ભરથાર ।
એક ઉઠી અધવચિ લીપતી । એક ઉઠી જે સૂતી હતી । ૪
ગરભ પરસવ કરંતી ગાય । છાંડી કૃષ્ણ ભણીઉ જાય ।

---

૧. એજન, પૃ. ૨૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક કુટુંબ તણુ ભય ધરીં । ઘડુ લેઇ પાંણી નીસરી । ૫
એક ઉઠી મળવા બિસતી । એક ઉઠી જે મળતી હતી ।
એક કંઠિ સોહાવિ હાર । એકિ અરધ કીધા શણગાર । ૬
એક કાંબિ કંઠિ વલાઇ । એકિ કુંડલ પિહિરયાં પાઇ ।
એક નયણે કુકમ ભરિ । કાજલ લેઇ પીઅલ કરિ । ૭
એકી આંજ્યું એક જ નયણ । એકિ દૂધિં પખાલ્યા વયણ ।
ઇમ વ્યપરીત કરી શણગાર । વૃંદ્રાવનિ તે ચાલી નારિ । ૮
ઘણા દીવસનિ વીરહિ કરી । હરી સનમુષ ગોપી સાંચરી ।
એક ગતિ કરિ ઉતાવલી । એક ઉજાઇ આગલ્ય ગ્યલી । ૯
દીઠી તે વીનતા આવતી । ઉઠયા ભગતવછલ શ્રીપતી ।
રૂપ અનંત કરી તતકાલ । ગોપીનિં ગ્યલયા ગોપાલ । ૧૦”[1]

માંગુએ પ્રામાણિક રીતે કથા ગૂજરાતીમાં ઉતારી આપી છે. આ કાવ્ય પાછળથી પ્રચારમાં આવ્યું હોય તેમ લાગતું નથી; સબબ કે વિક્રમની ૧૭ મી સદીની વચ્ચેની બે પચીશીમાં ખંભાતનો નાગર બ્રાહ્મણ વિષ્ણુદાસ વિસ્તારપૂર્વક અશ્વમેધનાં ઘણાંખરાં આખ્યાનો રચી આપે છે, જે પૌરાણિક ધાટીના કથાકારોને વધુ અનુકૂળ થઈ પડે તેવી કડવાબદ્ધ શૈલીનાં છે. સાદા ચોપાઈ બંધમાં માંગુએ વિશિષ્ટતા જરાએ સાધી નથી; એટલે એની કૃતિ ઓછો આદર પામી હોય અને તેથી તેનો પ્રચાર જ ન થયો. આજે તેની એક માત્ર જૂની-લગભગ વિક્રમની ૧૭ મી સદીમાં નકલ કરાયેલી જેવી નકલ જ મળી છે, તે ઉપરથી ઉપરનો મત આપવામાં બાધ નથી.

આ કવિની ભાષામાં જે પ્રસાદ છે, તે શબ્દપ્રયોગ ઉપરના કાબૂને આભારી છે. તે એ વાતનું સમર્થન કરી શકે તેમ છે કે તે સંસ્કૃત પણ જાણતો હશે.

આ કવિના આ કાવ્યની તૂટક પ્રતનાં વચ્ચેનાં પાનાં પણ પરસ્પર ચોંટી ગયેલાં છે, તેથી કેટલોક ભાગ અવાચ્ય રહે છે.

---

૧. એજન, પૃ. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્રહાસનો વિષયાવાળો પ્રસંગ આમ વાંચવો મુશ્કેલ થઈ પડયો છે. આ પ્રસંગ જમાવવામાં કવિએ જરૂર મહેનત લીધી હશે. આ પ્રસંગે 'ધર્મના જય' નો પ્રસંગ કવિએ ઠીક આપ્યો છે, તે ભાગ થોડો જળવાઇ રહ્યો છે.

આ કવિની આ સિવાય બીજી એક પણ કૃતિ મળી નથી. તેનું નામ માંગુ છે, એમાં શંકા નથી; અને વિષ્ણુદાસ એ એણે "હરિદાસ," "નારાયણદાસ," "કેશવદાસ" એવો ભક્તવાચક શબ્દ પોતાના નામ પૂર્વે આપ્યો છે; એટલે બીજા કોઈ વિષ્ણુદાસની સાથે આનો ગોટો કરી શકાય તેમ નથી.

ચરિતસામગ્રીઃ

૧. ગૂજ. વર્ના. સો. દ. હ. લિ. પુ. નં. ૪૨૬ ની હાયપ્રત (૧૮૪)

વસ્તો ડોડિયો

[વિ. સં. ૧૬૨૪–૫૩માં હયાત]

ખેડા જિલ્લાના બોરસદ ગામનો વતની કવિ વસ્તો જાતનો ડોડિયો ધારાળો હતો અને સં. ૧૬૨૪–૫૩માં હયાત હતો, તેવું તેના સુપ્રસિદ્ધ "શુકદેવાખ્યાન" નામક દેશીબદ્ધ કાવ્યમાં કરેલા ઉલ્લેખથી જાણી શકાય છે. (બેશક બીજી હાથપ્રતોનો સાથ ન હોવાને કારણે ૧૬૫૩માં જ તેણે તેનું કાવ્ય પૂર્ણ કર્યું, તે નક્કી કરી શકાતું નથી.):—

"સરસ્વતીઇં તાં કીધી સાર કવીજંન હૈડિ હરષ અપાર ॥
સંવત ૧૬ ચુવીસઉ સાર માધસર સુદ બારસ ગરુવાર ॥
ગુરુવારિં ગુણ ગાસું કવી સ્વામી–પ્રસાદિં વાંણી હવી ॥"

[કડવું ૩ જું[૧]]

અને

"લે લાગી હરીનાં ચરણ સું રેઃ જ્યાહાર સુકસંજ્યોગ–વેદવ્યાસ રે ॥

૧. દ. હ. પુ. નં ૭૯૪ क

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્તે કીધુ અભ્યાસ રે: ડોડીઆ કુલ વારસદ્ય મહં વાસ રે:"
[કડવું ૪૩મું–અંતભાગ]

"'[સંવત સોલસેં પર ત્રેપને જોગીએ કીધો મુને પાવંન:
માગસર વદ તેરસ જાણ, પૂરણ કીધું શુકાખ્યાન ॥]"[1]

જાતનો ડોડિયો ધારાળો હતો, તેવું ઉપરના તેના જ શબ્દોથી સમઝાય છે. એ લેઉવો પાટીદાર હતો, એમ માનવામાં આવે છે,[2] પણ એનો ખુલાસો એના જ શબ્દોથી થઈ જાય છે. એના પિતાનું નામ "કાલા" હતું અને તે બોરસદનો વતની હતો. "વારસદ્ય" શબ્દ તે બોરસદનો જ વાચક છે. અત્યારે પણ ખેડા જિલ્લામાં બોરસદ નજીક ધારાળાઓની[3] પુષ્કળ વસ્તી આવેલી છે, એટલે એ બાજૂનો એ ધારાળો હોય, તેમાં કોઇ શંકાને સ્થાન નથી.

એના ચરિત્રવિષયમાં ભક્તોમાં ચાલતી દંતકથાઓ જે કાંઇ મળે છે તે પ્રમાણે[4] તે એક આદર્શ કોટિનો ભક્ત હતો. બાળપણથી જ સંસાર પર વૈરાગ્ય આવી જવાને કારણે તેણે લગ્ન કર્યું નહોતું. એના દાદા નારાયણદાસનો તેને પરણાવવાનો બહુ આગ્રહ હતો; પણ તેણે કદી એ વસ્તુ કબૂલેલી નહિ. એથી સગાં નારાજ થયેલાં અને તેને એક જુદું ઘર આપી જુદો કરેલો. એની ૧૭–૧૮ વર્ષની ઉમરે એ ઘેરથી છાનોમાનો ચાલી નીકળ્યો અને રામેશ્વરની યાત્રાએ ગયો. ત્યાં ત્રણ ચાર માસ રહ્યા બાદ ત્યાંથી તે બાલાજી ગયો, અને ત્યાંથી

---

૧. બૃ. કા દો. ભાગ ૪થો, પૃ. ૨૮૮ ઉપર પાદટીપમાં આપેલી કડી. આ છેલ્લી કડી કોઇ હાથ પ્રતમાં અત્યારે લભ્ય નથી.

૨. બૃ. કા. દો ભાગ ૪થો, "વસ્તો" પૃ. ૧૭

૩. ફા. ગૂ. સ. હ. પુ. યુ. યાદી, ભાગ ૨જો, પૃ. ૫૮

૪. બૃ. કા. દો. ભાગ ૪થાની પ્રસ્તાવનામાંથી કોઈ ભગવાનદાસ નામના કબીરપંથી સાધુ પાસેથી સ્વ. ઇચ્છારામ દેસાઇને મળેલી હકીકત ઉપરથી ઉપરનું ચરિત ટૂંકવી દાખલ કર્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓંકારેશ્વર મહાદેવનાં દર્શન માટે ગયો. ત્યાં પર્વત ઉપરથી ગબડી પડતાં તે લંગડો થયો. કેટલાંએક વર્ષે એ પાછો ફરી બોરસદમાં આવ્યો, ત્યારે તેનાં માતપિતા મરી ગયાં હતાં અને ભાઈઓએ મિલ્કતના ભાગ પાડી લીધા હતા. વસ્તો તે જોઈ ખુશી થયો. આ હકીકત તેણે તેના એક નીચેના પદમાં નોંધી છેઃ

"માયાને છોડી દીધી, પ્રભુ ભજ, માયાને છોડી દીધી—ટેક
માતતાત પિતામહ હાલ્યાં, હારી બાજી હાથ કીધી;
વૈકુંઠનાથને મેડે જાતાં, લાખેણી લહાણી લીધી–માયા૦
આ સંસારમાં સુખ નહીં કેથે **વસ્તાભાઇ** ભાલે
ભાઈઓએ દૂર હાંકી મેલ્યો, ઠાણે કીધું છે નંદલાલે–માયા૦ "[૧]

ત્યારપછી એ ત્યાંથી ગોકુલ મથુરાંની યાત્રાએ ગયો. ત્રણ માસે ફરતો ફરતો બુરાનપુરમાં આવી રહ્યો. ત્યાંના મોહનલાલ નામક સાધુના અખાડામાં તે જઇ રહેલો. અનેકવાર તેની પાસે ઉપદેશ લેતી એક વિધવા કણબણે પુનર્લગ્ન કરવાની રજા માગતાં તેને વૈરાગ્યોપદેશ આપી તેના ચિત્તને પુનર્લગ્નમાંથી વાળી હરિભક્તિવાળું કરી દીધું હતું. એકવાર અખાડાના બધા સાધુઓ પ્રયાગરાજ ગયેલા અને વસ્તો તેમ જ બીજા બેએક સાધુ જ પાછળ રહેલા. તેમાંથી વસ્તો ચોમાસાના દિવસમાં અખાડાની નિકટની જમીન વાવવા માટે ખોદતો હતો, ત્યાં ધનથી ભરેલી એક તાંબડી મળી. બીજા સાધુએ તે રાખી લેવા કહ્યું; પણ વેરાગી વસ્તાએ તે ન માનતાં તેમાંથી સાધુ બ્રાહ્મણોને જમાડી દીધા. ત્યાંના મુસલમાન હાકેમની જાણમાં આ વાત આવતાં તેને પકડી મગાવી માર માર્યો; પણ વસ્તાના શરીર પર કશું ન થવાથી તેને બહુ આશ્ચર્ય થયું. વસ્તાનું શેષ જીવન બુરાનપુરમાં જ પૂરું થયું કહેવાય છે.

વસ્તાના જીવનના આ પ્રસંગો તેના "સુભદ્રાહરણ"માં[૨] હોવાનું

---

૧. એજન, પૃ. ૧૮ ૨. એજન, પૃ. ૧૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહેવાય છે; પણ અત્યારે એ ગ્રન્થ પ્રાપ્ત થતો નહિ હોવાથી કશું નિશ્ચિત સ્વરૂપે કહી શકાય તેમ નથી. અત્યારે તો તેનું એક માત્ર કાવ્ય "શુકદેવાખ્યાન" જ મળે છે. ૪૦ કડવાનું આ કાવ્ય શાંતિપર્વમાંથી વસ્તુ લઈ રચવામાં આવ્યું છે. પૌરાણિક ધાટીના આ કાવ્યમાં વપરાયેલી શિષ્ટ ભાષા જોતાં તે સારી રીતે તે વખતની શિષ્ટ પ્રજાના સંપર્કમાં આવ્યો જણાય છે. જો એમ ન હોય તો શાંતિ-પર્વના આ શુકદેવજીના જન્મના રસમય પ્રસંગને ઉતારવાની એક ધારાળામાં શક્તિ ન હોય. એ પોતાને "કવિજન" કહે છે જ; એટલે તેના સમયમાં જે જાતની કવિતા રચાતી હતી, તે કોટિની કવિતા કરવાને પોતાનામાં શક્તિ પોતે જ લાવી શકેલો. બેશક એ "ગુરુ–વાણી"-ને કથવાનું કહે છે; એટલે પોતે સંસ્કૃત ન જાણતો હોય અને બ્રાહ્મણ ગુરુ પાસેથી મૂળ કથા સાંભળી કવિતા રચ્યે જતો હોય, તે સંભવિત છે.

એની કવિતામાં પ્રતિભાના ચમકારા ક્વચિત્ ક્વચિત્ દેખાય છે. વ્યાસજી જે વખતે પુત્રપ્રાપ્તિ માટે બદરિકાશ્રમ જાય છે, ત્યારે આપણને પૂર્વપરિચિત એવું ટૂંકું વનવર્ણન કવિ આપે છે. ૧૨મા કડવામાં ઋષિઓના તપનો પ્રકાર પણ ટૂંકો છતાં રોચક ગણાય, પણ શુકદેવના જન્મ પછી તે તરત જ નાસી છૂટે છે, તે વખતે આપેલું માતાનું કરુણ રુદન ખાસ ધ્યાન ખેંચે તેવું છે:

"હરિપ્રતાપે હરખતી હું, ધરતી મન આનંદ જો;
વ્યાસ વિમાસી ક્ષીણ થયા, જેમ પુનમ પડવા ચંદ્ર જો.
કર્મે વંઝા હું રહી, મહાદેવે કીધો દંડ જો;
આગળથી ઊઠી ગયો, મેં કુંવર નયણ ન દીઠ જો.
હું બાર વર્ષ ભારે મુઈ, મેં પગ તાણ્યા તે ફોક જો;
હે પુત્ર કીધાં વાંઝિઆં, મુને મેહેણું દેશે લોક જો.
જો હું જાતો જાણતી, મારા આત્મ તણો આધાર જો;
તો મંદિર કરાવત લોહતણું, ભોગળ ભીડત બાર જો.
મે દેવની પૂજા નવ કરી, કે મેં લોભ કર્યો ઘરસૂત્ર જો.
મેં સાસુ નણંદ સંતાપીઆં તો કયાંથી રહે મુજ પુત્ર જો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેં સાધુ નવ સંતોષિયા, વિપ્રને ન દીધાં દાન જો.
એ પુત્ર વિના પરિવાર સૂનો, મારે વસ્તી ઉજડ રાન જો.
કે મેં બાળ વછોહ્યાં ધાવતાં કે મેં જળ વછોહ્યાં મીન જો,
કે મેં ગાય વછોહ્યાં વાછરૂ, કે મેં નારી વછોહ્યાં ચીર જો.
કે મેં વેહેતી નીકે પગ ધરચો, કે મેં ફોડી સરોવર-પાળ જો.
કે મેં કૂડાં કલંક ચઢાવિયાં કે મેં વાઢી પિંપળ-ડાળ જો."[૧]

પણ પ્રાયઃ પછી કાવ્ય ઉપદેશાત્મક થઈ જાય છે. વ્યાસ પુત્ર શુકદેવને જે ઉપદેશ આપે છે, તે કવિએ પછી આપ્યો છે.

આ કાવ્યમાં કવિએ કેટલાક સુંદર બંધ પસંદ કર્યા છે. શુકદેવની પાછળ કડવા ૧૮મામાં વ્યાસ દોડે છે, તે વખતનો કરુણ રસ જાળવતો નીચેનો ઢાળ ધ્યાન ખેંચે છે:

"પુત્ર પૂઠે વ્યાસ વિચક્ષણ, વેગે વાહારે ધાય રે;
પગલાં જુવે ને નયન લુહે, મોહ પુત્રનો થાય રે;
કુંવરને કો વાળો રે."[૨]

૩૩ મા કડવાનો બંધ જુઓ:

"વ્યાસજી બોલ્યા શુક નાનડીઆજી, તમને વાંછું ખોળે ચડીઆજી
તમને જડિત્ર ગુઘરડા જડીઆજી, બાજુબંધ બાંધું બેહુ બાંહેડીઆજી."[૩]

આખું કાવ્ય સાદું અને પાછળથી ઉપદેશાત્મક હોતાં છતાં સુંદર છે. એમાં કથાનો પ્રવાહ, "કરુણરસ" બરોબર સચવાયો હોવાથી જળવાયેલો મળે છે. એક ધારાળા પાસેથી આમ આ સારી કૃતિ મળે છે, એ કાંઈ ઓછા આનંદનો વિષય ન ગણાય.

એના કાવ્યની તેના સમયની મધ્ય. ગૂજરાતીની ૩ જી-૪થી ભૂમિકાની ભાષાને સાચવી રાખતી જૂની પ્રતો સારી રીતે સચવાયેલી મળે છે, તે ઉપરથી નવેસર એ કાવ્યનું સંપાદન થવાની જરૂર છે.

---

૧. બૃ. કા. દો. ભાગ ૪થો, પૃ. ૨૫૯-૬૦
૨. એજન, પૃ. ૨૬૦ ૩. એજન, પૃ. ૨૭૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ એક કાવ્ય પણ તેને તત્કાલીન પૌરાણિક કવિઓમાં સ્થાન અપાવે તેવું છે. તેનાં બીજાં સુભદ્રાહરણ અને સાધુચરિત, એ બે કાવ્યો હોવાનું મનાય છે. એ બંનેની નોંધ સ્વ. ઇચ્છારામે કરી છે, પણ અત્યારે લભ્ય નથી.

"સાધુચરિત"માં તેણે નરસિંહ, મીરાં વગેરેનાં ચરિત આપ્યાં છે. આ કાવ્ય મળે તો "નરસિંહ"ના સમયના વિષયમાં જે શંકાઓ ઊભી થઈ છે, તેનું નિરાકરણ સરળતાથી મળી શકે.

આ જ નામનો એક બીજો કવિ "વસ્તો વિશ્વંભર" થઇ ગયો છે. એ ક્યાંનો વતની હતો અને ક્યારે થઇ ગયો તે વિશે કશું જાણી શકાતું નથી. એનાં પદો તેમ જ "વસ્તુગીતા" નામનું આઠ અધ્યાયનું જ્ઞાનપ્રધાન કાવ્ય અદ્યાપિ અપ્રસિદ્ધ છે. તેણે ગૂજરાતી તેમ જ હિંદી એ બંને ભાષામાં પદો રચ્યાં છે. આ કવિ અને વસ્તો કોડિયો જો એક જ હોય તો વસ્તાએ પાછલી અવસ્થામાં આ જ્ઞાન-પ્રધાન પદો તેમ જ કાવ્ય રચ્યાં સંભવે. જો કે બંને એક હોય તેવો એક પણ પુરાવો મળી શકતો નથી. "વસ્તુગીતા"ના લેખકે કેવલાદ્વૈત વેદાંતને સ્ફુટ કરતાં સાંખ્ય, યોગ વગેરેની પ્રક્રિયાઓ પણ સરળ ભાષામાં સમઝાવી છે; એ વિશેષ અનુભવ તેમ જ સારા ગુરુના સમાગમ વિના ન બની શકે.

ચરિતસામગ્રીઃ—

૧. બૃ. કા. દો ભાગ ૪થો (ગૂજ. પ્રેસ. મુંબઈ)
૨. ગૂજ. સા. ના. માર્ગ–સ્તંભો–દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરીકૃત
૩. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામાવલિ–ભાગ ૨જો, શ્રી. અંબાલાલ બુ-જાનીકૃત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust